BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**પ્રથમ વર્ષ એમ.એ. - સંસ્કૃત**

**સેમેસ્ટર- 02**

**પેપર - 05**

**MASKT - 05**

## વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને કઠોપનિષદ



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**MASKT-05**

# વૈદિક સાહિત્યનો ઇતિહાસ અને કઠોપનિષદ્

| | |
|---|---|
| **નિદર્શન:** | |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષયસમિતિ:** | |
| પ્રો. નિરંજન પટેલ | કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ |
| પ્રો. લલિત પટેલ | આચાર્ય, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **સહ-સંપાદન** | |
| ડૉ. રાખી જૈન | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **લેખન** | |
| ડૉ. જિજ્ઞાસા વી. સોલંકી | આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા. |
| ડૉ. મનસુખ મોલિયા | પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, સૌરાષ્ટ્ર યૂનિવર્સિટી, રાજકોટ |
| **વિષય પરામર્શન** | |
| પ્રો. મયૂરી બેન ભાટિયા | પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. હર્ષદેવ માધવ | નિવૃત પ્રોફેસર, શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ |

**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2025**

**ISBN : 978-93-5598-712-9**

## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ એમ.એ.-સંસ્કૃત**
**સેમેસ્ટર-02**
**પેપર : 5**
**MASKT : 05**
**વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને કઠોપનિષદ**

# વિભાગ : 1 વૈદિક સાહિત્ય


| | |
|---|---|
| **એકમ : 1**<br>**વેદ – પરિચય : ભાષ્યો સહિત** | **1** |
| **એકમ : 2**<br>**વૈદિક તત્ત્વજ્ઞાન** | **23** |
| **એકમ : 3**<br>**બ્રાહ્મણ અને આરણ્યક સાહિત્ય પરિચય** | **31** |
| **એકમ : 4**<br>**વૈદિક કર્મકાંડ** | **42** |
| **એકમ : 5**<br>**ઉપનિષદ સાહિત્ય પરિચય** | **49** |
| **એકમ : 6**<br>**ઔપનિષદિક તત્ત્વજ્ઞાન** | **60** |
| **એકમ : 7**<br>**ષડ્ વેદાંગ : શિક્ષા અને કલ્પ** | **70** |
| **એકમ : 8**<br>**ષડ્ વેદાંગ : વ્યાકરણ અને નિરુક્ત** | **80** |
| **એકમ : 9**<br>**ષડ્ વેદાંગ : છંદ અને જ્યોતિષ** | **93** |

# વિભાગ : 2 કઠોપનિષદ


| | |
|---|---|
| **એકમ : 10**<br>**કૃષ્ણ યજુર્વેદસંહિતા અને કઠોપનિષદ** | **105** |
| **એકમ : 11**<br>**કઠોપનિષદનો સામાન્ય પરિચય** | **118** |
| **એકમ : 12**<br>**કઠોપનિષદમાં વર્ણિત વિષયો** | **127** |
| **એકમ : 13**<br>**કઠોપનિષદ અધ્યાય : 1** | **145** |
| **એકમ : 14**<br>**કઠોપનિષદ અધ્યાય – 2** | **196** |

# વિભાગ : 1 વૈદિક સાહિત્ય

## એકમ : 1 :     વેદ – પરિચય : ભાષ્યો સહિત

### રૂપરેખા

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 વેદ શબ્દની વ્યુત્પત્તિ તેમજ અર્થ

1.2.1પાણિનિ વ્યાકરણ પ્રમાણે

1.2.2આચાર્ય સાયણના મત પ્રમાણે

1.2.3 દયાનંદ સરસ્વતીના મત મુજબ

1.2.4 આચાર્ય વિષ્ણુમિત્રના મત મુજબ

1.3 'વેદ' શબ્દના પર્યાયો

1.4 'વેદો'નું મહત્ત્વ

1.5 'વેદ'નો રચનાકાળ

1.5.1 પ્રાચ્ય અથવા ભારતીય મત

1.5.2પાશ્ચાત્ય મત

1.6 વેદોના ભાષ્યકારા

1.6.1 ઋગ્વેદના ભાષ્યકારોઃ

1.6.2 સામવેદના ભાષ્યકારો

1.6.3 યજુર્વેદના ભાષ્યકારો

1.6.4 અથર્વવેદના ભાષ્યકારો

1.7 'વેદો'નો સામાન્ય પરિચય

1.7.1 ઋગ્વેદનો પરિચય

1.7.2 યજુર્વદનો પરિચય

1.7.3 સામવેદનો પરિચય

1.7.4અથર્વવેદનો પરિચય

1.8 સારાંશ

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

## 1.10 સંદર્ભસૂચિ

## 1.0 ઉદ્દેશો

- *પ્રાચીન સાહિત્ય વેદના વિવિધ અર્થોને સમજી શકે.*
- *ચારેય વેદોનો સુપરિચય સમજી શકે.*
- *ભારતના ભવ્ય ભૂતકાળનું સાંગોપાંગ દર્શન અને વેદના વૈભવી વારસાનો પરિચય કેળવે.*
- *આ એકમનો મુખ્ય હેતુ છે કે, ભારતીય સંસ્કૃતિમાં વિવધ તત્ત્વજ્ઞાનનું મૂળ મહદઅંશે વેદોમાં રહેલું છે તે જાણે.*
- *વેદના પરનાં વિવિધ ભાષ્ય તેમજ ભાષ્યકારો વિષે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરે.*

## 1.1 પ્રસ્તાવના

*વૈદિક સાહિત્ય એ ભારતનું સૌથી જૂનું સાહિત્ય છે. સંસ્કૃત વાઙ્મયમાં વૈદિક સાહિત્ય અત્યંત વિશાળ સમયપટમાં પથરાયેલું જ્ઞાન અને વિજ્ઞાનનું દ્યોતક છે. આ સાહિત્ય તે પોતાની અંદર વિશાળ સંપૂર્ણ જ્ઞાન અને વિજ્ઞાન ધરાવે છે. તેથી જ વિષય ગમે તે હોય, તેનું મૂળ વેદોમાં શોધાયું છે. ભારતની ભૂમિમાં પ્રચલિત તત્ત્વજ્ઞાનની મોટા ભાગની શાખાઓનું મૂળ વૈદિક સાહિત્ય છે. બીજમાં વૃક્ષની જેમ દરેક સિદ્ધાંતનું મૂળ વેદમાં ઉપલબ્ધ થાય છે. વેદ એ તત્ત્વજ્ઞાન, કળા, ધર્મ વગેરેના જ્ઞાનનો આધાર છે. ધર્મ અને તત્ત્વ જ્ઞાનની દષ્ટિએ ધાર્મિક-જન-પ્રધાન ભારતભૂમિમાં વેદ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વેદ પ્રત્યેની ભારતીય લોકોની શ્રદ્ધાએ તેને અમાનવીય સર્જન સ્વીકારી* अपौरुषेय*ગણાવ્યા છે. ભારતીય સંસ્કૃતિના મહામૂલા વસિયતનામા સમા અતિપ્રાચીન સંસ્કૃત સાહિત્યને વેદિક સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ઋગ્વેદ,સામવેદ,યજુર્વેદ અને અથર્વવેદનો તેમજ બ્રાહ્મણ,આરણ્યક અને ઉપનિષદ સાહિત્યનો સમાવેશ થાય છે. વેદ સૌથી પ્રાચીન છે અને આ એવા ગ્રંથો છે જે સૌથી પવિત્ર માનવામાં આવે છે. મનુએ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે તે જોતાં -*

'धर्मजिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः' — मनु. २.१३

*ધર્મ સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે શ્રુતિ એકમાત્ર પ્રમાણ છે.*

## 1.2 વેદ શબ્દની વ્યુત્પત્તિ તેમજ અર્થ

*વેદ શબ્દનો ઉલ્લેખ ઘણા પ્રાચીનકાળથી ભારતીય સાહિત્યમાં થતો આવ્યો છે. વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન –પરમ જ્ઞાન' થાય છે. વેદ શબ્દ* √विद*ધાતુ પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ જાણવું તેવો થાય છે.* √विद्- ज्ञाने*ધાતુ પરથી* घञ्*પ્રત્યય થઈને વેદ શબ્દ બને છે. આ* घञ्*પ્રત્યયનો અર્થ ભાવ,કર્મ અથવા કરણ થઈ શકે છે,એટલા માટે જ્ઞાન,જ્ઞાનનો વિષય એટલે જ્ઞેય પદાર્થ અને જ્ઞાનનાં સાધન આ ત્રણ વેદ શબ્દના*

*વાચ્ય બને છે.* √विद*ધાતુ કે જે ઉપરથી વેદ શબ્દ થયો છે એ લેટિનનો* videre = to *જોી ધાતુને મળતો આવે છે. અ ધાતુ પરથી જ અંગ્રેજી* idea *શબ્દ ઊતરી આવ્યો છે માટે વેદ=* vision *અથવા* idea *એવો અર્થ થઈ શકે. શબ્દરત્નાવલિમાં છંદસ્ ,નિગમ અને બ્રહ્મ એવા વેદ શબ્દના અર્થો આપ્યા છે.*

### 1.2.1 પાણિનિ વ્યાકરણ પ્રમાણે

*મહર્ષિ પાણિનિએ પણ 'વેદ' શબ્દના અર્થને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો છે. પાણિનિએ 'वेद्' શબ્દમાં ચાર ધાતુનો સમાવેશ કર્યો છે.* (1)विद्-ज्ञाने (2)विद् - सत्तायाम् (3)विदलृ-लाभे (4)विद्-विचारणे*આ ચાર અર્થોમાં* विद्-ज्ञाने *શબ્દ તો સ્વાભાવિક રીતે જ્ઞાન એવા અર્થનો ઉલ્લેખ કરે છે. તેમજ* विद्-विचारणे *શબ્દનો પણ* 'ज्ञान' *ના અર્થમાં જ સમાવેશ થઈ જાય છે. 'લાભ' શબ્દ આનંદનું ઉત્પત્તિ સ્થાન છે, અથવા આનંદનું જ એક રૂપ છે. તેમ કહીએ તો, સત્તા, જ્ઞાન અને આનંદ એ ત્રણેય વેદના અર્થમાં સમાવિષ્ટ થઈ જાય છે.*

*વેદ અને બ્રહ્મ શબ્દ એકબીજાના પર્યાય છે, એ અર્થમાં જોઈએ તો* विद् - सत्तायाम्*માં* सत्त*શબ્દની ઉત્પત્તિ,* विद्-ज्ञाने*માં* 'ज्ञान' *શબ્દથી જીવન અને* विदलृ-लाभे *માં 'લાભ' શબ્દથી પ્રાપ્તિ કે પ્રલય એવા અર્થો લઈ શકાય અને આ બધા જ અર્થો 'બ્રહ્મ' શબ્દના અર્થો પણ છે. આથી 'વેદ' અને 'બ્રહ્મ' શબ્દ એકબીજાના પર્યાય છે, એમ કહેવું અનુચિત નથી.*

### 1.2.2 આચાર્ય સાયણના મત પ્રમાણે

*આચાર્ય સાયણે પોતાના ઋગ્વેદ વગેરે ભાષ્યોમાં વેદનું લક્ષણ આ આપ્યું છે –*

प्रत्यक्षानुमानागमेषु प्रमाणेषु अन्तिमो वेदः।

*પ્રત્યક્ષ,અનુમાન અને આગમ પ્રમાણોમાં વેદ અંતિમ અર્થાત્ આપ્ત પ્રમાણ છે. આપણે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી જે ઉપાયને જાણી શકતા નથી, તેને વેદથી જાણી શકાય છે.*

अपौरुषेयं वाक्यं वेदः।

*અપૌરુષેય વાક્ય એટલે વેદ*

*આચાર્ય સાયણે કૃષ્ણયજુર્વેદ તૈત્તિરીયસંહિતાભાષ્ય ભૂમિકામાં વેદ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપી છે -*

"इष्टप्राप्तेः अनिष्ट-परिहारस्य च अलौकिकम् उपायं यो ग्रन्थो वेदयति, स वेदः"- (तैत्तिरीय संहिता)

*જે ગ્રંથ ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનું નિવારણ એવો અલૌકિક ઉપાય બતાવે છે તેને વેદ કહે છે.*

### 1.2.3 દયાનંદ સરસ્વતીના મત મુજબ -

*દયાનંદ સરસ્વતીએ વેદ શબ્દની વ્યુત્પત્તિ બીજા.ચોથા,છઠ્ઠા અને સાતમાં એમ ચારે ગણના* √विद्*ધાતુમાંથી કરી બતાવી છે.*

'विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति विचारयति सर्वे मनुष्याः सत्यविद्यां यैर्येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदाः'

*જેનાથી સર્વે મનુષ્યો સત્યવિદ્યા જાણે છે, જેમાં બધી સત્યવિદ્યા રહેલી છે,જેનાથી સઘળી વિદ્યાઓ પ્રાપ્ત થાય છે અને જેના દ્વારા સત્યવિદ્યા વિચારીને મનુષ્ય વિદ્વાન થાય છે કે તે વેદ કહેવાય, આમ તેઓનું માનવું છે. તેમણે* √√विद्–ज्ञाने, √विद् – सत्तायाम, √विद्–लाभे *અને* √विद् –विचारणे*આમ ચારે અર્થોના ધાતુઓને વેદ શબ્દનું મૂળ માન્યા છે.*

### 1.2.4 આચાર્ય વિષ્ણુમિત્રના મત મુજબ –

*ઋક્પ્રાતિશાખ્ય વૃત્તિની વ્યાખ્યાના આરંભમાં દેવમિત્રના પુત્ર વિષ્ણુમિત્રએ વેદનો અર્થ આ પ્રમાણે કર્યો છે -* ''विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते एभिर्धर्मादिपुरुषार्था इति वेदाः।"*જેનાથી ધર્મ,અર્થ,કામ અને મોક્ષ પુરુષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે. વેદ શબ્દની આ બધી જ વ્યુત્પત્તિઓમાંથી તેનો સર્વસામાન્ય અર્થ તો,* 'ज्ञान' *જ થાય છે.*

*ટૂંકમાં 'વેદ' એટલે પરમજ્ઞાન , અધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે.*

## 1.3 'વેદ' શબ્દના પર્યાયો

*અમરકોશમાં વેદના શ્રુતિ અને આમ્નાય એવા બે પર્યાયો આપ્યા છે. વેદને માટે અન્ય નામાન્તરો જેવા કે, ત્રયી, છન્દસ્, સ્વાધ્યાય, તેમજ આગમ નિગમ જેવાં સાર્થક પર્યાયોનો પણ પ્રયોગ ભારતીય પરંપરામાં દ્રષ્ટિગોચર થતો જણાય છે.*

आम्नाय *એટલે પરંપરા, વેદો ગુરુશિષ્યની પરંપરા દ્વારા ઉતરી આવેલા છે. તેનો વ્યુત્પત્તિજન્ય અર્થ અભ્યાસ એટલે પુનરાવર્તન એવો થાય.*

श्रुति *એટલે સાંભળેલું જ્ઞાન,વેદમંત્રોને કેવળ સાંભળીને અર્થાત્ શ્રુત પરંપરાથી કંઠસ્થ કરીને સાચવવામાં આવતા હોવાથી તેમને શ્રુતિ કહેવામાં આવે છે. આનું જ્ઞાન કાનોકાન એકબીજાને થતું તેથી તેનું નામ શ્રુતિ એવું નામ પ્રચલિત થયું.*

त्रयी *કહેતા ઋક્ ,સામ અને યજુસ એ ત્રણ પ્રકારના મંત્રો આવે છે. ચારેય વેદોનાં મંત્રો આ ત્રણ પ્રકારના હોઈને, તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયીવિદ્યા' એવા શબ્દો વપરાય છે.*

*વેદના મંત્રોની રચના મુખ્યત્વે છંદોબદ્ધ થયેલી જોવા મળે છે. આથી વેદોને માટે "*छन्दस्*' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.*

स्वाध्याय શબ્દ વેદનો દ્યોતક છે. કુલપરંપરાથી જે વિધિપૂર્વક સારી રીતે અધ્યયન કે અભ્યાસ કરવાને યોગ્ય છે તેને સ્વાધ્યાય કહેવાય.

आगम – आ+गम् આવવું પરથી આગમ જ આવે છે.જે કુલપરંપરાથી ઊતરી આવે છે તે આગમ અથવા જે કર્ણ દ્વારા મનમાં પ્રવેશ કરે છે તે આગમ.

निगम – नि+गम् પરથી શિષ્ય-પ્રદેય હોવાથી જે મુખ દ્વાર બહાર નીકળે છે તે નિગમ.

## 1.4 'વેદો'નું મહત્ત્વ

ભારતમાં વેદના મહત્ત્વને સમજવા માટે પરંપરામાં વપરાતા બે શબ્દોનો અર્થ સમજવા જેવો છે. એ બે શબ્દો છે આસ્તિક દર્શન અને નાસ્તિક દર્શન. અહીં આસ્તિક એટલે ઈશ્વરને માનનાર અને નાસ્તિક એટલે વેદને નહીં માનનાર એવો અર્થ થતો નથી.પણ આસ્તિક એટલે "વેદને માનનાર" અને નાસ્તિક એટલે "વેદને નહીં માનનાર" એમ અર્થ કરવાનો છે. વેદ શબ્દની જે સમજૂતી પ્રસ્તુત કરવામાં આવી છે તેમાં પણ પરંપરામાં મનાય છે કે જે બાબત પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી ઉપલબ્ધ થતી નથી તે વેદથી પ્રાપ્ત થાય છે, માટે વેદની વેદતા સિદ્ધ થાય છે. વેદનું સ્વરૂપ નિતાન્ત અદ્ભુત અને અલૌકિક છે. પ્રાચીન ભારતના વારસાવૈભવને સમજવા માટે વૈદિક વાઙ્મય જેવું મહત્ત્વનું અન્ય કોઈ સાધન નથી. તે એક વિશાળ કાળના પટ પર વ્યાપેલ છે. તેમાં ઋગ્વેદ તત્કાલીન સમાજના ઋષિઓનાં ગોત્ર, સંસ્કાર, ભાવનાઓ અને વર્તનને સમજવામાં મદદરૂપ છે. તેમાંથી પ્રજા-પ્રજા વચ્ચેના સંઘર્ષને પણ જાણી શકાય છે. તો તે સમયની પ્રજા ધીમે ધીમે ઉત્તર ભારતમાં કેવી રીતે આગળ વધી તેનો સ્પષ્ટ નકશો તાજો કરી શકાય છે. સામવેદ એ સંગીતના ઉદ્ભવ અને વિકાસની મહત્ત્વની કડી દર્શાવે છે. યજુર્વેદ પ્રાચીન ભારતની મહત્ત્વની યજ્ઞસંસ્થા પર પૂરતો પ્રકાશ પાથરે છે. અથર્વવેદ લૌકિક પરંપરાઓ અને આમજનતાની ઈચ્છા, આકાંક્ષા અને આચરણને વ્યક્ત કરતો વિશ્વકોશ બની જાય છે. બ્રાહ્મણગ્રંથો યજ્ઞના વિશ્વકોશ છે તો ઉપનિષદો તત્ત્વજ્ઞાનના સર્વસંગ્રહો છે. આમ ભારતના ભૂતકાળની ભવ્યતાનું સાંગોપાંગ દર્શન વૈદિક વાઙ્મય દ્વારા કરી શકાય છે. ખરે જ વેદનો વારસા-વૈભવ અદ્વિતીય છે અને રહેશે.

આમ, ભારતીય ભાષા, ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજ કે જનજીવન - કોઈ પણ દ્રષ્ટિએ વિચારતાં વેદોનું મહત્ત્વ અનન્ય છે એ સ્વીકારવું જોઈએ.

## 1.5 'વેદ'નો રચનાકાળ

વેદોના રચનાકાળના વિષયમાં ઘણાં મતભેદ છે. પ્રામાણિક સાક્ષ્યોના અભાવમાં વેદોના રચનાકાળનો નિર્ણય કરવો અત્યંત મુશ્કેલ છે. વેદોના રચનાકાળના વિષયમાં જેટલા મત પ્રસ્તુત કરવામાં આવ્યા છે, તે બધા અનુમાનિત અને કાલ્પનિક છે. સેંકડો વર્ષોના અંતરને પુરતા પ્રમાણો વિના સમન્વિત કરવા અસંભવ છે. પરંતુ ભારતીય પરંપરામાં અને તેમાંય પુરાણોમાં દર્શાવેલી પરંપરામાં તો વેદોની રચનાનો કાળ હજારો અને લાખો વર્ષ પૂર્વેનો મનાયો છે; પણ પાશ્ચાત્ય વિદ્વાનો તે સમયને સ્વીકારતા નથી. ભારતીય વિદ્વાનોએ વેદોની પ્રાચીનતા સિદ્ધ કરી છે.

### 1.5.1 પ્રાચ્ય અથવા ભારતીય મત

*આમાં કેટલાક મુખ્ય મતોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રકારે છે.*

#### 1.5.1.1 મહર્ષિ દયાનંદ સરસ્વતી

*સ્વામી દયાનંદ સરસ્વતીએ વેદ-મંત્રોથી દર્શાવ્યું છે કે વેદોની ઉત્પત્તિ પરમાત્માથી થયેલ છે. આથી તેમનો સમય સૃષ્ટિના પ્રારંભથી છે. દયાનંદજીએ જ કહ્યું છે કે પરમાત્મા એ અગ્નિમાંથી ઋગ્વેદ, વાયુમાંથી યજુર્વેદ અને સૂર્યમાંથી સામવેદની ઉત્પત્તિ થઈ છે, અને તેમાંથી જ અથર્વવેદની પણ ઉત્પત્તિ થઈ છે.*

"अग्नेर्ऋग्वेदो वायोर्यजुर्वेदः सूर्यात् सामवेदः।"

– (शतपथ ब्राह्मण ११-५-८-३)

#### 1.5.1.2 શ્રી લોકમાન્ય બાલગંગાધરરાવ તિલક

*લોકમાન્ય બાલગંગાધર તિલકે ઋગ્વેદમાં ઉપલબ્ધ જ્યોતિષીય પુરાવાઓના આધારે વેદનો સમય ઈ.સ. પૂર્વે* 6000*થી લઈને* 4000 *ઈ.સ. પૂર્વેનો માનવામાં આવે છે.*

#### 1.5.1.3 શ્રી શંકર બાલકૃષ્ણ દીક્ષિત

*શ્રી દીક્ષિતે શતપથ-બ્રાહ્મણનો સમય* 2500 *વર્ષ ઈ. પૂ. માનીને ચાર વેદોની રચના માટે* 250 × 4 - 1000 *વર્ષનો સમય માનીને ઋગ્વેદનો રચનાકાળ* 3500 *વર્ષ ઈ.પૂ. માન્યો છે.*

#### 1.5.1.4 ડૉ. ભાંડારકરનો મત

*ઈશાવાસ્ય ઉપનિષદ્ માં આવેલો* 'असूर्या' *શબ્દને ડૉ. ભાંડારકર વર્તમાન* 'असीरिया' *નો સમાનાર્થક પ્રમાણિત કર્યો છે. અસીરિયા (મેસોપોટામિયા) ના નિવાસી જ વેદોમાં ઉલ્લેખિત અસુર છે. લગભગ* 2500 *વર્ષ ઈ.પૂ. માં તેઓ ભારતમાં પ્રવેશ્યા. તે જ આધારે ઋગ્વેદનો રચનાકાળ* 6000 *ઈ.પૂ. માની શકાય છે.*

### 1.5.2 પાશ્ચાત્ય મત

#### 1.5.2.1 યાકોબી

*જર્મન વિદ્વાન એચ.યાકોબીનો આધાર પણ જ્યોતિષશાસ્ત્ર જ છે. તેમણે ગૃહ્યસૂત્રોમાં વૈવાહિક સંસ્કારના પ્રસંગમાં આવેલા ધ્રુવ તારા દર્શન કૃત્યને પોતાનું લક્ષ્ય માન્યું છે. ધ્રુવ તારો પણ પોતાના સ્થાનથી પાછળ હટે છે. તે આધારે વિચાર કરીને પોતાનો મત પ્રગટ કરતાં ઋગ્વેદનો સમય* 4500 *વર્ષ ઈ.પૂ. માનવામાં આવ્યો છે. આ વિસ્મયોત્પાદક સામ્ય છે કે બે દૂરસ્થ વિદ્વાન એક જ શાસ્ત્રના વિભિન્ન આધારો પર એક જ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા. તિલકે પોતાના ગ્રંથોમાં આ સામ્યનો ઉલ્લેખ કર્યો છે.*

#### 1.5.2.2 પ્રો.મેક્સ મુલર

*ઈ.સ.* 1859 *માં 'છ* history of ancient sansk®i lite®aure' *નામના પોતાના ગ્રન્થમાં મેક્સમૂલરે વેદોની રચનાનો સમય નિર્ધારિત કરવાનો સૌપ્રથમ પ્રયાસ કર્યો હતો. તેમના મતે ઈ.સ. પૂર્વે* 500 *વર્ષ દરમ્યાન બુદ્ધે બૌદ્ધ-ધર્મનો પ્રચાર કર્યો. તેથી*

*તેમણે યજ્ઞ વગેરે અનુષ્ઠાનનો વિરોધ કરેલો. આથી જે બ્રાહ્મણગ્રન્થો અને સૂત્ર ગ્રન્થોના યશ વગેરેનું વર્ણન છે તેનું અસ્તિત્વ તે દરમ્યાન હતું તેમ ફલિત થાય છે. પછી તેઓએ વૈદિકયુગને ચાર કાળમાં વિભક્ત કર્યો છે.*

(1) *મંત્રકાળ,* (2) *છન્દઃકાળ,* (3) *બ્રાહ્મણ ગ્રન્થકાળ અને* (4) *સૂત્રકાળ. પ્રત્યેક કાળની વિચારધારાના ઉદય અને ગ્રન્થસ્થ થવા માટે આશરે* 200-200 *વર્ષનો સમય નિર્ધારિત કર્યો છે.*

(1) *મંત્રકાળ :*

*ઈ.સ. પૂર્વે* 1000 *થી* 1200 *માં મંત્રકાળ એટલે કે સંહિતાઓનું અસ્તિત્વ માને છે.*

(2) *છંદઃકાળ :*

*ઈ.સ. પૂર્વે* 800 *થી* 1000 *સુધીમાં છંદકાળનું અસ્તિત્વ સ્વીકાર્યું છે.*

(3) *બ્રાહ્મણકાળ :*

*ઈ.સ. પૂર્વે* 600 *થી* 800 *સુધીમાં બ્રાહ્મણગ્રન્થો અને તેમની વિચારધારાને વિકસવા માટે કલ્પ્યાં છે.*

(4) *સૂત્રકાળ :*

*ઈ.સ. પૂર્વે* 600 *ની આસપાસ કાત્યાયન વગેરે સૂત્રોની રચના થઈ હશે તેમ તેઓનું માનવું છે.*

### 1.5.2.3 એ. વેબરના

*જર્મન વિદ્વાન પ્રો.એ.વેબરે કહ્યું છે કે " વેદોનો કાળ નક્કી કરી શકાતો નથી. તે એવા સમયે રચાયેલ છે કે ત્યાં સુધી પહોંચવા માટે અમારી પાસે યોગ્ય પ્રમાણ નથી. વર્તમાન પુરાવાના આધારે તે સમયને ઉચ્ચતમ-સ્થાન આપવા અમે સમર્થ નથી" વેબર કહે છે કે " ઈ.સ.પૂર્વે* 1500 *થી ઈ.સ.પૂર્વે* 1200 *પછીના સમયમાં વેદની રચના થઈ હશે એ માને છે."*

### 1.5.2.4 મેકડોનલ

*મેકડોનલ નામના વેદના મહત્ત્વના અભ્યાસીયે ઋગ્વેદનો રચનાકાળ ઈ.સ.પૂર્વે* 1300 *પ્રતિપાદિત કરે છે.*

### 1.5.2.5 ઓલ્ડનબર્ગ

*ઓલ્ડનબર્ગ ઋગ્વેદની રચના ઈ.સ.પૂર્વે* 1200 *ને બદલે ઈ.સ. પૂર્વે* 2500*માં માની છે.*

### 1.5.2.6 વિન્ટરનિટ્ઝના મત મુજબ

*વિન્ટરનિટ્ઝ ઈ.સ.પૂર્વે* 2000 *થી ઈ.સ.પૂર્વે* 2500 *વેદનો રચનાકાળ માને છે. વેદિક સાહિત્યના અંતિમ તબક્કાને ઈ.સ.પૂર્વે* 750*થી ઈ.સ.પૂર્વે* 500 *વર્ષ ગણે છે.*

શ્રી સ્વામી દયાનંદજી વગેરેએ વેદોનો રચનાકાળ લાખો વર્ષ પૂર્વે માન્યો છે. તે શાસ્ત્રીય દૃષ્ટિથી પૂર્ણ રીતે સત્ય હોવા છતાં પણ વ્યાવહારિક દ્રષ્ટિથી ઉપયોગી નથી, કારણ કે લાખો વર્ષોના જ નહીં પરંતુ આજથી 10,000 વર્ષ પૂર્વનો પણ કોઈ પ્રામાણિક સુસંબદ્ધ ઈતિહાસ મળતો નથી, જેના આધારે કાંઈ કહેવું સંભવ બની શકે.

શ્રી લોકમાન્ય તિલક, શ્રી દીક્ષિત અને પ્રો. યાકોબીનનો મત ઘણું કરીને સમાન આધાર પર છે અને તેમના દ્વારા નિર્ધારિત તિથિઓ પણ લગભગ સમાન છે. તેમના મતનિરાધાર નહોતા, આધાર સાથેના છે. તેમની યુક્તિઓ અને પ્રમાણ તથ્યો પર નિર્ભર છે. જ્યોતિષ સંબંધિત ગણનાઓને પુરતાં પ્રમાણોના અભાવમાં અતિશયોક્તિપૂર્ણ કાલ્પનિક કહેવી યોગ્ય નથી. વેદસંહિતાઓ, બ્રાહ્મણગ્રન્થો, આરણ્યકો, ઉપનિષદો, શ્રૌત, ગૃહ્ય વગેરે સૂત્રો અને અન્ય વેદાંગો માટે લગભગ 3 હજાર વર્ષનો સમય અપેક્ષિત છે. આથી સુવિધા અને વ્યાવહારિક દ્રષ્ટિથી વૈદિક સાહિત્યનો સમય 4000 વર્ષ ઈ.પૂ. થી લઈને લગભગ 1 હજાર વર્ષ ઈ.પૂ. સુધી રાખી શકાય છે.

વેદોનો સમય નિશ્ચિત કરવા માટે વિદ્વાનોએ આપેલા મતોમાં શતાબ્દિઓ જ નહીં, પરંતુ હજારો શતાબ્દિઓનું અંતર સ્પષ્ટ જણાય છે અને તેથી એકબીજાના સિદ્ધાંતોમાં તે બધા જ સિદ્ધાંતોનો સમાવેશ થઈ જાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ કલ્પનાઓ અને વિચારોને આધારે પૂર્વનિર્દિષ્ટ સત્યની પણ ઉપેક્ષા કરી છે. જ્યારે બાલગંગાધર તિલક, એ.સી. દાસ વગેરેના મતોમાં બુદ્ધિગમ્યતા અને તર્કબદ્ધતા રહેલી છે.

આમ, અંતે પરંપરાગત ભારતીય વિચારધારા સાથે સહમત થવું વધારે યોગ્ય રહેશે.

## 1.6 વેદોના ભાષ્યકારો

જે વેદોનો અભ્યાસ કરે પણ અર્થને જાણતો નથી તે વાસ્તવમાં ભારવાહી (ઝાડનું) ઠૂંઠું જ છે. જે અર્થને જાણે છે. તે જ સર્વકલ્યાણની પ્રાપ્તિ કરે છે. જ્ઞાનથી પવિત્ર થયેલા આત્માવાળો તે સ્વર્ગમાં પ્રયાણ કરે છે.

### 1.6.1 ઋગ્વેદના ભાષ્યકારોઃ

● સ્કન્દ સ્વામી :

ઋગ્વેદમાં પ્રાપ્ત થતા ભાષ્યકારોમાં સ્કન્દસ્વામી અત્યંત પ્રાચીન આચાર્ય છે. તેમણે ઋગ્વેદના ચોથા અષ્ટક સુધી ભાષ્ય રચ્યું છે. એટલે અડધો અડધ ઋગ્વેદ પર તેઓશ્રીનું ભાષ્ય પ્રાપ્ત થાય છે.

● નારાયણ સ્વામી :

તેઓશ્રીના નામનો ઉલ્લેખ ભાષ્યકાર તરીકે થયો છે. તેઓશ્રીનું ભાષ્ય આજે ઉપલબ્ધ નથી.

● ઉદ્ગીથ :

ઋગ્વેદના દસમા મંડળના કેટલાક સૂક્તો પર તેઓશ્રીનું ભાષ્ય ઉપલબ્ધ થાય છે.

● માધવ:

ઋગ્વેદના દ્વિતીય મંડળ પરના તેઓશ્રીના ભાષ્યના અંશોનું પ્રકાશન ડૉ.કુન્હન રાજાએ કર્યું છે, પણ આ ભાષ્ય સંપૂર્ણ નથી.

● વેંકટ માધવ :

તેઓના ભાષ્યનું પ્રકાશન વિશ્વેશ્વરાનંદ વૈદિક સંશોધન મંડળે હોંશિયારપુર- માંથી કર્યું છે.

● સાયણાચાર્ય :

તેઓશ્રીના ભાષ્યનું પ્રથમ પ્રકાશન પ્રો. મેક્સમૂલરે જર્મનીથી કરેલું, પછી તેનું પ્રકાશન વૈદિક સંશોધન મંડળ, પુનાએ પણ કર્યું છે.

● ધાનુષ્કયજ્વા, આનંદતીર્થ, આત્માનંદ, હસ્તામલક, લક્ષ્મણ, રાવણ, મુદ્ગલ, હરદત્ત વગેરે પ્રાચીનોના ઋગ્વેદ પરનાં ભાષ્યોના અંશો અથવા ભાષ્યકારના નિર્દેશો મળે છે.

## 1.6.2 સામવેદના ભાષ્યકારો

● સાયણાચાર્ય :

આ ભાષ્યકારના ભાષ્યનું પ્રકાશન થઈ ગયું છે.

● માધવસ્વામી, ભરતસ્વામી, ગુણવિષ્ણુ, સૂર્યદૈવજ્ઞ, મહાસ્વામી, શોભાકર ભટ્ટ વગેરે સામવેદના ભાષ્યકારો છે.

## 1.6.3 યજુર્વેદના ભાષ્યકારો

યજુર્વેદની માધ્યન્દિની સંહિતા : આ સંહિતા ઉપર ઉવટ, મહિધર, રાવણ, શૌનક, હરિસ્વામી, ગૌરધર વગેરેના ભાષ્ય છે.

યજુર્વેદની કણ્વ સંહિતા : આ સંહિતા ઉપર સાયણ, અનન્તાચાર્ય, આનંદબોધ, હલાયુધ, કાલનાથ, આદિત્યદર્શન, દેવપાત્ર, સોમાનંદપુત્ર વગેરેનાં ભાષ્યો મળે છે.

યજુર્વેદની તૈત્તિરીય સંહિતા :આ સંહિતા ઉપર સાયણાચાર્ય, કુંડિનસ્વામી,ભવસ્વામી, ગૃહદેવ, કૌશિકભટ્ટ, ભાસ્કરમિત્ર, ક્ષુર, વેંકટેશ, બાલકૃષ્ણ, હરદત્તમિશ્ર નામના ભાષ્યકારોએ તૈત્તિરીયસંહિતા પર ભાષ્યની રચના કરી છે.

રુદ્રાધ્યાય : અભિનવશંકર, અહોબલ, હરદત્તમિશ્ર, રામરાજ, મયૂરેશ, હંસરાજ, સરસ્વતી, ભવાનીશંકર વગેરેના ભાષ્ય રુદ્રાધ્યાય પર મળે છે.

## 1.6.4 અથર્વવેદના ભાષ્યકારો

અથર્વવેદ ઉપર માત્ર સાયણાચાર્યનું ભાષ્ય મળી આવે છે. તે પણ અપૂર્ણ છે.

આમ, અનેક ભાષ્યકારોમાં સાયણાચાર્યનું પ્રદાન અત્યંત ગૌરવવંતુ છે. અનેક વિદ્વાનો વેદવિદ્યાના પથ પર પ્રવાસ કરનાર માટે સાયણાચાર્યને 'આંધળાની લાકડી સમાન ગણે છે. તેઓ એ ઋગ્વેદ, સામવેદ, શુક્લયજુર્વેદની, કણ્વસંહિતા,

*કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય સંહિતા અને અથર્વવેદ એમ ચારેય વેદની પાંચ સંહિતાઓ પર ભાષ્ય રચ્યાં છે. વેદના ભાષ્યકારોની વ્યાખ્યાન પદ્ધતિઓ અનેક હતી તેવો નિર્દેશ યાસ્કમુનિના નિરુક્તમાં પ્રાપ્ત થાય છે.*

## 1.7 'વેદો'નો સામાન્ય પરિચય

*'વેદ' શબ્દથી* 1. *ઋગ્વેદ,* 2. *યજુર્વેદ,* 3. *સામવેદ અને* 4. *અથર્વવેદ- એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે.*

*વેદના જ્ઞાન, કર્મ અને ઉપાસનાના વિસ્તારરૂપ ચાર ભાગ છે. સંહિતા, બ્રાહ્મણ ગ્રંથ, આરણ્યક અને ઉપનિષદ્, જ્ઞાનના અખૂટ ભંડારરૂપ વેદોનું ઋષિઓને દર્શન થયું હતું. તેમાં ઉલ્લેખિત દેવતાની સ્તુતિ અને યશ વગેરે અનુષ્ઠાન સમ્પન્ન હોય, તેને 'મંત્ર' કહેવાય. મંત્રોના, સમૂહનું નામ સંહિતા છે. સંહિતાનો સામાન્ય અર્થ સંગ્રહ થાય છે. વિવિધ પ્રકારના મંત્રોનો સંગ્રહ 'સંહિતા' છે. સંહિતા ત્રણ પ્રકારની છે. વર્ણ સંહિતા, પદસંહિતા અને પાદસંહિતા. યજ્ઞના અનુષ્ઠાનને ધ્યાનમાં રાખીને ભિન્ન ભિન્ન ઋત્વિજોના ઉપયોગને માટે મંત્રસંહિતાઓનું સંકલન કરવામાં આવ્યું છે. ચાર વેદોના યજ્ઞકર્મ માટે ચાર ઋત્વિજોની આવશ્યક્તા રહે છે. ઋગ્વેદની ઋચાઓનો પાઠ કરી સબંધ દેવતાઓનું યજ્ઞમાં આહવાન કરવાનું કાર્ય કરનાર ઋત્વિજને 'હોતા' કહેવાય છે. સામવેદના મંત્રોનું ગાન કરનાર ઋત્વિજને 'ઉદ્ગાતા' કહેવામાં આવે છે. યજુર્વેદના ઋત્વિજને 'અધ્વર્યુ' કહેવામાં આવે છે. અથર્વવેદના ઋત્વિજને 'બ્રહ્મા' કહે છે. વેદવ્યાસ દ્વારા સંકલન પામેલી વેદસંહિતાઓની મંત્ર વ્યવસ્થાને કાળક્રમે જન્મેલા ઋષિઓએ ફેરફાર કર્યા. તેમણે પોતાના ગોત્ર અને શાખા અનુસારની સંહિતાઓની રચના કરી.*

### 1.7.1 ઋગ્વેદનો પરિચય

*છંદો અને ચરણોથી યુક્ત મન્ત્રોને ઋચા કહે છે. ઋચાઓનું જે જ્ઞાન છે તેને ઋગ્વેદ કહે છે, ઋગ્વેદસંહિતા સંપૂર્ણ વૈદિક સાહિત્યમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ ગ્રન્થ છે. વેદની ચારેય સંહિતાઓમાં ઋગ્વેદનું મહત્ત્વ ધર્મ, સંસ્કૃતિ તેમજ ભાષા-શાસ્ત્રીય અભ્યાસ વગેરેની દષ્ટિએ સવિશેષ સ્વીકારાયું છે. ઋગ્વેદનું મહત્ત્વ આધુનિક યુગમાં જ છે એમ નથી, પરંતુ વૈદિકકાલમાં પણ એનું સ્થાન અન્ય સંહિતાઓની સરખામણીમાં અગત્યનું હતું વેદોની ઉત્પત્તિના વર્ણન દરમિયાન પુરુષસૂક્તમાં તેને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. પરવર્તી બ્રાહ્મણસાહિત્યે ચાર વેદોમાં ઋગ્વેદને વિશેષ મહત્ત્વ આપ્યું છે.*

*ચારેય વેદની સરખામણીમાં ઋગ્વેદ બૃહદ્કાય છે. તે સૌપ્રથમ સ્થાન ધરાવે છે. વેદ સાહિત્ય મંત્રો કે ઋચાઓના સ્વરૂપમાં જોવા મળે છે. આ મંત્રો કે ઋચાઓના સમૂહને સંહિતા કહેવામાં આવે છે.*

#### 1.7.1.1 ઋગ્વેદની શાખાઓ :

*ઋગ્વેદની પાંચ શાખાઓ છે : શાકલ, બાષ્કલ, શાંખાયન, આશ્વલાયન અને માંડૂકાયન.*

(1) શાકલ શાખા : વાયુપુરાણ,બ્રહ્માંડપુરાણ,વિષ્ણુપુરાણ વગેરે સ્થળે શાકલ અને તેના પાંચ શિષ્યોનો ઉલ્લેખ છે. તે મુજબ (1) મુદ્ગલ (2) ગોખલ (3) વાત્સ્ય (4) શાલીય (5) શિશિર નામના પાંચ શિષ્યોને કારણે શાકલ શાખાના પાંચ ભેદ પડી ગયા. આ ભેદો આજે ઉપલબ્ધ નથી, કેવળ શાકલ શાખા પ્રાપ્ત થાય છે, ભગવદ્દત્ત શાકલનો સમય મહાભારતના યુદ્ધ પૂર્વે લગભગ 100 વર્ષનો ગણે છે.

(2) બાષ્કલ શાખા : બાષ્કલ શાખાના ચાર ભેદ છે : (1) બૌધ્ય (2) અગ્નિમાઠર (3) પરાશર (4) જાતૂકર્ણ્ય. આનો સ્પષ્ટ નિર્દેશ વિષ્ણુપુરાણ વાયુપુરાણ અને ભાગવતપુરાણમાં થયેલો છે.

(3) આશ્વલાયનીય અથવા આશ્વલાયન શાખા : ચરણવ્યૂહમાં નિર્દિષ્ટ શાખાસમૂહમાં આશ્વલાયન શાખાનું નામ ત્રીજું આપ્યું છે. આની સવિશેષ પરિચર પુરાણોમાં પ્રાપ્ત થતો નથી, હાલમાં તો આ શાખાના કેવળ આશ્વલાયન ગૃહ્યસૂત્ર અને આશ્વલાયન શ્રૌતસૂત્ર જ ઉપલબ્ધ છે.

(4) શાંખાયન શાખા : આ શાખાના બ્રાહ્મણ અને આરણ્યક આજે ઉપલબ્ધ હોવાથી તેના વિષે આશ્વલાયનનીસરખામણીમાં વધુ માહિતી પ્રાપ્ત થાય છે. આ શાખાના ચાર ભેદ છે. (1) શાંખાયન (2) કૌષિતકી (3) મહાકૌષિતકી અને (4) શામ્બવ્ય. કેટલાક વિદેશી વિદ્વાનો મુજબ શાંખાયન અને કૌષિતકી એ એક છે. પણ ભારતીય વિદ્વાનોએ પરિશ્રમપૂર્વક શોધખોળ કરીને બંને જુદા હોવાનું સિદ્ધ કર્યું છે.

(5) માંડૂકેય અથવા માંડૂકાયન શાખા : પ્રાચીનકાળમાં આ શાખાના અનેક ગ્રંથો ઉપલબ્ધ હતા એવા નિર્દેશો પ્રાપ્ત થાય છે પણ આજે કોઈ ઉપલબ્ધ નથી.

શૌનકના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખાઓમાં સચવાઈ રહી હતી. તેમાં શાકલશાખા, બાષ્કલશાખા, આશ્વલાયનશાખા, શાંખાયન શાખા અને માંડૂકાયન શાખાનો સમાવેશ થાય છે, પરંતુ હાલમાં માત્ર એક 'શાકલસંહિતા' જ ઉપલબ્ધ છે. બાષ્કલ નામની બીજી શાખા પણ જીર્ણ-શીર્ણ રૂપમાં મળી આવે છે. બાષ્કલશાખા શાકલશાખા જેવી જ છે, પરંતુ બન્નેમાં અંતર એટલું છે કે બાષ્કલશાખા અનુસાર ઋગ્વેદનું વિભાજન અષ્ટક, અધ્યાય, વર્ગ અને મન્ત્રમાં કર્યું છે, જ્યારે શાકલશાખા અનુસાર આ વિભાજન મંડલ, અનુવાક, સૂક્ત અને મન્ત્રમાં કર્યું છે, પરંતુ આજ કાલ શાકલવિભાજન જ વધારે વૈજ્ઞાનિક તથા પ્રામાણિક માનવાને કારણે વ્યવહારમાં લેવામાં આવે છે.

આ શાકલસંહિતાના બે વિભાગ પાડવામાં આવ્યાં છેઃ-

1.મંડળ ક્રમ, અનુવાક્, વર્ગ

2.અષ્ટક ક્રમ, અધ્યાય, સૂક્ત

દરેક સંહિતાઓમાં 10 મંડળ, 85 અનુવાક્ અને 2008 વર્ગ છે. તેમજ 8 અષ્ટક, 64 અધ્યાય અને 1017 સૂક્ત છે. 14 છંદોમાં બધા મન્ત્રો ગાયેલા છે. બધા મળી 10467 મન્ત્રો છે. માત્ર 2 ચરણવાળા 17 અને એક ચરણવાળા 6 મન્ત્રો છે. આ મન્ત્રોમાં

સ્વર ઉપર ૩૫૮૯, 'क' વર્ગ ઉપર 407, 'च' વર્ગ ઉપર 142, 'त' વર્ગ ઉપર 1833, 'प' ' વર્ગ ઉપર 1377, અંતસ્થ અક્ષર ઉપર 1763 અને ઉષ્માક્ષર ઉપર 1356 મન્ત્રો છે.

શૌનક ઋષિની 'અનુક્રમણી' અનુસાર 10580 મન્ત્રો 1,53,826 શબ્દ અને 4,32,000 અક્ષર છે, પરંતુ શાકલસંહિતાનાં કેટલાય સંસ્કરણોમાં મન્ત્રોની ગણતરી કરતા જણાય છે કે, શૌનકે જણાવ્યા પ્રમાણે મન્ત્રો, અક્ષરો અને શબ્દોની સંખ્યા પૂરતી મળતી નથી. આથી માની શકાય કે સમય જતા કેટલાક મન્ત્રો લુપ્ત થઈ ગયા હોય. ઋગ્વેદ 10 મંડળ, 114 સૂક્ત, 15000 મન્ત્ર સંખ્યા માનવામાં આવી છે. આના ઉપરથી પણ કેટલાક મન્ત્રોનાં લોપનું અનુમાન કરી શકાય. ઋગ્વેદના 2થી7 ક્રમનાં મંડળો 'વંશમંડલો' તરીકે ઓળખાય છે. આથી પાશ્ચાત્ય વિદ્વાનો તેને "Family boko" નામ આપે છે. આઠમાં મંડળના સૂક્તોનાં ઋષિ કણ્વ છે. નવમાં મંડળમાં સોમ સંબંધી મન્ત્રોનો સંગ્રહ છે. જ્યારે પ્રથમ અને દસમાં મંડળને અર્વાચીન માનવામાં આવે છે.

**1.7.1.2 ઋગ્વેદનું વિભાજન :**

સંપૂર્ણ ઋગ્વેદમાં દસ નામથી મંડલ છે. તેમાંથી નિરુક્ત વગેરે ગ્રન્થોમાં ઋગ્વેદ 'દશતયી' પ્રસિદ્ધ છે. ઋગ્વેદનું આ વિભાજન નીચે પ્રમાણે છે.

| મંડળ | સૂક્ત સંખ્યા | મંત્રસંખ્યા | ઋષિનામ |
|---|---|---|---|
| પ્રથમ | 191 | 2006 | મધુચ્છન્દા, મેધાતિથિ, દીર્ઘત્તમા વગેરે |
| દ્વિતીય | 43 | 429 | ગૃત્સમદ તથા વંશજો |
| તૃતીય | 62 | 617 | વિશ્વામિત્ર તથા વંશજો |
| ચતુર્થ | 58 | 589 | વામદેવ તથા વંશજો |
| પંચમ | 87 | 727 | અત્રિ તથા વંશજો |
| ષષ્ઠ | 75 | 765 | ભરદ્વાજ તથા વંશજો |
| સપ્તમ | 104 | 841 | વશિષ્ઠ તથા વંશજો |
| અષ્ટમ | 92+11 (वालखिल्यसूक्त) | 1716 | કણ્વ, ભૃગુ, અંગિરસ |
| નવમ | 114 | 1108 | સોમ,પવમાન,(સોમ,વિશેનામન્ત્રો વગેરે) |
| દશમ | 191 | 1754 | ઈન્દ્રાણી,શચી, ઉર્વશી વગેરે |
| કુલ | 1028 | 10552 | |

આ ક્રમાનુસારણીથી ઋગ્વેદના મંડળ વિભાગ સ્વરૂપમાં સંકલન અને વૈજ્ઞાનિકતા સ્પષ્ટ થાય છે.

### 1.7.1.3 ઋગ્વેદનું વિષયવસ્તુ

*વિષયવસ્તુની દૃષ્ટિએ ઋગ્વેદમાં વિવિધ દેવતાઓની સ્તુતિઓ રજૂ કરતા સૂક્તો પુષ્કળ પ્રમાણમાં મળે છે. આ દેવતાઓનું યાસ્કાચાર્યે ત્રણ વિભાગમાં વિભાજન કર્યું છે.*

*જેમ કે,*

**"तिस्र एव देवता इति नैरुक्ताः । अग्निः पृथिवीस्थानः ।**

**वायुर्वेन्द्रो वाऽन्तरिक्ष स्थानः । सूर्यो द्युस्थानः ॥"**

*આમ, ઋગ્વેદમાં મુખ્યત્વે ઈન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે દેવતાઓની સ્તુતિઓ રજૂ કરતા સૂક્તો મળી આવે છે. આ ઉપરાંત પુરુષસૂક્ત, નાસદીયસૂક્ત, હિરણ્યગર્ભસૂક્ત વગેરે સૂક્તો દાર્શનિકતા અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. કેટલાક સંવાદસૂક્તો, લૌકિકસૂક્તો, અને આપ્રી સૂક્તો પણ વિદ્વાનોમાં ખૂબ પ્રશંસા પામ્યાં છે. જેમાં સંવાદ સૂક્તોમાં વિશ્વામિત્ર-નદી સંવાદસૂક્ત 3/33, પુરુરવા-ઉર્વશી સંવાદસૂક્ત, 10/95, સરમા–પાણી સંવાદ સૂક્ત 10/30 વગેરે સૂક્તો કલાત્મક અને ભાવોત્પાદક છે.*

*આ ઉપરાંત પણ યાજ્ઞિક ક્રિયાઓ કે ધાર્મિકતા સાથે સંબંધ ન હોય તેવા લૌકિકસૂક્તો જેવા કે મંડૂકસૂક્ત 7/103, અક્ષસૂક્ત 10/34, ભિક્ષુસૂક્ત, 10/117 વગેરેમાં લૌકિક અને સમાજ જીવનને સ્પર્શતા વિષયોનું નિરૂપણ છે. પ્રાચીનગ્રન્થોનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે આ વેદની અનેક શાખાઓ હતી.*

*મહાભાષ્યકાર પતંજલિએ પોતાના 'વ્યાકરણ મહાભાષ્ય' માં ઋગ્વેદની ૨૧ શાખાઓનો ઉલ્લેખ કર્યો છે.*

*ઋગ્વેદના બે વિભાગો અષ્ટક ક્રમ અને મંડળ ક્રમ ઉપરાંત ઋગ્વેદને લગતા બ્રાહ્મણગ્રન્થો, આરણ્યકો, ઉપનિષદો નીચે પ્રમાણે છેઃ-*

- *ઋગ્વેદના ત્રણ બ્રાહ્મણ ગ્રંથો ઉપલબ્ધ છે.*
    1. *ઐતરેય બ્રાહ્મણ*
    2. *કૌષિતકી બ્રાહ્મણ*
    3. *શાંખાયન બ્રાહ્મણ*
- *ઋગ્વેદના બે આરણ્યકો જોવા મળે છે.*
    1. *ઐતરેય આરણ્યક અને*
    2. *શાંખાયન આરણ્યક*
- *ઋગ્વેદને લગતા બે ઉપનિષદો મળે છે.*
    1. *ઐતરેય ઉપનિષદ્*
    2. *કૌષિતકી ઉપનિષદ્*

*આમ, ઋગ્વેદ પરથી રચાયેલા સાહિત્યનો સામાન્ય પરિચય મળે છે.*

### 1.7.2 યજુર્વદનો પરિચય

'यजुः' શબ્દનો અર્થ 'પૂજા' અને 'યજ્ઞ' થાય છે. ઋગ્વેદ સંહિતાની જેમ યજુર્વેદસંહિતા પણ અતિ મહત્ત્વની છે. યજુર્વેદનો મુખ્ય વિષય યજ્ઞયાગાદિ અને કર્મકાણ્ડ છે. જુદા જુદા યજ્ઞોમાં જે વિશેષ મન્ત્રો આવશ્યક છે અને જે વિશેષ નિમયોનું પાલન કરવું પડે છે. યજુર્વેદ સંહિતાનાં દરેક અધ્યાયમાં વિવિધ યજ્ઞક્રિયાઓના મન્ત્ર અને વિધિઓનો સંગ્રહ છે. यजुस् શબ્દની અનેક રીતે સમજૂતી આપવામાં આવે છે. તે સહુ તેની ગદ્યાત્મકતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. अनियताक्षरावसानो यजुः, અક્ષરોની મર્યાદા જેમાં નિશ્ચિત નથી યજુસ્ અથવા ઋચા અને સામની વ્યાખ્યા આપ્યા પછી કહેવાયું કે 'शेषे यजुः'એ પણ તેની ગદ્યાત્મકતા દર્શાવે છે. "गद्यात्मको यजुः" એમ પણ કહેવાયું કે આ 'यजुस्' નો વેદ તે યજુર્વેદ.!

#### 1.7.2.1 યજુર્વેદની શાખાઓ

સૂતસંહિતા, બ્રહ્માંડપુરાણ, સ્કન્દપુરાણ વગેરે અનુસાર યજુર્વેદની 107 શાખાઓ છે. મુક્તિકોપનિષદ્ પ્રમાણે 109 શાખા છે. પાતંજલ મહાભાષ્ય પ્રમાણે 100 છે અને શૌનકના 'ચરણવ્યૂહ' પ્રમાણે ૮૬ શાખાઓ છે.

હાલમાં યજુર્વેદની પાંચ જ શાખાઓ ઉપલબ્ધ છે.

1. તૈત્તિરીય શાખા
2. મૈત્રાયણી શાખા
3. કઠશાખા
4. વાજસનેયી (માધ્યંદિની) શાખા
5. કણ્વશાખા

#### 1.7.2.2 યજુર્વેદનું વિભાજન

યજુર્વેદના મુખ્ય બે વિભાગ છે.

(1) કૃષ્ણયજુર્વેદ અને (2) શુક્લ યજુર્વેદ

કૃષ્ણ યજુર્વેદની 12 શાખાઓના નામ પુરાણોમાં મળે છે. તે એ છે કે તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ, ચરક, આહરક, પ્રાચ્યકઠ, કપિષ્ઠલકઠ, ઔપમન્યવ, વાર્તાન્તવેલ, શ્વેતાશ્વતર, ચારાયણીય અને વારાયણીય. પહેલી ત્રણ શાખા છપાઈ ચૂકી છે. ચોથી ચરકસંહિતાનો પ્રચાર પતંજલિના સમયમાં વિક્રમથી બસ્સો વર્ષ પૂર્વે ગામો ગામમાં હતો એવું પતંજલિએ લખ્યું છે.

શુક્લયજુર્વેદની સત્તર શાખાના નામ મળે છે. માધ્યન્દિન, કણ્વ, ગાલવ, જાબાલ, કાપાલ, ઔધેય, વૈધેય, વૈનેય, વૈરેય, વૈજવ,, પૌણ્ડવત્સ, જ્ઞાપીય, પારાશરીય, તાપ્યાયનીય, કાત્યાયનીય, આવટિક અને પરમાવટિક, પરંતુ તેમાંથી માત્ર માધ્યન્દિન કે વાજસનેય અને કણ્વ આ બે જ પ્રાપ્ત થાય છે.

'તૈત્તિરીયસંહિતા'ના નામકરણ અંગે સાયણાચાર્યે કણ્વસંહિતાની ભાષ્યભૂમિકામાં આખ્યાન રજૂ કર્યું છે તે પ્રમાણે કોઈ કારણથી ગુસ્સે થયેલા ગુરુ વૈશમ્પાયને શિષ્ય

*યાજ્ઞવલ્ક્યને તમામ વિદ્યા પાછી આપવાનો આદેશ કર્યો. ક્રોધે ભરાયેલાં ગુરુ શાપ આપશે એવા ભયથી ભયભીત થયેલાં યાજ્ઞવલ્ક્યે તે યજુર્વેદની વિદ્યાનું વમન કર્યું. વૈશમ્પાયનનાં બીજા શિષ્યોએ તેતર પક્ષીનું રૂપ લઈને આ વિદ્યાને ચણી લીધી તેથી તેને તૈત્તિરીયસંહિતા કહેવામાં આવે છે.*

*કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીયસંહિતામાં સાત કાંડ, ચાલીસ પ્રપાઠક (અધ્યાય), છસો એકાવન અનુવાક્ અને એકવીસો અઠ્ઠાણું કંડિકાઓ (મન્ત્રો) છે. પચાસ શબ્દોની એક કંડિકા અને અક્ષર* 1,10,296 *છે.*

*કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણીસંહિતામાં ચાર કાંડ, ચોપન પ્રપાઠક અને છસો ચોંત્રીસ મન્ત્ર છે. આ શાખાના પ્રવર્તક મિત્રયુઋષિ કહે છે કે,*

**दिवादासस्य दापादो, ब्रह्मर्षिर्मित्रयुर्नुप ।**

**मैत्रायणी ततः शाखा, मैत्रयास्तु ततः स्मृताः ॥**

*કૃષ્ણ યજુર્વેદની કઠ સંહિતાઓમાં અઢાર પ્રપાઠકોનો ઉલ્લેખ છે.*

*શુકલ યજુર્વેદની વાજસનેયી શાખા વિશે કહ્યું છે કે, સૂર્યદેવે યાજ્ઞવલ્ક્યને* 'वाजी' *(ઘોડા)નું રૂપ ધારણ કરીને તેનું જ્ઞાન આપ્યું એટલે એ વાજસનેયી સંહિતા કહેવાય છે અને માધ્યંદિને પ્રાપ્ત થઈ હોવાથી માધ્યંદિનીશાખા પણ કહેવાય છે. આ શાખામાં ચાલીસ અધ્યાય, ત્રણસો ત્રણ અનુવાક અને ઓગણીસો પંચોતેર કંડિકાઓ છે. ચાલીસ અધ્યાયમાંથી પંદર અધ્યાયો 'ખિલ' મનાય છે.*

*કાણ્વસંહિતામાં ચાલીસ(*40) *અધ્યાય અને બે હજાર અડસઠ*(2068) *મન્ત્રો છે. માધ્યન્દિની કરતા એકસો અગિયાર*(111) *મન્ત્રો વધુ છે.*

*યજુર્વેદની આ બે સ્વરૂપ પરંપરાઓમાં વિદ્વાનો વચ્ચે અનેક મતભેદો જોવા મળે છે. જેમાં સંહિતા ભાગ શુદ્ધરૂપે ટકી રહ્યો છે તે શુકલ યજુર્વેદ અને જેમાં બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદનું મિશ્રણ છે તે કૃષ્ણ યજુર્વેદ.*

- *શુકલ યજુર્વેદની બે શાખાઓ છે જેમાં*

(1) *કણ્વ શાખા અને* (2) *માધ્યંદિની કે વાજસનેયી*

- *કૃષ્ણ યજુર્વેદની પાંચ શાખાઓ છે.*

(1) *તૈત્તિરીય* (2) *મૈત્રાયણીય* (3) *કપિષ્ઠલ* (4) *કઠ અને* (5) *શ્વેતાશ્વતર*

- *યજુર્વેદને લગતા ત્રણ બ્રાહ્મણો મળે છે.*

(1) *શતપથ બ્રાહ્મણ (માધ્યંન્દિન)* (2) *શતપથ બ્રાહ્મણ (કાણ્વશાખા)* (3) *તૈત્તિરીય બ્રાહ્મણ*

- *યજુર્વેદના ચાર આરણ્યકો છે.*

(1) *તૈત્તિરીય આરણ્યક* (2) *બૃહદારણ્યક (કાણ્વ)* (3)*બૃહદારણ્યક (માધ્યન્દિની)*

(4) મૈત્રાયણીય

- યજુર્વેદને લગતા પાંચ ઉપનિષદ્ મળે છે.

(1) તૈત્તિરીય ઉપનિષદ્ (2) કઠોપનિષદ્

(3) શ્વેતાશ્વતર ઉપનિષદ્ (4) બૃહદારણ્યક ઉપનિષદ્

(5) ઈશાવાસ્ય ઉપનિષદ્

### 1.7.2.3 યજુર્વેદનું વિષયવસ્તુ

| અધ્યાય | વિષય |
|---|---|
| 1 અને 2 | દર્શ તથા પૌર્ણમાસ યજ્ઞોના સંબંધમાં મન્ત્રો છે. |
| 3 અને 8 | સોમયાગો તેના સંબંધી અગ્નિષ્ટોમ વગેરેનું વર્ણન કરતા મન્ત્રો છે. |
| 9 અને 10 | વાજપેય અને રાજસૂય યજ્ઞના વિધાનનું વિસ્તૃત વિવરણ કરતા મંત્રો છે. |
| 11થી18 | ’અગ્નિચયન’નું વર્ણન ખૂબ વિસ્તૃત તથા સૂક્ષ્મવિધિ વિધાનોથી યુક્ત છે. યજ્ઞના હોમ માટેની વેદીનું નિર્માણ કેવી રીતે કરવું તે સ્થાન, આકૃતિ, ઈષ્ટિકાની સંખ્યા તથા આકાર વગેરેનું વર્ણન માર્મિકતાથી કર્યું છે. સોળમો અધ્યાય રુદ્રાધ્યાય નામે પ્રસિદ્ધ છે, જેમાં રુદ્રના સ્વરૂપની પરિકલ્પના છે. |
| 19થી21 | સૌત્રામણિ યજ્ઞના વિધાનનું વર્ણન છે. |
| 22થી25 | આર્યોના મહાન અશ્વમેધ યજ્ઞના વિશિષ્ટ મન્ત્રોનો નિર્દેશ છે.જેને સાર્વભૌમ પ્રભુતા પદના ઈચ્છુક સમ્રાટ સમ્પન્ન કર્યા કરતા હતા. |
| 26થી29 | પૂર્વે આપેલ જુદા જુદા અનુષ્ઠાનો સંબંધી નવામંત્રો આપેલા છે. |
| 30મો અધ્યાય | પુરુષમેધનું વર્ણન છે. જેમાં ૧૮૪ પદાર્થોના આલંભનબલિનો નિર્દેશ છે. |
| 31મો અધ્યાય | પુરુષસૂક્તમાં વિરાટપુરુષના સ્વરૂપનું વર્ણન છે. |
| 32અને33 | સર્વમેધ યજ્ઞના મન્ત્રો છે. |
| 34મો અધ્યાય | પ્રારંભમાં શિવસંકલ્પસૂક્તના છ મન્ત્રો છે. જેમાં મનના મહત્ત્વને પ્રતિપાદન કરીને મનમાં શિવસંકલ્પ હોવાની રમણીય પ્રાર્થના છે. પ્રત્યેક મંત્ર ‘तन्मे मनः शिवसंकल्पमस्तु’ વાક્યથી પૂર્ણ થાય છે. |
| 35મો અધ્યાય | પિતૃમેધના મંત્રો છે. |
| 36થી38 | પ્રવર્ગ્યયાગના મન્ત્રો મળે છે. |
| 39મો અધ્યાય | પ્રખ્યાત ’ઈશોપનિષદ’ અથવા ’ઈશાવાસ્યોપનિષદ’ છે. |

### 1.7.3 સામવેદનો પરિચય

"सामानि यो वेद स वेद तत्त्वम् । - *જે સામને જાણે છે તે વેદના તત્ત્વને જાણે છે." બૃહદદેવતાનું આ વિધાન સામવેદના મહત્ત્વને પરિસ્ફુટ કરવા પર્યાપ્ત છે. ગીતામાં* वेदानां सामवेदोऽस्मि । *એ વાક્ય દર્શાવી જાય છે કે શ્રીકૃષ્ણનું સર્વસ્વ સામવેદ છે, ઈશ્વરની વિભૂતિ સામવેદ છે. કારણ કે "સામ" ને ઋચાનો સાર માનવામાં આવ્યો છે.* ऋचः साम सारः *।બ્રાહ્મણગ્રંથોમાં સામને સર્વ વેદોનો રસ કહેવામાં આવ્યો છે સામ' શબ્દનો અર્થ 'સંગીત' અથવા 'ગાન' પણ થાય છે. બૃહદારણ્યકોપનિષદમાં 'સામ' શબ્દનું નિર્વચન કરતાં જણાવ્યું છે કે, ઋક્ અને સ્વર જેમાં એકત્ર થાય તેને સામ કહે છે."*

#### 1.7.3.1 સામવેદની શાખાઓ

*સામવેદની એક હજાર શાખાઓ હતી એમ મનાય છે,પરંતુ હાલ સામવેદની ત્રણ શાખા ઉપલબ્ધ છે : કૌથુમીય શાખા, જૈમિનીય શાખા અને રાણાયનીય શાખા.*

(1) *કૌથુમીય શાખા : આ શાખાના અનુયાયીઓ ગુજરાતમાં સવિશેષ છે. એમ પરંપરા કહે છે. ગુજરાતના શ્રીમાળી બ્રાહ્મણો આ શાખાના અધ્યેતા મનાયા છે. આ શાખામાં રાણાયણીય શાખા કરતાં થોડાક મંત્રો વધુ મળી આવે છે. ઈ.સ.* 1848 *માં બેનફીએ અને ઈ.સ.* 1871 *માં સત્યવ્રત સામશ્રમીએ સામવેદની કૌથુમીય શાખાનું પ્રકાશન કર્યું છે. કેટલાક વિદ્વાનો કૌથુમીય શબ્દનું મૂળ કૌસુમ માને છે. કારણ કૌસુમ સૂત્ર, પુષ્પસૂત્ર નામક તેનો પ્રાતિશાખ્ય મળી આવે છે.*

(2) *જૈમિનીય શાખા : સામવેદની જૈમિનીય શાખાનું સંપાદન ઈ.સ.* 1907 *માં ડબલ્યુ કેલેન્ડ કર્યું છે. આ શાખાના બ્રાહ્મણ, શ્રોતસૂત્ર અને ગુહ્યસૂત્ર પણ ઉપલબ્ધ થાય છે. જૈમિનીય શાખાની અવાન્તર શાખા મનાતી તવલ્લકાર શાખાનું કેનોપનિષદ્ પણ મળી આવે છે.*

(3) *રાણાયનીય શાખા : આ શાખાના અનુયાયીઓ વિશેષ કરીને મહારાષ્ટ્રમાં વસે છે. એમ મનાય છે. આનું સહુપ્રથમ સંપાદન* 1842 *માં સ્ટવન્સન નામના પાદરીએ કર્યું હતું. સાયણભાષ્ય સાથે પણ આનું મુદ્રણ થઈ ચુક્યું છે. રાણાયણીય અને કૌથુમીય શાખા વચ્ચે બહુ ભેદ નથી. એક પ્રપાઠકમાં વિભાગો છે, બીજામાં અધ્યાય, વળી ક્યાંક ક્યાંક પાઠભેદ કે ઉચ્ચારણ ભેદ છે. દા.ત., કૌથુમમાં "હાઉ" ની સ્થાને રાણાયણીમાં "હાવુ" બોલાય છે.*

*સામવેદની મુખ્ય વિશિષ્ટતા એની ગેયતા છે. ભારતીય સંગીતનું ઉદ્ગમ સ્રોતસામવેદ જ છે. યજ્ઞની દ્રષ્ટિએ પણ સામવેદનું મહત્ત્વ છે.*

*ઋષિઓએ સામવેદના મંત્રોના આધારે જે ગાનમંત્રોની રચના કરી, એ ગાનસંગ્રહના ચાર પ્રકાર છે.* (1) *ગ્રામગેયગાન* (2) *આરણ્યકગાન* (3) *ઊહગાન* (4) *ઊહ્યગાન.*

*સામગાન એ ભારતીય જ નહીં પણ વિદેશના સંગીતનું મૂલભૂત ઉદ્ગમસ્થાન છે. સંગીતશાસ્ત્રના જિજ્ઞાસુ માટે સામવેદનું અધ્યયન આવશ્યક છે. કારણ સામગાનના રૂપમાં પ્રાચીનતમ સંગીત અત્યંત વ્યવસ્થિત, નિયમબદ્ધ અને સુમધુર છે.*

### 1.7.3.2 સામવેદનું વિભાજન

*સામવેદના મુખ્ય બે ભાગ છે.* (1) *પૂર્વાચિક અને* (2) *ઉત્તરાર્ચિક. આ ઉપરાંત બ્રાહ્મણોની સંખ્યામાં ભેદ છે. સાયણાચાર્યે આઠ બ્રાહ્મણો ગણાવ્યા છે. આ ઉપરાંત ભગવદ્દત્તે* (1) *મન્ત્રબ્રાહ્મણ* (2) *જૈમિનીય બ્રાહ્મણ અને* (3) *જૈમિનીય આર્ષેય બ્રાહ્મણ ગણાવ્યા છે. અત્યારે મળી આવતા બ્રાહ્મણો નીચે મુજબ છે.*

(1) *તાંડ્યબ્રાહ્મણ* (2) *ષડ્વિંશ બ્રાહ્મણ* (3) *મન્ત્ર બ્રાહ્મણ અથવા છાંદોગ્યબ્રાહ્મણ* (4) *દૈવતબ્રાહ્મણ અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ* (5) *આર્ષેય બ્રાહ્મણ* (6) *સામવિધાન બ્રાહ્મણ* (7) *સંહિતોપનિષદ્ બ્રાહ્મણ* (8) *વંશ બ્રાહ્મણ* (9) *જૈમિનીય બ્રાહ્મણ* (10) *જૈમિનીય આર્ષેય બ્રાહ્મણ* (11) *જૈમિનીયોપનિષદ્ બ્રાહ્મણ*

*આ સિવાય આરણ્યકો ઉપલબ્ધ છે જે માત્ર એક જ છે.* (1) *તવલ્લકાર આરણ્યક.*

*સામવેદના મળતા ઉપનિષદની સંખ્યા બે છે.* (1) *છાંદોગ્યોપનિષદ્* (2) *કેન ઉપનિષદ્.*

*આ રીતે, સામવેદ વિષયક ટૂંકમાં માહિતી પ્રસ્તુત કરી છે.*

### 1.7.3.3 સામવેદનું વિષયવસ્તુ

**પૂર્વાચિક :**

*આમાં છ પ્રપાઠક અથવા અધ્યાય છે તથા છસો પચાસ મન્ત્ર છે. ઋગ્વેદના જુદા જુદા મંડલોમાં જુદા જુદા ઋષિઓ દ્વારા એક જ દેવતા વિશેના મન્ત્રોનું સંકલન છે.*

*પ્રથમ પ્રપાઠક : અગ્નિદેવતા સંબંધી મન્ત્ર છે,તેની સંજ્ઞા આગ્નેયકાણ્ડ કે આગ્નેય પર્વ છે.*

*દ્વિતીય, તૃતીય તથા ચતુર્થ પ્રપાઠક : ઈન્દ્રના સ્તુતિવિષયક મન્ત્રો છે, એટલે આ ત્રણેય મળીને ઐન્દ્રપર્વ કહેવાય છે.*

*પંચક પ્રપાઠક : સોમ વિષયક ઋચાઓ છે તેની સંજ્ઞા 'પવમાનપર્વ' છે. ઋગ્વેદના નવમા મંડળમાંથી લેવાયેલી છે. ષષ્ઠ પ્રપાઠક : દેવતા વિષયક ઐક્ય કે છન્દની સમાનતા નથી, આ સંજ્ઞાનું નામ ' આરણ્યકપર્વ' છે, પરંતુ આની અંદર ગાન વિષયક એકતા પ્રાપ્ત થાય છે.*

**ઉત્તરાર્ચિક :**

*આ વિભાગમાં નવ પ્રપાઠક છે. તથા મન્ત્રોની કુલ સંખ્યા બારસો પચ્ચીસ છે. આ બધા મન્ત્રો ચારસો ગીતમાં સંકળાયેલા છે. દરેક ગીતમાં ત્રણ-ત્રણ કે ચાર-ચાર મન્ત્ર છે. ઉત્તરાર્ચિકનું મહત્ત્વ પૂર્વાચિકની અપેક્ષાએ ખૂબ ઓછું છે. પૂર્વાર્ચિકની પુનરાવૃત્તિ ઉત્તરાર્ચિકમાં જોવા મળે છે.!*

### 1.7.4 અથર્વવેદનો પરિચય :-

*પ્રાચીન તેમ જ અર્વાચીન સાહિત્યમાં ચાર વેદોને બદલે ક્યાંક વેદત્રયી(અથવા કેવલ ત્રયી એટલે કે ત્રણ વેદો) એવો શબ્દ મળે છે. તેથી એમ માનવાની જરૂર નથી કે ચોથો અથર્વવેદ પાછળથી રચાયો હતો. તેમાં આવતા કેટલાક મારણ- ઉચ્ચાટન વગેરે મંત્રોને કારણે તેને બાકીના ત્રણ વેદોથી અલગ પાડવામાં આવ્યો હતો એટલું જ.*

*અથર્વવેદનું પૂરું નામ અથર્વાંગિરોવેદ છે. ઉચ્ચારણ સૌકર્યને કારણ અથર્વવેદ એવું ટૂંકું નામ પ્રચલિત થયું. અથર્વનું અને અંગિરસ્ આ બંને શબ્દો અત્યંત પ્રાચીન છે. અથર્વનુંને મળ તો આશ્રવનું શબ્દ અવેસ્તામાં મળે છે. બંનેનો અર્થ અગ્નિ-પૂજક ઋત્વિક્ એવો થાય છે. પરંતુ આ ઋત્વિજો અગ્નિપૂજા ઉપરાંત જાદુટોણાંના મંત્રોના જાણકાર હોવાથી અથર્વ શબ્દનો અર્થ જાદુટોણાં જાણનાર ઋત્વિક્ એવો થયો, અને તે પ્રકારના મંત્રો અથર્વનું તરીકે ઓળખાવા લાગ્યા. 'અંગિરસ' શબ્દનો અર્થ પણ લગભગ એવો છે. પરંતુ બંનેની અર્થછટામાં તાત્ત્વિક ભેદ છે. 'અથર્વ' શબ્દ લોકોને ઉપકારક અને કલ્યાણકારી સ્તુત્ય મંત્રોનો વાચક છે, 'અંગિરસ' શબ્દ જારણ, મારણ માટે વપરાતા નિન્ધ મંત્રોનો વાચક છે. 'અથર્વ' શબ્દનો 'ગતિહીન' અથવા 'સ્થિરતાયુક્ત' એવો અર્થ યાસ્કાચાર્યના નિરુક્તમાં ઉપલબ્ધ છે.*

अथर्वाणोऽथर्वणवन्तः । थर्वतिश्चरतिकर्मा तत्प्रतिषेधः । निरुक्त-११.१८*શતપથ બ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છે કે, પ્રાણ અથર્વા છે .* '' प्राणोऽथर्वा '' । शत.६.४२.२

*પ્રાણશક્તિને પ્રબુદ્ધ કરવી અને પ્રાણાયામ દ્વારા 'બ્રહ્મ'ની પ્રાપ્તિ કરવી.*

*આ રીતે અથર્વાંગિરોવેદ એટલે સ્તુત્ય અને નિન્ધ-કલ્યાણકારી અને વિનાશક-મંત્રોનો વેદ. પાછળથી તે ટૂંકમાં અથર્વવેદ તરીકે ઓળખાવા લાગ્યો.*

*અથર્વવેદ માટે એકથી વધુ નામ પ્રયુક્ત થયેલાં જોવા મળે છે. જેમ કે, બ્રહ્મવેદ, અથર્વાંગિરાવેદ,ભૃગ્વંગિરોવેદ,ક્ષાત્રવેદ,છંદોવેદ,મહીવેદ,ભૈષજ્યવેદ,અંગિરોવેદ.*
*અથર્વવેદની સંહિતામાં એકંદરે* 731 *સૂક્તો છે અને બધા મળી લગભગ* 6,000 *(છ હજાર) મંત્રો છે. આ મંત્રોને વીસ કાંડમાં વિભક્ત કરવામાં આવ્યા છે, તે પૈકી ઓગણીસમો કાંડ પાશ્ચાત્યકાલીન છે, જ્યારે વીસમો કાંડ તેના કરતાંય પાશ્ચાત્યકાલીન મનાયો છે. એમાંના મોટા ભાગના મંત્રો ઋગ્વેદમાંથી જ લેવાયા છે. આમ જોવા જઈએ તો અથર્વવેદના મંત્રોનો* 1/7 *જેટલો ભાગ ઋગ્વેદના જ મંત્રોનો બનેલો છે.*

*વિષયોની દૃષ્ટિએ અથર્વવેદના મંત્રોને નીચે પ્રમાણે વિભક્ત કરી શકાય* (1) *ભૈષજ્ય સૂક્તો,* (2) *આયુષ્ય સૂક્તો,* (3) *પૌષ્ટિક સૂક્તો,* (4) *પ્રાયશ્ચિત્ત સૂક્તો,* (5) *સ્ત્રીકર્મ સૂક્તો,* (6) *આભિચારિક સૂક્તો,* (7) *રાજકર્મ સૂક્તો અને* (8) *જ્ઞાન સૂક્તો.*

#### 1.7.4.1 અથર્વવેદની શાખાઓ

*અથર્વવેદમાં વીસ કાંડ, સાતસો એકત્રીસ સૂક્ત તથા પાંચ હજાર નવસો સત્યાસી મંત્રો છે. પતંજલિએ પોતાના મહાભાષ્યમાં અથર્વવેદની નવ શાખાઓનો ઉલ્લેખ*

કર્યો છે. नवधाऽऽथर्वणो वेदः ।અથર્વવેદની શાખાઓની બાબતમાં અનેક ભેદ જણાય છે, પરંતુ તુલનાત્મક અભ્યાસ બાદ અથર્વવેદની શાખાઓમાં નીચે મુજબનાં નામો ગણાવવામાં આવે છે.

(1) પિપ્પલાદ

(2) શૌનકીય

(3) સ્તોદ અથવા તૌદ

(4) જાજલ

(5) જલદ

(6) દેવદર્શ

(7) ચારણ

(8) બ્રહ્મવેદ

(9) મૌદવેધ

આમાંથી હાલ બે શાખાઓ ઉપલબ્ધ થાય છે : શૌનક શાખા અને પૈપ્પલાદ શાખા.

અથર્વવેદમાં આધ્યાત્મિક, આધિદૈદિક અને આધિભૌતિક વિષયોનું વર્ણન છે. આ મુજબ ભૈષજ્ય, આયુષ્ય, પૌષ્ટિક, પ્રાયશ્ચિત્ત, સ્ત્રીકર્મ, રાજકર્મ વગેરે સૂક્તોમાં વિષયો વિભાજિત છે.

વર્તમાન જીવનને સુખમય બનાવવા માટે જે સાધનોની જરૂરિયાત છે, તે બધાની પ્રાપ્તિ માટે કરવામાં આવતા અનુષ્ઠાનોનું વિધાન અથર્વવેદમાં છે.

### 1.7.4.2 અથર્વવેદનું વિષયવસ્તુ

| કાંડ | વિષય |
|---|---|
| 1 ને 2 કાંડ | જુદા જુદા રોગ, શત્રુ તથા કૃમિનાશક અને દીર્ઘાયુ સંબંધી મંત્ર છે. |
| 3 જો કાંડ | શત્રુ સેના વશીકરણ રાજાનું નિર્વાચન તથા કૃષિ અને પશુપાલન સંબંધી છે. |
| 4 થો કાંડ | બ્રહ્મવિદ્યા, વિષનાશ, રાજ્યાભિષેક, પાપમોચન, વૃષ્ટિ વગેરે સંબંધી મન્ત્ર છે. |
| 5 મો કાંડ | બ્રાહ્મણ જાતિનું મહત્ત્વ તથા શત્રુનાશનું વર્ણન છે. |
| 6 ઠ્ઠો કાંડ | દુઃસ્વપ્નનો નાશ અને અન્ન સમૃદ્ધિ સંબંધી મન્ત્ર છે. |
| 7 મો કાંડ | આત્મા વિષયક તથા વિજય પ્રાપ્તિ સંબંધી મન્ત્ર છે. |
| 8 મો કાંડ | ઋગ્વેદના સાત છન્દોના વર્ણોની સંખ્યા છે. |
| 9 મો કાંડ | મધુકષા નામની ઔષધિ, અતિથિ સત્કાર તથા યક્ષમાનાશ વિશેના મન્ત્રો છે. |
| 10 મો કાંડ | બ્રહ્મવિદ્યા તથા બ્રહ્મનું મહત્ત્વ દર્શાવતા મન્ત્રો છે. |
| 11 મો કાંડ | બ્રહ્મચર્યનું મહત્ત્વ આપેલું છે. |
| 12 મો કાંડ | ભૂમિસૂક્ત છે. |

| | |
|---|---|
| 13 મો કાંડ | આધ્યાત્મનું વર્ણન છે. |
| 14 મો કાંડ | વિવાહ સંસ્કાર સંબંધી મંત્ર છે. |
| 15 મો કાંડ | વ્રાત્યા નામની પરમાત્માના મહિમાનું વર્ણન છે. |
| 16 મો કાંડ | દુઃખ મોચન મન્ત્ર છે. |
| 17 મો કાંડ | મોહન તથા વશીકરણ મન્ત્રો છે. |
| 18 મો કાંડ | અંત્યેષ્ટિનું વર્ણન છે. |
| 19 મો કાંડ | જ્યોતિષ વિજ્ઞાન વિષયક મન્ત્રો છે. |
| 20 મો કાંડ | સોમયાગનું વર્ણન છે. તેમાં ઈન્દ્રસ્તુતિના મન્ત્રો છે. અને કુન્તાય સૂક્તમાં દાની રાજાઓ અને યજમાનોની પ્રશંસા કરી છે. |

આમ, ઉપર પ્રમાણે ચારેય વેદ વિષયક ટૂંકમાં માહિતી આપી શકાય. આ ચારેય વેદનો પરિચય આ માહિતી દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

## 1.8 સારાંશ

આમ, વેદ એટલે સંહિતાઓ (મંત્રભાગ), બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો અને ઉપનિષદોનો સમુચ્ચય. વેદ તો વારિધિ છે. જીવનના આ મહાવારિધિનો પાર કોણ પામી શકે ? વેદનો પ્રતિપાદ્ય વિષય જીવન છે અને તેથી વેદ તે વસ્તુતઃ જીવનવેદ છે.

**સ્વાધ્યાય**

1. વેદ શબ્દની વ્યુત્પત્તિ અને તેની વ્યાખ્યા જણાવો.

2. વેદના ભાષ્યકારોનો સંક્ષિપ્ત પરિચય આપો.

3. વેદોનો સામાન્ય પરિચય આપી તેનું મહત્ત્વ જણાવો.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

1. ઋગ્વેદની ઉપલબ્ધ શાખાઓ અને તેના નામ જણાવો.

2. યજુર્વેદના કેટલા વિભાગ છે ? કયાં ક્યાં ?

3. *વેદત્રયીમાં કયા કયા વેદનો સમાવેશ થાય છે ?*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

4. *સામવેદની મુખ્ય શાખાઓનાં નામ લખો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *વેદ શબ્દનો અર્થ જણાવી તેના વિવિધ મત ચર્ચો. (ઉત્તરનો મુદ્દો,* 1.2 )

2. *વેદના રચનાકાળ વિષે ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોના મત જણાવો. (ઉત્તરનો મુદ્દો,*1.5)

3. *યજુર્વેદનો પરિચય આપી તેની વિવિધ શાખાઓ જણાવો. (ઉત્તરનો મુદ્દો,*1.7.2)

4. *અથર્વવેદના પાંચ ઉપવેદનો ટૂંકમાં પરિચય આપો.*

## 1.10 સંદર્ભસૂચિ

१. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )

*૨. વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ ( યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ*-6)

3.वैदिक सुक्त -संग्रहः- *વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)

4. *વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

# એકમ : 2 : વૈદિક તત્ત્વજ્ઞાન

## રૂપરેખા

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ઋગ્વેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ**

**2.3 યજુર્વેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ**

**2.4 અથર્વવેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ**

**2.5 વૈદિક તત્ત્વજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો**

**2.5.1 બ્રહ્મનું અસ્તિત્વ**

**2.5.2 એકેશ્વરવાદ**

**2.5.3 બ્રહ્મ સગુણ કે નિર્ગુણ ?**

**2.5.4 પંચકોશ વિષયક દર્શન**

**2.5.5 વેદ દ્વૈતવાદી છે કે અદ્વૈતવાદી ?**

**2.6 સારાંશ**

**2.7 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 ઉદ્દેશો

- *વેદમાં નિહિત તત્ત્વજ્ઞાનથી પરિચિત થાય*
- *વૈદિક દર્શનની મૂળભૂત લાક્ષણિકતાઓ સમજી શકે.*
- *ભારતીય દર્શનના મહત્ત્વના દરેક તત્ત્વો તેના મૂળસ્વરૂપે વેદોમાં પ્રાપ્ત થાય છે તેનું જ્ઞાન મેળવી શકે.*

## 2.1 પ્રસ્તાવના

*ભારતના વૈદિક સાહિત્યમાં જે તત્ત્વજ્ઞાન રહેલું છે તે માત્ર ભારતીયો માટે જ નહીં પરંતુ વિશ્વના માનવી માટે શાંતિ અને પ્રગતિનું તત્વજ્ઞાન છે વેદ એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને આપેલી ભેટ છે આ તત્ત્વજ્ઞાને માનવજીવનના ચાર લક્ષ રજૂ કર્યા છે. જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો સમાવેશ થાય છે. રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો ભારતની વિશ્વને આપેલી મહત્વની ભેટ છે ગીતામાં પણ કર્મની પ્રધાનતા આપવામાં આવી છે.*

*વેદ અનેક ઋષિઓનું દર્શન છે. વૈદિક મંત્રોના દર્શનનો ગાળો પણ ઘણો વિશાળ છે. સેંકડો ઋષિઓએ હજારો વર્ષ સુધી જે જોયું તે વેદ છે. આમ હોવાથી કોઈ એક દર્શનધારા જ વૈદિક દર્શન છે, તેમ ન કહી શકાય. વૈદિક દર્શન ઘણું વિશાળ અને ઘણું વ્યાપક છે.*

## 2.2 ઋગ્વેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ

*ભારતની પ્રાચીનતમ કવિતા - ઋગ્વેદમાં ભારતીય તત્ત્વજ્ઞાનનાં મૂળ બીજ પડયાં છે. આમ તો ઋગ્વેદમાં પ્રકૃતિનાં અનેક પ્રભાવક દશ્યો કે પદાર્થોની ઉપર ચેતનત્વનું આરોપણ કરીને - દેવતા વિશેષની કલ્પના કરીને - અનેક દેવોની સ્તુતિ કરવામાં આવી છે. બીજી તરફ તે અનેક દેવોમાં ઐક્યનાં દર્શન કરીને એકદેવતાવાદ પણ વેદના ઋષિઓએ પુરસ્કાર્યો છે. જેમકે, અગ્નિ, ઈન્દ્ર, યમ, માતરિશ્વા વગેરે જુદા જુદા નામે એક જ સત્ તત્ત્વની વાત વિપ્રો કહે છે. છતાંય હિંદુસ્તાનના તત્ત્વજ્ઞાનનો આરંભ કૌતુક કે આશંકામાંથી થયો હોય એમ દેખાય છે. વેદકાળની પ્રજામાં સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે સ્વર્ગમાં દેવતાઓનો નિવાસ છે. વળી, નિરુક્તકાર યાસ્ક કહે છે કે ત્રણ લોકના ત્રણ દેવો છે. જેમ કે, દ્યુલોકમાં સૂર્ય દેવતા છે, અન્તરિક્ષ લોકમાં ઈન્દ્ર કે વાયુદેવતા છે અને પૃથ્વીલોકમાં અગ્નિદેવતા છે. (આમ વેદકાળમાં બ્રહ્માંડમાં ઉપર્યુક્ત ત્રણ લોક હોવાની કલ્પના છે; પણ ત્યાં પાતાળલોકની કલ્પના નથી. છેક પુરાણકાળમાં પાતાળની કલ્પના શરૂ થઈ છે.) છતાંય આ વિવિધ દેવતાઓ હોવા વિષે પણ ક્યારેક શંકાશીલપણું સેવવામાં આવ્યું છે. જેમકે, કોઈ ઋષિ પૂછે છે કે, 'ઈન્દ્ર કોણ છે ?' કોણે તેને જોયો છે ?' દીર્ઘતમાના સૂક્ત* (1-164) *માં પણ અનેક પ્રશ્નો અને કોયડાઓ રજૂ કરવામાં આવ્યાં છે. વેદનો કવિ વિશ્વના કોયડાનો તાગ કાઢવાનો પ્રયત્ન કરે છેઃ 'વિશ્વના પ્રદેશોને કોણે ટેકો આપ્યો છે ? વિશ્વમાં પ્રથમ જન્મનારે કોણ છે? ' વગેરે. કવિ જો કે આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર શોધી કાઢવા માટે નિષ્ફળ નીવડે છે, અને છતાંય તે ગૂઢ સત્યના ઉકેલ માટે યત્ન ચાલુ રાખે છે. હિરણ્યગર્ભ સૂક્ત* (10-121)*માં ઋષિ પ્રશ્ન પૂછે છે કે કયા દેવને અમે હવિપાત્ર અર્પીએ ? કોને અમે પૂજીએ ?*

**हिरण्यगर्भः सर्मवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्।**

**स दाधार पृथिवीं द्यामुतेम कस्मै देवाय हविषा विधेम ॥ हिरण्यगर्भः – 10.121.1**

*"સૌથી આગળ હિરણ્યગર્ભ હતો. જન્મેલો તે એકલો ભૂતનો પતિ હતો. તેણે પૃથિવીને ધારણ કરી અને વળી આ દ્યૌને પણ તેણે ધારણ કર્યું છે. (પણ છતાંય પ્રશ્ન થાય છે કે—) કયા દેવને અમે હવિષથી પૂજીએ ?!"*

*ભારતીય આર્યોની દાર્શનિક વિચારસરણીના આરંભબિન્દુએ જ આ સૃષ્ટિની રચના અને વિશ્વના સંચાલનને માટે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ—એવાં ત્રણ તત્ત્વોની સત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જીવ અને પ્રકૃતિના સંયોગથી સૃષ્ટિની રચના થાય છે તથા ઈશ્વર તેનો નિયામક તથા સંચાલક છે. પ્રકૃતિને કારણે જીવ બંધાયેલો રહે છે તથા જન્મ-મરણના ચકરાવામાં ફસાયેલો રહે છે. પણ જયારે તેને તત્ત્વનું દર્શન થાય છે ત્યારે તે મુક્ત થાય છે. આ વિચારની પુષ્ટિ કરતો ઋગ્વેદમાંથી એક મંત્ર જોઈશું:*

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।**

**तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्यो अभिचाकशीति॥ मुण्डकोपनिषद – 3.1.1**

*"સુન્દર પાંખોવાળાં, સમાન આયુષ્યવાળાં બે પક્ષીઓ મિત્ર સમા રૂપથી વિશ્વને આલિંગી રહ્યાં છે, એમાંથી એક સ્વાદિષ્ટ પિપ્પલફળનું આસ્વાદન કરી રહ્યું છે; અને બીજું પક્ષી તે ફળનો ઉપભોગ કર્યા વિના (તટસ્થ ભાવે) આનંદ મેળવે છે. અહીં, વિશ્વ એ પ્રકૃતિ છે, તેમાં પિપ્પલનું ફળ જેવા ભોગ્ય પદાર્થો છે. તેમાં ભોગ ભોગવનાર પક્ષી તે જીવાત્મા છે અને, કોઈ પણ પ્રકારનો ઉપભોગ નહીં કરનાર ઉદાસીન-તટસ્થ બેઠેલું-બીજું પક્ષી તે પરમેશ્વર છે.*

*આમ, ઋગ્વેદમાં પ્રકૃતિનાં તત્ત્વોની પૂજાથી શરૂ કરીને, અનેક વિશિષ્ટ પ્રદેશના કે વૈયક્તિક દેવોની સ્તુતિથી માંડીને, કેટલાક વરુણ જેવા અમૂર્ત દેવો અને 'ઋત' જેવા શાશ્વત નિયમો કે હિરણ્યગર્ભ જેવા સૃષ્ટિ-ઉત્પાદક દેવતાઓ સુધીની કલ્પનાઓ (સ્અંર્ઈ)નો વ્યાપ ફેલાયેલો છે. અને સાથે ને સાથે જ તે દેવતાઓના હોવા વિષે કે એમના સર્વોપરિપણા વિષે સંદેહ પણ ઉઠાવવામાં આવ્યો છે. સૃષ્ટિની પહેલાં સત્ હશે કે અસત્, મૃત્યુ હશે કે અમૃત ? કે પછી અંધકાર હશે ? કોણ આ બધું જાણતું હશે ? કદાચ આ કોઈ નહીં જાણતું હોય! એમ કહીને તત્ત્વજિજ્ઞાસાની ઉત્કટ અવસ્થા પણ પ્રકટ થયેલી જોવા મળે છે, તો બીજી તરફ જીવ અને ઈશ્વરના સ્વરૂપની કલ્પના પણ પ્રકટી છે; કે જેણે પાછળથી ઉપનિષદ્કાલીન વેદાન્તની ફિલસૂફીને જન્મ આપ્યો છે.*

## 2.3 યજુર્વેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ

*યજુર્વેદમાં કર્મકાંડ ઉપરાંત અનેક સુંદર વિચારોનો સંગ્રહ છે, તેનો 40 મો અધ્યાય સુપ્રસિદ્ધ ઈશાવાસ્ય ઉપનિષદ છે. આ ઉપનિષદમાં કર્મ કરતાં પણ નિષ્કામભાવે 100 વર્ષ જીવવાના તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન થયું છે. યજુર્વેદના 34 માં અધ્યાયમાં સુપ્રસિદ્ધ અવે શિવસંકલ્પના મંત્રો આવે છે. વળી રુદ્રાધ્યાયી નામથી સુપ્રસિદ્ધ એવો યજુર્વેદનો વિભાગ ભારતના બ્રાહ્મણોને અત્યંત પ્રિય છે. તેનો શ્રદ્ધાપૂર્વક નિયમિત પાઠ કરનાર પણ અનેક વ્યક્તિઓ આજેય ઉપલબ્ધ થાય છે. યજુર્વેદ કેવળ કર્મકાંડ પ્રધાન છે એવુ સ્વીકારી લેવાની આવશ્યકતા નથી. કર્મકાંડની સાથોસાથ આરાધ્ય દેવના સ્વરૂપની મીમાંસા અને ઉપાસ્ય તત્ત્વરૂપ પરમતત્વની સમીક્ષા નિરતિશય સુંદર રીતે યજુર્વેદ કરે*

*છે. તેમાં સુપ્રસિદ્ધ ભારતીય તત્ત્વજ્ઞાનનો પમરાટ પ્રસરતો પ્રત્યક્ષ કરી શકાય છે. તેમાં આવતા અનેક મંત્રોનો આધ્યાત્મિક અર્થ પણ ઉપલબ્ધ થાય છે અને વિદ્વાનોએ યથાકાલ, યથાવકાશ તેનું રહસ્ય પણ સફળતાપુર્વક સ્પષ્ટ કર્યું છે.*

*તત્ત્વજ્ઞાન વિષયક અનેક મંત્રો ધરાવતો યજુર્વેદનો 32મો અધ્યાય વેદની દાર્શનિક વિચારધારામાં સાચે જ મહત્ત્વનું સ્થાન ધરાવે તેમ છે. તેમાં પ્રાપ્ત થતા વિચારોનો નિષ્કર્ષ નીચે મુજબ આપી શકાય.*

*અગ્નિ, વાયુ, આદિત્ય, ચન્દ્રમા, જળ કે પ્રજાપતિ એ સહુ તે બ્રહ્મ જ છે. પ્રકાશિત પુરુષમાંથી પ્રત્યેક નિમેષ એટલે પલક અથવા કાળની ગણતરીના સહુ એકમો ઉત્પન્ન થયા છે. ઉપરથી મધ્યથી કે ત્રાંસી રીતે પણ કોઈ એ પરમતત્વને પકડી શકતું નથી. તે સહુથી પર છે. તેની કોઈ પ્રતિમા નથી - સરખામણી શક્ય નથી. તે એક દેવ છે જે સહુ કોઈને વ્યાપીને રહેલ છે. તે સહુથી પ્રથમ ઉત્પન્ન થયેલ છે. સહુ જન્મેલા અને જન્મનાર પણ તે છે. તેના પહેલાં કંઈ જ ઉત્પન્ન થયેલ ન હતું. તે સર્જાયેલ સમગ્ર સંસારને વ્યાપીને રહેલ છે. તેણે સ્વર્ગને સ્થિર અને પૃથ્વીને દઢ બનાવ્યા છે. જે અંતરિક્ષમાં રહેલ છે. તેણે સ્વર્ગને સ્થિર અને પૃથ્વીને દઢ બનાવ્યા છે. જે અંતરિક્ષમાં રહેલ છે તેવા કયા દેવની અમે હવિથી પૂજા કરીએ ? આગળ કહેવાયું છે –*

**वेनस्तत्पश्यन्निहितं गुहा सद् यत्र विश्वं भवत्येकनीडम् ।**

**तस्मिन्निदं सं च चैति सर्व स ओतः प्रोतश्च विभूः प्रजासु ॥ यजुर्वेद – 32.8**

*"(વેનઃ) વિદ્વાન તે તત્ત્વને ગુહામાં છુપાયેલું નિહાળે છે. જે (તત્ત્વ) માં વિશ્વ એક માળો બની જાય છે. તે (તત્ત્વ) માં (પ્રલય કાળે) આ સહુ એક બને છે. તેમાંથી (સર્ગકાલે) સર્જાય છે અને તે વિભુ પ્રજામાં ઓતપ્રોત થઈને રહેલ છે. " આ મંત્રના વારંવાર વિદ્વાનોમાં ઉદ્ધત થતા વાક્ય* 'यत्र भवति विश्वमेकनीडम्' *ને સહુ જાણે છે વાસ્તવમાં અહીં પરમ તત્ત્વરૂપ બ્રહ્મની ભવ્ય ભાષામાં પિછાન પૂરી પાડી છે.*

## 2.4 અથર્વવેદમાં તત્ત્વજ્ઞાનનાં બીજ

*જગતના પરમતત્ત્વને સ્પર્શતી તત્ત્વજ્ઞાનની વાતો પ્રત્યે અથર્વવેદ સંપૂર્ણ મૌન સેવતો નથી. કાવ્યની દૃષ્ટિએ પણ અથર્વવેદનું અધ્યયન થયું છે અને હજુ પણ થઈ શકે તેમ છે.*

*આ અથર્વવેદના 10-8 સૂક્તમાં જ્યેષ્ઠ એવા બ્રહ્માનું વર્ણન છે જે બ્રહ્મ ઉપનિષદની પ્રસિદ્ધ વિચારધારામાં સૃષ્ટિના સર્વોત્તમ તત્ત્વરૂપે વિલસે છે. અહીંનો પ્રથમ મંત્ર જ નોંધપાત્ર છે :*

**यो भूतं च भव्य च सर्वं यश्चाधितिष्ठति ।**

**स्व१र्यस्य च केवलं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः ॥ अथर्ववेद 10.8.1**

*આ પછી જાણે કે ઉપનિષદના ભવ્ય વિચાર રીત કે ફિલસૂફી હોય તેવું બ્રહ્મનું વર્ણન વિસ્તારથી આપ્યુ છે. અથર્વવેદના તત્ત્વજ્ઞાનના વિચારોમાં આ સૂક્તનું પ્રદાન*

*નોંધપાત્ર છે. આ સૂક્તનો અંતનો મંત્ર વાચતાં તો ભ્રમણામાં પડી જવાય કે આ અથર્વવેદનો મંત્ર હશે કે કોઈ ઉપનિષદનો ! જુઓ*

**अकामो धीरो अमृतः स्वयंभू रसेन तृप्तो न कुतश्चनोनः ।**

**तमेव विद्वान न बिभाय मृत्योरात्मानं धीरमजरं युवानम् ॥ અથર્વવેદ 10.8.44**

*(આત્મા) કામનારહિત, ધીર, અમર, સ્વયંભૂ, રસથી પરિતૃપ્ત અને ક્યાંયથી ઊણપવાળો નથી. તે ધીર, અજર અને યુવાન આત્માને જાણીને (જ્ઞાતા) મૃત્યુથી (પણ) ડરતો નથી.*

## 2.5 વૈદિક તત્ત્વજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો

### 2.5.1 બ્રહ્મનું અસ્તિત્વ

*બ્રહ્મ અસ્તિત્વનું કેન્દ્ર, અસ્તિત્વનો આધાર અને અસ્તિત્વનો મૂળ સ્રોત છે. ઉપનિષદોમાં જે પરમ તત્ત્વને આત્મા, પ્રાણ, ભૂમા, સત્ આદિ ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે, પરવર્તી કાળમાં જેને પરબ્રહ્મ, પરમાત્મા, સચ્ચિદાનંદ આદિ નામોથી ઓળખવામાં આવે છે, તેને જ વેદ-સંહિતાઓમાં 'બ્રહ્મ' શબ્દથી ઓળખવામાં આવે છે. વેદના ઋષિઓનું સ્પષ્ટ દર્શન છે કે આ એકમેવાદ્વિતીય બ્રહ્મતત્ત્વ ભિન્નભિન્ન સ્વરૂપમાં સર્વત્ર વિલસી રહ્યું છે.*

### 2.5.2 એકેશ્વરવાદ

*વેદમાં એકેશ્વરવાદ છે કે બહુદેવવાદ ? વેદમાં એકેશ્વરવાદ હોય તો તે કયા સ્વરૂપનો છે ? આ પ્રશ્નોની ખૂબ ચર્ચા થઈ છે અને હજુ પણ થઈ રહી છે. વેદમાં અનેક દેવોની સ્તુતિ છે, તેમ જોઈને અનેક વિદ્વાનો એમ માનવા પ્રેરાય છે કે વેદમાં એકેશ્વરવાદ નથી, પરંતુ બહુદેવવાદ છે. માત્ર બહિરંગ દૃષ્ટિથી જોઈએ તો વેદમાં બહુદેવવાદ જણાય છે, પરંતુ ઊંડી દૃષ્ટિથી જોતાં સ્પષ્ટ દર્શન થાય છે કે વેદમાં મૂલતઃ એકેશ્વરવાદ જ છે અને તેના પાયા પર પ્રતિષ્ઠિત થઈને બહુદેવવાદ પણ છે. વેદમાં બહુદેવવાદ સહિત એકેશ્વરવાદ છે. વસ્તુતઃ અનેક દેવો અને એક ઈશ્વર વચ્ચે કોઈ વિરોધ નથી. બંને સાથે અસ્તિત્વ ધરાવી શકે છે. જેમ એક સમ્રાટના અનેક મદદનીશ કર્મચારીઓ હોઈ શકે છે. તેમ એક ઈશ્વરના આધિપત્ય હેઠળ અનેક દેવો અસ્તિત્વ ધરાવી શકે છે અને સૃષ્ટિસંચાલનમાં પોતાનું કાર્ય કર્યે જાય છે. આમ, અનેક દેવોના અસ્તિત્વથી એકેશ્વરવાદમાં કોઈ બાધા ઉપસ્થિત થતી નથી. જેમ મનુષ્ય સૃષ્ટિ છે, પ્રાણીસૃષ્ટિ છે, તેમ દેવસૃષ્ટિ પણ છે. અનેક મનુષ્યો હોવાથી એકેશ્વરવાદમાં કોઈ બાધા ઉપસ્થિત થતી નથી, તેમ અનેક દેવોના અસ્તિત્વથી એકેશ્વરવાદમાં કોઈ બાધા ઉપસ્થિત થતી નથી.*

*વેદના ઋષિ સ્પષ્ટ કહે છે –*

**इन्द्रं मित्रं वरुणमग्निमाहरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।**

**एकं सत् विप्रा बहुधा वदन्ति यमं मातरिश्वानमाहुः ॥ ऋग्वेद : 1-164-46**

*"એક જ સત્ તત્ત્વ છે. તેનું જ જ્ઞાની લોકો અનેક રીતે વર્ણન કરે છે. તેને જ ઈન્દ્ર, મિત્ર, વરુણ અને અગ્નિ કહે છે. તે જ દિવ્ય સુપર્ણ ગરુત્માન (આત્મા) છે. તેને જ અગ્નિ, યમ અને વાયુ કહેવામાં આવે છે."*

*આ ઉપરાંત પુરુષસૂક્ત, હિરણ્યગર્ભસૂક્ત આદિ અનેક એવાં સૂક્ત છે, જેમના દ્વારા એમ નિશ્ચિતપણે સિદ્ધ થાય છે કે વેદમાં સ્પષ્ટતઃ એકેશ્વરવાદ છે.*

*ઈશ્વર અને દેવોના સંબંધના સ્વરૂપ વિશે ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી ભિન્નભિન્ન ખુલાસા કરવામાં આવે છે. કોઈ દેવોને ઈશ્વરનાં ભિન્નભિન્ન નામો ગણાવે છે; કોઈ દેવોને ઈશ્વરની ભિન્નભિન્ન શક્તિઓ ગણાવે છે; કોઈ દેવોને ઈશ્વરના અંશો ગણાવે છે અને કોઈ દેવોને ઈશ્વરનાં આધીનસ્થ સત્ત્વો ગણાવે છે. કોઈ પણ મત સ્વીકારવામાં આવે તોપણ એટલું તો નિશ્ચિત છે કે વેદમાં અનેક દેવ સહિત એક ઈશ્વરના સિદ્ધાંતનો સ્વીકાર થયો છે.*

### 2.5.3 બ્રહ્મ સગુણ કે નિર્ગુણ ?

*પરમ તત્ત્વ બ્રહ્મ સગુણ છે કે નિર્ગુણ, નિરાકાર છે કે સાકાર- આ સમસ્યા ઉપર પણ વેદ પ્રકાશ પાડે છે. વેદમાં બ્રહ્મના નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે, તે જ રીતે બ્રહ્મના સગુણ સ્વરૂપનું વર્ણન પણ છે. બ્રહ્મ સ્વરૂપતઃ નિરાકાર છે, પરંતુ તે સાકાર સ્વરૂપ પણ ધારણ કરી શકે છે, કરે છે. સગુણ અને નિર્ગુણ, નિરાકાર અને સાકાર, એક જ બ્રહ્મતત્ત્વનાં પાસાં જ છે. તેથી બ્રહ્મને માત્ર નિર્ગુણ કે માત્ર સગુણ અને માત્ર નિરાકાર કે માત્ર સાકાર રૂપે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો તે તેના પૂર્ણ સ્વરૂપનો ઈન્કાર કરવા બરાબર છે. બ્રહ્મ અનંત છે અને જે અનંત હોય તે પરસ્પર વિરોધી ગુણોનું આશ્રયસ્થાન છે, તેથી બ્રહ્મમાં નિર્ગુણતા, સગુણતા, નિરાકારપણું અને સાકારપણું - બધું એકસાથે સંભવે છે.*

*વેદના ઋષિઓનું દર્શન આવું વ્યાપક દર્શન છે. તેથી વેદમાં પરમ તત્ત્વનાં આ ભિન્ન ભિન્ન અને પ્રથમ દૃષ્ટિએ વિરોધી જણાય તેવાં પાસાંઓનું પણ વર્ણન જોવા મળે છે. વસ્તુતઃ આ પરસ્પર વિરોધી વર્ણન નથી, પરંતુ પરમ તત્ત્વની અનંતતાનું દ્યોતક છે.*

### 2.5.4 પંચકોશ વિષયક દર્શન

*વેદપ્રણીત અધ્યાત્મવિદ્યામાં પંચકોશ-વિષયક ઘણું વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ દર્શન જોવા મળે છે. આ પંચકોશવિદ્યાનું મૂળ પણ વેદમાં છે. શરીર એટલે માત્ર સ્થૂળ શરીર જ નહિ. આત્માનું આ નિવાસસ્થાન પંચકોશાત્મક છે. કોશ એટલે આવરણ. જેને આપણે સ્થૂળ શરીર ગણીએ છીએ તે પાંચ કોશમાંનો સૌથી વધુ સ્થૂળ અને સૌથી વધુ બહિરંગ અન્નમય કોશ છે. અન્નમય કોશ પાંચ મહાભૂતોનો બનેલો છે. મૃત્યુ વખતે જીવ આ અન્નમય કોશને છોડી દે છે. આમ હોવાથી અન્નમય કોશ અર્થાત્ સ્થૂલ શરીર પ્રત્યેક જન્મે નવું મળે છે. આપણે જેને જન્મ-મરણ કહીએ છીએ તે આ અન્નમય કોશનું પરિવર્તન છે. જીવના અન્ય ચાર કોશ તો મૃત્યુ પછી પણ જીવની સાથે રહે છે. અન્નમય કોશથી સૂક્ષ્મ દ્વિતીય કોશ પ્રાણમય કોશ છે. પ્રાણમય કોશથી સૂક્ષ્મ તૃતીય*

*મનોમય કોશ છે. મનોમય કોશથી સૂક્ષ્મ ચતુર્થ વિજ્ઞાનમય કોશ છે. વિજ્ઞાનમય કોશથી સૂક્ષ્મ પંચમ અને અંતિમ કોશ આનંદમય કોશ છે.*

*ઉત્તરકાલીન વેદાંતમાં ચાર શરીરનું વર્ણન છે, તે આ પાંચ કોશનું જ નવું સ્વરૂપ છે. સ્થૂળ શરીર એટલે અન્નમય કોશ. સૂક્ષ્મ શરીર એટલે પ્રાણમય અને મનોમય કોશ. કારણશરીર એટલે વિજ્ઞાનમય કોશ. મહાકારણશરીર એટલે આનંદમય કોશ. આ પાંચ કોશને તેમના અધિષ્ઠાતા પુરુષ પણ છે, તેવું વર્ણન તૈત્તિરીય ઉપનિષદમાં છે. તેમને અનુક્રમે અન્નમય પુરુષ, પ્રાણમય પુરુષ, મનોમય પુરુષ, વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય પુરુષ કહે છે.*

### 2.5.5 વેદ દ્વૈતવાદી છે કે અદ્વૈતવાદી ?

*દ્વૈત-અદ્વૈતની સમસ્યા તત્ત્વજ્ઞાનનો ખૂબ મહત્ત્વપૂર્ણ વિચારણીય વિષય છે. એટલે આપણી પાસે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વેદની સંહિતાઓમાં શું છે. વેદ દ્વૈતવાદી છે કે અદ્વૈતવાદી ? મહર્ષિ દયાનંદજી વેદમાં ત્રિવાદ (જીવ, જગત અને ઈશ્વર) જુએ છે. શ્રીમધ્વાચાર્યજી વેદમાં દ્વૈતવાદ જુએ છે અને ભગવાન શંકરાચાર્ય અદ્વૈતવાદ જુએ છે. આમાંથી સાચું કોણ? ત્રણેય સાચા છે. વેદની સંહિતામાં ત્રણેય દર્શનના પુરસ્કર્તાઓ પોતાના દર્શનને પુષ્ટ કરે તેવા મંત્રો શોધી શક્યા છે. વેદના મંત્રોમાં દાર્શનિક તત્ત્વો બીજરૂપે છે, સમૃદ્ધ વિકસિત દર્શનરૂપે નથી. તેથી આ કૂવામાંથી પ્રત્યેક દાર્શનિક પોતાના વાસણથી પાણી ભરી જાય છે અને પોતાના વાસણના આકાર અને કદ પ્રમાણે વેદમાંથી પોતાનું દર્શન નિષ્પન્ન કરે છે. આ બધું છતાં વેદ પ્રધાનતઃ અદ્વૈતવાદી હોય તેમ લાગે છે. પુરુષસૂક્ત, અસ્યવામીય સૂક્ત, નાસદીયસૂક્ત, હિરણ્યગર્ભસૂક્ત આદિ વેદનાં મહત્ત્વપૂર્ણ સૂક્તોમાંથી અદ્વૈતવાદ ફલિત થાય છે.*

*વસ્તુતઃ દ્વૈત, અદ્વૈત કે ત્રિક—આ સર્વ જોવાની ભિન્નભિન્ન દૃષ્ટિ છે. એક જ પરમ સત્ય દૃષ્ટિકોણની ભિન્નતાને કારણે ભિન્નભિન્ન દેખાય છે. એક જ વિશાળ ભવનના જુદા જુદા સ્થાને ઊભા રહીને લીધેલા ફોટોગ્રાફ્સ જુદા-જુદા જણાય છે, પરંતુ ભવન તો એક જ છે. દાર્શનિક ભિન્નતા આવી ભિન્નતા છે.*

*વેદ દર્શનશાસ્ત્રના ગ્રંથો નથી, અધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે. ઋષિઓ માત્ર તત્ત્વજ્ઞાનીઓ નથી, દ્રષ્ટાઓ છે.*

## 2.6 સારાંશ

*ભારતીય દર્શનનાં મહત્ત્વનાં બધાં જ તત્ત્વો તેમના મૂળભૂત સ્વરૂપે વેદમાં ઉપલબ્ધ છે. તેથી આપણે કહી શકીએ કે વૈદિક દર્શન એટલે બીજસ્વરૂપ ભારતીય દર્શન. વેદોત્તરકાળમાં ભારતીય દર્શનનો અનેક ધારાઓ રૂપે અપરંપાર વિકાસ થયો છે. ભારતીય દર્શનોની લગભગ સર્વ ધારાઓનાં મૂળ વેદની સંહિતાઓમાં જોવા મળે છે. આપણે નિશ્ચિતપણે કહી શકીએ કે વૈદિક દર્શન ભારતીય દર્શનોની માતા છે, ભારતીય દર્શનગંગાની ગંગોત્રી છે.*

**સ્વાધ્યાય**

1. *ઋગ્વેદમાં નિહિત તત્ત્વજ્ઞાનની ચર્ચા કરો.*
2. *યજુર્વેદમાં તત્ત્વજ્ઞાન સમજાવો.*

## 2.7 તમારી પ્રગતિ ચકાસો.

1. *વૈદિક તત્વજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો સવિસ્તાર સમજાવો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. *પંચકોશ વિષે સમજાવો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *અથર્વવેદમાં તત્ત્વજ્ઞાનનું બીજ જણાવો. (ઉત્તરનો મુદ્દો,*2.4)
2. *વૈદિક તત્વજ્ઞાનના મૂળભૂત તત્ત્વો સવિસ્તાર સમજાવો. (ઉત્તરનો મુદ્દો,*2.5)
3. *વેદ દ્વૈતવાદી છે કે અદ્વૈતવાદી ? ટૂંકમાં જણાવો. (ઉત્તરનો મુદ્દો,*2.5.5)

**સૂચિત વાંચન સામગ્રી**

1. *વેદ – દર્શન – ભાણદેવ (પ્રવીણ પ્રકાશન. રાજકોટ)*
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ-*6)

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,
આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

## એકમ : 3 : બ્રાહ્મણ અને આરણ્યક સાહિત્ય પરિચય

### રૂપરેખા

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 'બ્રાહ્મણ' શબ્દનો અર્થ

3.3 બ્રાહ્મણ ગ્રંથોનું મહત્ત્વ

3.4 બ્રાહ્મણ ગ્રન્થોનો રચનાકાળ

3.5 ઋગ્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

- 3.5.1 ઐતરેય બ્રાહ્મણ
- 3.5.2 કૌષીતકિ બ્રાહ્મણ

3.6 યજુર્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

- 3.6.1 શતપથ બ્રાહ્મણ : (શુક્લ યજુર્વેદ)
- 3.6.2 તૈત્તિરીય બ્રાહ્મણ : (કૃષ્ણ યજુર્વેદ)

3.7 સામવેદીય બ્રાહ્મણ ગ્રંથ

- 3.7.1 તાંડય બ્રાહ્મણ
- 3.7.2 ષડવિંશ બ્રાહ્મણ
- 3.7.3 છાન્દોગ્ય બ્રાહ્મણ
- 3.7.4 દૈવત બ્રાહ્મણ અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ
- 3.7.5 આર્ષેય બ્રાહ્મણ
- 3.7.6 સામવિધાન બ્રાહ્મણ
- 3.7.7 સંહિતોપનિષદ્ બ્રાહ્મણ
- 3.7.8 વંશ બ્રાહ્મણ
- 3.7.9 જૈમિનીય બ્રાહ્મણ

3.8 અથર્વવેદીય બ્રાહ્મણગ્રંથ

3.9 આરણ્યકો

3.9.1 ઋગ્વેદીય આરણ્યક ગ્રન્થો

3.9.2 યજુર્વેદીય આરણ્યક ગ્રન્થો

3.9.3 સામવેદીય આરણ્યક ગ્રન્થો

3.10 સારાંશ

3.11 તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશો

- *વેદોના વિવિધ બ્રાહ્મણગ્રંથ તેમજ આરણ્યક ગ્રંથોનો સવિસ્તાર પરિચય કેળવે.*
- *વેદના અધ્યયન માટે બ્રાહ્મણગ્રંથ તેમજ આરણ્યક ગ્રંથની આવશ્યકતાને જાણે.*

## 3.1 પ્રસ્તાવના

*વિવિધ પ્રકારના મંત્રોનો સંગ્રહ 'સંહિતા' છે. વેદસંહિતાઓ પછી બીજા ક્રમે બ્રાહ્મણગ્રંથો આવે છે. વેદસંહિતાઓમાં નિરૂપાયેલા મંત્રોની વિસ્તૃત વ્યાખ્યા કરતા ગ્રંથને 'બ્રાહ્મણગ્રંથ' કહેવાય છે. તેમાં યજ્ઞોની વૈજ્ઞાનિક, આધિભૌતિક અને આધ્યાત્મિક મીમાંસા રજૂ કરવામાં આવી છે. બ્રાહ્મણગ્રન્થો પછી ત્રીજા ક્રમે આરણ્યક ગ્રન્થો આવે છે. અરણ્ય કે એકાંત વાતાવરણમાં દાર્શનિક તત્ત્વ અને યજ્ઞોના આધ્યાત્મિક તથ્યોની મીમાંસા કરવામાં આવી છે.*

*'બ્રહ્મ' શબ્દ અનેક અર્થમાં પ્રયોજાય છે. જેનો એક અર્થ 'મંત્ર' થાય છે.(*ब्रह्म वै मन्त्रः *શતપથ બ્રાહ્મણ* 7-1-1-4) *વેદમાં નિર્દિષ્ટ મન્ત્રને બ્રાહ્મણ કહે છે. વૈદિક મંત્રોની વ્યાખ્યા કરનાર આ સાહિત્યને બ્રાહ્મણ નામ મળ્યું છે. બ્રાહ્મણ સાહિત્યનું અંતરંગ પરીક્ષણ કરવાથી જણાય છે કે તે યજ્ઞોની વૈજ્ઞાનિક, આધિભૌતિક અને આધ્યાત્મિક મીમાંસા કરનાર વિશ્વકોશ છે. વેદની સંહિતાઓની રચના થયા પછી તેમાં અધ્યાત્મ, દર્શન, ધર્મ, સમાજ, લૌકિક. સદાચાર વગેરેની બાબતમાં નીતિ-નિયમ અને વ્યવસ્થાઓના વિસ્તૃત નિરૂપણ માટે બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો રચાયા. બ્રાહ્મણગ્રંથો એ વેદ સંહિતાઓ પછી તરત જ રચાયા. આ ગ્રંથોનું ખાસ લક્ષણ એ છે કે તે ગદ્યમાં રચાયેલા છે. આ ગ્રંથોમાં યજ્ઞના વિધિ સબંધી ચર્ચા કરવામાં આવી છે. મેક્સમૂલરના મતે આર્યોના ધાર્મિક અને દાર્શનિક સાહિત્યની રચના બ્રાહ્મણગ્રંથોના આધારે થઈ હતી. આ બ્રાહ્મણ સાહિત્યને સમજ્યા વગર ભારતીય દર્શન, ધર્મ, ભાષા, સાહિત્ય અને પૌરાણિક કથાઓને સમજી શકાય નહિ. આમ પ્રાચીન ભારતીય વિદ્વાનો બ્રાહ્મણોને વેદના રૂપમાં જ જુએ છે. પરંતુ વેદ અને બ્રાહ્મણોના અભ્યાસથી એ પ્રતીત થાય છે કે બ્રાહ્મણગ્રંથો વૈદિક મંત્રોથી જુદા છે. આથી આ ગ્રંથોને વૈદિક સાહિત્યના અંગ કહેવાય છે. વેદના મંત્રાત્મક ભાગથી ભિન્ન અને યજ્ઞકર્મમાં પ્રયુક્ત મંત્રોની વ્યુત્પત્તિ, વિનિયોગ વગેરેની શાસ્ત્રીય ઢબે ચર્ચા કરતું વેદના એક ભાગરૂપ રચાયેલું સાહિત્ય તે બ્રાહ્મણ સાહિત્ય.*

## 3.2 'બ્રાહ્મણ' શબ્દનો અર્થ

બૃહ "વ્યાપીને રહેવું" શબ્દ પરથી બ્રહ્મન્ શબ્દ નિષ્પન્ન થાય છે. અને તેના પરથી બ્રાહ્મણ શબ્દ બને છે. બ્રહ્મન્ શબ્દના અનેક અર્થો છે અને તદનુસાર "બ્રાહ્મણુ" શબ્દના પણ વિવિધ અર્થો સૂચવાયા છે. જે નીચે મુજબ દર્શાવ્યા છે.

ઋગ્વેદમાં આદિ ઉદાત્ત બ્રહ્મન્ શબ્દ "સ્તુતિ પ્રાર્થના" એ અર્થમાં પ્રયુક્ત થાય છે. અને અન્ત્ય ઉદાત્ત બ્રહ્મન્ શબ્દનો અર્થ "પ્રાર્થના કરનાર" એવો થાય છે. સ્તુતિ અને પ્રાર્થના મુખથી થાય તેથી તો જાણે કે બ્રાહ્મણ પુરુષનું મુખ હતો એમ ઋગ્વેદમાં કહ્યું છે

બ્રહ્મ શબ્દનો એક અર્થ "યજ્ઞ" થાય છે. યજ્ઞ સમગ્ર વિશ્વને વ્યાપીને જ રહે છે ને ! એટલે તો તેનું બીજું એક નામ વિતાન પણ છે. આથી યજ્ઞ, તેના કર્મો, તેની વ્યાખ્યા, વિધિ, નિષેધ વગેરે દર્શાવનાર ગ્રંથને બ્રાહ્મણ નામ આપવામાં આવ્યું.

"બ્રહ્મન્" શબ્દનો એક અર્થ "વેદ" થાય છે, 'આથી બ્રહ્મન્ એટલે વેદની વ્યાખ્યા પ્રસ્તુત કરતા ગ્રંથો એ બ્રાહ્મણ એવો અર્થ પણ ઘટાવી શકાય.

શતપથ બ્રાહ્મણમાં ब्राह्म वै मन्त्रः ।કહેવામાં આવ્યું છે. તેમાં બ્રહ્મનો અર્થ મંત્ર થાય છે. તદનુસાર મંત્રોની વ્યાખ્યાને પ્રસ્તુત કરનાર ગ્રંથને બ્રાહ્મણ કહેવાય.

આપસ્તંબપરિભાષા અનુસાર જે કર્મમાં પ્રેરણા આપે તે બ્રાહ્મણ કહેવાય.અને યજ્ઞ વગેરે કર્મમાં પ્રેરણા આપનાર સાહિત્ય બ્રાહ્મણગ્રંથ તરીકે ઓળખાય છે.

સાયણાચાર્ય બ્રાહ્મણગ્રંથોની પરિભાષા આપવામાં પરંપરાને અનુસર્યા છે. મંત્રની ચર્ચા કરી તેનું લક્ષણ આપીને अवशिष्टो वेदभागः એટલે બાકીનો વેદનો ભાગ એ બ્રાહ્મણ છે એમ તેઓ જણાવે છે.

આમ પરંપરા અને અનેક વિદ્વાનોના મતોની નોંધ પરથી તારવી શકાય કે વેદના મંત્રાત્મક ભાગથી ભિન્ન અને યજ્ઞકર્મમાં પ્રયુક્ત મંત્રોની વ્યુત્પતિ, વિનિયોગ વગેરેની શાસ્ત્રીય ઢબે ચર્ચા કરતું વેદના એક ભાગરૂપ સાહિત્ય એ બ્રાહ્મણ સાહિત્ય તરીકે ઓળખાય છે.

## 3.3 બ્રાહ્મણ ગ્રંથોનું મહત્ત્વ

વેદમંત્રોના અર્થનું પરંપરાનુસાર અધ્યયન કરવા ઈચ્છનાર વ્યક્તિ બ્રાહ્મણગ્રંથોની સહાયતા વિના એક ડગલું પણ આગળ વધી શકે તેમ નથી. તેમાય ખાસ કરીને યજ્ઞપરક અર્થઘટનમાં બ્રાહ્મણગ્રંથોથી જ અભ્યાસારંભ કરવો પડે તેવી પરિસ્થિતિ છે.

બ્રાહ્મણગ્રંથોનું બીજું મહત્ત્વ વેદના મંત્રોની વ્યાખ્યા કરનાર સર્વપ્રથમ સાહિત્ય તરીકે જેટલું આંકીએ તેટલું ઓછું છે. વેદના મંત્રોના શબ્દોની વ્યુત્પત્તિ, અર્થઘટન, કેટલી વાર વિવિધ અર્થઘટન, વિનિયોગ, અર્થવાદ વગેરે બ્રાહ્મણ સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે. વાસ્તવમાં બ્રાહ્મણગ્રંથના આધાર વિના સ્વતંત્રપણે વેદના મંત્રોના અર્થના પ્રવૃત્તિ

*પરંપરાની ઘાતક કહેવાય કારણ ભારતીય વેદાર્થઘટન પરંપરામાં બ્રાહ્મણગ્રંથો સહુપ્રથમ આવે છે.*

*વૈદિક સમાજની એક અત્યુજ્જ્વળ યજ્ઞસંસ્થા અને તેની સાથે સંકળાયેલ સમાજના બ્રાહ્મણથી માંડી શુદ્ર સુધીનાં અંગોનું વાસ્તવિક દર્શન આ બ્રાહ્મણ કરાવે છે. એટલે આ દૃષ્ટિએ પણ બ્રાહ્મણગ્રંથોનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું છે. મહાભારત જેમ પ્રાચીન ભારતીય પ્રજાનો વિશ્વકોશ છે તેમ બ્રાહ્મણગ્રંથો પણ પ્રાચીનતમ વૈદિક પ્રજાના જીવનને અભિવ્યક્ત કરનાર ચારિત્ર્યકોશ છે.*

*બ્રાહ્મણગ્રંથોમાં કેવળ યજ્ઞસંસ્થાનું જ વર્ણન છે તેવું નથી. તેમાં વિધિ, અર્થવાદ અને ઉપનિષદ્ એવા વિભાગો છે. વિધિથી કર્મવિધાન, અર્થવાદથી પ્રરોચનાત્મક અને ઉપનિષદ્ શબ્દથી વિશ્વના પરમતત્ત્વવિષયક પ્રકરણ અહીં વિવક્ષિત છે. આથી તેમાં રોચક સાહિત્ય છે તો સાથે સાથે યથાર્થ વસ્તુ પરમતત્ત્વનું નિરૂપણ કરતું પ્રકરણ પણ છે. આ દૃષ્ટિએ સંહિતા અને ઉપનિષદ્ વચ્ચેની વિચારક્રાંતિના તબક્કાઓ સમજવામાં બ્રાહ્મણગ્રંથો અવશ્ય સહાયક સિદ્ધ થાય છે.*

*બ્રાહ્મણગ્રંથો કેવળ વેદના અર્થઘટનના ઈતિહાસમાં જ અગત્યના છે તેવું નથી. તેઓ પ્રાચીન ભારતના ઈતિહાસમા અધ્યયનમાં પણ સવિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમાં અનેક રાજાઓનાં નામ, ચરિત્ર વગેરેનાં નિર્દેશ છે. આમાંથી ઘણા રાજાઓના ઉલ્લેખ મહાભારત તેમજ અન્ય પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છે. સાહિત્યમાં પાછળથી વિપુલ પ્રમાણમાં ખેડાયેલ પુરાકલ્પન કે પુરાણકથાનાં બીજ પણ આ બ્રાહ્મણ ગ્રંથોમાં છે. યજ્ઞ કે મંત્રની સમજૂતીમાં અનેક નાનીમોટી કથાઓ કે આખ્યાનો બ્રાહ્મણગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આ કથાઓએ પાછળનાં પુરાણોમાં અનેક રીતે સ્થાન પ્રાપ્ત કર્યું છે અથવા પુરાણોમાં રચયિતાઓ માટે એ પ્રેરણાત્મક બની છે.*

*બ્રાહ્મણગ્રંથો કેવળ યજ્ઞવિષયક ગપ્પાં છે. એવી કેટલાકની માન્યતાઓ અધૂરી જાણકારીમાંથી સર્જાયેલી કહેવાય. વાસ્તવમાં ધર્મ, ઈતિહાસ,સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભાષાશાસ્ત્ર વગેરે અનેક દૃષ્ટિએ બ્રાહ્મણગ્રંથોનું અદકેરું મહત્ત્વ છે.*

## 3.4 બ્રાહ્મણ ગ્રન્થોનો રચનાકાળ

*પાશ્ચાત્ય વિચારકોએ બ્રાહ્મણ ગ્રન્થોનો રચનાકાળ 1200 ઈ.પૂ. થી 200 ઈ.પૂ. સુધી નક્કી કર્યો છે. જ્યારે ભારતીય વિદ્વાન 3000 ઈ.પૂ. થી 200 ઈ.પૂ. સુધી તેમનો રચનાકાળ નિશ્ચિત કરે છે. આ વિદ્વાનોમાં એમ.બી. દીક્ષિતનો મત છે કે, શતપથ બ્રાહ્મણનો રચનાકાળ 3000 ઈ.પૂ. છે. વિન્ટરનિત્ઝે દીક્ષિતના આ મતનું ખંડન કરીને બ્રાહ્મણ ગ્રંન્થોની કાલસીમા 1100 ઈ.પૂ. સુધી માની છે. મેકસમૂલરે તો ત્યાં સુધી કહ્યું છે કે આર્યોનો ઉત્તરવર્તી બૌદ્ધિક વિકાસ બ્રાહ્મણ ગ્રન્થોના આધાર પર જ થયો હતો. આપણે લગભગ બીજી અથવા ચોથી સદી ઈ.પુ. રામાયણનો રચનાકાળ નિર્ધારિત કરીએ છીએ. બ્રાહ્મણ ગ્રન્થ ઘણા પૂર્વે રચાયા હશે. પરિણામે બ્રાહ્મણ ગ્રન્થોની કાલ-સીમા અનિશ્ચિત જ છે. આથી ઉપરોક્ત દીક્ષિત મહોદયના મતનો સ્વીકાર કરી શકાય છે.*

*આમ, બ્રાહ્મણ ગ્રન્થોનો કાલનિર્ધારણ જટિલ છે, છતાં પણ કેટલાક સમાલોચકોના વિચાર પર ધ્યાન આપવામાં આવે તો, મુખ્યતઃ અનુમાનના આધાર પર જ પ્રયાસ કરવામાં આવ્યો છે.*

## 3.5 ઋગ્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

*ઋગ્વેદના ત્રણ બ્રાહ્મણો ઉપલબ્ધ થાય છે :* (1) *ઐતરેય બ્રાહ્મણ.* (2) *કૌષીતકિ બ્રાહ્મણ અને* (3) *શાંખાયન બ્રાહ્મણ. કેટલાક વિદ્વાનો કૌષીતકિ બ્રાહ્મણ એ જ શાંખાયન બ્રાહ્મણ છે એમ માને છે. ઐતરેય બ્રાહ્મણ એ ઋગ્વેદની શાકલ સંહિતાનું બ્રાહ્મણ છે; જ્યારે કૌષીતકિ બ્રાહ્મણ અને શાંખાયન બ્રાહ્મણ એ ઋગ્વેદની બાષ્કલ સંહિતાનાં બ્રાહ્મણો છે.*

### 3.5.1 ઐતરેય બ્રાહ્મણ

*ઋગ્વેદનાં પ્રસિદ્ધ અને ઉપલબ્ધ બ્રાહ્મણોમાં ઐતરેય બ્રાહ્મણનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. પરંપરા અનુસાર મહીદાસ ઐતરેય ઋષિ તેના દ્દષ્ટા અથવા સંકલનકર્તા છે. તેઓ ઈતરા નામની કોઈ શૂદ્ર વર્ણની સ્ત્રીના પુત્ર હતા. ઐતરેય બ્રાહ્મણમાં ચાલીસ અધ્યાય છે અને દરેક પાંચ અધ્યાયના એક પંચિકા છે. આવી કુલ આઠ પંચિકામાં ચાલીસ અધ્યાય વહેંચવામાં આવ્યા છે. આમ, ઐતરેય બ્રાહ્મણમાં કુલ આઠ પંચિકા, ચાલીસ અધ્યાય અને બસો પંચ્યાસી કંડિકાઓ છે. દરેક પંચિકામાં વિવિધ યજ્ઞવિધિઓનું વર્ણન છે.*

### 3.5.2 કૌષીતકિ બ્રાહ્મણ

*ઋગ્વેદના આ કૌષીતકિ બ્રાહ્મણનું સંપાદન સહુપ્રથમ બી.લિંકનરે* 1887 *માં કર્યું હતું. તેમાં વર્ણવેલ આચાર્ય પંરપરાનુસાર ઉદ્દાલક પાસેથી કહોલ કૌષીતિક અને તેમની પાસેથી ગુણાખ્ય શાંખાયને વિદ્યા પ્રાપ્ત કરી હતી. આથી કૌષીતિક અથવા શાંખાયને આ બ્રાહ્મણની રચના કરી હશે એમ વિદ્વાનો કલ્પે છે.*

*શાંખાયન બ્રાહ્મણને કૌષીતકિ બ્રાહ્મણ પણ કહેવામાં આવે છે. આ બ્રાહ્મણમાં ત્રીસ અધ્યાય અને બસો છવ્વીસ ખંડ છે. દરેક પંચિકામાં વિવિધ યજ્ઞવિધિઓનું વર્ણન છે.*

## 3.6 યજુર્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

*યજુર્વેદ શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ એમ બે પરંપરામાં મળી આવે છે. તેવી રીતે તેના બ્રાહ્મણગ્રંથો પણ અલગ અલગ મળી આવે છે. શુક્લ યજુર્વેદની માધ્યંદિની શાખાનું તથા કાણ્વ શાખાનું શતપથ બ્રાહ્મણ મળી આવે છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતાનું તૈત્તિરીય બ્રાહ્મણ મળી આવે છે.*

### 3.6.1 શતપથ બ્રાહ્મણ : (શુક્લ યજુર્વેદ)

*આ બ્રાહ્મણના સંકલનકર્તા મહર્ષિ યાજ્ઞવલ્ક્ય મનાય છે. શતપથ બ્રાહ્મણની માધ્યંદિની અને કાણ્વ એમ બે શાખાઓ મળે છે. આ બન્ને શાખાઓમાં અનુક્રમે સો અધ્યાય ચૌદ કાંડ, અડસઠ પ્રપાઠક, ચારસો આડત્રીસ બ્રાહ્મણ તથા સાત હજાર છસો ચોવીસ કંડિકાઓ અને એકસો ચાર અધ્યાય, સત્તર કાંડ, પાંચ હજાર આઠસો પાસઠ*

*કંડિકાઓ તથા ચારસો છેતાલીસ બ્રાહ્મણો છે. શતપથ બ્રાહ્મણનું બીજું એક નામ વાજસનેય બ્રાહ્મણ પણ છે.*

### 3.6.2 તૈત્તિરીય બ્રાહ્મણ : (કૃષ્ણ યજુર્વેદ)

*તૈત્તિરીય બ્રાહ્મણ એ કૃષ્ણ યજુર્વેદનું એક માત્ર ઉપલબ્ધ થતું બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણ ગ્રન્થ કૃષ્ણ યજુર્વેદ પર આધારિત છે. આ બ્રાહ્મણ ગ્રન્થમાં ત્રણ અષ્ટક, અઠયાવીસ પ્રપાઠક અને ત્રણસો ત્રેપન અનુવાક પ્રાપ્ત થાય છે. પ્રથમ અષ્ટકમાં વાજપેય રાજસૂય વગેરે યજ્ઞોનું વર્ણન, બીજા અષ્ટકમાં અગ્નિહોમ, સૌત્રામણી વગેરેનું વર્ણન, ત્રીજા અષ્ટકમાં પુરુષમેધ, નચિકેતા વગેરે આખ્યાન છે.*

## 3.7 સામવેદીય બ્રાહ્મણ ગ્રંથ

*સામવેદની બ્રાહ્મણોની સંખ્યામાં થોડીક મતભિન્નતા છે. સાયણાચાર્યે આઠ બ્રાહ્મણો ગણાવ્યા છે.*

(1) *પ્રૌઢ બ્રાહ્મણ (અથવા તાંડય અથવા પંચવિંશ)* (2) *ષડવિંશ* (3) *સામવિધિ = સામવિધાન* (4) *આર્ષેય* (5) *દેવતાધ્યાય* (6) *ઉપનિષદ્=જૈમિનીયોપનિષદ્* (7) *સંહિતોપનિષદ્ બ્રાહ્મણ* (8) *વંશબ્રાહ્મણ. સંખ્યાની દૃષ્ટિએ સામદેવનાં બ્રાહ્મણો અન્ય સંહિતા કરતાં ઘણા વધારે છે.*

### 3.7.1 તાંડય બ્રાહ્મણ

*આ તાંડય બ્રાહ્મણ બૃહત્કાય ગ્રંથ છે. તેથી તેને તાંડય મહાબાહ્મણ પણ કહે છે. તેના ૨૫ અધ્યાય હોવાથી તેનું એક અન્ય નામ* पञ्चविंशके महाब्राहमणम्*થી પણ ઓળખવામાં આવે છે. વળી વિષયની પ્રૌઢતાને કારણે તેને પ્રૌઢ બ્રાહ્મણ કહેવામાં આવ્યું છે. આ તાંડય બ્રાહ્મણના ૨૫ પ્રપાઠક અને ૩૪૭ ખંડ છે. આમા સામવેદના ઉદ્ગાતાની ક્રિયાઓનું વિસ્તૃત વર્ણન છે.*

### 3.7.2 ષડવિંશ બ્રાહ્મણ

*આ બ્રાહ્મણ ગ્રન્થમાં કુલ ૬ અધ્યાય છે. તેનું પ્રારંભિક વિષયવસ્તુ તાંડ્ય બ્રાહ્મણ જેવું જ છે. તેથી તેને* 'षड्विंशब्राह्मणम्' *નામથી ઓળખવામાં આવે છે. આ બ્રાહ્મણમાં પહેલી વાર ચાર યુગોના નામ આવે છે. અહીં* पुष्य = *કલિયુગ,* द्वापर = *દ્વાપરયુગ,* खार्वा =*ત્રેતાયુગ,* कुहू =*સત્યયુગનો નિર્દેશ છે.*

### 3.7.3 છાન્દોગ્ય બ્રાહ્મણ

*આ બ્રાહ્મણ ગ્રન્થમાં* 10 *પ્રપાઠકો છે. તેમાં વિવિધ સંસ્કારોનું વર્ણન મુખ્ય છે. મંત્ર બ્રાહ્મણ અથવા છાંદોગ્ય બ્રાહ્મણ એ બે પ્રપાઠકનો બનેલો ગ્રંથ છે. તેના પ્રત્યેક પ્રપાઠકમાં આઠ-આઠ ખંડ છે.*

*અન્ય બ્રાહ્મણોની અપેક્ષાએ આ મંત્ર બ્રાહ્મણ વિષયની દૃષ્ટિએ વિલક્ષણ સિદ્ધ થાય છે. તેમાં વિવિધ વેદોમાંથી જુદા જુદા મંત્રોનો સંગ્રહ છે. આ મંત્રો ગોભિલ ગુહ્યસૂત્રમાં ભિન્ન ભિન્ન સંસ્કારોમાં પ્રયુક્ત થતા દર્શાવાયા છે. તેમાં વિવાહ, ગર્ભાધાન, ચૂડાકરણ, ઉપનયન વગેરેના મંત્રો છે. વળી ભૂતબાધ, પિતૃપિંડદાન, દર્શ પૂર્ણમાસ,*

*નવગૃહપ્રવેશ વગેરે માટેના મંત્રો તેના બીજા પ્રપાઠકમાં છે. તેમાં સંગૃહીત મંત્રોની ભાષા પણ સરળ અને રોચક છે.*

### 3.7.4 દૈવત બ્રાહ્મણ અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ

*દૈવત બ્રાહ્મણ અથવા દેવતાધ્યાય બ્રાહ્મણ એ સામવેદનું પ્રમાણમાં નાનું બ્રાહ્મણ છે. તેમાં કેવળ ત્રણ ખંડ છે. પહેલા ખંડમાં છવીસ, બીજામાં અગિયાર અને ત્રીજામાં પચીસ એમ બધું મળીને બાસઠ કંડિકાઓ છે. આના પ્રથમ ખંડમાં દેવતાઓનું વર્ણન છે. બીજામાં છંદોના દેવતા અને વર્ણોનું વર્ણન છે. અને તૃતીય ખંડમાં છંદોના નામોની વ્યુત્પતિ આપી છે.*

### 3.7.5 આર્ષેય બ્રાહ્મણ

*કૌથુમીય શાખા સાથે સંબંધિત આ બ્રાહ્મણ ગ્રન્થમાં ૩ પ્રપાઠક છે, ૬ અધ્યાય અને ૮૨ ખંડ છે. આ બ્રાહ્મણમાં સામવેદના મંત્રોના ઋષિઓની સૂચી છે.*

### 3.7.6 સામવિધાન બ્રાહ્મણ

*આ બ્રાહ્મણ ગ્રંથમાં ૩ પ્રપાઠક અને 25 ખંડ છે. તેમાં મુખ્યત્વે કર્મકાંડ, ધર્મશાસ્ત્ર અને પ્રાયશ્ચિત્તનું વર્ણન છે.*

### 3.7.7 સંહિતોપનિષદ્ બ્રાહ્મણ

*સંહિતોપનિષદ્ બ્રાહ્મણ પ્રમાણમાં નાનું છે. તેમાં ફક્ત એક પ્રપાઠક અને પાંચ ખંડ છે. તેનું નામ દર્શાવે છે તેમ તે સંહિતા એટલે સામવેદની સંહિતાના ઉપનિષદ એટલે ગૂઢાર્થને કે રહસ્યને સ્પષ્ટ કરતું બ્રાહ્મણ છે. તેમાં સામવેદના અરણ્યગાન અને ગ્રામગેય-ગાનનો નિર્દેશ છે. અહીં સામગાનના પ્રકારો અને તેનું વૈજ્ઞાનિક નિરૂપણ છે.*

### 3.7.8 વંશ બ્રાહ્મણ

*ફક્ત ત્રણ જ ખંડમાં ઉપલબ્ધ થતું સામવેદનું આ વંશ બ્રાહ્મણ પ્રમાણમા અત્યંત નાનું કહેવાય. તેનું નામ સૂચવે છે. તેમ તે વંશને વર્ણવે છે. અહીં કોઈ રાજાઓના વંશની વાત નથી પરંતુ જેમ શતપથ બ્રાહ્મણમાં કે જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં આચાર્યોનો વંશ એટલે કે આચાર્યોની ગુરુશિષ્ય પરંપરા આપવામાં આવી છે તેમ અહીં પણ ગુરુશિષ્ય પરંપરા અથવા વંશને વર્ણવવામાં આવેલ છે. સામવેદની અધ્યયન પરંપરાના ઈતિહાસના જ્ઞાન માટે આ બ્રાહ્મણ અત્યંત ઉપયોગી છે.*

### 3.7.9 જૈમિનીય બ્રાહ્મણ

*સામવેદની જૈમિની શાખાનું આ બૃહત્કાય બ્રાહ્મણ છે. તેના મુખ્ય ત્રણ ભાગ છે. પહેલા ભાગમાં ત્રણસો સાઈઠ, બીજામાં ચારસો સાડત્રીસ અને ત્રીજામાં ત્રણસો પંચાસી ખંડ છે. આમ બધું એ મળીને એક હજાર એકસો બ્યાસી ખંડ થાય છે. આ બ્રાહ્મણનું બીજું નામ તવલ્લકાર બ્રાહ્મણ પણ છે.*

## 3.8 અથર્વવેદીય બ્રાહ્મણગ્રંથ

*અથર્વવેદનું એક માત્ર બ્રાહ્મણ ગોપથ બ્રાહ્મણ ઉપલબ્ધ થાય છે. તેના પૂર્વ અને ઉત્તર એવા બે ભાગ છે જેને પૂર્વ ગોપથ અને ઉત્તર ગોપથ એમ કહે છે. પૂર્વ ગોપથમાં પાંચ અને ઉત્તર ગોપથમાં છ પ્રપાઠક છે. ગોપથ બ્રાહ્મણના પૂર્વ ગોપથમાં અથર્વવેદની પ્રશંસા, બ્રહ્મચારીના નિયમો, બ્રહ્મચર્યમાં ચારે ઋત્વિજોનાં કાર્યો, તેમને માટેની દીક્ષા, સંવત્સર સત્ર તેમજ અશ્વમેધ. પુરુષમેધ વગેરેનું વર્ણન છે. ઉત્તર ગોપથમાં વિવિધ યજ્ઞોનું વર્ણન અને આખ્યાયિકાઓનું સુંદર સંકલન છે.*

## 3.9 આરણ્યકો

*વૈદિક સાહિત્યની પરંપરામાં સંહિતા અને બ્રાહ્મણગ્રંથો પછી આરણ્યકોની રચના થઈ. અરણ્યમાં અધ્યયન કરવામાં આવતા આ ગ્રંથોને આરણ્યકો કહેવામાં આવે છે. આ ગ્રન્થોના મનન માટે અરણ્યનું એકાંત અને શાંત વાતાવરણ જ ઉપયોગી થાય છે. આરણ્યક નામ દર્શાવે છે કે એની રચના અરણ્યમાં થઈ હશે. માણસ વિનાના એકાન્ત અરણ્યમાં બ્રહ્મચર્યનું પાલન કરનાર જે ઋષિઓએ ગંભીર અને ચિંતનપૂર્ણ વિદ્યાની ઉપાસના કરી એને 'આરણ્યક' કહેવાય છે. આરણ્યક શબ્દની વ્યુત્પત્તિ* अरण्ये पाठ्यत्वात् आरण्यकम्*એવી આપવામાં આવી છે. જે ગ્રંથનો પાઠ અરણ્યમાં થતો તે આરણ્યક કહેવાયા. આરણ્યક સાહિત્યનું મહત્ત્વ પ્રાચીનકાળથી પ્રસ્થાપિત થયેલું છે. મહાભારતમાં કહેવાયું છે કે -*

**नवनीतं यथा दध्नः मलयाच्चन्दनं यथा ।**

**आरण्यकं च वेदेभ्य औषधिभ्योऽमृतं यथा ॥ (શાંતિ પર્વ : 301-3)**

*"જેમ દહીંમાંથી માખણ, મલય પર્વતમાંથી ચંદન અને ઔષધિમાંથી અમૃત તેમ વેદોમાંથી આરણ્ય ઉત્પન્ન થયા છે." આ સંદર્ભમાં આરણ્યક એ વેદોના મૂલ્યવાન સાર જેવા ગણાય છે. ઉપનિષદોને તત્ત્વચિંતનની વૈચારિક પૂર્વભૂમિકા પૂરી પાડનાર આ આરણ્યકો છે એમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી. આરણ્યકમાં યજ્ઞના રહસ્યોની મીમાંસા થઈ છે. યજ્ઞ એ વિશ્વનું ચાલકબળ છે. વાસ્તવમાં સમસ્ત વિશ્વ એ યજ્ઞ છે અને યજ્ઞ વિશ્વના કલ્યાણાર્થે છે પણ યજ્ઞથી મળતા સ્વર્ગાદિ ક્ષણિક છે. આથી બીજી બાજુ પ્રાણવિદ્યા અને પ્રતીકોપાસના તરફ આરણ્યકોનો ઝોક વળે છે. આથી ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસના અધ્યયનનું પ્રથમ પ્રકરણ એક અર્થમાં આરણ્યકોથી આરંભાય છે. એ દૃષ્ટિએ આરણ્યકનું મહત્ત્વ ઘણું વધી જાય છે.*

**ઉપલબ્ધ આરણ્યક ગ્રન્થો :**

### 3.9.1 ઋગ્વેદીય આરણ્યક ગ્રન્થો

#### 3.9.1.1 ઐતરેય આરણ્યક

*ઐતરેય આરણ્યકમાં પાંચ આરણ્યક અને અઢાર અધ્યાય છે. તેના પ્રથમ આરણ્યકમાં મહાવ્રતનું વર્ણન છે. દ્વિતીય આરણ્યકના પહેલા ત્રણ અધ્યાયોમાં ઉત્કૃથ, નિષ્કૈવલ્ય શસ્ત્ર, પ્રાણવિદ્યા અને પુરુષની ચર્ચા છે. આનો ચોથો, પાંચમો અને છઠ્ઠા અધ્યાય એ*

સુપ્રસિદ્ધ ઐતરેય ઉપનિષદ છે. તેના ત્રીજો આરણ્યકને સંહિતોપનિષદ કહે છે. એમાં સંહિતા પદ ક્રમ સ્વર વ્યંજન વગેરેની ચર્ચા છે. ચતુર્થ આરણ્યકમાં મહાવ્રતમાં પ્રયુક્ત થતી મહાનામ્ની ઋચાઓ આપી છે. પાચમાં આરણ્યકમાં નિષ્યકેવલ્ય શસ્ત્રનું વર્ણન છે.

#### 3.9.1.2 શાંખાયન આરણ્યક

શાંખાયન આરણ્યકમાં પંદર અધ્યાય અને એક્સો સાડત્રીસ ખંડ છે. તે વિષયની દષ્ટિએ ઐતરેય આરણ્યક સાથે સવિશેષ સામ્ય ધરાવે છે. તેના ત્રણ થી છ અધ્યાયને કૌષીતકિ ઉપનિષદ્ કહેવામાં આવે છે. તેના પહેલા બે અધ્યાયને કેટલાક વિદ્વાનો બ્રાહ્મણ ભાગ ગણાવે છે. આ આરણ્યકમાં શુનઃશેપ, અહલ્યા, ખાંડવ, મત્સ્ય, કુરુક્ષેત્ર, કાશી, પાંચાલ વગેરેનો ઉલ્લેખ છે. તેના અંતના ભાગમાં વંશનું વર્ણન છે.

### 3.9.2 યજુર્વેદીય આરણ્યક ગ્રન્થો

#### 3.9.2.1 બૃહદ્ આરણ્યક

બૃહદારણ્યક તેનું નામ બતાવે છે તેમ એ મોટું આરણ્યક છે. તેમાં છ અધ્યાય છે. અને પ્રત્યેક જુદા જદુા બ્રાહ્મણોમાં વિભક્ત છે. બધુ મળીને તેમાં સુડતાલીસ બ્રાહ્મણો છે. અહીં આત્મતત્વનું વિશેષ વિશ્લેષણ હોવાથી આને બૃહદારણ્યક ઉપનિષદ પણ કહે છે કારણ કે આ આરણ્યકમાં યજ્ઞનું રહસ્યકથન અલ્પ પ્રમાણમાં છે પણ આત્મતત્વનું વિવેચન વિસ્તારથી છે. અહીં યાજ્ઞવલ્કય અને જનક પ્રધાન પાત્ર જેવા ઉપલબ્ધ થાય છે. સંન્યાસની વાત અહીં સુંદર રીતે નિરૂપાઈ છે. આમાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષીઓનાં ચરિત્રો પણ સમાયાં છે.

આ આરણ્યક શુક્લ યજુર્વેદની કાણ્વ શાખા તેમજ માધ્યંદિની સાથે સંબંધિત છે. તેમાં અનુક્રમે છ અધ્યાય અને સુડતાલીસ બ્રાહ્મણો છે. તેમજ છ અધ્યાય અને ચુમાલીસ બ્રાહ્મણ ઉપલબ્ધ છે.

#### 3.9.2.2 તૈત્તિરીય આરણ્યક :

કૃષ્ણ યજુર્વેદનું તૈત્તિરીય આરણ્યક ઉપલબ્ધ થાય છે. તેના દસ પ્રપાઠક છે. દરેકના નામ તેના આરંભના પ્રથમ શબ્દને આધારે આપવામાં આવે છે. જેમકે પહેલાને ભદ્ર, આઠમાને બ્રાહ્મવિદ્યા, નવમાને ભૃગુ, દસમાને નારાયણીય. આ આરણ્યકના સાત, આઠ અને નવમા પ્રપાઠકમાં તૈત્તરીય ઉપનિષદ્ આવે છે. તેવી જ રીતે દશમા પ્રપાઠક્માં નારાયણીય ઉપનિષદ્ આવે છે. નવમા પ્રપાઠકને તૈત્તિરીયોપનિષદ્ અને દસમા પ્રપાઠકને 'નારાયણોપનિષદ્' કહે છે. આ વિભાગને ખિલકાંડ પણ માનવામાં આવે છે.

### 3.9.3 સામવેદીય આરણ્યક ગ્રન્થો

#### 3.9.3.1 તવલ્લકાર આરણ્યક

આ આરણ્યકના સંકલન કર્તા જૈમિનિ અને તવલકાર હોવાથી 'તવલ્લકાર આરણ્યક' કે 'જૈમિનિ આરણ્યક' કહે છે. આ આરણ્યકમાં કુલ ૪ અધ્યાય છે. દરેક અધ્યાય જુદા જુદા ખંડોમાં વિભક્ત છે.

*અથર્વવેદનું કોઈ આરણ્યક ઉપલબ્ધ થતું નથી.*

## 3.10 સારાંશ

*આમ, વેદમંત્રોની યજ્ઞપરક વ્યાખ્યા કરવામાં અને વેદમંત્રોના અર્થોનું પરંપરા અનુસાર અધ્યયન કરવા માટે બ્રાહ્મણગ્રંથો તેમજ આરણ્યક ગ્રંથોની આવશ્યકતા છે. વૈદિક યજ્ઞના વિશ્વકોશ તરીકે બ્રાહ્મણગ્રંથોનું સ્થાન અદ્વિતીય છે. આ બ્રાહ્મણગ્રંથો વિષય શૈલી, વિગતો તથા વ્યાખ્યાન પદ્ધતિની દૃષ્ટિએ પણ અદ્વિતીય છે. આથી જ એમ કહેવાય છે કે બ્રાહ્મણગ્રંથોએ પ્રાચીનતમ વૈદિક પ્રજાના જીવનને અભિવ્યક્ત કરનાર ચરિત્રકોશ છે જ્યારે આરણ્યકો એ બ્રાહ્મણગ્રંથોના કર્મકાંડો અને ઉપનિષદોની બ્રહ્મવિદ્યાની મધ્ય કડી રૂપ છે.*

**સ્વાધ્યાય**

1. *બ્રાહ્મણ શબ્દનો અર્થ આપી તેનું મહત્ત્વ જણાવો.*

2. *ઋગ્વેદીય બ્રાહ્મણ ગ્રંથોનો ટૂંકમાં પરિચય આપો.*

## 3.11 તમારી પ્રગતિ ચકાસો

1.*ઋગ્વેદીય આરણ્યક ગ્રંથોનો ટૂંકમાં પરિચય આપો.*

---

2. *આરણ્યક એટલે શું?*

---

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *બ્રાહ્મણગ્રંથોના રચાનાકાળ વિષે જણાવો. (ઉત્તરનો મુદ્દો,*3.4)

2. *આરણ્યક એટલે શું ? વેદના આરણ્યકોનો સંક્ષિપ્તમાં પરિચય આપો. (ઉત્તરનો મુદ્દો,*3.9)

3. *સામવેદીય બ્રાહ્મણ ગ્રંથોનો ટૂંકમાં પરિચય આપો. (ઉત્તરનો મુદ્દો,*3.7)

**સૂચિત વાંચન સામગ્રી**

1. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬*
3. *૩.વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧)*

---

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

---

## એકમ : 4 : વૈદિક કર્મકાંડ

### રૂપરેખા

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.3 કર્મ**

**4.3.1 નિત્યકર્મ**

**4.3.2 નૈમિત્તિક કર્મ**

**4.3.3 કામ્ય કર્મ**

**4.4 યજ્ઞ**

**4.4.3 સાત પાકયજ્ઞ**

**4.4.3 પાંચ મહાયજ્ઞો**

**4.5 સોળ સંસ્કાર**

**4.6 સારાંશ**

**4.7 તમારી પ્રગતિ ચકાસો**

**4.8 સંદર્ભસૂચિ**

### 4.0 ઉદ્દેશો

- *વૈદિક કર્મકાંડ દ્વારા યજ્ઞનું મહત્ત્વ સમજે.*
- *યજ્ઞમાં પંચમહાયજ્ઞની ઉપાદેયતાને સમજી શકે.*
- *વૈદિક સાહિત્યમાં નિહિત સોળ સંસ્કારોનું જ્ઞાન પ્રાપ્ત કરે.*

### 4. 1 પ્રસ્તાવના

*યજ્ઞયાગના વિધિ અને અનુષ્ઠાન સાથે સંબંધ ધરાવતો વેદનો ભાગ એટલે કર્મકાંડ. આમાં મંત્ર અને બ્રાહ્મણ એ બંનેનો સમાવેશ થાય છે. આ 'કર્મકાંડ' શબ્દ કર્મ અને કાંડથી બનેલો છે. તમે કર્મને સમજો છો, તમે જે કરો છો તે કર્મ છે. અને કાંડ એટલે અમુક ઘટના, જીવનનો અધ્યાય. કર્મકાંડોને માત્ર યજ્ઞ ન ગણવા જોઈએ, કારણ કે ધાર્મિક વિધિઓ સામાજિક અને ધાર્મિક જીવન પર પણ પ્રકાશ ફેંકે છે. જેમ કે, વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ કે જે વ્યક્તિના જન્મ પહેલા શરૂ થાય છે અને તેના મૃત્યુ સુધી ચાલુ*

*રહે છે તે પણ ધાર્મિક વિધિઓ છે. તેથી, ધાર્મિક વિધિ માનવીય ક્રિયાઓના તમામ પ્રકારો સાથે સંબંધિત છે. તેમાં યજ્ઞ, સેવા, પૂજા, માનવ આચરણ, વર્ણાશ્રમ ધર્મ વગેરેનો સમાવેશ થાય*

*કર્મકાંડોમાં યજ્ઞ સૌથી મહત્વપૂર્ણ છે. કારણ કે વેદોના કર્મકાંડ ભાગમાં યજ્ઞ જેવા વિવિધ કર્મકાંડોનું વિશેષ વર્ણન છે, તેથી યજ્ઞ એ 'કર્મકાંડ'નો મુખ્ય વિષય છે. યજ્ઞ એ ધાર્મિક વિધિનો મુખ્ય વિષય હોવાને કારણે, ધાર્મિક વિધિમાં મંત્રોનો ઉપયોગ (ઉચ્ચાર) થાય છે. ઉદાહરણ તરીકે, યજ્ઞ સાંજના સમયે, લગ્ન સમયે, ભૂમિપૂજન વગેરે સમયે કરવામાં આવે છે.*

*સંપૂર્ણ વૈદિક ધર્મ ત્રણ કાંડમાં વિભક્ત છે. ૧.જ્ઞાનકાંડ ૨.ઉપાસના કાંડ અને ૩.કર્મકાંડ.*

*વેદોના દરેક ભાષ્યકાર એ બાબત સાથે સહમત છે કે ચાર વેદ માં મુખ્ય રીતે ત્રણ વિષય કર્મકાંડ, જ્ઞાનકાંડ તેમજ ઉપાસના કાંડનું પ્રતિપાદન છે કર્મકાંડ એટલે કે યજ્ઞ કર્મ જેના દ્વારા યજમાન આ લોકમાં ઈચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે અને મૃત્યુ બાદ ઈચ્છિત સુખ મેળવી શકે યજુર્વેદના 1 થી 39 અધ્યાય સુધી યજ્ઞનું જ વર્ણન છે અંતિમ અધ્યાય 40 મો તે વેદનો ઉપસંહાર છે જેને 'ઈશાવાસ્યોપનિષદ્' તરીકે ઓળખવામાં આવે છે વેદનો અધિકાંશ ભાગ કર્મકાંડ અને ઉપાસનાથી ભરેલો છે શેષ ભાગમાં જ્ઞાનકાંડ રહેલો છે.*

*કર્મકાંડ કનિષ્ઠ માટે છે જ્યારે ઉપાસના અને કર્મ મધ્ય માટે છે. કર્મ, ઉપાસના અનેક જ્ઞાન આ ત્રણેય ઉત્તમ માટે છે. પૂર્વ મીમાંસા શાસ્ત્ર કર્મકાંડનું જ પ્રતિપાદન કરે છે તેનું નામ પૂર્વ મીમાંસા નામ એટલા માટે આપ્યું છે કારણ કે કર્મકાંડ એ મનુષ્યનો પ્રથમ ધર્મ છે જ્ઞાનકાંડ નો અધિકાર તેના પછી આવે છે.*

## 4.3 કર્મ

*યજ્ઞાદિ કર્મોનો પર્યાય બનેલા કર્મકાંડમાં સમાવિષ્ટ થયેલાં કર્મોના ત્રણ પ્રકાર પાડેલા છે જે નીછે મુજબ છે.*

### 4.3.1 નિત્યકર્મ

*કોઈ પણ હેતુ વગર અનિવાર્ય ફરજ તરીકે કરવાનાં સંધ્યાવંદન વગેરે જે કર્મો છે તે નિત્યકર્મો છે. વર્ણાશ્રમ ધર્મોના પાલનનો પણ આમાં સમાવેશ થાય છે. તેના આચરણથી કશો લાભ થતો નથી, પરંતુ તેને નહિ કરવાથી પાપ લાગે છે. નિત્યકર્મોનું જ્ઞાન નિયત-નિમિત્તતા, પ્રત્યવાયશ્રવણ, પદવીપ્સા, સાર્વકાલિક પદનું જ્ઞાન, નિંદાશ્રુતિ, પ્રાયશ્ચિત્તવિધાન, નિયત સહપાઠ અને સંપ્રદુપદેશથી થાય.*

### 4.3.2 નૈમિત્તિક કર્મ

*ખાસ કારણસર અને અમુક વિશિષ્ટ પ્રસંગે કરવાનાં શ્રાદ્ધાદિક કર્મો, વ્રતો, ઉદ્યાપનો વગેરે નૈમિત્તિક ગણાય છે. જાતકર્મ વગેરે સંસ્કારો તથા તે નિમિત્તે કરાતા યાગાદિ આમાં આવે છે.*

### 4.3.3 કામ્ય કર્મ

અમુક ચોક્કસ ફળ મેળવવાની કામનાથી કરવામાં આવતાં યાગો, વ્રતો આદિ કામ્ય કર્મો ગણાય. પુત્ર, ધન, સ્વર્ગ વગેરે મેળવવા માટે થતા યજ્ઞો આમાં સમાવેશ પામે છે. જેમ કે પુત્રેષ્ટિ, સ્વર્ગ અર્થે જ્યોતિષ્ટોમ વગેરે.

## 4.4 યજ્ઞ

બ્રાહ્મણ ગ્રંથોમાં સહુથી વધુ મહત્ત્વ યજ્ઞ સંસ્થાનું છે. બ્રાહ્મણગ્રંથોનો યજ્ઞવિષયનું વૈજ્ઞાનિક ઢબે નિરૂપણ કરતા વિશ્વકોશ માનવામાં આવ્યા છે. આ યજ્ઞનું મહત્ત્વ અનેક રીતે વર્ણવાયેલું અનેક બ્રાહ્મણગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.યજ્ઞ સર્વ કામનાઓથી પ્રયોજવામાં આવતા હતા. સ્વયં પ્રજાપતિએ દેવોને કહેલું કે તમે ત્રણે વેદ વડે યજ્ઞનો વિસ્તાર કરો. આ ત્રણે વેદોથી યજન કરતા દેવોએ પાપોનો નાશ કર્યો અને સ્વર્ગલોકને જાણી લીધા. આ યજ્ઞના વિસ્તાર વ્રતથી થતા અને યજ્ઞની દક્ષિણા હોવી અત્યંત આવશ્યક મનાતી હતી. યજ્ઞની પ્રતિષ્ઠા જ દક્ષિણામાં હતી. દક્ષિણા વિના યજ્ઞ ન કરી શકાય તેવું સ્પષ્ટ વિધાન હતું. જેમ ઉપનયન સંસ્કારથી માનવીનો બીજો જન્મ થાય છે એવું સ્મૃતિકાળમાં મનાતું હતું તેમ બ્રાહ્મણયુગમાં પણ એવી માન્યતા હતી કે જ્યાં સુધી પુરુષ યજ્ઞ ન કરે ત્યાં સુધી તે अजात ગણાય. તે યજ્ઞ કરે પછી જ તેનો જન્મ થયો એમ મનાતું હતું.

### 4.4.3 સાત પાકયજ્ઞ

ગૃહ્યસૂત્રોમાં ગૃહસ્થીઓ માટે સાત પાક યજ્ઞો વર્ણવ્યા છે. સાત યજ્ઞ આ પ્રમાણે છે.

1. પિતૃ યજ્ઞ - પિતૃઓનું શ્રાદ્ધ કરવું તે પિતૃયજ્ઞ કહેવાય છે.
2. પાર્વણ યજ્ઞ - પૂનમ અથવા અમાસે પાર્વણ યજ્ઞ થાય છે.
3. અષ્ટક યજ્ઞ - આઠમે અષ્ટકા યજ્ઞ થાય છે.
4. શ્રાવણી યજ્ઞ - શ્રાવણ માસની પૂર્ણિમાએ શ્રાવણી યજ્ઞ
5. આશ્વયુજી યજ્ઞ - આસો માસની પૂનમે આશ્વયુજી યજ્ઞ
6. આગ્રહાયણી યજ્ઞ - માગશર માસની પૂનમે આગ્રહાયણી યજ્ઞ
7. ચૈત્રીય યજ્ઞ - અને ચૈત્રની પૂનમે ચૈત્રીય યજ્ઞ કરવામાં આવે છે.

### 4.4.3 પાંચ મહાયજ્ઞો

ગૃહસ્થો માટે પાંચ મહાયજ્ઞ પણ બતાવ્યા છે. આ પાંચ મહાયજ્ઞ નીચે પ્રમાણે છે –

1. બ્રહ્મયજ્ઞ - વેદોનું અધ્યયન અને ઈશ્વરની ઉપાસના કરવી બ્રહ્મ યજ્ઞ છે.
2. દેવ યજ્ઞ - હવન કરવો એ દેવ યજ્ઞ.
3. પિતૃ યજ્ઞ - માતા-પિતાની સેવા કરવી અને પિંડદાન કરવું તેને પિતૃયજ્ઞ કહેવાય છે.
4. ભૂત યજ્ઞ - પ્રાણીઓને બલિ-અન્ન આપવું તે ભૂતયજ્ઞ.
5. અતિથિ યજ્ઞ - અતિથિઓની સેવા કરવી તેને અતિથિ યજ્ઞ.

## 4.5 સોળ સંસ્કાર

*ગૃહ્યસૂત્રોમાં અલગ અલગ પ્રકારે ચાલીસ સંસ્કારો વર્ણવ્યા છે, જેની સાથે વૈદિક મંત્રોનો પણ વિનિયોગ છે, પરંતુ હિંદુઓના સામાન્ય રીતે સોળ સંસ્કારો છે. આ સોળ સંસ્કાર આ પ્રમાણે છે – ગર્ભાધાન, પુંસવન, સીમન્તોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, વિદ્યારંભ, સમાવર્તન વિવાહ, વાનપ્રસ્થ, સંન્યાસ અને અંત્યેષ્ટિ. આ સંસ્કારો ગર્ભની સ્થાપનાથી માંડીને મૃત્યુપર્યંત કરવામાં આવે છે.*

**1. ગર્ભાધાન** - *પતિ દ્વારા પત્નીમાં ગર્ભની સ્થાપના કરવી તે 'ગર્ભાધાન'. પતિ પત્નીના મનમાં સંતાન પ્રાપ્તિની ઈચ્છા થાય ત્યારે ગર્ભાધાન સંસ્કાર કરવો જોઈએ. શ્રેષ્ઠ સંતાન પ્રાપ્ત કરવું તે ગૃહસ્થ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. શ્રેષ્ઠ સંતાન માટે પતિ-પત્નીના શરીર, મન, બુદ્ધિ અને ચિત્તને યોગ્ય કરવાની પ્રક્રિયાને ગર્ભાધાન સંસ્કાર કહે છે. અર્થાત, ગર્ભાધાન સંસ્કાર પતિ-પત્નીને યોગ્ય માતા-પિતા બનાવવાની પ્રક્રિયા છે. ગર્ભાધાન સંસ્કાર માટે સ્ત્રી ગર્ભ ધારણ કરે તે પહેલા ઓછામાં ઓછી છત્રીશ વખત રજસ્વલા થયેલી હોવી જોઈએ તેવો પણ ઉલ્લેખ છે. ગર્ભાધાન સંસ્કાર પતિ પત્નીના મનમાં સંતાનપ્રાપ્તિની ઈચ્છા થાય ત્યારે પત્નીને રજોદર્શન થયાના પાંચમા દિવસે આ સંસ્કાર કરવો જોઈએ.*

*ગર્ભાધાન સંસ્કારથી ગર્ભાશયની શુદ્ધિ થાય છે. સાથે સાથે તે મજબૂત પણ બને છે. પતિ- પત્નીના ચિત્ત પર શ્રેષ્ઠ સંતાન ઉત્પન્ન કરવાના સંસ્કાર પડે છે. સાથે સાથે તેમનામાં ઉત્તરદાયિત્વની ભાવના પણ કેળવાય છે.આ રીતે પતિ પત્ની શરીર, મન, પ્રાણ, બુદ્ધિ અને આધ્યાત્મની દ્રષ્ટિથી માતા પિતા બનવા સક્ષમ થાય છે.*

**2. પુંસવન સંસ્કાર** - *ગર્ભાધાન સંસ્કાર બાદ ગર્ભ ધારણની નિશ્ચિત થયા પછી આ સંસ્કાર કરવો જોઈએ. ગર્ભાશયમાં ગર્ભનું સ્થાપન થયા પછી ગર્ભ ઉપર પુસંવનસંસ્કાર કરવામાં આવે છે. માતા ના માધ્યમથી આ સંસ્કાર ગર્ભસ્થ શિશુ પર કરવાથી ગર્ભ દોષમુક્ત બને છે. પુસંવનસંસ્કાર ના માધ્યમથી વંશાનુગત રોગોના જનીન દ્રવ્યોનો પ્રભાવ દૂર કરી સ્વસ્થ જનીન દ્રવ્ય પ્રભાવી બને છે જેથી વારસાગત રોગથી બાળકને બચાવી શકાય છે. આ સંસ્કાર ગર્ભાવસ્થાની જાણ થયા પછી બીજા કે ત્રીજા મહિને જ આ સંસ્કાર કરવો જોઈએ.*

**3. સીમન્તોન્નયન સંસ્કાર** - *પુંસવન અને સીમન્તોન્નયન ગર્ભાવસ્થાના સંસ્કાર છે, જે ગર્ભના બીજા-ત્રીજા અને પાંચમા-છટ્ઠા મહિનામાં કરવામાં આવે છે. સીમન્તોન્નયન નો અર્થ થાય છે - સીમંત એટલે કેશ અથવા વાળ તથા ઉન્નયન એટલે ઉપર ઉઠાવવું. પ્રાચીન પરંપરામાં આ સંસ્કાર વિધિના સમયે પતિ પોતાની પત્નીના કેશને સરખા કરતા અને ઉપરની બાજુ ઉઠાવતા હતા. આ સંસ્કારને સીમંતોન્નયન સંસ્કાર કહે છે. ગર્ભાવસ્થાના સાતમા મહિનામાં આ સંસ્કાર કરવામાં આવે છે. છટ્ઠા મહિના સુધીમાં બાળકના બીજા અગ્ર ઉપાંગનો વિકાસ થઈ ગયો હોય છે. હવે માથાના બે ભાગોને જોડતી સીમાનું બંધારણ શરૂ થતું હોય છે તેથી સીમંત શબ્દ પ્રયોજાય છે.*

**4. જાતકર્મ સંસ્કાર** - *જાતકર્મ સંસ્કાર બાળકના જન્મ સમયે નાળછેદન પહેલાં આ સંસ્કાર કરવામાં આવે છે. ગર્ભાધાન, પુસંવન અને સીમંતોન્નયન સંસ્કાર માતા દ્વારા ગર્ભસ્થ શિશુ પર કરવામાં આવે છે. જાતકર્મ સંસ્કાર નવજાત શિશુ પર કરવામાં આવે છે. શિશુના જન્મ પછી થોડા સમય બાદ અને નાળ છેદન પહેલા શિશુના મુખમાં ગાયનું ઘી અને મધ શ્રેષ્ઠ ઔષધી તરીકે મૂકવામાં આવે છે.*

**5. નામકરણ સંસ્કાર** - *જન્મથી દશમા દિવસે નામકરણ સંસ્કાર થાય છે. નામકરણ સંસ્કાર એટલે શિશુનું નામ નક્કી કરવું. વ્યક્તિનું નામ એની સાથે જીવનપર્યંત રહે છે અને મૃત્યુ બાદ પણ કેટલાય વર્ષો સુધી નામથી તેની ઓળખ થાય છે. શિશુનું નામ ગુણ આધારિત, પ્રકૃતિ આધારિત અથવા દેવી-દેવતાઓના નામને લગતું રાખવું જોઈએ.*

**6. નિષ્ક્રમણ સંસ્કાર** - *નિષ્ક્રમણ એટલે નીકળવું. આ સંસ્કાર નવજાત શિશુને પ્રથમવાર કુમારાગારની બહાર લઈ જવાની પ્રક્રિયાને કહે છે. બાળક આ નવી દુનિયાના સંપર્કમાં પ્રથમવાર આવે ત્યારે બાળકને પ્રથમ શું બતાવવું, સંભળાવવું એ દ્રષ્ટિથી આ સંસ્કાર અત્યંત અગત્યનો છે. આ પ્રથમ અનુભવની બાળકના ચિત્ત પર ઊંડી અસર થતી હોય છે. આ દ્રષ્ટિ પ્રાકૃતિક અવાજો, નદીના જળનો અવાજ, પક્ષીઓનો મધુર કલરવ, ઝાડ પાંદડાના અવાજો, સૂર્યોદય તથા સૂર્યાસ્ત વગેરે બતાવવું તથા સંભળાવવું જોઈએ.*

**7. અન્નપ્રાશન સંસ્કાર** - *બાળકને જ્યારે પ્રથમ વાર અન્ન આપવામાં આવે છે તેને અન્નપ્રાશન સંસ્કાર કહે છે. જન્મથી છઠ્ઠા મહિને આ સંસ્કાર કરવામાં આવે છે. અન્ન ખાવાની પ્રક્રિયાને આપણે ત્યાં સંસ્કાર માનવામાં આવ્યો છે. છઠ્ઠા મહિનાથી બાળકની શારીરિક વૃદ્ધિ અને ગતિવિધિ અત્યંત તીવ્ર થઈ જાય છે. જેથી માતાનું દૂધ પૂરું થતું નથી. આથી અન્ય ઉપરી આહારની જરૂર રહે છે. માટે આ સમયે અન્નપ્રાશન સંસ્કાર કરવામાં આવે છે.*

**8. કર્ણવેધ સંસ્કાર** - *બાળકના જન્મ પછી એક વર્ષ બાદ કર્ણ વીંધવાની પ્રક્રિયાને કર્ણવેધ સંસ્કાર કહે છે. બાળકના બંને કાનમાં કોઈ નિષ્ણાત દ્વારા છેદન કરવામાં આવે છે. પુરુષોમાં નપુંસકતા અને સ્ત્રીમાં વંધ્યત્વ જેવી શારીરિક ખામીઓ દૂર થાય છે.*

**9. ચૌલ સંસ્કાર** - *બાળકના જન્મ પછી માથાના બધા વાળ પ્રથમ વખત દૂર કરવામાં આવે તે પ્રક્રિયાને ચૌલસંસ્કાર કહે છે. આ સંસ્કાર બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે કરવામાં આવે છે. બાળક છ મહિનાનું થાય ત્યારથી ત્રણ વર્ષ સુધી દાંત આવે છે. આ સમયે માથાના અને વાળના રોગોનું પ્રમાણ વધારે જોવા મળે છે. માથાના રક્ષણ માટે બધા દાંત નીકળ્યા પછી ચૌલસંસ્કાર કરવા જરૂરી છે. મુંડન કર્યા બાદ માથા પર સૂર્યના કોમળ કિરણો પડવાથી માથાના કોષોનો વિકાસ થાય છે. અને સાથે બાળકની બુદ્ધિનો પણ વિકાસ થાય છે.*

**10. ઉપનયન સંસ્કાર** - *ઉપનયનનો શાબ્દિક અર્થ છે - નજીક લઈ જવું એટલે કે વિદ્યાર્થીને ગુરુ પાસે લઈ જવો. જન્મ પછી સાતમા વર્ષે આ સંસ્કાર કરવામાં આવે*

છે. અત્યાર સુધી બાળકનો વિકાસ પરિવારજનો દ્વારા થયો હતો હવે બાકીનો વિકાસ ગુરુદ્વારા થાય છે. ઉપનયન સંસ્કાર દ્વારા તે શારીરિક તથા માનસિક રીતે સંયમિત બને છે. અત્યાર સુધી પરિવારજનોના વર્તન વ્યવહારના અવલોકન અને અનુકરણથી બાળકને સંસ્કાર પ્રાપ્ત થયા હતા. હવે તેને નિયમ અને શિસ્તની જરૂર હોય છે. ઉપનયન સંસ્કારથી બાળક સદાચાર, બ્રહ્મચર્ય, સાદગી અને શ્રમ જેવા વર્તન વ્યવહારોના સંસ્કાર ગ્રહણ કરે છે.

**11. વેદારંભ સંસ્કાર** - વેદારંભ સંસ્કાર એટલે વિદ્યારંભ સંસ્કાર. અભ્યાસ શરૂ કરતાં પહેલા આ સંસ્કાર કરવામાં આવે છે. વિદ્યારંભ કરવો એ અત્યંત પવિત્ર ક્રિયા છે માટે તેની શરૂઆત અત્યંત શ્રદ્ધા અને ભાવથી થવી જોઈએ. પહેલાના સમયમાં ગુરુ પાસે રહીને જ અભ્યાસ કરવાનો હતો.

**12. સમાવર્તન સંસ્કાર** - વેદારંભ સંસ્કાર બાદ શિષ્ય ગુરુના આશ્રમમાં રહીને ચાર વેદોનું અધ્યયન કરતો હતો. પ્રથમ બાર વર્ષ એક વેદનું સંપૂર્ણ અધ્યયન અને બાકીના વર્ષોમાં અન્ય ત્રણ વેદોનું થોડું થોડું અને જુદા જુદા ધર્મ શાસ્ત્રોનું અધ્યયન થતું હતું. વિદ્યાર્થી પચ્ચીસ વર્ષનો થાય ત્યારે વિદ્યાભ્યાસનો સમયગાળો પૂર્ણ થતો હતો. વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ વિદાય સમારંભ એટલે કે સમાવર્તન સંસ્કાર કરવામાં આવતા હતા.

**13. વિવાહ સંસ્કાર** - વિવાહ સંસ્કારનો સમય પચ્ચીસ વર્ષની ઉંમરની આસપાસનો છે. વિવાહ દ્વારા સંતાનની ઉત્પત્તિ કરવી એ પતિ-પત્નીનું પારિવારિક અને સામાજિક કર્તવ્ય છે. જેના થકી તે પિતૃદોષથીમુક્ત થઈ શકે છે માટે સમાજનું કેન્દ્ર બિંદુ પરિવાર છે.

**14. વાનપ્રસ્થ સંસ્કાર** - જ્યારે પોતાના મોટા પુત્ર અથવા પુત્રી ગૃહસ્થાશ્રમ માટે સક્ષમ બની ગયા હોય છે ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કાર જ્યારે સ્ત્રી-પુરૂષ સાંઈઠ વર્ષના થાય ત્યારે કરવામાં આવે છે. આ સમયે ઘરની મોહમાયા થોડી ધર્મકાર્ય અથવા સમાજકાર્યમાં પ્રવૃત્ત થવાનું હોય છે.

**15. સંન્યાસ સંસ્કાર** - આ સંસ્કારને માનવ જીવનના અંતિમ તબક્કાની પૂર્વ તૈયારીના રૂપમાં જોવાય છે. મનુષ્ય વાનપ્રસ્થ આશ્રમમાં રહીને જે કંઈ સમાજ લક્ષી સેવા કાર્યો કરે છે તેમાં આસક્ત થવાની સંભાવના રહે છે. માટે સંન્યાસ સંસ્કારના માધ્યમથી વ્યક્તિના મન પર એવો પ્રભાવ પડે છે કે એ જે કંઈ કરે છે તે પ્રભુ કરે છે. બધું ઈશ્વર પર છોડી ઈશ્વર ભક્તિમાં લાગી જવું તે જ આ સંસ્કારનો મુખ્ય ધ્યેય છે. આ સંસ્કાર થકી વ્યક્તિએ ષડરિપુ પર વિજય પ્રાપ્ત કરવાની સાધના કરવાની છે. નિત્ય મંત્ર-જાપ, પ્રાર્થના, સાધનાથી પોતાના જીવનને ઉચ્ચ ચેતનામય બનાવવાનું છે. આ સંસ્કાર થકી વ્યક્તિ નિષ્કામ કર્મ કરે છે.

**16. અંત્યેષ્ટિ સંસ્કાર** -. મનુષ્યના મૃત્યુ બાદ આ સંસ્કાર કરવામાં આવે છે. મૃત્યુ બાદ ધાર્મિક ક્રિયા, દાનપુણ્ય કરવાથી જીવની ગતિ ઉન્નત દિશામાં થાય છે.

## 4.6 સારાંશ

*ઉપરોક્ત સોળ સંસ્કાર મનુષ્યના જીવનને ઊર્ધ્વગતિ તરફ જવાનું માધ્યમ છે. પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના કારણે વડીલો દ્વારા આ સોળ સંસ્કારોનું સમયાંતરે માર્ગદર્શન પ્રાપ્ત થતું હતું. જેથી આ સંસ્કારોનું જીવનપદ્ધતિમાં મહત્વ જળવાઈ રહેતું હતું. આમ કર્મકાંડ એ મનુષ્યના જીવનમાં વેદકાલીન સમયથી જ જોડાયેલા છે તે જાણી શકાય છે કર્મ એટલે માત્ર યજ્ઞ નહીં પરંતુ કર્મની સાથે સાથે મનુષ્યએ કરવામાં આવતી અન્ય ક્રિયાઓને પણ સાંકળી લેવામાં આવી છે આમ કર્મકાંડ મનુષ્ય માટે ખૂબ જ ઉપકારક નીવડે છે.*

**સ્વાધ્યાય**

1. *કર્મ કાંડ એટલે શું ? સમજાવો.*
2. *વૈદિક ધર્મ કેટલા કાંડમાં વિભાજિત છે ? કયા કયા ?*
3. *કર્મ કાંડનો મુખ્ય વિષય જણાવો.*

## 4.7 તમારી પ્રગતિ ચકાસો

1. *ઈશાવાસ્યોપનિષદ શુક્લ યજુર્વેદના ક્યા અધ્યાયમાં આવે છે ?*
2. *પાકયજ્ઞ કેટલા છે? ક્યાં ક્યાં ?*
3. *પંચમહા યજ્ઞનાં નામો જણાવો.*

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *સોળ સંસ્કારોના નામ જણાવી તેના વિષે નોધ લખો. (ઉત્તરના મુદ્દા* 4.5)
2. *કર્મનાં પ્રકાર જાણાવી તેની સમજુતી આપો. (ઉત્તરના મુદ્દા* 4.3)
3. *યજ્ઞનું મહત્ત્વ જણાવી પાકયજ્ઞોની માહિતી આપો. (ઉત્તરના મુદ્દા* 4.4)

## 4.8 સંદર્ભસૂચિ


1. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ*-6
3. *વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)



**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

# એકમ : 5 : ઉપનિષદ સાહિત્ય પરિચય

## રૂપરેખા

**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 મુખ્ય ઉપનિષદોનો સામાન્ય પરિચય**

**5.3 ઈશાવાસ્ય ઉપનિષદ્**

**5.4 કેન ઉપનિષદ્**

**5.5 કઠ ઉપનિષદ્**

**5.6 પ્રશ્ન ઉપનિષદ્**

**5.7 મુંડકોપનિષદ્**

**5.8 માંડુક્યોપનિષદ્**

**5.9 તૈત્તિરીયોપનિષદ્**

**5.10 ઐતરેયોપનિષદ્**

**5.11 છાન્દોગ્યોપનિષદ્**

**5.12 બૃહદારણ્યક ઉપનિષદ્**

**5.13 શ્વેતાશ્વતરોપનિષદ્**

**5.14 કૌષીતકિ ઉપનિષદ્**

**5.15 મૈત્રી અથવા મૈત્રાયણી ઉપનિષદ્**

**5.16 સારાંશ**

**5.17 તમારી પ્રગતિ ચકાસો**

## 5.0 ઉદ્દેશો

- *આ એકમના અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓ ઉપનિષદ તત્ત્વથી માહિતગાર થાય.*
- *મુખ્ય ઉપનિષદનો વિસ્તારથી પરિચય પ્રાપ્ત કરે.*
- *વેદના ગર્ભિત અર્થને ઉપનિષદના માધ્યમથી જાણે.*

## 5.1 પ્રસ્તાવના

*ઉપનિષદો ભારતીય સંસ્કૃતિ અને વિચારધારાનો પ્રાણ છે તેમજ વૈદિક વાઙ્મયનાં ઉજ્જ્વળ શિખરો છે. ઉપનિષદો એ ભારતીય તત્ત્વજ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે. વૈદિક સાહિત્યના શબ્દશરીરમાં મસ્તક અથવા શિરોભાગનું સ્થાન શોભાવનાર સાહિત્યને* उपनिषद् *કહે છે. આ સાહિત્યને વેદાન્ત પણ કહેવામાં આવે છે કારણ કે વૈદિક સાહિત્યને છેડે આવે છે.* वेदस्य अन्तः। *અંતના બે અર્થ થાય : છેડો અને ધ્યેય.* - "the conclusion as well as the goal of the Vedas." *વેદોનો સાર, તેમજ ઉત્તમ સિદ્ધાંત પણ ઉપનિષદોમાં સમાયેલો હોવાથી પણ તેમને વેદાન્ત કહેવામાં આવે છે. વૈદિક સાહિત્યના અંતિમ ભાગમાં આવતાં હોવાથી 'ઉપનિષદો' માટે 'વેદાંત' એવો શબ્દ પ્રસિદ્ધ પામ્યો છે. અહીં જ્ઞાનની પરાકાષ્ઠા આવી જાય છે, જે જાણ્યા પછી અન્ય કશું જાણવા જેવું રહેતું નથી. ભારતીય તત્ત્વજ્ઞાનની ગંગોત્રી સમાન ઉપનિષદો અનેક આધ્યાત્મિક વિષયોને રજૂ કરે છે. ભારતમાં ઉપનિષદોને પ્રસ્થાનત્રયીમાંનો એક ગ્રંથસમૂહ ગણવામાં આવ્યો છે એ હકીકત ઉપનિષદો પ્રત્યેનો ઉચ્ચ આદર દર્શાવે છે. પ્રસ્થાનત્રયીમાંના અન્ય બે ગ્રંથોએ-બ્રહ્મસૂત્રો અને ગીતાએ-ઉપનિષદોના વિચારોને જ એકસૂત્રતા આપવાનો પ્રયત્ન કર્યો છે. વેદનાં સૂક્તોમાં જે કેટલાંક દાર્શનિક સૂક્તો પ્રાપ્ત થાય છે, તેનું વિકસિત રૂપ ઉપનિષદોમાં દ્રષ્ટિગોચર થાય છે. આમ ભારતીય તત્ત્વજ્ઞાનના મૂળમાં ઉપનિષદો જ છે. ઉપનિષદનું મહત્ત્વ સમજાવતો એક પ્રાચીન શ્લોક છે:*

उपनीयेममात्मानं ब्रह्मापास्तद्वयं ततः ।

निहत्य विद्यां तज्जं च तस्मादुपनिषन्मता ॥ माण्डुक्यकारिका- 3.33

*જેમાંથી દ્વૈત નાશ પામ્યું છે એવા બ્રહ્મતત્ત્વ તરફ આત્માને નિકટ (*उप*) લાવીને (*नी*) અવિદ્યા અને તેના કાર્યને જે હણે છે તે ગ્રંથને ઉપનિષદ કહેવામાં આવે છે. ઉપનિષદ્ આમ બ્રહ્મતત્વની નજીક લઈ જનારા - ગ્રંથો છે.*

*ભારતીય પરંપરા પ્રમાણે ઉપનિષદોની સંખ્યા એકસો આઠ કે એકસો અગિયાર ગણવામાં આવી છે આ બધા ઉપનિષદોને જુદાં જુદાં દ્રષ્ટિબિંદુઓ અનુસાર વિભાજિત કરવામાં આવે છે. વર્તમાન યુગમાં વેદની* 1180 *શાખાઓ માનવામાં આવી છે. દરેક શાખા મંત્ર, બ્રાહ્મણ તથા ઉપનિષદ્ એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. મુક્તિકોપનિષદમાં ઋગ્વેદની એકવીસ શાખા, યજુર્વેદની એકસો નવ શાખા, સામવેદની એક હજાર શાખા અને અથર્વવેદની પચાસ શાખા મળી* 1180 *શાખાઓ અને* 108 *ઉપનિષદો ગણાવ્યાં છે.*

## 5.2 મુખ્ય ઉપનિષદોનો સામાન્ય પરિચય

*આજે મળી આવતા ઉપનિષદોની સંખ્યા* 250 *થી ઉપરની છે. પરંપરાએ એકસો આઠ ઉપનિષદ્‌ની ગણતરી કરી છે. આમાંના મોટા ભાગના તો ઘણાં અર્વાચીન છે. વૈદિક*

યુગની સાથે સંકળાયેલાં પ્રાચીન ઉપનિષદોની સંખ્યા માંડ બારેકની હશે. મુખ્ય ઉપનિષદો ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય અને બૃહદાણ્યક મળીને દસ છે. આ દસ અને એક શ્વેતાશ્વતર એમ બધું મળી અગિયાર ઉપનિષદો ઉપર શંકરાચાર્યે ભાષ્યો રચ્યાં છે. તેની ગણતરી કરાવતો એક શ્લોક મુક્તિકોપનિષદમાં આ પ્રમાણે છે -

**"ईश-केन-कठ-प्रश्न-मुण्ड-माण्डूक्य-तित्तिरिः ।**

**एतरेय च छान्दोग्यं बृहदारण्यकं तथा ॥" - ( मुक्तिक्रोपनिषद् – 1/30)**

આ દશ ઉપનિષદોની પ્રામાણિકતા સ્વીકારાઈ છે. આ ઉપરાંત કૌષીતકિ ઉપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ્ અને મૈત્રાયણી ઉપનિષદ્ પ્રાચીન મનાય છે શ્વેતાશ્વતર ઉપનિષદ્ પર શંકરાચાર્યનું ભાષ્ય નથી. જો કે અગિયાર ઉપનિષદો પર વેદાંતના પ્રસિદ્ધ આચાર્યોએ ભાષ્યો લખ્યાં છે. અલબત્ત રામાનુજ વગેરે અન્ય વેદાંતી આચાર્યોએ આ દશ સિવાય અન્ય ઉપનિષદો ઉપર પણ ભાષ્ય રચ્યાં છે. આવા તેર ઉપનિષદો વધુ આદરપાત્ર અને લોકપ્રચલિત બન્યાં છે.

## 5.3 ઈશાવાસ્ય ઉપનિષદ્

આ ઉપનિષદ્ તેના શરૂઆતના શબ્દોને આધારે ઈશોપનિષદ્ અથવા ઈશાવાસ્યોપનિષદ્ નામથી પ્રચલિત બન્યું છે. આ ઉપનિષદ શુક્લ યજુર્વેદની કાણ્વસંહિતા તેમજ માધ્યન્દિન વાજસનેયી સંહિતાનો અંતિમ ચાલીસમો અધ્યાય છે. શુક્લ યજુર્વેદમાં પ્રથમ ઓગણચાલીસ અધ્યાયોમાં કર્મકાંડનું નિરૂપણ છે, જ્યારે ચાલીસમો અધ્યાય જ્ઞાનકાંડનું પ્રતિપાદન કરે છે. ચાળીસમા અધ્યાયમાં જ્ઞાનનું નિરૂપણ હોવાથી તે વાજસનેય સંહિતોપનિષદ્ પણ કહેવાય છે. આ અધ્યાયનો મુખ્ય વિષય આત્મજ્ઞાન અથવા બ્રહ્મવિદ્યા હોવાથી તે આત્માધ્યાય, આત્મસૂક્ત, બ્રહ્માધ્યાય, બ્રહ્મસૂક્ત વગેરે નામથી ઓળખાય છે. આ ઉપનિષદ્‌ના મંત્રો છે ફક્ત અઢાર પણ તે ઉત્તમોત્તમ જ્ઞાનથી ભર્યું છે. નિષ્કામ ભાવે કર્મ કરવાના "કર્મયોગ" પર આ ઉપનિષદ્ માં ભાર મૂક્યો છે. છતાં જ્ઞાન અને કર્મ વચ્ચે સમાધાન શોધવાનો પણ પ્રયત્ન કરી એ બે વચ્ચે તાર્કિક સમન્વય શોધ્યો છે. આ સમન્વયનો પણ એનાથી ઉચ્ચતર સમન્વયમાં ત્યાગ કરવાનો રહે છે. એ સિદ્ધાંત આ ઉપનિષદનું અત્યંત મહત્ત્વનું પ્રદાન છે.

## 5.4 કેન ઉપનિષદ્

સામવેદની તવલ્લકારશાખાના નવમા અધ્યાયરૂપ આ ઉપનિષદ્ છે, આ ઉપનિષદ્ 'केन् શબ્દથી આરંભાય છે તેથી એનું નામ 'केनोपनिषद्' છે. આ ઉપનિષદ્ પોતાના આરંભના પ્રથમ શબ્દ, 'केन् પરથી કેનોપનિષદ્ તરીકે તેમજ સામવેદના "તવલ્લકાર" બ્રાહ્મણનું હોવાથી "તવલ્લકાર ઉપનિષદ્" તરીકે ઓળખાય છે. આ ઉપનિષદ્‌ના ચાર ખંડ છે. જેમાંના પ્રથમ બે પદ્યમાં અને છેલ્લા બે ગદ્યમાં. પહેલાં ખંડમાં ઉપાસ્ય બ્રહ્મ તથા નિર્ગુણ બ્રહ્મમાં તફાવત બતાવ્યો છે. બીજામાં બ્રહ્મના રહસ્યમય સ્વરૂપના સંકેત છ. ત્રીજા અને ચોથા ખંડમાં ઉભા હેમવતીના રોચક

*આખ્યાન દ્વારા પરબ્રહ્મની સર્વશક્તિમત્તા તથા દેવતાઓની અલ્પશક્તિનતા દર્શાવી નમ્રતા કેળવવાનો સુંદર બોધ પૂરો પાડયો છે. આ એક સુપ્રસિદ્ધ ઉપનિષદ્ છે. કેનોપનિષદમાં મન્ત્રોની સંખ્યા ૩૪ છે. આ ચોત્રીસ મન્ત્રોને ચાર ખંડોમાં વહેંચવામાં આવ્યા છે. તેમાં પહેલા અને બીજા ખંડના મળીને કુલ તેર મન્ત્રો પદ્યમાં છે, જ્યારે ત્રીજા અને ચોથા ખંડના એકવીસ મન્ત્રો ગદ્યસ્વરૂપમાં કંડિકા તરીકે છે. કેનોપનિષદ બ્રાહ્મણ નામે છે. આ બ્રાહ્મણનો ચોથો કાંડ જૈમિનીયોપનિષદ બ્રાહ્મણ કહેવાય છે. તેના ચોથા અનુવાક્નો નવમો અધ્યાય એટલે કેનોપનિષદ્. આથી કેનોપનિષદને તવલ્લકારોપનિષદ, બ્રાહ્મણોપનિષદ કે જૈમિનીયોપનિષદ તરીકે પણ ઓળખવામાં આવે છે.*

## 5.5 કઠ ઉપનિષદ્

*કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનું આ ઉપનિષદ્ કાઠક ઉપનિષદ્ તરીકે પણ ઓળખાય છે. અન્ય નામ કઠવલ્લી ઉપનિષદ્ પણ છે. કઠ નામના મુનિએ અન્ય ઋષિઓને ભણાવીને પ્રવૃત્ત કરી છે આથી આનું નામ કઠોપનિષદ્ અથવા કઠવલ્લી (કઠ નામના મુનિની કલ્પલતા) પડયું છે. કઠોપનિષદ્ ઉપનિષદોમાંનું એક અત્યંત રમણીય ઉપનિષદ્ છે. તેના બે અધ્યાય છે અને પ્રત્યેક અધ્યાયમાં ત્રણ વલ્લીઓ છે. તૈત્તિરીય આરણ્યકમાં જેનો નિર્દેશ થયો છે. તે નચિકેતાની કથા દ્વારા આ ઉપનિષદનો આરંભ થાય છે. વાજશ્રવસે યજ્ઞ કર્યો ત્યારે ક્ષીણ થઈ ગયેલી ગાયોને દક્ષિણમાં આપી. પિતાનાં આવા વલણથી દુઃખી થયેલા નચિકેતાએ પોતાને પણ દક્ષિણામાં આપવા જણાવ્યું. પિતાએ ચિડાઈને કહ્યું, “હું તને યમને આપું છું.પછી નચિકેતા યમ પાસે જાય છે અને યમના નિવાસસ્થાને યમ હાજરના હોવાથી ત્રણ દિવસ અને ત્રણ રાત ભૂખ્યો-તરસ્યો તેની રાહ જુએ છે પાછા ફરી યમદેવ તેને ત્રણ વરદાન માગવા કહે છે. એમાનાં ત્રીજા વરદાનના જવાબમાં યમ* ''नेह नानास्ति किच्चन'' *( એવું એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.) ના અદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કરતો લાંબો ઉપદેશ આપે છે.*

## 5.6 પ્રશ્ન ઉપનિષદ્

*આ ઉપનિષદમાં છ ઋષિઓ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવા માટે મહર્ષિ પિપ્પલાદ પાસે જાય છે. અને અધ્યાત્મવિષયક પ્રશ્નો તેમને પૂછે છે. તે સહુ પ્રશ્નોના ઉત્તર રૂપ આ ઉપનિષદ્ રચાયેલું હોવાથી તે પ્રશ્નોપનિષદ્ અથવા પ્રશ્નોપનિદ્ કહેવાય છે. અથર્વવેદના બ્રાહ્મણ ભાગમાં આ ઉપનિષદનો સમાવેશ થયેલો છે. એમાં કુલ છ ખંડો છે તે છ પ્રશ્નો તરીકે ઓળખાય છે. પ્રત્યેક ખંડમાં પિપ્લાદ મહર્ષિ પ્રશ્નના ઉત્તર આપે છે. ભરદ્વાજનો પુત્ર સુકેશા, શિબિનો પુત્ર સત્યકામ, ગર્ગ ગોત્રનો સૌર્યાયણી, અશ્વલનો પુત્ર કૌશલ્ય (આશ્વલાયન), ભાર્ગવ અને કબંધિ આ છ શિષ્યો બ્રહ્મ સંબંધી જ્ઞાન મેળવવા પિપ્લાદમુનિ પાસે આવી પ્રશ્નો પુછે છે -*

(1) *કબંધીનો પ્રશ્ન - પ્રજા કોનાથી ઉત્પન્ન થાય છે ?*

(2) ભાર્ગવનો પ્રશ્ન - પ્રજાને ધારણ કરતા દેવતાઓ કેટલા છે? એમને પ્રવૃત્ત કોણ કરે છે? કયો દેવતા સવર્શ્રેષ્ઠ છે?

(3) કૌશલ્યનો પ્રશ્ન - પ્રાણની ઉત્પત્તિ, સ્થિતિ અને લય વગેરે કઈ રીતે થાય છે?

(4) સૌર્યાયણીનો પ્રશ્ન - સુષુપ્તિમાં કોણ સુએ છે ને કોણ જાગે છે? અને આ ઈન્દ્રિયાદિ દેવો કોને આધારે રહ્યા છે?

(5) સત્યકામનો પ્રશ્ન-ૐકારના ઉપાસકને કયા લોકની પ્રાપ્તિ થાય છે ?

(6) સુકેશાનો પ્રશ્ન - સોળ કળાવાળો પુરુષ કોણ છે? કેવો હોય છે?

આ છ પ્રશ્નોના ઉત્તર મહર્ષિ પિપ્લાદે આપ્યા છે. જે તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. તેમણે આધ્યાત્મિક વિષયક બધી જ સમસ્યાઓનું સુંદર સમાધાન કર્યું છે. તેમના ઉત્તરોનો સાર એક છે કે જગતની પ્રતિષ્ઠાનો મૂળ આધાર અક્ષરબ્રહ્મ છે. તેમાં અધ્યાત્મ જગતની સમસ્યાઓનું માર્મિક નિરૂપણ છે. આ ઉપનિષદ્‌ના દરેક પ્રશ્નમાં ક્રમશઃ 16,13, 12, 11, 7 અને 8 કુલ મળીને 67 મંત્રો છે. આ ઉપનિષદ્‌ની શૈલી અત્યંત વૈજ્ઞાનિક અને મહત્ત્વપૂર્ણ છે.

આ ઉપનિષદ્માં મુખ્યત્વે પર અને અપર બ્રહ્મની ઉપાસનાનું વર્ણન કરેલું છે તેમજ પરબ્રહ્મની અપેક્ષાએ અપર બ્રહ્મના સ્વરૂપનું વિવેચન કરવામાં આવ્યું છે. પિપ્લાદમુનિ આ છ પ્રશ્નોના ઉત્તરોમાં અધ્યાત્મ જગતનું માર્મિક અને ગહન નિરૂપણ કરે છે આ વિવિધ પ્રશ્નની આમાં ચર્ચા હોવાથી તે ‘‘પ્રશ્નોપનિષદ્’’ કહેવાય છે. ઉપનિષદના નામ પ્રમાણે આ પ્રશ્ન ને ઉત્તરનું જ ઉપનિષદ છે.

## 5.7 મુંડકોપનિષદ્

અથર્વવેદના બ્રાહ્મણભાગમાં પ્રશ્નોપનિષદ્‌નો અને મંત્રભાગમાં મુણ્ડકોપનિષદ્‌નો સમાવેશ થયેલો છે. આ ઉપનિષદના ત્રણ પ્રકરણ છે. અને પ્રત્યેક પ્રકરણ (મુંડક) ના બે બે ખંડ છે. આ ઉપનિષદ ભણનારને શિરોવ્રત રાખવું પડતું તે પરથી તેનું આવું નામ પડયું હોવાનું માનવામાં આવે છે.

આ ઉપનિષદમાં બ્રહ્મા પોતાના જયેષ્ઠ પુત્ર અથર્વાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે છે. યજ્ઞ અનુષ્ઠાન વિશે આ ઉપનિષદ્ સ્પષ્ટ મત રજૂ કરે છે કે સંસાર સાગર તરવા માટે યજ્ઞ એ અદઢ નાવ જેવા છે. દ્વૈતવાદના સ્તંભરૂપ શ્લોક द्वा सुपर्णा सयुजा सखायाએ મંત્ર આ ઉપનિષદમાં આવે છે. વેદાંત શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ પણ આ જ ઉપનિષદમાં થાય છે. જે બ્રહ્મજ્ઞાની થાય છે તેની સરખામણી નામરૂપ ત્યજીને સમુદ્રમાં વિલય પામતી નદીઓ સાથે કરવામાં આવી છે. સાંખ્ય અને વેદાંતના પણ કેટલાક વિચાર આ ઉપનિષદમાં જોવા મળે છે. તેમાં આવતું વિશ્વરૂપનું વર્ણન કે ધ્યાનયોગનું મહત્વ પણ સુંદર છે.પરમતત્ત્વની વિભાવનાને કાવ્યમય સ્વરૂપે વ્યક્ત કરવામાં આ ઉપનિષદનું સ્થાન અને પ્રદાન અત્યંત મહત્ત્વના છે.

## 5.8 માંડુક્યોપનિષદ્

*માંડુક્યોપનિષદ્ અથર્વવેદના બ્રાહ્મણ ભાગમાં તેનો સમાવેશ થયેલો છે. દશ ઉપનિષદો કરતાં આનું કદ સૌથી નાનું છે. કદમાં ભલે નાનું હોય પણ મહત્ત્વમાં મહાન એવાં આ ઉપનિષદ્માં ચતુષ્પાદ આત્માનું રહસ્યમય વિવેચન છે. જેમ મંડૂક (દેડકો) ત્રણ કુદકા મારીને જળમાં પ્રવેશ કરે છે તેમ આત્મા જાગ્રત વગેરે ત્રણ અવસ્થા છોડીને બ્રહ્મભાવને પામે છે, તેથી આત્મા માંડૂક્ય કહેવાય છે. તેના ચાર પ્રકરણો છે. (આગમ, વૈતથ્ય, અદ્વૈત અને અલાતશાંતિ પ્રકરણ) તેમાં ૐકારની વ્યાખ્યા છે. ૐકારની એમ ત્રણ માત્રો છે અને ચોથી "અમાત્ર" હોય છે. ચૈતન્યની પણ તે પ્રમાણે ચાર અવસ્થાઓ હોય છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ તથા તુરીયઅવસ્થા. આ ચાર અવસ્થાઓનું આધિપત્ય કરવાવાળો આત્મા પણ ચાર પ્રકારનો છે. વૈશ્વાનર, તૈજસ, પ્રાજ્ઞ અને પ્રપંચોપશમરૂપી શિવ. આના ઉપર ગૌડાપાદાચાર્યે ચાર ખંડોમાં વિભક્ત 'માણ્ડૂક્યકારિકા' લખી છે. જેમાં અદ્વૈતવાદનું પ્રતિપાદન છે. શંકરાચાર્યે આ ઉપનિષદ્ તથા માંડુક્યકારિકા બંને પર ટીકા લખી છે. આ ઉપનિષદ્ વિશે કહેવાય છે કે આ ઉપનિષદ્ પોતે એકલું મોક્ષ આપવા માટે પૂરતું છે.*

## 5.9 તૈત્તિરીયોપનિષદ્

*કૃષ્ણ યજુર્વેદીય તૈતરીય શાખાનું આ ઉપનિષદ્ છે. તૈત્તિરીયારણ્યકના સાત,આઠ અને નવ ખંડનો એક અંશ તે જ આ ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્ ત્રણ વલ્લીમાં વિભક્ત છે.*

(1) *શિક્ષાવલ્લી* (2) *બ્રહ્માનંદવલ્લી* (3) *ભૃગુવલ્લી. પ્રથમ શિક્ષાવલ્લીમાં 'શિક્ષા' - જે વેદનું એક અંગ છે તેનું વિવરણ છે. અગિયારમા અનુવાકમાં સ્નાતકને ઉપયોગી ઉપદેશ આપ્યો છે કે "તું સત્ય બોલજે, ધર્મનું આચરણ કરજે, સ્વાધ્યાયમાં આળસ કરીશ નહિ, ગુરુને સંતોષ આપજે અને દક્ષિણા આપી ગૃહસ્થાશ્રમ માંડી પ્રજાના વેલાને ચાલુ રાખજે, સત્યથી ચલિત થઈશ નહિ, ધર્મથી ચલિત ન થઈશ. કુશળતા છોડીશ નહિ, આળસનો ત્યાગ કરજે, વેદાભ્યાસ અને પ્રવચનમાં આળસ કરીશ નહિ, દેવા તથા પિતૃના કર્મમાં આળસ કરીશ નહિ, માતાને, પિતાને ગુરુને તથા અતિથિને દેવ માનજે વગેરે. બ્રહ્માનંદ વલ્લીમાં બ્રહ્મવિદ્યાનું નિરૂપણ છે. અંતિમ ભૃગુવલ્લીમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય - એ પંચકોશવિવેક વરુણ તથા ભૃગુના સંવાદરૂપે રજૂ થયેલ છે. આમ અંતિમ બંને વલ્લીમાં પરમાત્મતત્ત્વના જ્ઞાનનું વિવેચન છે. શ્રી વૈશંપાયનની આજ્ઞાથી તેમણે શિખવેલી વેદ વિદ્યાનો શ્રી યાજ્ઞવલ્કયને ત્યાગ કરવો પડયો હતો તે ત્યાગ કરેલી વેદવિદ્યા શ્રી વૈશંપાયનના કેટલાક શિષ્યોએ તેતરપક્ષીનું રૂપ ધરીને ગ્રહણ કરી તેથી તે શાખાનું નામ તૈત્તિરીય પડયું હોવાથી તેનું નામ તૈત્તિરીયોપનિષદ્ કહેવાય છે. શિક્ષાવલ્લીના અગિયારમાં અનુવાકમાં ગુરુ શિષ્યને ઉપદેશ આપે છે કે* सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । मातृदेवो भव । पितृदेवो भव । आचार्य देवो भव । अतिथि देवो भव ।

## 5.10 ઐતરેયોપનિષદ્

*ઋગ્વેદનું આ ઉપનિષદ્ ઐતરેય આરણ્યકના બીજા આરણ્યકમાં ચોથો, પાંચમો, છટ્ઠો અધ્યાય છે. ઈતિરા નામની કોઈક સ્ત્રીના પુત્ર ઐતરેય ઋષિએ આ બ્રાહ્મણનું દર્શન અથવા સંકલન કર્યું હોવાથી આનું નામ ઐતરેય બ્રાહ્મણ પડયું છે. તે આરણ્યકના ત્રણ અધ્યાય જે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તે ઐતરેયોપનિષદ્ કહેવાય છે.*

*આ ઉપનિષદ્‌ના ત્રણ અધ્યાય છે. પ્રથમ અધ્યાયના બે ખંડ છે તેમાં સૃષ્ટિ તત્ત્વનું વર્ણન છે. બીજા અધ્યાયમાં ત્રણ જન્મોનું તત્ત્વજ્ઞાન સમજાવાયું છે. ત્રીજા અધ્યાયમાં 'પ્રજ્ઞાન' નો મહિમા ગાવામાં આવ્યો છે કે, ''*प्रज्ञानं ब्रह्म*'' નિર્ભેળ ચૈતન્ય સ્વરૂપ આ બ્રહ્મ છે. વેદાન્તનાં ચાર મહાવાક્યોમાંનું આ પણ એક મહાવાક્ય છે. આદર્શવાદનું પ્રતિપાદન આ ઉપનિષદ્ માં છે. ત્રણ પ્રકારના માણસો છે જે સંસારથી વિમુખ તથા સ્થિર મનવાળા છે તેમને માટે આ ઉપનિષદ્ છે. આના ઉપરનું શંકરાચાર્યનું ભાષ્ય ઘણું મહત્ત્વનું છે, તેમણે કેવળ જ્ઞાનને જ મોક્ષનું એક માત્ર સાધન ગણાવ્યું છે.*

## 5.11 છાન્દોગ્યોપનિષદ્

*છાન્દોગ્ય ઉપનિષદ સામવેદનું છે* छन्दो साम गायति इति छान्दोगः। *આ પ્રમાણે સામના ગાનારા તે છાન્દોગ છે. આમ સામવેદના અનુયાયીઓનું ઉપનિષદ્ તે છાન્દોગ્ય અધ્યાત્મની દૃષ્ટિએ આ ઉપનિષદ્ મહત્ત્વનું છે. આ ઉપનિષદ સામવેદનું કૌથુમી શાખાના તાંડ્ય બ્રાહ્મણના ચાલીસ અધ્યાયો છે. એના અંતિમ આઠ અધ્યાયને છાંદોગ્ય ઉપનિષદ કહેવામાં આવે છે. આ આઠ અધ્યાયો માં એકસો સુડતાલીસ ખંડ છે.*

*સામવેદના છાંદોગ્ય બ્રાહ્મણના દશ પ્રપાઠક છે તેમાંના પહેલા બે પ્રપાઠક મંત્ર બ્રાહ્મણ કહેવાય છે અને ત્રણ થી દસ પ્રપાઠક સુધીના આઠ પ્રપાઠક તે છાન્દોગ્ય ઉપનિષદ કહેવાય છે. પહેલા પાંચ વિભાગોમાં વિવિધ ઉપાસનાઓ અને આદર્શો બતાવ્યાં છે. છેલ્લા ત્રણ વિભાગો સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિ સમજાવે છે. ઉપાસના માટે ચિત્તશુદ્ધ આવશ્યક ભૂમિકા છે અને બ્રહ્મજ્ઞાન માટે એકાગ્ર સમાધિ આવશ્યક છે. કદ અને મહત્ત્વ બંને દૃષ્ટિએ આ મહાન ઉપનિષદ છે. પ્રાચીનતા, ગહનતા તથા બ્રહ્મજ્ઞાનના પ્રતિપાદનની દ્રષ્ટિએ આ મહત્ત્વનું ઉપનિષદ્ છે.*

*મોક્ષપ્રાપ્તિ-પરમતત્ત્વની પ્રાપ્તિ એ દરેક મનુષ્યનું ધ્યેય છે. આત્મસાક્ષાત્કાર દ્વારા જ મોક્ષપ્રાપ્તિનું રહસ્ય ઉપનિષદમાં છે, પરંતુ માનવને ચિત્તની એકાગ્રતા સિવાય બ્રહ્મતત્ત્વની સમજ કે પ્રાપ્તિ થતી નથી અને ચિત્તની એકાગ્રતા માટે ઉપાસના સહાયક છે. આથી છાન્દોગ્ય ઉપનિષદ્‌ના પ્રથમ પાંચ અધ્યાય ઉપાસના વિષયક છે જ્યારે અંતિમ ત્રણ અધ્યાય અધ્યાત્મ જ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વના છે.*

*છાન્દોગ્ય ઉપનિષદનો પ્રારંભ ૐકારની ઉપાસનાથી થાય છે. ૐકાર પરમાત્માનું નામ છે. એ સર્વ વેદોનો સાર છે. ૐ શબ્દ આજ્ઞા કે સંમતિ અર્થમાં પણ વપરાય છે. અવિનાશી એવા એક જ મૂળ તત્ત્વનો બોધ ઉદ્ગીથ, અક્ષર, હૃદય અને ઓમૂકાર એવા એકાર્થવાચી શબ્દોથી થાય છે. જેમાંથી સમસ્ત ભાવોનો ઉદય થાય છે તે ઉદ્ગીથ.*

ૐકારના મહત્ત્વને જાણીને જે મનુષ્ય ઈશ્વરને ખાતર કરેલા કર્મ જો સમજ અને શ્રદ્ધાથી પૂર્ણ રીતે કરશે તો તે સર્વથી સમર્થ થશે.

આમ સામવેદીય ઉપનિષદ્ પ્રાચીનતા, ગંભીરતા અને બ્રહ્મજ્ઞાનના પ્રતિપાદનની દૃષ્ટિથી મહત્ત્વનું છે. પહેલા બે અધ્યાયોમાં ૐકાર તથા સામના ગૂઢ સ્વરૂપનું વિવેચન કરવામાં આવ્યું છે. ત્રીજા અધ્યાયમાં સૂર્ય દેવની મધુના રૂપમાં ઉપાસના વર્ણવી છે. ગાયત્રીનું વર્ણન, અંગિરસે કૃષ્ણને આપેલો ઉપદેશ અને સૂર્યનો જન્મ આ વિષયો પણ નિરૂપિત છે. सर्वं खलु इदं ब्रह्म ।આ સિદ્ધાંતનો આ અધ્યાયમાં ઉદ્ઘોષ કરવામાં આવ્યો છે. ચોથા અધ્યાયમાં રૈકવની ફિલસૂફી, સત્યકામ જાબાલની કથા તથા સત્યકામ જાબાલ પાસેથી ઉપકોસલને થયેલી બ્રહ્મજ્ઞાનથી પ્રાપ્તિ એ વિષયો વર્ણવવામાં આવ્યા છે. પાંચમાં અધ્યાયમાં પ્રવહણ, જૈબલીનો દાર્શનિક સિદ્ધાંત તથા કૈકય અશ્વપતિના સૃષ્ટિવિષયક તથ્યોનું વર્ણન છે. છઠ્ઠા અધ્યાયમાં આરુણિ तत्वमसि સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. સાતમાં અધ્યાયમાં मन्तविद् નારદ મહર્ષિ સનતકુમાર પાસે આવે છે. સક્રુમાર તેને ઉપદેશ આપે છે કે - જે પ્રસિદ્ધ ભૂમા છે તે જ અમૃત છે અને જે અલ્પ છે તે વિનાશી (મર્ત્ય) છે. છેલ્લા આઠમા અધ્યાયમાં આત્માના સાક્ષાત્કારનો ઉપાય બતાવાયો છે. તેમાં ઈન્દ્ર-વિરોચનને પ્રજાપતિનો ઉપદેશ જાણીતો છે.

## 5.12 બૃહદારણ્યક ઉપનિષદ્

બ્રહ્મદારણ્યક ઉપનિષદ્ શુક્લ યજુર્વેદની કાણ્વશાખાના વાજસનેયી બ્રાહ્મણમાં આવેલું છે. આ ઉપનિષદ્ બીજા ઘણાં ઉપનિષદો કરતાં 'બૃહત્' છે, અને અરણ્ય (વન) માં રહેનારા વાનપ્રસ્થો, સંન્યાસીઓ તથા કામના રહિત તત્ત્વજિજ્ઞાસુઓ તેનું ખાસ અધ્યયન કરતા હોવાથી તેને આરણ્યક કહે છે. આ રીતે બૃહત્' અને આરણ્યક હોવાને લીધે આ ઉપનિષદ્ 'બૃહદારણ્યક' કહેવાય છે. તેના ત્રણ કાંડ છે.મધુકાંડ, મુક્તિકાંડ તથા ખિલકાંડ. દરેક કાંડના બે બે અધ્યાય છે કુલ છ અધ્યાય છે.

પ્રથમ અધ્યાયમાં સર્વ પદાર્થોને જે ગ્રસી જાય છે, તે મૃત્યુનું નિરૂપણ, પ્રાણની શ્રેષ્ઠતા વિશેની આખ્યાયિકા તથા સૃષ્ટિવિષયક સિદ્ધાંતોનું વર્ણન છે. બીજા અધ્યાયમાં અભિમાની ગાર્ગ્ય અને શાંત સ્વભાવી અજાતશત્રુ વચ્ચેનો સંવાદ છે. યાજ્ઞવલ્ક્ય પોતાની બે પત્ની કાત્યાયની અને મૈત્રેયી વચ્ચે સંપત્તિની વહેંચણી કરીને વનમાં જવા ઈચ્છે છે ત્યારે જેનાથી અમરપદ ન મળે તે ધનથી હું શું કરું? એ પંક્તિમાં માનવજાતની અમૃતતત્ત્વ માટેની ઝંખના પ્રગટ થાય છે. યાજ્ઞવલ્ક્ય અમૃતતત્ત્વનો ઉપદેશ આપે છે. ત્રીજા અને ચોથા અધ્યાયમાં જનક અને યાજ્ઞવલ્ક્યનું આખ્યાન છે. પાંચમા અધ્યાયમાં નીતિ, સૃષ્ટિ તથા પરલોક વિષયક વિવરણ છે. છઠ્ઠા અધ્યાયના પ્રથમ બ્રાહ્મણમાં ઈન્દ્રિયોના વિવાદ દ્વારા પ્રાણની ઉત્કૃષ્ટતા બતાવવામાં આવી છે. ત્રીજા બ્રાહ્મણમાં પ્રવહણ, જૈબલી તથા શ્વેતકેતુ, આસણીનો દાર્શનિક તરીકે આપણી સમક્ષ આવે છે. આમ બંને પ્રકારની ઉપાસનાનું માર્ગદર્શન આ ઉપનિષદ માંથી મળી શકે છે. પ્રશિષ્ટ ઉપનિષદો પૈકી બૃહદારણ્યક ઉપનિષદ અગ્રસ્થાન ધરાવે છે. જે તત્ત્વચિંતનનો મહાનગ્રંથ છે. બૃહદારણ્યક ઉપનિષદ શુક્લ યજુર્વેદના જ શતપથ બ્રાહ્મણનું છે. જેમાં નામ પ્રમાણે સો અધ્યાયો છે. શતપથ બ્રાહ્મણના ૧૪મા ખંડમાં

*આરણ્યક આવે છે. આરણ્યકના* 4 *થી* 9(1 *થી* 6) *અધ્યાયો 'બૃહદારણ્યક ઉપનિષદ્' તરીકે ઓળખાય છે. બૃહદારણ્યક ઉપનિષદમાં પ્રસ્તુત થયેલું તત્ત્વચિંતન તો અદ્વૈત-વેદાન્તનો પાયો છે. એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. બૃહદારણ્યક ઉપનિષદમાં પ્રમાણમાં દેખીતી રીતે સરળ પણ અતિગહન સિદ્ધાંતને ઋષિ આખ્યાયિકાથી, બોધકથાથી, સંવાદોથી, દષ્ટાન્તોથી સમજાવે છે. આ ઉપનિષદમાં જનક, યાજ્ઞવલ્ક્ય, અશ્વલ જરુત્કારુ, ભુજ્યુ ઉપસ્ત, કહોલ, ઉદાલક, વિદગ્ધ, જિત્વા જેવા તત્ત્વચિંતકોના સંવાદો છે. જેમાં બ્રહ્મવાદિની', મૈત્રેયી અને ગાર્ગી જેવી વિદુષી સ્ત્રીઓ પણ તત્ત્વચિંતનને પ્રેરણા આપે છે.*

*આ ઉપનિષદ કદમાં જ નહીં, તત્ત્વજ્ઞાન સંદર્ભે પણ બૃહત્ત્વ ધરાવે છે. બ્રહ્મપ્રતિપાદકત્વ એ જ આ ઉપનિષદનું મુખ્ય ધ્યેય છે. વિધેયાત્મક અને નિષેધાત્મક વાક્યો દ્વારા બ્રહ્મ અને અદ્વૈતનું પ્રતિપાદન આ ઉપનિષદ કરે છે. અશ્વમેઘ જેવા ખંડોમાં કાવ્યાત્મકતા દેખાય છે. તો તૃતીય અધ્યાયમાં ચર્ચા-વિચારણાથી, પ્રશ્નોત્તરીથી બ્રહ્મપ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ઉપનિષદ્* "अहं ब्रह्मास्मि" *જેવું મહાવાક્ય ધરાવે છે. યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયીનો વિખ્યાત સંવાદ અહીં આવેલો છે. જ્ઞાતથી અજ્ઞાત પ્રતિ અને સ્થૂળથી સૂક્ષ્મ પ્રતિ ગતિ કરાવવાનું આ ઉપનિષદનું ધ્યેય હોય તેવું આ સંવાદ દ્વારા અનુભવાય છે. અને,* 'असतो मा सद् गमय ।'*જેવી જીવનની ઉર્ધ્વગામી ગતિ માટે યાચના કરતી પ્રાર્થના આ ઉપનિષદને ભવ્યતા અર્પે છે. આ ઉપનિષદમાંથી "જેવું કર્મ કરે તેવું ફળ પ્રાપ્ત કરે", "મારા પિતા માનતા હતા કે, સમ્પૂર્ણ જ્ઞાન આપ્યા વિના શિષ્ય પાસેથી(ધન, ઈત્યાદિ) ગ્રહણ ન કરવું", જેવું વ્યાવહારિક જીનવદર્શન પણ પ્રાપ્ત થાય છે.*

## 5.13 શ્વેતાશ્વતરોપનિષદ્

*શ્વેતાશ્વતર નામના મુનિએ વિશ્વમાં આ ઉપનિષદનો પ્રચાર કરેલો હોવાથી આ ઉપનિષદ્નું નામ શ્વેતાશ્વતર પડયું છે. યજુર્વેદની તૈત્તિરીય શાખાનું આ ઉપનિષદ્ છે. તેના ઉપદેશક ઋષિના નામ પરથી આ ઉપનિષદ્નું નામ પડયું છે. આ ઉપનિષદમાં સાંખ્ય તત્ત્વચિંતન સ્પષ્ટ છે. બીજા અધ્યાયમાં યોગનું વર્ણન છે, તેથી આ ઉપનિષદ્ અર્વાચીન છે એમ મનાય છે. ત્રીજાથી પાંચમા અધ્યાયોમાં શૈવ તથા સાંખ્ય સિદ્ધાંતો પ્રતિપાદિત થયા છે. માયા સિદ્ધાંતનો પણ અહીં ઉલ્લેખ છે. સાંખ્ય અને વેદાંતના ઉદયકાળનું આ ઉપનિષદ્ છે.*

*શ્વેતાશ્વેતર ઉપનિષદના છ અધ્યાય છે. પહેલા અધ્યાયમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. ક્ષર, અક્ષર વગેરે શબ્દો, દર્શનગ્રંથો અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં લેવાયા છે. બીજા અધ્યાયમાં યોગનું વિષદ્ વર્ણન તથા મનની શુદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી છે. ત્રીજા અને ચોથા અધ્યાયમાં બ્રહ્મની વ્યાપકતા અને મહત્તા દર્શાવી છે. એમાં સાંખ્ય સિદ્ધાંતોનું મૂળ રૂપ છે. પાંચમા અધ્યાયમાં જુદી જુદી સ્તુતિઓ કરવામાં આવી છે. છઠ્ઠા અધ્યાયમાં બ્રહ્મના સ્વરૂપની ચર્ચાઓ તેની સર્વે વ્યાપકતા બતાવીને સ્તુતિ કરવામાં આવી છે. આ અધ્યાયમાં ગુરુને દેવતુલ્ય માનીને એની ભક્તિ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.*

*શ્વેતાશ્વેતર ઉપનિષદના સમયમાં સાંખ્ય, યોગ તથા વેદાંત દર્શન અલગ અલગ સ્વરૂપે જોવા મળે છે. કારણ કે આ ઉપનિષદ્માં ત્રણેય દર્શનના સિદ્ધાંતોનું મિશ્રણ છે. ઈશ્વર, જીવ તથા પ્રકૃતિ એ ત્રણેય તત્ત્વોમાં ઈશ્વર બધાનો સર્વોપરિ છે.*

## 5.14 કૌષીતકિ ઉપનિષદ્

*આ ઉપનિષદ્ ઋગ્વેદમાં સમાવિષ્ટ છે તેના ચાર અધ્યાય છે. પ્રથમ અધ્યાયમાં દેવયાન તથા પિતૃયાન માર્ગોનું વર્ણન છે. બીજા અધ્યાયમાં આત્માના સૂચક તરીકે* 'प्राण' *વિશે કહેવામાં આવ્યું છે. છેલ્લા બે અધ્યાયોમાં બ્રહ્મના સિદ્ધાંતો વિશે વિવેચન કરેલું છે. પ્રતર્દન ઈન્દ્ર પાસેથી બ્રહ્મવિદ્યા શીખે છેતેનું ત્રીજા અધ્યાયમાં વર્ણન છે. ચોથા અધ્યાયમાં બૃહદારણ્યકની બાલાકિ તથા અજાતશત્રુની આખ્યાયિકાનું પુનરાવર્તન છે.*

## 5.15 મૈત્રી અથવા મૈત્રાયણી ઉપનિષદ્

*સાંખ્ય ફિલસૂફીનાં તત્ત્વો, યોગના છ અંગો તથા હઠ યોગના સિદ્ધાંતોનું વર્ણન આ ઉપનિષદમાં છે. સાંખ્ય તથા યોગ દર્શનની વિચારધારાના વિકાસની દ્રષ્ટિએ આ ઉપનિષદનું ઐતિહાસિક મૂલ્ય છે. અન્ય ઉપનિષદોનાં અવતરણ પણ આ ઉપનિષદમાં છે. જેનાથી તેનું અર્વાચીનપણું પુરવાર થાય છે. આ ઉપનિષદ્ ગદ્યમાં છે તથા સાત પ્રપાઠકોમાં વહેંચાયેલું છે. ક્યાંક ક્યાંક તેમાં પદ્ય પણ જોવા મળે છે. આ ઉપનિષદ્ પાછળથી રચાયું હોય તેમ લાગે છે, કારણ કે પ્રાચીન ઉપનિષદોની જેમ આમાં ગદ્ય પણ છે, છતાં તેમાં વૈદિક ભાષાનું કોઈ લક્ષણ જોવા મળતું નથી. ભાષા શૈલીની દષ્ટિએ આ ઉપનિષદ્ મહાકાવ્યના સમયમાં રચાયું હોય તેમ લાગે છે.*

## 5.16 સારાંશ

*આમ, ઋગ્વેદના દસ, શુક્લ યજુર્વેદનાં ઓગણીસ, કૃષ્ણ યજુર્વેદના બત્રીસ, સામવેદનાં છાસઠ અને અથર્વવેદનાં એકત્રીસ એમ કુલ એકસો આઠ એ દર્શાવે છે. ઐતરેય ઉપનિષદ્ ઋગ્વેદનું છે. તો બૃહદારણ્યક યજુર્વેદનું છે. છાંદોગ્ય અને કેન સામવેદનાં છે. તો મુંડક અને પ્રશ્નોપનિષદ અથર્વવેદનાં છે. આમ બધાં ઉપનિષદો કોઈ ને કોઈ વેદ સાથે સંકળાયેલાં છે.*

**સ્વાધ્યાય**

1. *ઉપનિષદ એટલે શું ?*
2. *ઉપનિષદને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?*
3. *મુખ્ય ઉપનિષદ કેટલા છે ? કયા કયા ?*
4. *શંકરાચાર્યએ કેટલા ઉપનિષદ પર ભાષ્ય રચ્યું છે ?*

## 5.17 તમારી પ્રગતિ ચકાસો

1. मातृदेवो भव । पितृदेवो भव । *આ વાકય ક્યાં ઉપનિષદમાં જોવા મળે છે?*

2. *સામવેદનાં ઉપનિષદો જાણાવો.*

3. *બૃહદારણ્યક ઉપનિષદ કયા વેદમાં સમાવિષ્ટ છે ?*

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *ઉપનિષદ સાહિત્યનો પરિચય આપો. (ઉત્તરના મુદ્દા,એકમ 5)*
2. *૨.મુખ્ય ઉપનિષદોનો પરિચય આપી ઈશાવસ્યોપનિષદ વિષે લખો. (ઉત્તરના મુદ્દા,*5.2,5.3)

**સૂચિત વાંચન સામગ્રી**

1. *ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન – લેખક- પોલ ડોયસન, સંપાદક- રામકૃષ્ણ વ્યાસ ( સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર )*
2. *ઉપનિષદ વિમર્શ – લેખક, નરેશ વેદ ( પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ )*
3. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

# એકમ : 6 : ઔપનિષદિક તત્ત્વજ્ઞાન

## રૂપરેખા


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** શાંતિ અને મુક્તિનું ચિંતન

**6.3** જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા અને તેની પૂર્તિનું ચિંતન

**6.4** બ્રહ્મ અને આત્માનું ચિંતન

**6.4.1** બ્રહ્મ

**6.4.1** આત્મા

**6.5** આત્મા અને પરમાત્માની એકતાનું ચિંતન

**6.5.1** ઈશ્વર

**6.5.2** જીવ

**6.6** એકેશ્વરવાદ

**6.7** અદ્વૈતવાદ

**6.8** નિષ્કામ કર્મનું તત્ત્વજ્ઞાન અને પુનર્જન્મવાદ

**6.9** માનવજીવનની આચારસંહિતાનું ચિંતન

**6.10** આત્મજ્ઞાનના અધિકારીનું ચિંતન

**6.11** વિવિધ વિચારસરણીનો સમન્વય

**6.12** સારાંશ

**6.13** તમારી પ્રગતિ ચકાસો


## 6.0ઉદ્દેશો

- *ભારતીય તત્ત્વજ્ઞાનના પૂરક ઉપનિષદ ગ્રંથોથી માહિતગાર થાય.*
- *ઉપનિષદના મૂળભૂત સિદ્ધાંતોને જાણે.*

## 6.1 પ્રસ્તાવના

*ભારતીય તત્ત્વજ્ઞાનનું સારભૂત તત્ત્વ તેનો અધ્યાત્મવાદ છે અને આ અધ્યાત્મવાદનો અર્ક ઉપનિષદોમાં સમાયેલો છે. ઉપનિષદોના પાયા ઉપર જ ભારતનાં દર્શનો અને ધર્મની ઈમારત રચાઈ છે. આવા ઉપનિષદોના તત્ત્વજ્ઞાન વિશે કહી શકાય કે "આ વિશ્વને જેના શરૂઆતનાં અને છેવટનાં પૃષ્ઠ ગુમ થયાં છે તેવી એક જૂની હસ્તપ્રત સાથે સરખાવવામાં આવ્યું છે. આ વિશ્વરૂપ પુસ્તકનો આરંભ કેવી રીતે થયો કે તેનો અંત કેવો થશે તે કહી શકાય તેમ નથી. મનુષ્યો આ ગૂમ થયેલાં પૃષ્ઠોની કથાને શોધવા સતત પ્રયત્નશીલ છે અને શોધનું નામ છે – ફિલસૂફી."*

*આ વાત ઉપનિષદોના તત્ત્વચિંતનને યથાર્થ રીતે લાગુ પડે છે. ઉપનિષદના તત્ત્વચિંતકો જીવન અને સૃષ્ટિનાં રહસ્યોનો, અસ્તિત્વનો, વિશ્વનાં અદશ્ય પરિબળો સાથેના માનવ સંબંધોનો તાગ મેળવવા મથે છે અને આ વિશ્વના અસ્તિત્વના મૂળને પામવા સતત પ્રયત્નશીલ છે.*

## 6.2 શાંતિ અને મુક્તિનું ચિંતન

*વેદનાં સૂક્તોમાં, બ્રાહ્મણગ્રંથોમાં આર્યોના ચિંતન કરતા ઉપાસના અને આચરણ સાથે સંબંધ ધરાવે છે. તેમાં દેવોની સ્તુતિના મંત્રો, યજ્ઞયાગનાં અનુષ્ઠાનો, દેવો અને યજ્ઞના સ્વરૂપની વિચારણા છે; જ્યારે ઉપનિષદોમાં કેવળ શાંતિ અને મુક્તિ માટે તલસતા હૃદયની નિર્ભયતા અને સાહસિકતાનું દર્શન થાય છે. તત્ત્વચિંતન પ્રધાન ઉપનિષદોનું ધ્યેય દાર્શનિક સત્યને શોધી કાઢવા કરતાં વધારે તો મનુષ્યના આતુર આત્માને શાંતિ અને મુક્તિ આપવાનું છે. પ્રો. જે. એસ. મેકેન્ઝી કહે છે, "વિશ્વને વિષે એક અખંડ અને એકધારો સિદ્ધાંત શોધી કાઢવાનો જે પહેલ વહેલો પ્રયાસ જગતમાં થયો તેનું વર્ણન જ ઉપનિષદોમાં છે." 'આ ઉપનિષદો નિરાશાના પ્રોત્સાહક નથી.' આથી જ બાર્થ કહે છે, "આ ઉપનિષદોમાં દુઃખ અને થાકની લાગણી કરતાં તત્ત્વચિંતનની સાહસવૃત્તિ ભરેલી છે." આથી જ જીવન દુઃખમય છે અને જન્મમરણની ઘટમાળમાં સપડાયું છે. આવાં વિધાનો ઉપનિષદોમાં બહુ ઓછાં મળે છે, પરંતુ પરમ શાંતિની ઝંખના માટે દરેક ઉપનિષદના આદિ અને અંતમાં શાંતિમંત્ર મળે છે. તેનાથી ચિત્તનું શમન અને બ્રહ્મની અનુભૂતિ થાય છે.*

## 6.3 જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા અને તેની પૂર્તિનું ચિંતન

*ઉપનિષદના તત્ત્વચિંતનના મૂળમાં છે જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા. તેને આપણે દરેક ઉપનિષદોમાં જોઈ શકીએ છીએ. જેમકે – મુંડકોપનિષદમાં શૌનક અંગિરસ મુનિને આવો અતિપ્રશ્ન પૂછે છે ,* 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति।' *'હે ભગવાન શું જાણવાથી આ બધું જાણી શકાય?' બૃહદારણ્યકનો ઋષિ યાજ્ઞવલ્ક્ય પણ જનકની રાજસભામાં આવો જ પ્રશ્ન પૂછે છે, "એવું તે કયું મૂળ છે કે જેમાંથી જીવનના વૃક્ષનું મૂળ મૃત્યુથી વારંવાર કપાતું રહેતું હોવા છતાં ઊગ્યા કરે છે?" તો શ્વેતાશ્વતર ઉપનિષદમાં સૃષ્ટિના કાર્યકારણમાં પહોંચવાનો પ્રયત્ન ઋષિને અનેક પ્રશ્નો કરતા આપણે સાંભળીએ છીએ. જેવા કે "કારણ શું છે? બ્રહ્મ શું છે? આપણે ક્યાંથી*

જન્મ્યા છીએ? શેના વડે આપણે જીવીએ છીએ? શેના પર આપણે ટકી રહ્યા છીએ? સુખ અને દુ:ખમાં રહેતા આપણે કોનાથી અધિષ્ઠિત છીએ? અને આવી જ રીતે કેનોપનિષદનો પ્રારંભ મનુષ્યની ચેતનાના પ્રાદુર્ભાવિના પ્રારંભથી જાગેલા પ્રશ્નને વાચા આપે ૐ केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमा प्रैति युतः।અર્થાત્ કોની ઈચ્છાથી પ્રેરાયેલું મન પોતાના વિષયો તરફ ગતિ કરે છે ? કોની આજ્ઞાથી પ્રાણ ગતિ કરે છે ? કોની ઈચ્છાથી આ વાણી બોલાય છે ? એવો કયો દેવ છે જેનાથી આંખ અને કાન પ્રવૃત્ત થાય છે ?

આવા અતિપ્રશ્નોના જવાબ ન મળતાં સાધક ક્ષેત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે 'समित्पाणि' (સમિત્પાણિ અર્થાત્ શિષ્ય હાથમાં યજ્ઞનાં કાષ્ઠ (સમિધ) લઈને જાય અને ગુરુને કહે મારા અજ્ઞાનમાં જ્ઞાનાગ્નિ પ્રગટાવો) થઈને જાય છે અને શિષ્યની જિજ્ઞાસાની પ્રતીતિ થતાં મુંડકોપનિષદના ઋષિ કહે છે, વિદ્યા બે પ્રકારની છે : પરા અને અપરા. આમાંની પરા વિદ્યા એટલે બ્રહ્મજ્ઞાન અને સાધકને પણ તેની અનુભૂતિ થતાં જણાય છે : नाल्पे सुखमस्ति, भूमैव सुखम् ।

## 6.4 બ્રહ્મ અને આત્માનું ચિંતન

ઉપનિષદોના મૂળભૂત સિદ્ધાંતોને એક જ વાક્યમાં કહેવા હોય તો આપણે કહી શકીએ – “આ સર્વ વિશ્વ બ્રહ્મ છે અને બ્રહ્મ એ આત્મા છે." આ સિદ્ધાંતનું વિન્ટરનિત્ઝ ,આધુનિક ભાષામાં સમીકરણ માંડી આપતાં કહે છે, “The world is God and God is my soul.” બ્રહ્મ અને આત્મા - આ બે સ્તંભોના આધાર પર ઉપનિષદોના તત્ત્વજ્ઞાનની ઈમારત રચાયેલી છે. ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને સમજવા માટે આ બે શબ્દોની વિભાવનાને સમજવી અત્યંત આવશ્યક છે.

'ब्रह्म' શબ્દ बृह् વધવું, ફૂટી નીકળવું કે વ્યાપીને રહેવું એવો થાય છે. ઋગ્વેદમાં ब्रह्मन्શબ્દ 'પ્રાર્થના' કે 'સ્તુતિ'ના અર્થમાં વપરાયેલો છે, તો आत्माનો અર્થ ઋગ્વેદમાં શ્વાસ કે પ્રાણના અર્થમાં પ્રયોજાયેલો છે. શંકરાચાર્ય आत्मन्

ને ત્રણ રીતે નિષ્પન્ન થતો ગણે છે. જે મેળવે છે, ભોગવે છે અને વ્યાપીને રહે છે તે આત્મા.

આમ, આ બંને શબ્દોના પોતપોતાના સ્વતંત્ર અર્થ છે. 'બાહ્ય જગતનું આદિકારણ તે બ્રહ્મ' અને 'મનુષ્યના હૃદયમાં વસ્તું અંતરતમ તત્ત્વ તે આત્મા.'

### 6.4.1 બ્રહ્મ

ઉપનિષદની સમગ્ર વિચારણાના કેન્દ્રમાં છે બ્રહ્મજિજ્ઞાસા. અહીં જિજ્ઞાસા એટલે જાણવાની ઈચ્છા નહીં, પરંતુ વિચાર. ઉપનિષદો બ્રહ્મવિદ્યાના ગ્રંથો છે અને એમાં મુખ્યત્વે અધ્યાત્મવિદ્યા સમજાવવાની હોઈ સ્વાભાવિક છે કે એમાં બ્રહ્મ અને આત્મા વિશે તાત્ત્વિક રીતે છણાવટ થઈ હોય. ઉપનિષદો અનુસાર બ્રહ્મ જ એક પરમ સત્તા છે. વાસ્તવિક અસ્તિત્વ માત્ર તેનું જ છે. તે કૂટસ્થ, નિત્ય અને અપરિમાણી છે. તે ઈન્દ્રિયાતીત છે, તેથી પ્રત્યક્ષ પ્રમાણથી તેને સિદ્ધ કરી શકાય નહીં. તે અલિંગી છે,

*તેથી અનુમાન પ્રમાણ પણ અહીં કામ આપી શકે નહીં. પરંતુ શબ્દપ્રમાણથી તેનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે. કેટલીય શ્રુતિઓમાં તેનાં શબ્દ-પ્રમાણો છે. જેમકે, તૈતિરીય ઉપનિષદ કહે છે :* सत्यं ज्ञानम् अनन्तं ब्रह्मः। *બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ અને અનંત છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છેઃ* विज्ञानम् आन्दम् ब्रह्मः। *બ્રહ્મ વિજ્ઞાનરૂપ અને આનંદરૂપ છે. એ જ ઉપનિષદમાં એમ પણ કહેવાયું છે* ૩ : अयम् आत्मा ब्रह्मः ।*આ આત્મા જ બ્રહ્મ છે.*

*તો એના વિશે નિષેધક શ્રુતિઓ છેઃ* यतो वाचो निवर्तन्ते अप्राप्य मनस्तसहा ।*જેને શોધવા નીકળેલાં મન અને વાણી તેને મેળવ્યા વિનાના જ રહે છે.* नेति —नेति ।*તેવું આવું નથી, તેવું નથી. મતલબ કે આ બ્રહ્મનું વર્ણન કરવાની વાણી અને મનની શક્તિ નથી. એને વિશે જે જે વિશેષણો કે ગુણોનો વિચાર કરવામાં આવે છે તેના વડે કોઈ બ્રહ્મનું સ્વરૂપ સમજાવી શકે તેમ નથી. કેમકે તે તો એ બધાંથી પર છે.*

### 6.4.1 આત્મા

*ઉપનિષદોમાં બ્રહ્મ માટે આત્મા શબ્દ પણ પ્રયોજાયો છે. આ આત્માનું સ્વરૂપ છ બાબતો દ્વારા સ્પષ્ટ રીતે સમજાવાયું છે. જેમ કે, આત્મા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણેય પ્રકારના શરીરથી જુદો છે. તે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચેય કોશોથી અતીત છે. તે જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુષુપ્ત અવસ્થા—એ ત્રણેય અવસ્થાનો સાક્ષી છે. તે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, પાંચ તન્માત્રાઓ અને ચાર અંતઃકરણો - એ ચોવીસેય તત્ત્વોનો આધાર છે. એ અવિદ્યાની ઉપાધિયુક્ત 'જીવ'થી અને માયારૂપી ઉપાધિયુક્ત 'ઈશ્વર'થી જુદો છે. એ સત્ (સર્વત્ર સર્વદા વિદ્યમાન), ચિત્ (જ્ઞાનરૂપ) અને આનંદરૂપ છે. જ્ઞાનરૂપ આ આત્મા જન્મતો નથી તેમ મરતો પણ નથી. એ ક્યાંથી ઉત્પન્ન પણ થતો નથી, તેમ તેમાંથી બીજું કાંઈ ઉત્પન્ન પણ થતું નથી. જન્મરહિત નિત્ય, સનાતન અને પુરાણો એવો આ આત્મા શરીરનો નાશ થતાં નાશ પામતો નથી. તે હણતો ય નથી તેમ હણાતો યે નથી. સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન એવો આ મનુષ્યનો આત્મા હૃદયરૂપી ગુણમાં છુપાઈને રહેલો છે. આ આત્મા જ જોનારો, સ્પર્શ કરનારો, સાંભળનારો, સૂંઘનારો, સ્વાદ લેનારો, વિચાર કરનારો, જાણનારો, કર્મ કરનારો વિજ્ઞાનાત્મા પુરુષ છે. આ આત્માની ચાર અવસ્થાઓ છે. જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા, સુષુપ્ત અવસ્થા અને તુરીય અવસ્થા. જાગ્રત અવસ્થામાં તેને 'વિશ્વ' સંજ્ઞાથી ઓળખાવ્યો છે. કારણ કે એ વખતે જીવાત્મા બહિર્મુખી હોય છે. સ્વપ્નાવસ્થામાં તેને 'તૈજસ' સંજ્ઞાથી ઓળખાવ્યો છે. કારણ કે એ વખતે જીવાત્મા અંતર્મુખી હોય છે. સુષુપ્ત અવસ્થામાં તેને 'પ્રાજ્ઞ' સંજ્ઞાથી ઓળખાવ્યો છે. કારણ એ વખતે જીવાત્મા ચેતોમુખી હોય છે. તુરીય અવસ્થામાં તેને 'અદ્વૈત' સંજ્ઞાથી ઓળખાવ્યો છે. કારણ કે એ વખતે જીવાત્મા શિવમુખી હોય છે. આ ચતુર્વ્યૂહાત્મક એકતાનો પ્રતિપાદક શબ્દ 'ૐ' છે. જાગ્રત અવસ્થાનો વૈશ્વાનર આત્મા ૐકારની 'અ'કારરૂપ માત્રા છે. સ્વપ્ન અવસ્થાનો તૈજસ આત્મા 'ૐ'કારની 'ઉ'કારરૂપ બીજી માત્રા છે. સુષુપ્ત અવસ્થાનો પ્રાજ્ઞ આત્મા ૐકારની 'મ'કારરૂપ ત્રીજી માત્રા છે. માત્રા વિનાનો ચોથો 'અદ્વૈત'*

*આત્મા 'ૐ'કારની 'અર્ધ'માત્રા છે અને તે વાણીના વ્યવહારથી પર છે. આ પ્રમાણે ૐકાર આત્માનું જ પ્રતીક છે. અંગૂઠા જેટલો પુરુષ અન્તરાત્મારૂપે હંમેશાં મનુષ્યોના હૃદયમાં રહે છે. આ આત્મા સત્ય વડે, તપ વડે, સાચા જ્ઞાન વડે અને સતત બ્રહ્મચર્ય વડે મેળવી શકાય છે.*

*છાંદોગ્ય ઉપનિષદમાંની શાંડિલ્યની વિખ્યાત ફિલસૂફી આ રીતે આરંભાય છે.* सर्वं खलु इदं ब्रह्म। *આ બધું વિશ્વ ખરેખર બ્રહ્મ છે. આમ, બ્રહ્મ અને આત્માની ભિન્નતા સિદ્ધ થાય છે.*

## 6.5 આત્મા અને પરમાત્માની એકતાનું ચિંતન

*વિશ્વમાં વિલસતો પરમાત્મા અને માનવીમાં રહેલો અંતરાત્મા અભિન્ન છે.*

'तत्त्वमसि' *અને* 'सोऽहम्'

*જેવાં વિધાનો આ હકીકતના દ્યોતક છે. આ બ્રહ્મ સ્વભાન કે અસ્મિતા ધરાવે છે ત્યારે તે ઈશ્વર બને છે. માણસનાં મન અને પ્રાણ તરીકે હોય ત્યારે તે બ્રહ્મ, હિરણ્ય ગર્ભ કે વિશ્વાત્મા બને છે અને આ હિરણ્યગર્ભ જ વિરાટ રૂપે જોવા મળે છે.*

### 6.5.1 ઈશ્વર

*જેને આપણે અક્ષય બ્રહ્મ કહ્યું તે પરબ્રહ્મ છે. તે નિર્વિશેષ નિર્ગુણ, નિર્વિકલ્પ, નિરૂપાધિક છે. તે મન-બુદ્ધિ માટે અગોચર, અનિર્દેશ્ય, અવાચ્ય અને અમેય છે. એ સર્વવ્યાપી છે. આ નિર્વિશેષ પરબ્રહ્મ જ માયાની ઉપાધિને સ્વીકારને જાણે પોતાની જાતને સંકુચિત કરી લે છે. તેથી તે વ્યાવહારિક બ્રહ્મ બને છે. તે સવિશેષ સવિકલ્પ, સોપાધિક, સગુણ બ્રહ્મ છે. પારમાર્થિક બ્રહ્મ પરબ્રહ્મ છે તો આ વ્યાવહારિક બ્રહ્મ અપર બ્રહ્મ છે. આ રીતે બ્રહ્મનાં બે રૂપો છે :* (1) *નિર્ગુણ અને* (2) *સગુણ. આ સગુણ બ્રહ્મ એટલે જ ઈશ્વર. બ્રહ્મ માયાયુક્ત થઈને ઈશ્વર થાય છે. આ ઈશ્વર કાંઈપણ કરવા, ન કરવા કે અન્યથા કરવા માટે સમર્થ છે. એ જ આ સૃષ્ટિનું નિમિત્તકારણ તેમ ઉપાદાન કારણ છે. મતલબ કે એ જ આ વિશ્વની સૃષ્ટિ, સ્થિતિ અને લયનું કારણ છે. બે બ્રહ્મની આ માન્યતામાં ક્યાંય વિરોધ નથી, બંને એક છે. દૃષ્ટિકોણની ભિન્નતાને લીધે એ જુદાં લાગે છે. નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ એ સૌનું અંતિમ લક્ષ્ય છે, તેને સાચો જ્ઞાની જ પામી શકે. સગુણની ઉપાસના તે પ્રાપ્ત કરવા માટેનું પગથિયું છે. જોવા જઈએ તો આ બ્રહ્મ હકીકતે સ્થાનહીન છે. પરંતુ ઉપાધિવિશેષ સાથે સંબંધ થવાથી ભિન્ન ભિન્ન સ્થાનોમાં તેની ઉપસ્થિતિ કલ્પી તેની ઉપાસના કરાય છે. ઉપનિષદોએ તેને સૂર્યમાં, નેત્રમાં અને હૃદયમાં રહેલો કહી ઉપાસના કરવાનું સૂચવ્યું છે. ઈશ્વરની ઉપાસના પ્રતીકો દ્વારા થતાં પ્રતીકોપાસના થઈ જાય છે. એ જ્ઞાનોપાસનાથી જુદી છે. આ બંને ઉપાસનાઓનું ફળ જુદું જુદું છે. નિર્વિશેષ બ્રહ્મજ્ઞાનનું ફળ મોક્ષ હોય છે જ્યારે પ્રતીકોપાસનાનું ફળ સાંસારિક ઈચ્છાતૃપ્તિ સુધી મર્યાદિત હોય છે. જીવાત્મા અને પરમાત્મા સાથે રહેનારા મિત્રો છે. બંને એક જ શરીરરૂપમાં એકરૂપ થઈને રહ્યા છે. તેમાંનો જીવાત્મા સંસારાભિમુખ થઈ સાંસારિક વાસનાઓનાં મીઠાં લાગતાં ભોગોમાં તન્મય રહે છે જ્યારે પરમાત્મા એવી કશી ક્રિયા કરવાને બદલે એવા*

*ભાગોમાં આસક્ત ન થતાં માત્ર સાક્ષીરૂપે એને જોયાં કરે છે. ભોગાસક્ત જીવાત્મા આખરે મોહ પામીને શોક પ્રાપ્ત કરે છે પણ જ્યારે એને આ બધી બાબતોના નિયંતારૂપે પરમાત્માને જાણે છે ત્યારે એ શોકરહિત બને છે.*

### 6.5.2 જીવ

*જીવની વાસ્તવિક સત્તા નથી, માત્ર ઔપાધિક કે વ્યાવહારિક સત્તા છે. જેમ માયાથી અધિષ્ઠિત બ્રહ્મ ઈશ્વર બને છે, તેમ અવિદ્યાથી અધિષ્ઠિત બ્રહ્મ જીવ થાય છે. માયાથી અવચ્છિન્ન ચૈતન્ય ઈશ્વર છે અને અંતઃકરણ અવચ્છિન્ન ચૈતન્ય જીવે છે. શરીર અને ઈન્દ્રિયોનો અધ્યક્ષ આત્મા જીવ છે. એ કર્મફળ ભોગવે છે. તેનું વાસ્તવિક સ્વરૂપ નિત્ય હોવાથી તેની ઉત્પત્તિ થતી નથી; તે તો હોય જ છે. જે ઉત્પત્તિ થાય છે તે તો શરીર વગેરેની ઉપાધિઓની. પરબ્રહ્મ વિભુ છે તેથી જીવ પણ વિભુ છે. બ્રહ્મ જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્ત એવી અવસ્થાત્રયીથી પર હોય પણ જીવ આ ત્રણેય અવસ્થાઓ અને અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચેય કોશોમાં રહેલો હોય છે. એના શરીરરૂપો ત્રણ છે :* (1) *સ્થૂળ શરીર* (2) *સૂક્ષ્મ શરીર અને* (3) *કારણ શરીર. જીવ તેથી અનુક્રમે વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞ એવા ત્રણ નામથી ઓળખાય છે. જીવ અને ઈશ્વર અનાદિ છે. કારણ કે કેવળ બ્રહ્મથી અથવા કેવળ માયાથી અથવા પરસ્પરથી (ઈશ્વરથી જીવની અને જીવથી ઈશ્વરની) અથવા પોતાની મેળે (સ્વસિદ્ધિને આધીન) ઈશ્વર તથા જીવની ઉત્પત્તિ સંભવી શકતી નથી. અવિદ્યા તથા ચેતનના સંબંધની સિદ્ધિથી જ ઈશ્વર તથા જીવની સિદ્ધિ છે. તે સંબંધ પોતે પણ અનાદિ છે તેનાથી પણ ઈશ્વર તથા જીવની ઉત્પત્તિ સંભવે નહીં. જીવ અને ઈશ્વરનો ભેદ કલ્પિત છે (અવિદ્યા અને માયાની ઉપાધિથી પ્રતીત થતો હોવાથી) ઘટાકાશ અને મહાકાશના ભેદની પેઠે કલ્પિત છે. સાભાસ અંતઃકરણરૂપ ઉપાધિથી પ્રતીત થતો હોવાથી અનેક ઘટાકાશના ભેદની પેઠે જીવોનો પરસ્પર ભેદ પણ કલ્પિત છે. વળી, સાભાસ અંતઃકરણ અને નિરાભાસ નામરૂપ ઉપાધિને લીધે પ્રતીત થતો હોવાથી, સ્વપ્નના અનેક ચર-અચર પદાર્થોની પેઠે, જીવ અને જડનો ભેદ પણ કલ્પિત છે. જીવના ત્રણ દેહ - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, ત્રણ અભિમાની વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ અને ત્રણ અવસ્થાઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ મુજબનાં નવ કાર્યો અને એ બધાંના કારણરૂપ અવિદ્યા અને એનું અધિષ્ઠાન તે દસમું અને કૂટસ્થ ચૈતન્ય એ અગિયારમું મળીને 'જીવ' શબ્દનો વાચ્યાર્થ થાય છે. પરમાત્મા જીવાત્માનો આત્મા છે અને આત્મા એ આત્મા હોવાને કારણે જ તત્ત્વભૂત પદાર્થ હોઈ સત્યપદાર્થ ગણાય. તેથી પરમાત્મા સત્ય છે અને જીવાત્મા એ પરમાત્મા છે.*

## 6.6 એકેશ્વરવાદ

*ઋગ્વેદમાં જેમ અનેક દેવની ચર્ચા વચ્ચે પણ એક સર્વોપરી દેવનો ખ્યાલ સતત ગૂંજ્યા કરે છે, તેમ ઉપનિષદમાં પણ એકેશ્વરવાદ વિલસે છે. બૃહદારણ્યકોપનિષદમાં શાકલ્ય યાજ્ઞવલ્ક્યને દેવોની સંખ્યા પૂછે છે, તો યાજ્ઞવલ્ક્ય પ્રથમ* 3306*ની સંખ્યા અને પછી તે એક સંખ્યા જણાવે છે અને તે એક બ્રહ્મ છે એમ જણાવે છે. આવી જ રીતે . ગાર્ગ્ય બાલાકિને ઉપદેશ આપતાં બ્રહ્મનું વિધાન કરતાં કહે છે, જેવી રીતે કરોળિયો*

પોતાનામાંથી તંતુઓ કાઢે છે, જેવી રીતે અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તેમ આ બ્રહ્મમાંથી સર્વ પ્રાણ, સર્વ લોકો, સર્વ દેવો અને સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મને મનુષ્યની પ્રવૃત્તિઓના આવિર્ભાવ તરીકે વર્ણવવામાં આવ્યું છે. બ્રહ્મને વાક્, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન અને હૃદય તરીકે વર્ણવ્યું છે. અહીં બ્રહ્મને મનુષ્યની નજીક લાવવામાં આવ્યું છે. બ્રહ્મ મનુષ્યમાં તેની અંદર છે તેવું પ્રતિપાદિત થાય છે. આમ, "બ્રહ્મને વિશ્વના આદિકારણ તરીકે ગણાવીને મનુષ્યના અંતરતમ તત્ત્વ તરીકે પણ વર્ણવ્યું છે." બ્રહ્મ બાહ્ય વિશ્વનું સર્જન કરી તેમાં પ્રવેશ કર્યો – तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ।તે આ દેવતાએ વિચાર કર્યો. જીવના આત્માથી પ્રવેશ કરીને હું નામો-રૂપો ભિન્ન કરું છું.

## 6.7 અદ્વૈતવાદ

આત્માને જ બ્રહ્મ માનતાં છાંદોગ્ય ઉપનિષદમાં પાંચ મહાશ્રોત્રિય ચર્ચા કરે છે. को नु आत्मा । किं ब्रह्मेति । આ પાંચેય એ વિદ્વાન પાસે ગયા, પરંતુ તેણે જવાબ ન આપતાં આ છયે જણ અશ્વપતિ પાસે ગયા. અશ્વપતિએ પહેલાં આ બધા પાસેથી જવાબ કઢાવ્યા, તો એકે આકાશને, બીજાએ આદિત્યને એમ વાયુ, અંતરિક્ષ, આપ અને પૃથ્વીને આત્મા બતાવ્યા. અશ્વપતિએ તેમાં ક્ષતિ બતાવતાં કહ્યું: यूयं पृथगिवेममात्मानं वैश्वानरं विद्वान् । પોતાનાથી તમે આને પૃથક્ માનો છો તે ભૂલ છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે, "જે પુરુષમાં છે, જે સૂર્યમાં છે તે બંને એક છે." બૃહદારણ્યક ઉપનિષદમાં જે ત્યાં દૂર દૂર પુરુષ છે તે હું જ છું." આમ દર્શાવતાં આત્મા અને બ્રહ્મનું એકત્વ સિદ્ધ થાય છે.

सर्वं खलु इदं ब्रह्म નો સાક્ષાત્કાર પાંચ તબક્કે આવે છે. પ્રથમ આત્માને પોતાનામાં સાક્ષાત્કાર કરવો - આત્મા आत्मा वा अरे द्रष्टव्यः । બીજામાં 'હું' અને 'આત્મા'ના ઐક્યનો સાક્ષાત્કાર. ત્રીજો તબક્કો अयमात्माब्रह्म ।તો પછી હું જ બ્રહ્મ છું – अहं ब्रह्मास्मि ।અથવા तत्वमसि નો સાક્ષાત્કાર કરવો તે થયો. ચોથો તબક્કો અને પછી સર્વમાં સાક્ષાત્કાર કરવો એટલે सर्वं खलु इदं ब्रह्मનો અનુભવ કરવો. આ અંતિમ તબક્કો. આને જ કહેવાય કેવલાદ્વૈતવાદ.

'આમ, બ્રહ્મ જ જગતનું ઉપાદાન અને નિમિત કારણ છે. एकोऽहम् बहुस्याम् ની અનુભૂતિ સાથે વિશ્વની રચના કરવામાં આવી છે.

## 6.8 નિષ્કામ કર્મનું તત્ત્વજ્ઞાન અને પુનર્જન્મવાદ

ઉપનિષદો કર્મ અને પુનર્જન્મના રહસ્યનો પણ વિચાર કરે છે. આત્મજ્ઞાન માટે કર્મનો ત્યાગ કોઈપણ સંજોગોમાં શક્ય નથી. એક જ ભવમાં બધાં સુખ-દુ:ખ ભોગવી શકાતાં નથી, માટે પુનર્જન્મોને સ્વીકારવા પડે. તો આ બધા જન્મોને ધારણ કરનાર એક સંસારી જીવની હસ્તી પણ માનવી જોઈએ.

કર્મ પ્રત્યેનો ઉપનિષદનો અભિગમ ઈશાવાસ્ય ઉપનિષદના પ્રથમ બે મંત્રોમાં સારી રીતે સમજાવ્યો છે - कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।અર્થાત્ કર્મો કરતાં સો વર્ષ

જીવવાની ઈચ્છા કરવી જોઈએ, પરંતુ આવું કર્મ અનાસક્ત હોવું જોઈએ. કર્મ પાછળ રહેલી ફલાસક્તિ બંધનકારક બને છે, માટે ફળત્યાગ જરૂરી છે. ઈશાવાસ્ય ઉપનિષદ આનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે तेन त्यक्तेन भुञ्जीथाः।– 'ત્યાગીને ભોગવ' આવા નિષ્કામ કર્મને જ ગીતા કર્મયોગ કહે છે. તેના આચરણથી માનવમન વિશાળ અને ઉદાર બને છે તેમજ તેને સર્વત્ર આત્માનુભૂતિ થાય છે. મોક્ષપ્રાપ્તિનો આ જ ઉત્તમ ઉપાય છે.

આ ઉપરાંત ઉપનિષદોમાં કર્માનુસાર ગતિ, દેવયાન-પિતૃયાન સૃષ્ટિની પ્રક્રિયા, પંચીકરણ, જીવનમુક્તિ વગેરે વિષયોની ચર્ચા યથાસ્થાને કરવામાં આવી છે. આ વિષયોને રોચક બનાવવા અનેક સ્થળે નાની-મોટી કથાઓ, રૂપકો અને ઉદાહરણો પણ આપવામાં આવ્યાં છે.

## 6.9 માનવજીવનની આચારસંહિતાનું ચિંતન

આત્મજ્ઞાન માટે ઉપનિષદો શુદ્ધ ચારિત્ર્યને ખૂબ જ મહત્ત્વ આપે છે. તેના વિના આત્મજ્ઞાન શક્ય નથી. ઉપનિષદો શૌર્ય, ઉપવાસ, બ્રહ્મચર્ય, એકાંતવાસ વગેરે શારીરિક શુદ્ધિ દ્વારા આધ્યાત્મિક સંગ્રામને માટે વ્યક્તિને તૈયાર કરે છે. ઉપનિષદ બ્રહ્મચર્યને યજ્ઞરૂપ ગણાવે છે. શ્રદ્ધાપૂર્વક થતાં દાન, દમ અને દયાનું પાલન કરવાનો તે હંમેશાં આગ્રહ રાખે છે. છાંદોગ્ય ઉપનિષદમાં તપ, દાન, આર્જવ, અહિંસા અને સત્ય વચન વગેરેને સદાચારમાં ગણાવ્યાં છે. પ્રાણીમાત્ર સાથે દયાભાવથી વર્તવાનો અહીં આગ્રહ રાખવામાં આવ્યો છે. ઉપનિષદોમાં વર્ણાશ્રમ ધર્મનું પાલન ચારિત્ર્યઘડતરના પાયારૂપ હતું. સત્યકામ જાબાલિ આવા ચારિત્ર્યઘડતરનું સુંદર દૃષ્ટાંત છે તેમજ ઉપનિષદોનો ધ્વનિ છે કે सत्यं वद । धर्मं चर। વગેરે ગીતાની જેમ ઉપનિષદ પણ કહે છે – श्रद्धावान् लभते ज्ञानम् । તો ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે- मा गृधः कस्यस्विद् धनम् ।તું કોઈના "ધનની લાલચ રાખીશ નહિ.' આવા સદ્ગુણો જ માનવહૃદયને આત્મજ્ઞાન માટે તૈયાર કરે છે.

આમ, ઊંચામાં ઊંચી કોટિના ધર્મ માટે ચિંતન, મનન, સદાચારપૂર્ણ વર્તન, પરમતત્ત્વમાં શ્રદ્ધા વગેરે ઉપનિષદની વિચારસરણીનું પ્રથમ અને અનિવાર્ય સોપાન છે અને હિરણ્યમય પાત્ર વડે ઢંકાયેલા મુખને પામવાનો આ એક ઉત્તમ માર્ગ છે.

## 6.10 આત્મજ્ઞાનના અધિકારીનું ચિંતન

કોઈ સામાન્ય વસ્તુ કે વિષયને પ્રાપ્ત કરવા માટે તે માટેની યોગ્યતા જરૂરી છે, તો અહીં તો ઉપનિષદના અમૂલ્ય જ્ઞાનને પામવાની વાત છે તો ઉપનિષદનું गृह्यात् गृह्यतरं ज्ञानम् । તો સિંહણના દૂધ જેવું છે. આથી જ યાસ્કાચાર્ય અને શંકરાચાર્યની જેમ ઉપનિષદો પણ શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા જેવાં લક્ષણોને સ્વીકારે છે. કેનોપનિષદના ઋષિ કહે છે - तस्मै तपो दमः कर्मेति प्रतिष्ठाः वेदाः सर्वांगानि सत्यमायतनम्। અર્થાત્ 'તેનો આધાર તપ, દમ અને કર્મ છે. વેદો તેનાં અંગ છે અને સત્ય તેનું નિવાસસ્થાન છે.' આ માટે કઠિન તપશ્ચર્યા જરૂરી છે. ઇન્દ્રિય સંયમ, નિષ્કામ કર્મ, અડગતા વગેરેથી ચિત્તશમન થાય છે. આથી કઠોપનિષદ્ માં યમ નચિકેતાની પરીક્ષા કરીને

*પછી જ આત્મવિદ્યા આપે છે. પછી ચિત્તશમન થતાં તેને સર્વત્ર બ્રહ્મની જ અનુભૂતિ થાય છે. એટલે જ કેનોપનિષદ્‌નો ઋષિ શાંતિપાઠમાં પ્રાર્થે છે કે,* उपनिषत्सु धर्मः ते मयि सन्तु।( *ઉપનિષદમાં વર્ણિત ધર્મ મારામાં સ્થિત છે )*

## 6.11 વિવિધ વિચારસરણીનો સમન્વય

*ઉપનિષદની વિચારસરણી વેદોની વિચારધારા કરતાં અલગ છે. વેદોમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેયનો અલગ-અલગ રીતે ઉલ્લેખ જોવા મળે છે, તો બ્રાહ્મણગ્રંથોમાં કર્મકાંડનું પ્રાધાન્ય છે. આમાંથી કોઈ એક જ માર્ગના આશ્રયથી વ્યક્તિ એકાંગી બની જાય છે અને અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકતો નથી, પરંતુ ઉપનિષદ તો આ બધાનો સમન્વય કરવાનું કહે છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં આનો ઉલ્લેખ કરતાં ઋષિ વિદ્યા- અવિદ્યા, સંભૂતિ-અસંભૂતિ તો કઠોપનિષદમાં પણ વિદ્યા-અવિદ્યા, શ્રેય-પ્રેય વગેરે તત્ત્વતઃ જાણવાથી જ બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે અને આ જુદી-જુદી વિચારસરણી જ મોક્ષપ્રાપ્તિનો ઉત્તમ માર્ગ છે.*

असतो मा सद्गमय। तमसो मा ज्योतिर्गमय । मृत्योर्माऽमृतं गमय ।*આ છે માનવજાતની પ્રાર્થના. જ્યાં સુધી વિશ્વમાં માનવની આ પ્રકારની અસત્ માંથી સત્ તરફ ગતિ કરવાની ઉત્કંઠા રહેશે ત્યાં સુધી એ ઉત્કંઠાને ઉત્કટ રીતે આવિષ્કાર કરનારા કે આધ્યાત્મિક પ્રથાને પીછાણનારા ઉપનિષદોનું મૂલ્ય રહેશે.*

*વૈદિક સાહિત્યના મુખ્ય ત્રણ વિભાગો છે.* (1) *સંહિતા* (2) *બ્રાહ્મણ* (3) *આરણ્યક તથા ઉપનિષદ્. આ ત્રણે સાહિત્યિક વિભાગો પોત પોતાની રીતે સ્વતંત્ર હોવા છતાં શ્રૃંખલાબદ્ધ છે. પ્રા. શ્રી દાસગુપ્તા વૈદિક સાહિત્ય ઉપર નિર્દિષ્ટ ત્રણ તબક્કાઓ ઉપરાંત આરણ્યકો અને ઉપનિષદોને એક જ તબક્કામાં તેઓ સમાવિષ્ટ કરે છે. આ પરથી એ સ્પષ્ટ થશે કે આરણ્યકો અને ઉપનિષદોની વૈચારિક ભૂમિકા એક જ છે. 'વેદ' શબ્દથી* 1. *ઋગ્વેદ* 2. *યજુર્વેદ* 3. *સામવેદ અને* 4. *અથર્વવેદ- એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે. વળી, 'વેદ' શબ્દથી આ દરેક વેદના મૂળ મન્ત્રો (= સંહિતા-ભાગ), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો સુધીના ભાગનું ગ્રહણ થાય છે. તથા 'વૈદિક સાહિત્ય' તરીકે, આ ચારેય વેદો ઉપરાંત, તે વેદોને સમજવા ઉપયોગી એવાં છ વેદાંગો* (1. *શિક્ષા,* 2. *કલ્પ,* 3. *જ્યોતિષ,* 4. *છન્દસ,* 5. *વ્યાકરણ અને* 6. *નિરુક્ત),પ્રાતિશાખ્યો,બૃહદ્દેવતા અને અનુક્રમણિકાદિ ગ્રન્થોની ગણના થાય છે.*

## 6.12 સારાંશ

*આમ, ઉપનિષદો એ માનવજાતની સત્યશોધનું પ્રોજ્જ્વલ પ્રકરણ છે. તત્ત્વચિંતનની દૃષ્ટિએ આત્મા અને બ્રહ્મનો અદ્વૈતનો સિદ્ધાંત એ માનવજાતને ઉપનિષદોનું મહત્ત્વનું ચિંતનાત્મક પ્રદાન છે. શોપનહોવર ઉપનિષદની અસાધારણ ફિલસૂફીથી એટલા બધા પ્રભાવિત થયા હતા કે તેઓ ઉપનિષદના વિચારકોને સામાન્ય માનવી નહિ, પણ અતિમાનવ ગણતા. તો ડાયસન ઉપનિષદોના ચિંતકોને સંપૂર્ણ વૈજ્ઞાનિક નહિ, છતાં અસ્તિત્વ પર સૌથી વધુ તાદાત્મ્યભર્યો પ્રકાશ જેમને આપ્યો છે તેવા વિચારકો તરીકે*

*ઓળખાવે છે. ઉપનિષદોમાં અસ્તિત્વના મૂળમાં પહોંચવાની માનવજાતની ઉલ્લાસપૂર્ણ આકાંક્ષા ઉત્કટતાથી આવિર્ભાવ પામે છે.*

**સ્વાધ્યાય**

1. *શંકરાચાર્ય 'આત્મા' શબ્દને કઈ રીતે સમજાવે છે?*

2. *બ્રહ્મ શબ્દનો અર્થ જણાવો.*

## 6.13 તમારી પ્રગતિ ચકાસો

1. *બ્રહ્મનાં કેટલાં રૂપ છે ? જાણાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *નિષ્કામ કર્મભાવ અને પુનર્જન્મવાદ વિષે માહિતી આપો. (ઉત્તરના મુદ્દા* 6.8)
2. *અદ્વૈતવાદ ટૂંકમાં સમજાવો. (ઉત્તરના મુદ્દા* 6.7)
3. *ઉપનિષદમાં બ્રહ્મ અને આત્મનું ચિંતન વિષે વર્ણન કરો. (ઉત્તરના મુદ્દા* 6.4)

**સૂચિત વાંચન સામગ્રી**


1. *ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન – લેખક- પોલ ડોયસન, સંપાદક- રામકૃષ્ણ વ્યાસ ( સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર )*
2. *ઉપનિષદ વિમર્શ – લેખક, નરેશ વેદ ( પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ )*
3. संस्कृत – वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
4. *તત્ત્વબોધ – નરેશ વેદ, (પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ)*



**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

## એકમ : 7 : ષડ્ વેદાંગ : શિક્ષા અને કલ્પ

### રૂપરેખા

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 શિક્ષા

- 7.2.1 સ્વરાંકુશા શિક્ષા
- 7.2.2 ષોડશશ્લોકી શિક્ષા
- 7.2.3 શૈશિરિય શિક્ષા
- 7.2.4 આપિશલિ શિક્ષા
- 7.2.5 પાણિનીય શિક્ષા
- 7.2.6 ગૌતમી શિક્ષા
- 7.2.7 લોમશી શિક્ષા
- 7.2.8 નારદીય શિક્ષા
- 7.8.9 યાજ્ઞવલ્ક્ય શિક્ષા
- 7.8.10 વસિષ્ઠ શિક્ષા
- 7.8.11 કાત્યાયની શિક્ષા
- 7.8.12 પારાશરી શિક્ષા
- 7.8.13 ભારદ્વાજ શિક્ષા
- 7.8.14 વ્યાસ શિક્ષા
- 7.8.15 માંડૂકીય શિક્ષા

7.3 કલ્પ

- 7.3.1 શ્રૌતસૂત્ર
- 7.3.2 ગૃહ્યસૂત્ર
- 7.3.3 ધર્મસૂત્ર
- 7.3.4શુલ્વસૂત્ર

7.4 તમારી પ્રગતિ ચકાસો

## 7.0 ઉદ્દેશો

- *ષડ્ વેદાંગનો પરિચય પ્રાપ્ત કરે.*
- *વેદાંગોમાં શિક્ષા અને કલ્પનું મહત્ત્વ સમજે.*
- *વેદોને સમજવા માટે દરેક વેદાંગનું મહત્ત્વ છે. તેની સમજુતી મેળવે.*

## 7.1 પ્રસ્તાવના

*વેદાંગનો અર્થ છે –* 'वेदस्य अङ्गानि ।' *અર્થાત્ 'વેદના અંગ' જેવી રીતે અંગો વગર શરીરની પૂર્ણતા અસંભવ છે, તેવી જ રીતે વેદોનું પૂર્ણ જ્ઞાન, તેમની વ્યાખ્યા તથા યજ્ઞ વગેરેમાં તેમનો વિનિયોગના જ્ઞાન માટે વેદાંગ અપરિત્યજ્ય છે. તે વેદોના પૂરક છે.ભારતીય ઋષિઓએ વેદોના સ્વરૂપની રક્ષા કરવા માટે તથા એના અર્થોને સમજવા માટે વેદાંગ સાહિત્યની રચના કરી છે. વેદાંગ શબ્દનો અર્થ છે :* 'वेदः अङ्ग्यन्ते ज्ञायन्ते अमीभिः इति वेदाङ्गानि ।*એટલે કે, જેનાથી વેદોના અર્થોનું જ્ઞાન થાય છે તે 'વેદાંગ' છે.*

*વેદાંગોનો સામાન્ય પરિચવ આ પ્રમાણે છે. વેદાંગો છ છે. શિક્ષા, કલ્પ વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ. 'પાણિનીય શિક્ષા'માં વેદોની 'પુરુષ'રૂપે તથા વેદાંગોની તેનાં વિવિધ અંગોના રૂપમાં કલ્પના કરી છે.*

**शिक्षा कल्पोऽथ व्याकरणं निरुक्तंछन्दसां चयः ।**

**ज्योतिषामयनं चैव वेदाङ्गानि षडेव तु ॥**

**छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।**

**ज्योतिषामयनं चक्षुः निरुक्तंश्रोत्रमुच्यते ॥**

**शिक्षाघ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ।**

**तस्मात् साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥ पाणिनीयशिक्षा– 41,42**

*અર્થાત્ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જયોતિષ આ છ વેદાંગો છે. એમાં છંદ એ વેદના પગ છે, કલ્પ એ હાથ છે, જ્યોતિષ નેત્ર છે, નિરુક્ત કાન છે, શિક્ષા નાક છે અને વ્યાકરણ મુખ છે. આથી અંગો સહિત જે વ્યક્તિ વેદોનું અધ્યયન કરે છે તે બ્રહ્મલોકમાં આનંદ કરે છે.*

*વેદોને સમજવા માટે દરેક વેદાંગનું મહત્ત્વ છે. આપણે ક્રમશઃ આ વેદાંગો વિશે જોઈએ.*

## 7.2 શિક્ષા

शिक्षाघ्राणं तु वेदस्य। અર્થાત્ શિક્ષા એ વેદનું નાક છે. આથી જ વેદાંગોમાં શિક્ષાનું મહત્ત્વ સવિશેષ છે. શિક્ષા એટલે ઉચ્ચારણનું શાસ્ત્ર. સાયણ શિક્ષા વિશે ઋગ્વેદમાં કહે છે કે 'वर्णस्वराद्युच्चारणप्रकारो यत्र उपदिश्यते सा शिक्षा ।જેમાં વર્ણ, સ્વર વગેરેનો ઉચ્ચારણ પ્રકાર જેમાં શીખવવામાં આવે, ઉપદેશવામાં આવે છે તે શિક્ષા.

શિક્ષા વેદાંગમાં વર્ણ, સ્વર વગેરેના ઉચ્ચારણનું શિક્ષણ આપવામાં આવે છે. વેદોનો અભ્યાસ ગુરુમુખેથી સાંભળીને થાય છે. ગુરુ જે રીતે મંત્રોનું ઉચ્ચારણ કરે તે રીતે જ શિષ્યોએ મંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. મંત્રના અશુદ્ધ ઉચ્ચારણથી અર્થ અશુદ્ધ થઈ જાય છે. ઉચ્ચારણના ભેદથી અર્થ બદલાય છે. આથી કયા વર્ણ અને સ્વરનું ઉચ્ચારણ કેવી રીતે કરવું જોઈએ - એ વેદોના અભ્યાસનો મુખ્ય વિષય છે.

ઉપનિષદોમાં શિક્ષાના સિદ્ધાંતો જોવા મળે છે - તૈત્તિરીય ઉપનિષદ્‌ની શિક્ષાવલ્લીમાં શિક્ષાનાં છ અંગો જણાવ્યાં છે, આ છ અંગો તે વર્ણ, સ્વર, માત્રા, બલ, સામ અને સન્તાન છે. વર્ણ - વર્ણ એટલે અક્ષરો. પાણિનિને મતે આ વર્ણોની સંખ્યા ૬૩ કે ૬૪ છે. સ્વર - સ્વરો એટલે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. વેદમંત્રોના ઉચ્ચારણમાં ઉદાત્તાદિ સ્વરોનું વિશેષ મહત્ત્વ છે. માત્રા - માત્રા એટલે સ્વરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે તેને માત્રા કહેવાય. આ માત્રાઓ ત્રણ છે - હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત. એક માત્રાના ઉચ્ચારણમાં (એક નિમેષ જેટલો) જે સમય લાગે તેને હ્રસ્વ, બે માત્રાના ઉચ્ચારણમાં જે સમય લાગે તે દીર્ઘ તથા ત્રણ માત્રાઓના ઉચ્ચારણમાં જે સમય લાગે તેને પ્લુત કહેવાય છે. બલ - વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નને બલ કહેવામાં આવે છે. સામ - વર્ણોના દોષરહિત તથા માધુર્યાદિ ગુણોથી યુક્ત ઉચ્ચારણને સામ કહે છે. સન્તાન - સંતાન એટલે સંહિતા. અતિશય સન્નિધિને સંહિતા કહેવાય છે.

શિક્ષા વેદાંગ અંતર્ગત શિક્ષા નામથી અનેક રચનાઓ જોવા મળે છે. પ્રાતિશાખ્યોની જેમ તેઓ પણ વેદની અમુક શાખા સાથે સંબંધિત છે. શિક્ષાગ્રંથો તેમની શાખાના નામ દ્વારા સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે અને જણાવે છે કે તેમનો હેતુ તેમની શાખાના ઉચ્ચારણ લક્ષણો સમજાવવાનો છે. આ શિક્ષાગ્રંથો મુખ્યત્વે કારિકાના શ્લોકો પર આધારિત છે, પરંતુ કેટલાક ઉપદેશો સૂત્રાત્મક પણ છે. ઉપલબ્ધ શિક્ષાગ્રંથોનો પરિચય નીચે મુજબ છે-

ઋગ્વેદ સંબંધિત નીચેના શિક્ષાગ્રંથો ઉપલબ્ધ છે.

### 7.2.1 સ્વરાંકુશા શિક્ષા

આ શિક્ષણના પ્રણેતા અંગે મતભેદ છે. શ્રી મલ્લશર્માએ હસ્તસ્વરપ્રક્રિયા નામના તેમના ઉપદેશમાં રાવણને સ્વરાંકુશ શિક્ષણનો પ્રણેતા ગણાવ્યો છે. પરંતુ સ્વરાંકુશ શિક્ષામાં જયંતસ્વામીને તેના લેખક માનવામાં આવ્યા છે. તેથી, આ અભિપ્રાય સ્વીકારવો વધુ યોગ્ય છે. આ ઉપદેશમાં ૨૫ શ્લોક છે. જયંતસ્વામીના મતે તેમાં 21

*શ્લોક હતા. આનો ઉલ્લેખ કરતો ત્રેવીસમો શ્લોક છે. આનાથી આગળ બે વધુ શ્લોક છે. શક્ય છે કે કોઈએ આ બે શ્લોકો પાછળથી ઉમેર્યા હોય.*

### 7.2.2 ષોડશશ્લોકી શિક્ષા

*આ શિક્ષણના પ્રણેતા રામકૃષ્ણ આચાર્ય છે. આ શિક્ષણ માહેશ્વર સૂત્રો પર આધારિત હોવાનું જણાય છે. પ્રથમ અને છેલ્લા શ્લોકમાં તે શિવના મુખમાંથી નીકળ્યું હોવાનું કહેવાય છે. તેણીને મણિભૂતા કહેવામાં આવે છે જે વર્ણોની વાસ્તવિક સમજ આપે છે. આમાં વર્ણોના ઉચ્ચારણની પદ્ધતિ સમજાવવામાં આવી છે. કુલ 63 વર્ણનો ઉલ્લેખ છે. વર્ણોનું વર્ગીકરણ અને ઉચ્ચારણ પાણિની પરંપરા મુજબ છે. આ 'શિક્ષાસંગ્રહ'માં પણ પ્રકાશિત થયેલ છે.*

### 7.2.3 શૈશિરિય શિક્ષા

*આ શિક્ષણ ઋગ્વેદની શૈશિરિય શાખા સાથે સંબંધિત છે. તેના પ્રવર્તક કોઈ શૈશિર હતા તે આ ગ્રંથના એક જ શ્લોક પરથી જાણી શકાય છે. એવું લાગે છે કે શૈશિર યોગ્ય નામ નથી પણ શાખા-સંબંધ સૂચવે છે. તેઓ વિષ્ણુના ઉપાસક હતા, આ ગ્રંથના મંગલાચરણ અને અંતિમ ભાગ પરથી સ્પષ્ટ થાય છે. તેઓ ગણેશને વિષ્ણુનું સ્વરૂપ પણ માને છે.*

### 7.2.4 આપિશલિ શિક્ષા

*ડો. રઘુવીરે સૌ પ્રથમ આપિશલિ શિક્ષણ તરફ ધ્યાન દોર્યું. આપિશલિ શિક્ષાની હસ્તપ્રતો મદ્રાસ અને અડ્યારમાંથી મળી આવી હતી. મદ્રાસ હસ્તપ્રતની શરૂઆતમાં સોળ કારિકાઓ હતી, ત્યારબાદ આપિશલિ શિક્ષણ શરૂ થયું. ડૉ. રઘુવીર દ્વારા સંપાદિત અપિશાલી શિક્ષા ૧૯૩૧માં કલકત્તાથી પ્રકાશિત થઈ હતી. મદ્રાસ હસ્તપ્રત વિશે, ડૉ. રઘુવીરનો અભિપ્રાય હતો કે તે મૂળ આપિશલિ લખાણ નથી પરંતુ તે પછીના સમયગાળાની રચના છે. ઉપલબ્ધ આપિશલિ શિક્ષા આઠ વિભાગો છે.*

### 7.2.5 પાણિનીય શિક્ષા

*આ શિક્ષા સામાન્ય રીતે તમામ શાખાઓ સાથે સંબંધિત છે. જો કે આ શિક્ષા પાણિનિના નામથી પ્રસિદ્ધ છે અને તેમાં વર્ણવેલ સિદ્ધાંતો પાણિનીના છે, પરંતુ જે સ્વરૂપમાં તે ઉપલબ્ધ છે તે પાણિનની પોતાની રચના હોવાનું જણાતું નથી. વાસ્તવમાં, તેની રચના પાણિની પરંપરા પછીના આચાર્ય દ્વારા કરવામાં આવી છે. પ્રથમ શ્લોકમાં જ ઉલ્લેખ છે કે હું પાણિનીયના અભિપ્રાય મુજબ ઉપદેશોનું વર્ણન કરીશ. પાણિનીના ઉપદેશોમાં કુલ 60 શ્લોક છે. શરૂઆતમાં જ વચન આપવામાં આવ્યું છે કે તેમાં વાણીના ઉચ્ચારણની પદ્ધતિ સમજાવવામાં આવશે. આ ઉપદેશ મુજબ પ્રાકૃત અને સંસ્કૃતમાં ૬૩ કે ૬૪ અક્ષરો છે, જેમાંથી ૨૧ સ્વરો છે અને બાકીના વ્યંજન છે. આગળ, વર્ણોની ઉત્પત્તિ, સ્વર, સમય, સ્થળ, પ્રયત્નો વગેરેનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવ્યું છે. વાચકના દોષો અને ગુણોની પણ તેમાં ચર્ચા કરવામાં આવી છે. અવાજહીન અને ખામીયુક્ત ઉચ્ચારણની ખરાબ અસરોનું વર્ણન કરતો પ્રખ્યાત શ્લોક, પાણિનીય શિક્ષામાં ટાંકવામાં આવ્યો છે, તે છે –*

**मन्त्रो हीनः स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थमाह ।**

**स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ॥ पा.शि. ५२**

*આ ઉપદેશમાં પાણિની માટે દાક્ષીપુત્ર નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પાણિનીએ આ જ્ઞાન શંકર પાસેથી મેળવ્યું હતું, તેથી તેને શંકરી કહેવામાં આવે છે. અંતમાં પાણિનીના વખાણ અને વંદન કરવામાં આવ્યા છે. 'શિક્ષાસંગ્રહ' ઉપરાંત, તે વ્યાકરણ સિદ્ધાંતકૌમુદીની વિવિધ આવૃત્તિઓમાં પણ પ્રકાશિત થયું છે.*

*સામવેદ સંબંધિત શિક્ષાગ્રંથો આ મુજબ છે.*

### 7.2.6 ગૌતમી શિક્ષા

*'શિક્ષાસંગ્રહ' હેઠળ પ્રકાશિત આ શિક્ષાના મૂળ ઉપદેશક ગૌતમને ગણવામાં આવે છે. આમાં ગૌતમના અભિપ્રાયને ખૂબ આદર સાથે ટાંકવામાં આવ્યો છે. આ શિક્ષણનું બીજું નામ 'સંયોગશૃંખલા' છે કારણ કે તે વર્ણોના સંયોગોની ચર્ચા કરે છે. તેના બે પ્રપાઠકો છે. પ્રથમ પ્રપાઠકમાં છ વિભાગ અને બીજામાં છ વિભાગ છે. આ શિક્ષા સૂત્રાત્મિકા છે. દરેક વિભાગમાં અનેક સૂત્રો છે. નોંધનીય છે કે આમાં માત્ર વ્યંજનોના સંયોજનની ચર્ચા કરવામાં આવી છે સ્વરોની નહીં. તેથી જ પ્રારંભિક સૂત્રમાં જ તેત્રીસ વ્યંજનોના અસ્તિત્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં, વ્યંજનો અને વર્ણોના સંયોજનને ત્રણ વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે – અયસપિંડ, દારુપિંડ અને ઉર્ણાપિંડ. યમ સાથે જે સંયોજન થાય છે તેને આયસપિંડ સંયોગ કહેવાય છે; આંતરિક વ્યંજનોના સંયોજનને દારુપિંડ સંયોગ કહેવાય છે અને યમ અને આંતરિક વ્યંજનો સિવાયના તમામ વર્ણોના સંયોજનને ઉર્ણાપિંડ સંયોગ કહેવાય છે.*

### 7.2.7 લોમશી શિક્ષા

*આચાર્ય લોમશને આ શિક્ષાના મૂળ ઉપદેશક માનવામાં આવે છે. પરંતુ તેની પ્રથમ કારિકામાં તેના લેખક તરીકે ગર્ગાચાર્યનો ઉલ્લેખ છે. તે 'શિક્ષાસંગ્રહ'માં પ્રકાશિત થયેલ છે.*

*આ શિક્ષા કારિકા સ્વરૂપમાં છે. તેમાં કુલ ચુમોતેર કારિકાઓ છે જેને આઠ વિભાગોમાં વહેંચવામાં આવી છે. પ્રથમ વિભાગમાં, સામગ ગાવાની પદ્ધતિનો ઉલ્લેખ છે. આમાં 'કંપ' અને 'રંગ'ના ઉચ્ચારનો ઉલ્લેખ છે. બીજા વિભાગમાં, કરેણુ, કુર્વિની, હરિણી, હરિતા અને હંસપદા નામના ભક્તોના ઉદાહરણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને વર્ણોના દ્વિરભાવની ચર્ચા કરવામાં આવી છે. ત્રીજા વિભાગમાં, ઉદાત્ત-અનુદાત્ત-સ્વરોની સામે ઉચ્ચારણ-વિશિષ્ટતાનો વિચાર છે. આમાં અર્ચિકાના પાંચ દોષોનો ઉલ્લેખ છે જેમ કે અવક્ષેપ, પ્રગણ, ઉપદ્રવ, યમલ અને સ્વરિત સંજ્ઞક. ચોથા વિભાગમાં, હસ્વ-દીર્ઘ-વૃદ્ધ અભિવ્યક્તિઓમાં ઉકારના કરણની ચર્ચા છે. પાંચમા વિભાગમાં નાદ અને પ્રણત સ્વરાનો ઉપયોગ કરવાનો વિચાર છે. છઠ્ઠા વિભાગમાં ઉચ્ચારની પદ્ધતિ સમજાવવામાં આવી છે. સાતમા વિભાગમાં અનુસ્વારના દીપ્ત-અયતિ-નિત્યયતા અને હસ્વ-દીર્ઘભાવના લક્ષણોનો*

ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આઠમા વિભાગમાં ય –વ ના પૂર્વાંગત્વ-પરાંગત્વનો વિચાર, વર્ણોના ઉત્તેજનાનો ઉલ્લેખ આણવ, દ્વિરાણવ અને ત્રિરાણવના સ્થાનનો વિચાર છે. પક્ષીઓના અવાજને માત્રા-દ્વિમાત્રા-ત્રિમાત્રાના ઉચ્ચારણ સમયને માપવા માટે પુરાવા તરીકે ગણવામાં આવે છે. આ શિક્ષાનું મહત્વ એ છે કે તે ગાવાની પદ્ધતિ સમજાવે છે. આમાં હસ્વ, દીર્ઘ, વૃધ્ધા, અભિગીત, સંપાત, ઉત્થાન, કિટ્-કિટ્, અવક્ષેપ, પ્રગાન, ઉપદ્રવ, યમલ, પ્રણત, નીચ, દીપ્ત, આયતિ, નિત્યયતા, નિષાદ, ઋષભ, આણવ, દ્વિરાણવ વગેરે જેવા ઘણા પારિભાષિક શબ્દો છે. સામવેદના આચાર્યોમાં લોમશ, ગર્ગ અને તુમ્બુરુના મંતવ્યો ટાંકવામાં આવ્યા છે. ઘણા આચાર્યોના મંતવ્યો 'ઈત્યાચાર્ય', 'એકે' વગેરે તરીકે ટાંકવામાં આવ્યા છે.

### 7.2.8 નારદીય શિક્ષા

સામવેદના ઉપદેશોમાં નારદીય શિક્ષાનું વિશેષ મહત્વ છે. તેને શ્રેષ્ઠ 'શ્રવ્ય વેદાંગ' કહેવામાં આવ્યું છે. તેના સર્જક દેવર્ષિ નારદ માનવામાં આવે છે, પરંતુ જે સ્વરૂપમાં તે આપણને ઉપલબ્ધ છે, તે નારદના મંતવ્યો પર આધારિત પછીના આચાર્યની રચના હોવાનું જણાય છે.

તેમાં બે પ્રકરણો અને પ્રકરણોની અંદર ઘણા વિભાગો છે. પ્રથમ પ્રપાઠકમાં આઠ વિભાગ અને બીજા પ્રપાઠકમાં પણ આઠ વિભાગ છે. આમ કુલ સોળ વિભાગો છે. દરેક વિભાગમાં અનેક કારીકાઓ છે. પ્રથમ પ્રપાઠકના ત્રીજા વિભાગમાં કોઈ કારિકાઓ નથી. તે ગદ્યાત્મક છે અને ભાષ્ય જેવું લાગે છે. તેમાં ત્રણ સંગ્રહ શ્લોક પણ છે. આ ત્રીજા વિભાગને બાદ કરતાં સમગ્ર નારદીય શિક્ષામાં કુલ બસો સત્તાવીસ કારિકાઓ છે.

યજુર્વેદસંબંધિત શિક્ષાગ્રંથો.

યજુર્વેદના શિક્ષાગ્રંથો - યજુર્વેદ સંબંધિત શિક્ષાગ્રંથો અન્ય વેદોની તુલનામાં વધુ ઉપલબ્ધ છે. આમાં પણ શુક્લયજુર્વેદ સાથે સંબંધિત વધુ શિક્ષાગ્રંથો છે.

### 7.8.9 યાજ્ઞવલ્ક્ય શિક્ષા

આ શિક્ષા ઉચ્ચારણને લગતા સમગ્ર વિષયની વ્યાપક ચર્ચા કરે છે. તેના સર્જકને યાજ્ઞવલ્ક્ય માનવામાં આવે છે.

યાજ્ઞવલ્ક્ય શિક્ષા ત્રણેય સ્વરોની સમજૂતી આપીને સૌ પ્રથમ સ્વરોના વર્ણ, દેવતા, જાતિ, ગોત્ર અને છંદની સમજૂતી આપે છે. તેમજ ઉદાત વગેરે સ્વરોની સાથે ષડજ વગેરે સામસ્વરો નો સંબધ જોવા મળે છે અને છ સ્વરોના ઉચ્ચારની રીતમાં મોરના ઉચ્ચારને પુરાવા તરીકે ગણવામાં આવે છે. આ પછી વર્ણોના ઉચ્ચારણ-સમય અને માત્રાની વિચારણા કરવામાં આવી છે. પછી વેદોનો અભ્યાસ કરવાની પદ્ધતિ, ઉચ્ચારણવાળા સ્વરોના ઉચ્ચારણમાં હાથની હલન-ચલન પદ્ધતિ, સ્વર સંહિતા પદ્ધતિ અને ઉચ્ચારના ગુણ અને દોષ દર્શાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વ્યંજન, મૂળ, ઉપસ્વર, અનુનાસિક, અનઅનુનાસિક, રંગ અને યમનો ઉલ્લેખ છે. આટલા વર્ણોના રંગો, દેવતાઓ, વર્ણો, લિંગ વગેરેનો પણ ઉલ્લેખ છે. નામ, આખ્યાત, ઉપસર્ગ

અને નિપાતના પણ વર્ણ, ઋષિ, દેવતા, લિંગ અને જાતિના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે. આ શિક્ષાગ્રંથોના ઘણા સંસ્કરણો પ્રકાશિત થયા છે, જેમાંથી પંડિત અમરનાથ દ્વારા સંપાદિત કાશી સંસ્કરણ શ્રેષ્ઠ છે.

### 7.8.10 વસિષ્ઠ શિક્ષા

'શિક્ષા-સંગ્રહ' હેઠળ પ્રકાશિત આ શિક્ષા શુક્લ-યજુર્વેદની માધ્યંદિન શાખાની છે. તે સંહિતાના દરેક અધ્યાયમાં ઋગ્વેદ અને યજુર્વેદ મંત્રોની સંખ્યાનું વિભાજન દર્શાવે છે. વસિષ્ઠ શિક્ષા માધ્યન્દિની સંહિતા અનુસાર, 2823 યજુષ મંત્રો અને 1467 ઋક્ મંત્રો છે. માધ્યંદિની સંહિતાના મૂળ સ્વરૂપને જાણવા માટે આ શિક્ષા ખૂબ જ ઉપયોગી છે. ઉલ્લેખનીય છે કે યજુષ મંત્રોની ગણતરી કરતી વખતે કંડિકામાં મંત્રોને અલગથી લેવામાં આવ્યા છે. આ શિક્ષા સર્વાનુક્રમ સૂત્ર પર આધારિત છે, જેનો પ્રથમ કારિકામાં ઉલ્લેખ છે. સર્વાનુક્રમ સૂત્ર કાત્યાયન શ્રૌત સૂત્ર પર આધારિત છે.

### 7.8.11 કાત્યાયની શિક્ષા

આ શિક્ષામાં તેર કારિકાઓ છે જેમાં સ્વરની લાક્ષણિકતાઓ અને પદોમાં તેની સ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. સ્વરિતના બંને સ્વરૂપોને સ્વતંત્ર સ્વરિત અને આશ્રિત સ્વરિત તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ શિક્ષા પર શ્રી જયંત સ્વામીની વ્યાખ્યા પણ ઉપલબ્ધ છે. આ શિક્ષાના રચયિતા તરીકે કાત્યાયનનો ઉલ્લેખ છે. તે 'શિક્ષાસંગ્રહ'માં પ્રકાશિત થયેલ છે.

### 7.8.12 પારાશરી શિક્ષા

શુકલયજુર્વેદના શિક્ષાગ્રંથોમાં પરાશરી શિક્ષાનું વધુ મહત્વ છે. તેની પ્રતિષ્ઠા પુષ્કર તીર્થ જેવી જ હોવાનું કહેવાય છે. તેમાં કુલ એકસો સાંઈઠ  કારિકાઓ છે. કારિકાઓમાં પરાશરના અભિપ્રાયનો ઉલ્લેખ છે, તેના આધારે તેનું નામ કદાચ પરાશર શિક્ષા રાખવામાં આવ્યું છે. આમાં યાજ્ઞવલ્ક્ય, વસિષ્ઠી, કાત્યાયની, પરાશરી, ગૌતમી, માંડવી, અમોઘનંદિની, પાણિનીય અને માધ્યંદિની ઉપદેશોનો એકસાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કૃષ્ણયજુર્વેદિક શિક્ષાગ્રંથો - વેદલક્ષણાનુક્રમણિકા નામના ગ્રંથમાં કૃષ્ણયજુર્વેદ સંબંધિત છ શિક્ષાગ્રંથો અને ત્રણ પેટા શિક્ષાગ્રંથો નો ઉલ્લેખ છે.

### 7.8.13 ભારદ્વાજ શિક્ષા

ભારદ્વાજ શિક્ષા  તે તૈત્તિરીય સંહિતા સાથે સંબંધિત છે. તેના સર્જક ભારદ્વાજ માનવામાં આવે છે. આ એક પ્રાચીન શિક્ષા છે. તેને 'સંહિતા શિક્ષા'ના નામે પણ ઓળખવામાં આવે છે.

### 7.8.14 વ્યાસ શિક્ષા

આ તૈત્તિરીય સંહિતા સાથે પણ સંબંધિત છે. વ્યાસને તેના પ્રણેતા માનવામાં આવે છે. સંભવતઃ શિક્ષાકાર વ્યાસ પ્રાચીન વ્યાસ કરતાં અલગ છે. શરૂઆતમાં શિક્ષાની શરૂઆત વાસુદેવ, ગણેશ અને સરસ્વતીની પૂજાથી થાય છે. કુલ અઠયાવીસ પ્રકરણો

*છે જેમાં વર્ણોનું સ્થાન, પ્રયત્ન, અનુપ્રદાન, કાલ, સ્વર, સંધિ વગેરે જેવા અનેક વિષયોની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત શંભુ શિક્ષા, કોહલીય શિક્ષા,સર્વસમ્મત શિક્ષા, અરણ્ય શિક્ષા, સિદ્ધાંત શિક્ષાનો સમાવેશ થાય છે.*

*અથર્વવેદ સંબંધિત માંડૂકીય શિક્ષાગ્રંથ ઉપલબ્ધ છે.*

### 7.8.15 માંડૂકીય શિક્ષા

*માત્ર માંડૂકીય શિક્ષા જ અથર્વવેદમાંથી ઉદાહરણો આપે છે. પરંતુ તે સ્વરો અંગેના સાર્વત્રિક વૈદિક નિયમોની પ્રસ્તાવના છે. તેમાં સામ - સ્વરોનું પણ વિગતવાર વર્ણન છે. તે સૌપ્રથમ* 1863 *માં કાશીમાંથી 'શિક્ષાસંગ્રહ' હેઠળ પ્રકાશિત થયું હતું.*

## 7.3 કલ્પ

*વેદાંગોમાં કલ્પસૂત્રોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કલ્પનો અર્થ છે - વિધિ, નિયમ, ન્યાય, કર્મ અને આદેશ. જ્યારે 'સૂત્ર' નો અર્થ 'સંક્ષેપ' એવો થાય છે. સાયણાચાર્યના મતે* 'कल्प्यते समर्थ्यत यज्ञयागादिप्रयोगऽत्रेति व्युत्पत्तेः । अर्थात्*યજ્ઞીય પ્રયોગોનું સમર્થન તથા પ્રતિપાદન કરવાને કારણે આને કલ્પ કહેવાય..*

'हस्तौ कल्पोऽथ पठ्यते'*કલ્પને વેદ ભગવાનના હાથ કહેવાય છે. જીવનની મોટાભાગની ક્રિયાઓમાં જેમ હાથ એ મહત્ત્વનું અંગ છે, તેમ વેદની યજ્ઞ વગેરે વ્યવસ્થામાં કલ્પસૂત્રો અગત્યનો ભાગ છે. હાથ વિના ક્રિયા થાય નહિ તેમ વૈદિક ક્રિયા કલાપનું અસ્તિત્ત્વ કલ્પસૂત્ર વિના સંભવી શકે નહિ.*

*કલ્પસૂત્રોને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે.* (1) *શ્રોતસૂત્ર* (2) *ગૃહ્યસૂત્ર* (3) *ધર્મસૂત્ર* (4) *શુલ્વસૂત્ર. આ કલ્પસૂત્રોની મુખ્ય આધારશિલા કર્મકાંડ છે.*

### 7.3.1 શ્રૌતસૂત્ર

*શાંખાયન અને આશ્વલાયન શ્રૌતસૂત્ર ઋગ્વેદના છે. સામવેદના આર્ષેય અથવા મશક, લાટ્યાયન, દ્રાહ્યાયન અને જૈમિનીય શ્રૌતસૂત્ર છે. કાત્યાયન શ્રૌતસૂત્ર શુક્લ યજુર્વેદના અને આપસ્તમ્બ, હિરણ્યકેશી, બોધાયન, ભારદ્વાજ, વૈખાનસ, માનવ અને વારાહ શ્રૌતસૂત્ર યજુર્વેદના છે. વૈતાન અથર્વવેદનું આ શ્રૌતસૂત્રોમાં વેદો અને બ્રાહ્મણોમાં યજ્ઞ-યાગ વગેરે કર્મકાંડનું વિધાન કરવામાં આવ્યું છે. શ્રૌતસૂત્રોમાં બ્રાહ્મણગ્રંથોમાં વર્ણવાયેલ મહત્ત્વના યજ્ઞોનું ક્રમબદ્ધ વર્ણન છે. જેવાં કે દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, સોમયાગ, સત્ર, વાજપેય, અશ્વમેધ, ગવામયન વગેરે યજ્ઞો આવે છે.*

### 7.3.2 ગૃહ્યસૂત્ર

*ગૃહ્યસૂત્રોમાં દૈનિક જીવનનાં કર્તવ્યો અને ધાર્મિક વિધિઓનું વર્ણન છે. તત્કાલીન ભારતીય રીતિરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, ઉત્સવો વગેરેનું વિસ્તૃત વર્ણન પણ તેમાં મળે છે. એમાં જન્મથી માંડી મૃત્યુ પર્યંતના જુદા જુદા સંસ્કાર અને કર્તવ્ય વર્ણવ્યાં છે.*

*આશ્વલાયન, શાંખાયન અને કૌપીતકિ – ઋગ્વેદના, ગોભિલ, ખાદિર અને જૈમિનીય - સામવેદના, પારસ્કર - શુક્લ યજુર્વેદનું, આપસ્તમ્બ,બોધાયન,*

*હિરણ્યકેશી, ભારદ્વાજ, માનવ અને કાઠક - કૃષ્ણ યજુર્વેદના તથા કૌશિક ગૃહ્યસૂત્ર અથર્વવેદનું છે.*

### 7.3.3 ધર્મસૂત્ર

*ધર્મસૂત્રોમાં ચાર આશ્રમ, ચાર વર્ણોનાં કર્તવ્યો તથા રાજકીય નિયમોનું વિવેચન છે. ધર્મસૂત્ર એ હિંદુઓના ધર્મશાસ્ત્ર સંબંધી પ્રથમ ગ્રંથ છે. ધર્મસૂત્રોમાં રાજનૈતિક, સામાજિક અને પારિવારિક કાર્યોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ધર્મસૂત્રોમાં સમાજના સંચાલન માટે બધા જ પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો છે. ધર્મનું સ્વરૂપ, વર્ણવ્યવસ્થાના નિયમો, આશ્રમરચનાના સિદ્ધાંતો વગેરેની ચર્ચા કરવામાં આવી છે. વિવાહના નિયમ, અનુલોમ અને પ્રતિલોમ, વિવાદ, સગોત્ર અને સપિંડ પરિવાર, પાપ અને તેનું પ્રાયશ્ચિત, રાજ્ય પ્રશાસનના નિયમ, કર અંગેના કાયદા વગેરે વિષયો અંગે ધર્મસૂત્રોમાં ચર્ચા કરવામાં આવી છે.*

*વસિષ્ઠ અને વિષ્ણુ - ઋગ્વેદીય, ગૌતમ - સામવેદીય, હારીત અને શંખ - શુક્લ યજુર્વેદીય, બોધાયન, આપસ્તમ્બ અને હિરણ્યકેશી - કૃષ્ણ યજુર્વેદીય ધર્મસૂત્ર છે.*

### 7.3.4 શુલ્વસૂત્ર

*શુલ્વસૂત્રોમાં યજ્ઞો માટે વેદીઓના નિર્માણની રીતો. માપ અને ગણનાનું વર્ણન કરવામાં આવ્યું છે. શુલ્વનો અર્થ છે માપવું. શુલ્વસૂત્ર એટલે માપવાના કાર્ય સાથે સંબંધ રાખનાર સૂત્ર. યજ્ઞશાલા, યજ્ઞવેદી અને યજ્ઞકુંડના નિર્માણ માટે આ માપ ખૂબ જરૂરી છે. આ ગ્રંથોમાં રેખાગણિત (ભૂમિતિ)નું જ્ઞાન ખૂબ વિકસિત છે. ભારતીય રેખાગણિતનો આ જ પ્રાચીન ગ્રંથ છે.*

*શુલ્વસૂત્રનો સંબંધ યજ્ઞીય કર્મકાંડો સાથે છે અને કર્મકાંડ એ યજુર્વેદનો વિષય છે. આથી યજુર્વેદના જ શુલ્વ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. આ શુલ્વસૂત્ર છ છે – કાત્યાયન, આપસ્તમ્બ, બોધાયન, માનવ, મૈત્રાયણીય અને વારાહ. કાત્યાયન એ શુક્લ યજુર્વેદનું એક શુલ્વસૂત્ર છે. કૃષ્ણ યજુર્વેદના છ શુલ્વસૂત્ર છે. આપસ્તંબ, બોધાયન, માનવ, મૈત્રાયણીય, વારાહ અને વાધુલ.*

**સ્વાધ્યાય**

1.*વેદાંગ શબ્દનો અર્થ જણાવો.*

2.*વેદાંગ કેટલા છે ? કયા કયા?*

3.*વેદપુરુષના અંગોમાં શિક્ષા એ કયું અંગ છે?*

4 *વેદપુરુષના અંગોમાં કલ્પની ક્યાં અંગ તરીકે કલ્પના કરી છે?*

## 7.4 તમારી પ્રગતિ ચકાસો

1. *શિક્ષા એટલે શું?*

2. *કલ્પની વ્યાખ્યા આપો.*

3. *કલ્પસુત્રોને કેટલાં વિભાગમાં વહેચવામાં આવ્યા છે? કયાં કયાં?*

4. *તૈતૈરિય ઉપનિષદમાં શિક્ષાના કેટલા અંગો કહ્યા છે? કયાં ક્યાં ?*

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *ઋગ્વેદ સંબધિત શિક્ષાગ્રંથો વિષે માહિતી આપો. (ઉત્તરના મુદ્દા ૭.૨)*
2. *પાણિનીય શિક્ષા વિષે સમજુતી આપો. (ઉત્તરના મુદ્દા ૭.૨.૫)*
3. *કલ્પસુત્રના વિભાગને વિસ્તારથી સમજાવો. (ઉત્તરના મુદ્દા ૭.૩)*

**સૂચિત વાંચન સામગ્રી**

1. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ-6)*
3. निरुकतम् – डो.जमुना पाठक (चौख्म्बा संस्कृत सीरिज, वाराणसी)
4. *વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-1)*

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

## એકમ : 8 : ષડ્ વેદાંગ : વ્યાકરણ અને નિરુકત

### રૂપરેખા

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2.1 પાણિની પહેલાંના વૈયાકરણો અને તેમનું યોગદાન**

**8.2.2 વ્યાકરણનું પ્રયોજન**

**8.2.3 પ્રાતિશાખ્ય ગ્રંથો**

**8.2.4 નિરુક્ત**

**8.3 સારાંશ**

**8.4 તમારી પ્રગતિ ચકાસો**

### 8.0 ઉદ્દેશો

- *ષડ્ વેદાંગનો પરિચય પ્રાપ્ત કરે.*
- *વેદાંગોમાં વ્યાકરણ અને નિરુકતનું મહત્ત્વ સમજે.*
- *વેદોને સમજવા માટે દરેક વેદાંગનું મહત્ત્વ છે.તેની સમજુતી મેળવે.*

### 8.1 પ્રસ્તાવના

*વેદાંગ એ વેદોના ભાગ નથી. પરંતુ વેદોના સ્વરૂપના રક્ષક તથા તેના અર્થોને સમજાવનાર છે. વેદાંગના અભ્યાસ વિના વેદોનું અધ્યયન અધુરું રહે છે. પ્રાચીન ઋષિઓના મતે બ્રાહ્મણોએ છ અંગોસહિત વેદોનું અધ્યયન કરવું જોઈએ. વેદાંગમાં વ્યાકરણ અને નિરુકતને ખુબ જ અગત્યના અંગ મનાવામાં આવ્યા છે. વ્યાકરણને વેદપુરુષનું મુખ અને નિરુકતને કહ્યું વેદ પુરુષના કાન કહ્યા છે.વ્યાકરણ વિના ભાષાનું જ્ઞાન શક્ય નથી અને ભાષાના જ્ઞાન વિના વેદનો અભ્યાસ કે વિનિયોગ શક્ય નથી. તેથી વેદના અભ્યાસ તથા વિનિયોગ માટે વ્યાકરણના અભ્યાસની મહત્તા સ્પષ્ટ જ છે. તેમજ નિરુક્ત વેદના આંતરિક સ્વરૂપને ઉદ્ઘાટિત કરે છે. આમ, વેદાંગમાં વ્યાકરણ અને નિરુકત પાયાના ઘટકો છે.*

### 8.2 વ્યાકરણ

व्याक्रियन्ते शब्दाः अनेन इति व्याकरणम् । *જેના દ્વારા શબ્દોની વ્યુત્પત્તિજન્ય વ્યાખ્યા કરવામાં આવે છે, તેને વ્યાકરણ કહેવાય.* मुखं व्याकरणं स्मृतम् ।*વ્યાકરણને વેદપુરુષનું મુખ માનવામાં આવ્યું છે. પ્રકૃતિ એટલે મૂળ શબ્દ અને પ્રત્યયના જ્ઞાનથી પુરા અર્થનું જ્ઞાન સંભવે છે. આ માટે વ્યાકરણ જાણવું જોઈએ.*

વ્યાકરણનું પ્રયોજન વેદોના અર્થો સમજવા માટે છે. આ પ્રયોજન પાંચ છે, જે આ પ્રમાણે છે : રક્ષા, ઊહ, આગમ, લઘુ અને અસંદેહ. વેદના મંત્રોની રચના તેનાં પદોના સાચા અર્થજ્ઞાન વિના શક્ય નથી. અર્થ જ ન આવડે તો તેનો વિનિયોગ પણ સમજી ન શકાય. આ અર્થજ્ઞાનાર્થે વ્યાકરણ અનિવાર્ય છે, માટે વેદાર્થરક્ષા એ વ્યાકરણનો મુખ્ય હેતુ છે.

ઋગ્વેદમાં આવતાં મંત્રમાં વ્યાકરણની વૃષભરૂપે કલ્પના કરી છે. તેથી ઋગ્વેદના કાળમાં વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ થઈ હતી એમ કહી શકાય.

વ્યાકરણ કહેતાં સંસ્કૃતમાં તો તરત પાણિનિનું નામ યાદ આવે છે. વળી ઐન્દ્ર વ્યાકરણ પણ ધ્યાનાકર્ષક બને છે અષ્ટાધ્યાયીમાં સ્વયં પાણિનિએ પૂર્વવર્તી આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે, તેથી સ્પષ્ટ થાય છે કે પાણિનિની પૂર્વ પણ વેદોના અધ્યયનની સુગમતા માટે વેદોના વ્યાકરણ અવશ્ય રચવામાં આવ્યા હશે.

### 8.2.1 પાણિની પહેલાંના વૈયાકરણો અને તેમનું યોગદાન

પાણિની પહેલાંના વ્યાકરણકારોને બે વર્ગોમાં મૂકી શકાય છે-

(1) પાણિન્યાષ્ટકમાં અન-ઉલ્લેખિત આચાર્યો

(2) પાણિનીય અષ્ટાધ્યાયીમાં ઉલ્લેખિત આચાર્યો. પાણિન્યાષ્ટકમાં અન-ઉલ્લેખિત આચાર્યોમાં સોળ અને અષ્ટાધ્યાયીમાં દસ ઉલ્લેખિત આચાર્યોનો સમાવેશ થાય છે. ટૂંકમાં તેમનું વર્ણન નીચે મુજબ છે;

**શિવ (મહેશ્વર 11500 વિ.પૂર્વ)**

ઘણા ગ્રંથોમાં શિવ પ્રોક્ત વ્યાકરણનો ઉલ્લેખ છે. મહાભારતના શિવસહસ્રનામ (શાંતિપર્વ)માં શિવને ષડંગ વ્યાકરણના પ્રણેતા કહેવામાં આવ્યા છે. वेदात् षडङ्गान्युद्धृत्य - 284.62Jષડંગમાં વ્યાકરણ મહત્વનું છે, આ નિર્વિવાદ છે. આની પુષ્ટિ કરતા, પાણિનીય શિક્ષાના અંતે એક શ્લોક જોવા મળે છે –

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात्,

कृत्स्नं व्याकरणं प्रोक्तंतस्मै पाणिनये नमः। पाणिनिय शिक्षा - 57

આ શ્લોકના આધારે, 14 પ્રત્યાહાર સૂત્રોને માહેશ્વર સૂત્ર અથવા શિવ સૂત્ર કહેવામાં આવે છે. આ ઉપરાંત, યમલાષ્ટક તંત્ર અને સારસ્વતભાષ્યમાં ઉપલબ્ધ સંદર્ભો પરથી પણ સ્પષ્ટ થાય છે કે શિવે કેટલાક વ્યાકરણ શાસ્ત્રોનો ઉપદેશ આપ્યો હતો. આ અવતરણો સિવાય, શિવના વ્યાકરણ પુસ્તકનું નામ અથવા પુસ્તકના અન્ય ઉદાહરણો ક્યાંય જોવા મળતા નથી.

**બૃહસ્પતિ (10,000 વિ.પૂર્વ)**

દેવગુરુ બૃહસ્પતિએ અનેક શાસ્ત્રો પર ઉપદેશ આપ્યો. વ્યાકરણ વિજ્ઞાન પણ તેમના દ્વારા સૂચવવામાં આવ્યું હતું, તેનો મહાભાષ્યમાં સ્પષ્ટ ઉલ્લેખ છે -बृहस्पतिरिन्द्राय

दिव्यं वर्षसहस्रं प्रतिपदोक्तानां शब्दानां शब्दपारायणं प्रोवाच (महा. १.१.१) *ઈન્દ્ર (6500 વિ.પૂર્વ)તે તૈત્તિરીય સંહિતામાં જોવા મળે છે* (૬.૪.૭)

वाग्वै पराच्यव्याकृताऽवदत् । ते देवा इन्द्रमब्रुवन्, इमां नो वाचं व्याकुर्विति, तामिन्द्रो मध्यतोऽवक्रम्य व्याकरोत् ।*એટલે કે, ઈન્દ્રએ તેને તે વાણીની વચ્ચેથી તોડી નાખ્યું અને તેને પ્રકૃતિ, પ્રત્યય અને અન્ય વિધિઓથી સંપન્ન કર્યું. ઈન્દ્રનું વ્યાકરણ અત્યારે ઉપલબ્ધ નથી, પરંતુ ઘણા ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે.*

**વાયુ (8500 વિ.પૂર્વ)**

*તૈત્તિરીય સંહિતા* (6.4.7) *ના ઉલ્લેખમાં, ઈન્દ્રએ વાણી વિસ્તૃત કરવામાં વાયુની મદદ લીધી હતી. ઈન્દ્ર અને વાયુની મદદથી સૌપ્રથમ દિવ્ય વાણીનું વ્યાકરણ રચવામાં આવ્યું હતું. તેથી જ ઘણી જગ્યાએ આપણને વાણી માટે* 'वाग वा ऐन्द्र वायवः ' *વગેરે જેવા ઉપયોગો જોવા મળે છે. વાયુપુરાણ* (૨.૪૪)*માં વાયુને શબ્દશાસ્ત્રવિશારદ કહેવામાં આવ્યું છે. યમલાષ્ટક તંત્રમાં આઠ વ્યાકરણોમાં વાયવ્ય વ્યાકરણનો પણ ઉલ્લેખ છે. કવિન્દ્રાચાર્યની સૂચિમાં પણ વાયુ વ્યાકરણનો ઉલ્લેખ છે.*

**ભારદ્વાજ (6300 વિ .પૂર્વ)**

*વ્યાકરણના અગ્રણી આચાર્ય બાર્હસ્પત્ય ભારદ્વાજ છે. જો કે ભારદ્વાજ તંત્ર અત્યારે ઉપલબ્ધ નથી, પણ ઋકતંત્રના ઉપરોક્ત પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે ભારદ્વાજ વ્યાકરણના પ્રવક્તા હતા. ઋગ્વેદ મુજબ, ભારદ્વાજે ઈન્દ્ર પાસેથી વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો-* 'इन्द्रो भारद्वाज', *ભારદ્વાજે ઘણા ઋષિઓને વ્યાકરણ શીખવ્યું હતું* - 'ऋषयो भारद्वाजात् '

**ભાગુરી (4000 વિ .પૂર્વ)**

*વ્યાકરણ પર ભાગુરીના વિચારો સમજાવતો નીચેનો શ્લોક વ્યાકરણ સમુદાયમાં ખૂબ પ્રખ્યાત છે.*

वष्टि भागुरिरल्लोपमवाप्योरुपसर्गयोः ।

आपं चैव हलन्तानां यथा वाचा निशा दिशा ॥ *એટલે કે, ભાગુરીની દષ્ટિએ,* 'अव' *અને* 'अपि' *ઉપસર્ગનો લોપ કરી દેવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે,* अवगाह-वगाह, अपिधान-पिधान *અને હલન્ત શબ્દોથી ટાપ્ પ્રત્યય થાય છે. ઉદાહરણ તરીકે,* वाक्-वाचा, निश-निशा,दिक्-दिशा.

**પૌષ્કરસાદી (3100 વિ .પૂર્વ)**

*મહાભાષ્યનાં એક વાર્તિક* (8.4.48)'चयो द्वितीया शरि पौष्करसादेः' *વાર્તિકમાં આચાર્ય પૌષ્કરસાદિનો ઉલ્લેખ કરે છે, આ ઉપરાંત તૈતિરીય અને મૈત્રેય પ્રતિશાખ્યમાં પણ પૌષ્કરસાદીના ઘણા મંતવ્યો ટાંકવામાં આવ્યા છે. ચન્નવીર કવિ દ્વારા કાશકૃત્સ્ન ધાતુપાઠ પર કન્નડ ભાષ્યની શરૂઆતમાં પૌષ્કરા સાથે ઈન્દ્ર, ચંદ્ર, અપિશાલી, ગાર્ગ્ય,*

*ગાલવનો પણ ઉલ્લેખ છે. એવું માનવામાં આવે છે કે તે પૌષ્કરસાદી છે. આ બધા અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે પૌષ્કરસાદિ વ્યાકરણશાસ્ત્રી છે.*

**ચારાયણ (3100 વિ .પૂર્વ)**

*આચાર્ય ચારાયણે કોઈપણ વ્યાકરણનો ઉપદેશ આપ્યો હોવાના કોઈપણ વિધાનમાંથી કોઈ સ્પષ્ટ સંકેત નથી. લૌગાક્ષી-ગૃહ્યના વ્યાખ્યાતા દેવપાલે ચરાયણ અપરનામ ચરાયણીનું એક સૂત્ર અને* 5.1*ની ટીકામાં તેની સમજૂતી ટાંકી છે.*

**શન્તનુ (3100 વિ .પૂર્વ)**

*આચાર્ય શન્તનુએ વ્યાપક વ્યાકરણનો ઉપદેશ આપ્યો હતો. હાલમાં ઉપલબ્ધ ફિટ સૂત્રોએ જ શાસ્ત્રનો એક ભાગ હોવાનું જણાય છે. પાણિની સંપ્રદાયમાં, આચાર્ય શન્તનુને ફિટ સૂત્રોના પ્રવક્તા માનવામાં આવે છે, તેથી તેમને શાંતનવ સૂત્રો કહેવામાં આવે છે.*

**વ્યાઘ્રપાદ (3100 વિ .પૂર્વ)**

*કાશિકા* (7.1.64) *માં મળેલ અવતરણ* 'गुणं त्विगंते नापुंस्के व्याघ्रपदं वरिष्ठः' *સ્પષ્ટ કરે છે કે વ્યાઘ્રપાદ વ્યાકરણ-વક્તા છે.*

**માધ્યંદિની (3000 વિ .પૂર્વ)**

*કાશિકા* 7.1.64 *માં કારિકા જોવા મળે છે.*

**सम्बोधने तूशनसस्त्रिरूपं सान्तं तथा नान्तमथाप्यदन्तम् ।**

**माध्यन्दिनिर्वष्टि गुणं त्विगन्ते नपुंसके व्याघ्रपवां वरिष्ठः ॥**

*આ વિધાન માધ્યંદિની આચાર્યના જણાવ્યા અનુસાર, 'ઉશનસ' શબ્દના સંબોધનમાં ત્રણ રૂપ દર્શાવવામાં આવ્યા છે - 'હે ઉષનઃ, હે ઉષનન્, હે ઉશન'. આ બધા અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે માધ્યંદિનીએ વ્યાકરણશાસ્ત્રનું પ્રવચન કર્યું હશે.*

**ગૌતમ (3000 વિ .પૂર્વ)**

*મહાભાષ્યમાં* (6.2.36) *આપણને* आपिशलपाणिनीयव्याडीयगौतमीयाः*' શબ્દપ્રયોગ જોવા મળે છે, તેમાં ઉલ્લેખિત ત્રણ વ્યાકરણકારો આપિશલી, પાણિની અને વ્યાડિ છે, તેથી તેમની સાથે યાદ કરાયેલા આચાર્ય ગૌતમ પણ વ્યાકરણકાર હોવાનું જણાય છે; તૈત્તિરીય* (5.38) *અને મૈત્રેય* (5.40) *પ્રતિશાખ્યા દ્વારા આની પુષ્ટિ થાય છે. આચાર્ય ગૌતમના મંતવ્યો ટાંકવામાં આવ્યા છે.*

**વ્યાડિ (2600 વિ .પૂર્વ)**

*વ્યાડિનું બીજું નામ દાક્ષાયણ છે. જયાદિત્યે કાશિકા (૨.૪.૪૧) માં ઉદાહરણ આપ્યું છે –* व्याड्युपज्ञं दुष्करणम्*'. ન્યાસમાં તેનું લખાણ* 'व्याड्युपन्नं दशहुष्करणम्' *છે. આ ઉદાહરણની સમજૂતી પદમંજરી* (4.3.115) *માં જોવા મળે છે, તેથી એવું લાગે છે કે આ ઉદાહરણ તેમના સમયમાં કાશિકા* (4.3.115) *માં પણ હાજર હોવું જોઈએ.*

**આપિશલી (3000 વિ .પૂર્વ)**

*આપિશલીનો ઉલ્લેખ પાણિની સૂત્ર* 'वा सुप्यापिशलेः' (VT.I.62) *માં કરવામાં આવ્યો છે. મહાભાષ્યકરે* (4.2.45)*માં આપિશલી ના અભિપ્રાયને પુરાવા તરીકે ટાંક્યા છે, આ સિવાય વામન, ન્યાસકર જિનેન્દ્રબુદ્ધિ, કૈયટ અને મૈત્રયરક્ષિત વગેરે લેખકોએ પણ આપિશલીના ઘણા સૂત્રો ટાંક્યા છે. હાલમાં આપિશલીનું વ્યાકરણ સંપૂર્ણ સ્વરૂપમાં ઉપલબ્ધ નથી; હા, આઠ પ્રકરણો ધરાવતું ધ્વનિને લગતું પુસ્તક ઉપલબ્ધ છે, જેનું નામ આપિશલી શિક્ષા છે.*

**ગાર્ગ્ય (3100 વિ .પૂર્વ)**

*પાણિનીએ આઠ અધ્યાયમાં ત્રણ જગ્યાએ ગાર્ગ્યનો ઉલ્લેખ કર્યો છે:* 'अङ्गार्ग्यगालवयोः-(VII.III.90) ओतो गार्ग्यस्य (VIII III. 20) *અને* नोदात्तस्वरितोदयमगार्ग्य-काश्यपगालवानाम् (VIII IV. 67),*ગાર્ગ્યના ઘણા મંતવ્યો વૈજ્ઞાનિક અને પ્રતિષ્ઠિત છે. પ્રતિશાખ્યામાં ઉપલબ્ધ છે. તેમનું સૂક્ષ્મ અવલોકન દર્શાવે છે કે ગાર્ગ્યનું વ્યાકરણ વ્યાપક હતું.*

**ગાલવ (3100 વિ .પૂર્વ)**

*પાણિનીએ અષ્ટાધ્યાયીમાં ચાર જગ્યાએ ગાલવનો ઉલ્લેખ કર્યો છે.*

1. प्रतिध्वनि हुसवोद यो गालवस्य-६.३.६१
2. तृतीयादिषु भाषितपुंस्कं पुंवद् गालवस्य-७.१.७४
3. अड् गार्ग्यगालवयोः। ७.३.६६
4. नोदात्त... गालवानाम् ८.४.६७

*પુરુષોત્તમ દેવે ભાષાવૃત્તિ (6.1.77)માં વ્યાકરણ પર ગાલવનો અભિપ્રાય ટાંક્યો છે. આ દર્શાવે છે કે ગાલવએ વ્યાકરણની રચના કરી હતી.*

**ભારદ્વાજ**

*પ્રાચીન ગ્રંથોમાં ભારદ્વાજ વ્યાકરણના માત્ર બે મંતવ્યો ઉપલબ્ધ છે અને તેમાંથી તેના સ્વરૂપ અને વિશાળતા વગેરે વિશે કોઈ વિશેષ જાણકારી નથી. વાજસનેય પ્રતિશાખ્ય (અધ્યાય* 8) *ના અંતે, લેખકોને ભારદ્વાજ-દ્રષ્ટ કહેવામાં આવ્યા છે.*

*મહાભાષ્યમાં ઘણી જગ્યાએ ભારદ્વાજ્ય વાર્તિકોઓનો ઉલ્લેખ છે. તેઓ મોટાભાગે કાત્યાયનીય વાર્તિક સાથે મળતા આવે છે અને તેમના કરતા વ્યાપક અને વધુ અલગ હોય છે.*

*ભારદ્વાજ દ્વારા લખાયેલા અન્ય પુસ્તકો આયુર્વેદ સંહિતા અને અર્થશાસ્ત્ર છે. આયુર્વેદ સંહિતામાંથી અવતરણો આયુર્વેદ પરના ભાષ્યોમાં ઉપલબ્ધ છે. ચાણક્યએ તેમના અર્થશાસ્ત્રમાં ભારદ્વાજના ઘણા મંતવ્યો ટાંક્યા છે. ટીકાકારોના મતે આ અભિપ્રાયો વ્યાકરણશાસ્ત્રી ભારદ્વાજના છે.*

**શાકટાયન**

*પાણિની અને પ્રાતિશાખ્યમાં ટાંકવામાં આવેલા મંતવ્યો બાદ, એવું જણાય છે કે શાકલ્યના વ્યાકરણમાં લૌકિક અને વૈદિક બંને શબ્દોના અર્થઘટનનો સમાવેશ થાય છે.*

*વ્યાકરણ સિવાય, અન્ય કેટલાક ગ્રંથો જેમ કે શાકલચરણ, પદપાઠ અને માધ્યંદિન-પદપાઠ પણ શાકલ્ય દ્વારા લખવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.*

### 8.2.2 વ્યાકરણનું પ્રયોજન

*વ્યાકરણનું પ્રયોજન વેદોની રક્ષા કરવી-એ છે. પતંજલિના મતે* 'रक्षोहागमलघ्वसंन्देहा:' *એ પાંચ પ્રયોજનો માટે વ્યાકરણ જાણવું જોઈએ.*

(1) *રક્ષા :-*

*મહાભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે વેદોની રક્ષા કરવા માટે વ્યાકરણનો અભ્યાસ કરવો જોઈએ. લોપ, આગમ અને વર્ણ-વિકારને જાણનાર જ વેદોની રક્ષા કરી શકે છે. કાત્યાયન અને પતંજલિનો મત છે કે વ્યાકરણના જ્ઞાનના અભાવમાં મંત્રોમાં વિકાર ઉત્પન્ન થાય છે. વ્યાકરણના માધ્યમ દ્વારા વેદમંત્રોની યથાર્થ જાળવણી શક્ય બને છે. વેદના અર્થનું જ્ઞાન પણ વ્યાકરણના જ્ઞાનથી શક્ય બને છે.*

(2) *ઊહ :-*

*ઊહ એટલે તર્ક કે વિચારણા.*

*વેદમાં જે મંત્રો છે તે સર્વ લિંગો અને વિભક્તિઓમાં નથી. તેથી મંત્રોમાં યજ્ઞમાં અપેક્ષિત રૂપથી લિંગ તથા વિભક્તિનો વ્યતિહાર કરવો જોઈએ. આ દુષ્કર કાર્ય વ્યાકરણ દ્વારા જ શક્ય બને છે.*

*તર્ક કે વિચારણા દ્વારા નૂતન પદોની કલ્પના શક્ય બને છે, પરંતુ વ્યાકરણ વિના તેનો વિનિયોગ શક્ય નથી.*

(3) *આગમ :-*

*વ્યાકરણના અભ્યાસ માટે સ્વયં શ્રુતિ આજ્ઞા આપે છે. શ્રુતિ કહે છે કે વેદાંગ સહિત વેદનો અભ્યાસ કરવો જોઈએ. વેદાંગના ભાગરૂપ વ્યાકરણનો અભ્યાસ પણ શ્રુતિનો આદેશ છે.*

(4) *લઘુ :-*

*વિદ્યા અનંત છે. સમય અને શક્તિની મર્યાદા છે, તેથી સંક્ષેપીકરણની આવશ્યકતા છે. શાસ્ત્રની લઘુતાનું સંપાદન પણ વ્યાકરણ દ્વારા સિદ્ધ થાય છે.*

(5) *અસંદેહ :-*

*વ્યાકરણના અભ્યાસનું એક પ્રયોજન છે - સંદેહનું નિવારણ.*

પદના અર્થ અને વિનિયોગમાં શંકા હોય તો વ્યાકરણ દ્વારા તેનું નિરાકરણ થઈ શકે છે. 'સ્થૂનપૃષીમ્ આ બહુવ્રીહિ સમાસ છે કે તત્પુરુષ ?-આ સંદેહનું નિવારણ વ્યાકરણના જ્ઞાનથી થઈ શકે છે.

મહર્ષિ પતંજલિ ઉપર્યુક્ત પ્રયોજનો ઉપરાંત વ્યાકરણ દ્વારા મલેચ્છતા - નિવારણ પણ સિદ્ધ થાય છે, તેમ કહે છે. શબ્દોના યથાર્થ જ્ઞાન દ્વારા અનુચિત શબ્દો કે અપશબ્દોનો પ્રયોગ ટાળી શકાય છે અને મલેચ્છોચિત ભાષાપ્રયોગથી બચી શકાય છે.

एकः शब्दः सम्यग् ज्ञातः, शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति ।

"એક શબ્દનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરીને અને શાસ્ત્રાનુસાર સમ્યક્ પ્રયોગ કરવામાં આવે તો તે આ લોકમાં અને સ્વર્ગલોકમાં સફળતા આપે છે."

આમ બને કેવી રીતે ? વ્યાકરણશાસ્ત્ર દ્વારા આમ બની શકે છે.

હવે પ્રશ્ન એ છે કે ઐન્દ્ર વગેરે આઠ વ્યાકરણો છે, તેમાંથી કયું વ્યાકરણ વેદાંગનું પ્રતિનિધિત્વ કરે છે ?

પ્રચલિત અને પ્રાપ્ત વ્યાકરણોમાં પાણિનીય વ્યાકરણ પ્રાચીનતમ છે. તે અધિક પ્રચલિત અને અધિક લોકપ્રિય છે તથા સર્વાંગસંપૂર્ણ છે. પ્રાણિનીય વ્યાકરણમાં વૈદિક વ્યાકરણનો પણ ગહન અને વ્યાપક સ્વરૂપે વિચાર થયો છે.

આ સર્વ રીતે વિચારતાં સિદ્ધ થાય છે કે પાણિનીય વ્યાકરણ જ વેદાંગનું પ્રતિનિધિત્વ કરે છે.

આનો અર્થ એમ નથી કે અન્ય વ્યાકરણોની મહત્તા કે પ્રાચીનતા સંદેહ-યુક્ત છે.

વ્યાકરણ વિના ભાષાનું જ્ઞાન શક્યનથી અને ભાષાના જ્ઞાન વિના વેદનો અભ્યાસ કે વિનિયોગ શક્ય નથી. તેથી વેદના અભ્યાસ તથા વિનિયોગ માટે વ્યાકરણના અભ્યાસની મહત્તા સ્પષ્ટ જ છે. તેથી पठ पुत्र व्याकरणम् ।'આ આદેશ ઉચિત જ છે.પાણિનિએ અષ્ટાધ્યાયીમાં વૈજ્ઞાનિક ઢબે વ્યાકરણનું નિરૂપણ કર્યું છે જેમાં મોટે ભાગે લૌકિક સંસ્કૃતના, પણ ક્યાંક ક્યાંક વૈદિક વ્યાકરણના નિયમો પણ દર્શાવ્યા છે.

વૈદિક વ્યાકરણની રચના પાણિનિથી ઘણી વહેલાં થઈ હતી, જેમાં વ્યાકરણનાં મુખ્ય અંગોની ચર્ચા છે. વૈદિક વ્યાકરણ ક્રમબદ્ધ સ્વરૂપે પ્રાતિશાખ્યોમાં છે. પ્રાતિશાખ્ય ગ્રંથોમાં વૈદિક સ્વર તથા છંદની સાથે સાથે વ્યાકરણ સંબંધી નિયમો પણ છે. અહીં વિષયવસ્તુ છ વિભાગોમાં છેઃ વર્ણસમામ્નાય, પદવિભાગ, સંધિવિચ્છેદ, સ્વરવિચાર, પાઠવિચાર અને ઉચ્ચારણ.

1. વર્ણસમામ્નાય :

આ વિભાગમાં સ્વરો, વ્યંજનો અને તેના ઉચ્ચારણની વિધિ અંગે વિચાર કરવામાં આવ્યો છે.

2. પદવિભાગ –

*આ વિભાગમાં પદોસંબંધી નિયમ જેમજ પ્રગૃહ્ય, સંજ્ઞા, અવગ્રહ અને એના નિયમો તેમજ અપવાદ બતાવ્યા છે.*

3. *સંધિવિચ્છેદ :*

*સંધિવિચ્છેદમાં* अच्,हल् *અને* विसर्ग *સંધિઓના નિયમ છે.*

4. *સ્વરવિચાર :*

*સ્વર વિચારમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વરોનો પરિચય તથા આખ્યાત સ્વરોની ચર્ચા કરી છે.*

### 8.2.3 પ્રાતિશાખ્ય ગ્રંથો

*એમ કહેવાય છે કે વેદની દરેક શાખાનો એક પ્રાતિશાખ્ય ગ્રંથ હતો. પરંતુ હાલમાં પાંચ સંહિતાઓના પ્રાતિશાખ્ય ગ્રંથો મળી આવે છે. ઋક્પ્રાતિશાખ્ય, શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય, તૈત્તિરીય પ્રાતિશાખ્ય, સામ પ્રાતિશાખ્ય અને અથર્વ પ્રાતિશાખ્ય.*

#### 8.2.3.1 ઋક્ પ્રાતિશાખ્ય

*ઋગ્વેદનું પ્રાતિશાખ્ય ઋક્ પ્રાતિશાખ્ય છે એની રચના આશ્વલાયનના ગુરુ મહર્ષિ શૌનકે કરી હતી. ઋ.પ્રા.ના ત્રણ અધ્યાયો છે. પ્રત્યેક અધ્યાય છ છ પટલોમાં વહેંચાયેલો છે. પટલમાં પણ પ્રાયઃ પાંચ પદ્યોના વર્ગો છે. ઋ. પ્રા.નાં સૂત્રો પદ્યાત્મક છે. સૂત્રો સંપૂર્ણ પદ્ય કે પદ્યખંડનાં બનેલાં છે. પટલાત્મક વિભાગો અધિક પરિચિત છે. પટલાનુક્રમે પ્રથમ પટલમાં સંજ્ઞાપરિભાષા, દ્વિતીયમાં સ્વરસંધિ, તૃતીયમાં ઉદાત્તાદિ સ્વર, ચતુર્થમાં વ્યંજનસંધિ, પંચમ પટલમાં નતિ સંધિ, ષષ્ઠ પટલમાં અભિનિધાન સ્વરભક્તિ આદિ, સપ્તમ, અષ્ટમ અને નવમ પટલોમાં પ્લુતિ અને દીર્ઘત્વ, દશમ અને એકાદશ પટલમાં ક્રમપાઠ, દ્વાદશમાં નામ આખ્યાત ઉપસર્ગ નિપાત આદિ પદો તેમજ પદાન્તે કે પદાદિમાં ન આવનાર વર્ણોનું નિરૂપણ, ત્રયોદશ પટલમાં વર્ણોત્પત્તિ અને વર્ણસ્વરૂપ, ચતુર્દશમાં ઉચ્ચારણદોષ, પંચદશમાં વેદાધ્યયનપદ્ધતિ અને અંતિમ ત્રણ પટલોમાં છંદોવર્ણન એ પ્રમાણે વિષયનિરૂપણ છે.*

#### 8.2.3.2 શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય

*શુક્લ યજુર્વેદનું શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય છે. આને વાજસનેયી પ્રાતિશાખ્ય પણ કહેવામાં આવે છે. આની રચના કાત્યાયને કરી હતી. આ પ્રાતિશાખ્યમાં આઠ અધ્યાય છે. એમાં પરિભાષા, સ્વર અને સંસ્કાર એ ત્રણ વિષયોની ચર્ચા છે. શાકરણ અને શાકટાયન જેવા આચાર્યોના મતોનો પણ તેમાં ઉલ્લેખ છે. આ પ્રાતિશાખ્યમાં વર્ણિત અનેક પારિભાષિક શબ્દો અને સૂત્રો પાણિનીએ અષ્ટાધ્યાયીમાં આપ્યાં છે. ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, વગેરે સંજ્ઞાઓ પણ આ પ્રાતિશાખ્યમાંથી પાણિનીએ લીધી છે. આ પ્રાતિશાખ્ય ઉપર ઉવટ અને અનન્તભટ્ટની ટીકાઓ પણ મળે છે.*

#### 8.2.3.3 તૈત્તિરીય પ્રાતિશાખ્ય

*આ પ્રાતિશાખ્ય કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનું છે. આના રચયિતાનું નામ જાણવા મળ્યું નથી. આ પ્રાતિશાખ્ય બે પ્રકરણો અર્થાત્ ખંડોમાં વહેંચાયેલું છે. દરેક ખંડમાં*

*બાર અધ્યાય છે. તૈત્તિરીય સંહિતા સાથે સંબંધ હોવાને કારણે એમાં મોટાભાગનાં ઉદાહરણ આ સંહિતામાંથી આપવામાં આવ્યા છે. 'તૈત્તિરીય પ્રાતિશાખ્ય' પર સોમાચાર્યે 'ત્રિભાષ્યરત્ન' નામની અને ગોપાલ યજ્વને 'વૈદિકાભરણ' નામની ટીકાઓ રચી છે. 'વાજસનેયી પ્રાતિશાખ્ય' પર અનન્ત ભટ્ટની રચેલી ટીકા પ્રાપ્ત થાય છે.*

### 8.2.3.4 સામ પ્રાતિશાખ્ય

*સામ પ્રાતિશાખ્યની રચના પુષ્પ નામના ઋષિએ કરી હતી. એથી એને પુષ્પસૂત્ર પણ કહેવાય છે. એમાં દસ પ્રપાઠક છે. સામવેદનો ગીત સાથે સંબંધ હોવાથી આ પ્રાતિશાખ્યમાં સ્તોત્રનું વિશેષ સ્થાન છે. એમાં ગાનને ઉપયોગી બીજી સામગ્રી પણ હોવાને કારણે તેનું મહત્ત્વ વધારે છે. સામ પ્રાતિશાખ્ય પર સાયણનું ભાષ્ય ઉપલબ્ધ છે.*

*સામવેદની કૌથુમ શાખાનું ઋકતંત્ર વ્યાકરણ મળે છે. આ ગ્રંથ સૂત્રોમાં છે તેના સૂત્રોની સંખ્યા 280 છે. આ પાંચ પ્રપાઠકમાં વિભાજિત છે. આ ગ્રંથના રચયિતા તરીકે શાકટાયનને માનવામાં આવે છે.*

### 8.2.3.5 અથર્વ પ્રાતિશાખ્ય

*અથર્વવેદનું પ્રાતિશાખ્ય ચતુરાધ્યાયી કહેવાય છે. કારણ કે એના ચાર અધ્યાય છે.*

*વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ અને અર્થોને સમજવા માટે પ્રાતિશાખ્યોની સહાયતા અનિવાર્ય છે. વેદોના અર્થો જાણવા માટે સ્વર, છંદ અને ઉચ્ચારણને પણ જાણવાં જોઈએ. પ્રાતિશાખ્યોમાં આ બધાના નિયમો આપવામાં આવ્યા છે.*

*આ પ્રાતિશાખ્ય ગ્રંથોમાં વર્ણ સમામ્નાય, પદવિભાગ, સંધિવિચ્છેદ, સ્વર, પાઠ અને ઉચ્ચારણ સંબંધી નિયમો બતાવ્યા પછી પણ વેદોનો ગૂઢ અર્થ સમજવા માટે કંઈક ખૂટતું હોય તેમ લાગ્યું. શબ્દોની વ્યુત્પત્તિ, એની રચના, નિર્વચન વગેરે સમજવું આવશ્યક લાગ્યું. એ જાણવા માટે નિરુક્તની રચના કરવામાં આવી. જેની હવે ચર્ચા કરીશું.*

## 8.2.4 નિરુક્ત

*યાસ્ક અને તેનું નિરુક્ત*

*છ વેદાંગોમાં નિરુક્ત ચતુર્થ છે, જે વેદપુરુષનો કાન (શ્રોત્ર) ગણાય છે.* निरुक्तं श्रोत्रमुच्यते । *મહર્ષિ યાસ્કનો સમયગાળો પાણિની કરતાં ઘણો જૂનો છે. મધુવિદ્યાની આચાર્ય પરંપરામાં તેમનું નામ જોવા મળે છે. શાસ્ત્રો વિશેની તેમની વિચારસરણીની શૈલીમાં સંપૂર્ણતા છે - તેઓ માત્ર તેમના અગાઉના વિચારકોને ટાંકતા નથી, તેઓ તેમની સાથે સંપૂર્ણ ન્યાય કરવાનો પ્રયાસ પણ કરે છે. વેદાંગ નિરુક્તનો સમગ્ર શ્રેય તેમને જાય છે. ઉપલબ્ધ નિરુક્તને ચૌદ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. છેલ્લા બે પ્રકરણો પરિશિષ્ટ તરીકે ઓળખાય છે. પ્રકરણોને વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. શિક્ષા વગેરે વેદાંગ વેદનાં બાહ્ય તત્ત્વોનું નિરૂપણ કરે છે અને નિરુક્ત*

*વેદના આંતરિક સ્વરૂપને ઉદ્ઘાટિત કરે છે. અન્ય વેદાંગ મહદ્—અંશે સૂત્રરૂપે છે, પરંતુ નિરુક્ત ગદ્યશૈલીમાં લખાયેલું છે.*

*સાયણાચાર્યે 'નિરુક્ત' શબ્દની વ્યાખ્યા આપતા કહ્યું છે કે,* 'अर्थावबोधे निरपेक्षतया पदजातं यत्रोक्तं तन्नियुक्तम् ।' *અર્થાત્ અર્થના જ્ઞાન માટે સ્વતંત્રરૂપે જે પદોનો સંગ્રહ છે તે નિરુક્ત કહેવાય.' નિરુક્તને વેદપુરુષના કાનની ઉપમા આપવામાં આવી છે.* निरुक्तं श्रोत्रमुच्यते ।' *પ્રાચીન ઋષિકલ્પ વિદ્વાનોએ જ વેદના અમુક અઘરા શબ્દોને એકત્રિત કરીને 'નિઘંટુ' નામના વૈદિક શબ્દકોશની રચના કરી હતી. આ નિઘંટુમાં સંગૃહિત કરવામાં આવેલા શબ્દો ઉપર 'યાસ્ક' નામના વિદ્વાને 'નિરુક્ત' વેદાંગની રચના કરી છે. આમ નિરુક્ત વેદાંગમાં કુલ બારસો અઠ્ઠાણું વૈદિક શબ્દોનું નિર્વચન આપવામાં આવ્યું છે. વેદાર્થ સમજવા માટે નિઘંટુ પછી નિરુક્ત પ્રમાણરૂપ છે. વસ્તુતઃ નિરુક્ત નિઘંટુની ભાષ્યભૂત ટીકા છે. નિઘંટુમાં વેદના કઠિન શબ્દોનો સંગ્રહ છે. તેને વૈદિક શબ્દકોશ પણ કહી શકાય. નિઘંટુ અનેક હોવાનું મનાય છે, પરંતુ વર્તમાનકાળમાં તો એક જ નિઘંટુ ઉપલબ્ધ છે, જેના પર મહર્ષિ યાસ્ક-વિરચિત નિરુક્ત છે.*

*ઐતિહાસિક દૃષ્ટિથી નિઘંટુ પછી નિરુક્તનો સમય ગણાય છે. દુર્ગાચાર્યકૃત દુર્ગવૃત્તિ અનુસાર નિરુક્તની સંખ્યા ચૌદ હતી. યાસ્કના ઉપલબ્ધ નિરુક્તમાં બાર નિરુક્તકારોનો ઉલ્લેખ છે. પરંતુ વર્તમાનકાળમાં તો યાસ્ક—વિરચિત નિરુક્ત જ વેદાંગ— નિરુક્તનો પ્રતિનિધિ-સ્વરૂપ ગ્રંથ છે. યાસ્કની પ્રાચીનતા વિશે કોઈ સંદેહ નથી. મહર્ષિ પાણિનિથી પણ તેઓ પ્રાચીન છે. મહાભારતના શાંતિપર્વમાં પણ નિરુક્તકાર તરીકે યાસ્કનો ઉલ્લેખ છે.*

*નિરુક્તિ એટલે વ્યુત્પત્તિ. નિરુક્ત સ્વરૂપતઃ વ્યુત્પત્તિશાસ્ત્ર છે. નિરુક્તમાં વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવેલ છે. નિરુક્તનો એવો મત છે કે પ્રત્યેક શબ્દ કોઈ ને કોઈ ધાતુમાંથી નિર્મિત થાય છે. તેથી નિરુક્તકાર શબ્દોની વ્યુત્પત્તિ પ્રદર્શિત કરીને ધાતુ સાથે વિભિન્ન પ્રત્યયોનો પણ નિર્દેશ કરે છે.*

*નિરુક્તમાં પ્રત્યેક શબ્દની વ્યુત્પત્તિ આપવામાં આવે છે. આ રીતે શબ્દના મૂળ સૂધી પહોંચવાથી શબ્દનો મૂળ અર્થ શોધવામાં સહાય મળે છે. આ રીતે નિરુક્ત વેદના મંત્રોનો અર્થ સમજવામાં ખૂબ સહાયભૂત બને છે. શબ્દનો મૂળ અર્થ સમજ્યા વિના વેદમંત્રોનો અર્થ સમજી શકાય નહિ. વેદાર્થમીમાંસામાં નિરુક્ત ઘણું મૂલ્યવાન સાધન છે. આ અર્થમાં નિરુક્ત વેદાંગ છે.*

*આ રીતે નિરુક્તના કુલ ચૌદ અધ્યાય છે. યાસ્કાચાર્ય એ નિરુક્તનું સ્વરૂપ સમજાવતાં પાંચ વિષયોનું વર્ણન કર્યું છે. વર્ણાગમ, વર્ણવિપર્યય, વર્ણવિકાર, વર્ણનાશ અને અર્થના અતિશયને કારણે અમુક ધાતુનો યોગ. નિરુકતનું સ્વરૂપ સમજાવતી કારિકા આ પ્રમાણે જોવા મળે છે –*

वर्णागमो वर्णविपर्ययश्च द्वौ चापरौ वर्णविकारनाशौ ।

धातोस्तदर्थातिशयेन योगस्तदुच्यते पञ्चविधं निरुक्तम् ॥

*નિરુક્ત-શાસ્ત્ર વૈદિક દેવવિદ્યાના સહાયક તરીકે ઉભરી આવ્યું. પ્રારંભિક સમયગાળામાં, વૈદિક દેવોના નામ અને તેમના સ્વરૂપને સ્પષ્ટ કરવા નિર્વચન કરવામાં આવતું હતું. બ્રાહ્મણોમાં ઈન્દ્રનો ઈંધ સાથેનો સંબંધ અને અગ્નિનો અગ્રી સાથેનો સંબંધ તેના ઉદાહરણો છે. યાસ્કના નિરુક્તમાં અને અન્યત્ર સંસ્કૃત સાહિત્યમાં, શાકપૂણિ નિરુક્તને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. શાકપૂણિના લખાણમાં, દેવવિદ્યાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.*

*સમય જતાં, જેમ જેમ વેદના જ્ઞાનમાં નિરુક્ત શાસ્ત્રની ઉપયોગીતા જાણીતી થઈ, તેમ તેમ તેના દાર્શનિક સ્વરૂપનું મહત્વ વધવા લાગ્યું. દેવવિદ્યાના સંદર્ભમાં પણ નિર્વચનનું મહત્ત્વ અકબંધ રહ્યું. આ જ કારણ છે કે આ શાસ્ત્ર (યાસકની નિરુક્ત)ના આત્યંતિક વિકાસના તબક્કે પણ પુસ્તકમાં અડધો ભાગ દેવવિદ્યાને સમર્પિત છે, જ્યારે બાકીના ભાગમાં નિર્વચનનું અને અન્ય ચર્ચાઓ અને નિર્વચનનું સંબંધિત મુખ્ય-ગૌણ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે.*

*યાસ્કના નિરુક્તની મુખ્ય ઉપયોગિતા નિર્વચન દ્વારા વેદોનું જ્ઞાન આપવાનું છે.' વૈદિક શબ્દોનો અર્થ નક્કી કર્યા વિના આ કાર્ય થઈ શકતું નથી, તેથી વૈદિક શબ્દોનો અર્થ નક્કી કરવો એ નિર્વચનનું મુખ્ય લક્ષ્ય છે. આ ધ્યેય હાંસલ કરવા માટે, યાસ્કએ પ્રથમ નિઘન્ટુ ગ્રંથનું પ્રતિપાદન કર્યું જેમાં ત્રણ કાન્ડ અને પાંચ પ્રકરણો હતા. આ ગ્રંથ તેમના શાસ્ત્રનું બીજ છે અને નિરુક્ત ગ્રંથસ્વરૂપે તેનું ભાષ્ય એ બીજનું પુષ્પ છે.*

*આ વર્ણન પરથી એવું તારણ નીકળે છે કે પ્રાકૃત નિરુક્ત ગ્રંથના બે વિષયો છે - 1.મંત્રાર્થજ્ઞાન, 2. દેવવિદ્યા. નિર્વચન એ બંનેનું સાધન છે, તેથી તે નિરુક્તનો મુખ્ય વિષય છે.*

*1.મંત્રાર્થજ્ઞાનઃ નિઘન્ટુમાં યાસ્કએ એકત્રિત શબ્દોના નિર્વચનનાં સંદર્ભમાં*

*તે મંત્રો અથવા મંત્રોના ભાગો ટાંકવામાં આવ્યા છે જેમાં તે શબ્દો તેમના નિર્વચન દ્વારા નિર્ધારિત અર્થમાં ઉપયોગમાં લેવાયા છે. ઘણીવાર તેઓ તેમના મુદ્દાની પુષ્ટિ કરવા અથવા વિષય પર વધુ સ્પષ્ટતા આપવા માટે ઘણા મંત્રો અથવા મંત્રોના ટુકડાઓ પણ ટાંકે છે. સમગ્ર નિરુક્તમાં, વિવિધ સંહિતાઓમાંથી અંદાજે ૮૦૦ મંત્રો અથવા મંત્રોના ટુકડાઓનું અવતરણ કરવામાં આવ્યું છે. મંત્રો પાઠ કરતી વખતે, તેઓ ઘણીવાર મુશ્કેલ શબ્દોના દુન્યવી સમાનાર્થી આપે છે અથવા તે શબ્દોનું અર્થઘટન કરીને તેનો અર્થ નક્કી કરે છે. જો જરૂરી હોય તો, તેઓ મંત્રાર્થ જ્ઞાન માટે મદદરૂપ ઈતિહાસ અથવા અન્ય કોઈ પ્રાચીન માન્યતા અથવા પ્રથા પણ પ્રદાન કરે છે. જો મંત્રના અર્થમાં, અથવા મંત્રના શબ્દના સ્વરૂપ વિશે, અથવા તેના અર્થઘટનમાં મતભેદ હોય, તો તેઓ કાં તો તે મતભેદને રજૂ કરે છે, અથવા તેની સંપૂર્ણ સમીક્ષા કર્યા પછી, સિદ્ધાંત પર નિર્ણય લે છે. .*

*2. દેવવિદ્યાઃ યાસ્કે દેવવિદ્યાના વિષયને બે ભાગમાં વહેંચ્યો છે. પ્રથમ ભાગમાં, તેમણે સાતમા અધ્યાયના પ્રથમ 13 વિભાગોમાં દેવવિદ્યાના મૂળ સિદ્ધાંતોની ચર્ચા કરી છે.*

*બીજા ભાગમાં, દૈવતકાંડમાં સંકલિત દેવતાઓના સ્વરૂપનું વર્ણન ૭મા અધ્યાયના બાકીના ભાગથી લઈને ૧૨મા અધ્યાયના અંત સુધી કરવામાં આવ્યું છે.*

*દેવતાના નામને સમજાવતા, યાસ્કએ દેવતાના આધિ યજ્ઞીય, આધિ-દૈવિક અને આધિ-ભૌતિક સ્વરૂપો આગળ મૂક્યા છે. ઉદાહરણ તરીકે, અગ્નિ શબ્દની ૫ વ્યાખ્યાઓ છે (નિરુક્ત 7.14 માં).* 'अग्रणीर्भवति', 'अग्रंयज्ञेषुप्रणीयते' *આ બે નિર્વચન યજ્ઞમાં અગ્નિનું મહત્વ અને તેના આધિ દૈવિક સ્વરૂપને દર્શાવે છે.* अङ्ग नयति सन्नमानः, अक्नोपनो भवतीति *આ બે નિર્વચન અગ્નિની ભૌતિક પ્રકૃતિને છતી કરે છે. શાકપૂર્ણીના નિર્વચનમાં અગ્નિનું પરમ દિવ્ય સ્વરૂપ પ્રગટ થાય છે.*

## 8.3 સારાંશ

*નિરુક્ત અને વ્યાકરણ, બંને વેદાંગ છે અને બંને અન્યોન્ય પૂરક છે. વ્યાકરણ શબ્દોનું શુદ્ધિકરણ કરે છે અને નિરુક્ત શબ્દાર્થનું વિવેચન કરે છે. નિરુક્ત દ્વારા ધાતુ-પાઠના સર્વ અર્થો ઉત્પન્ન થાય છે અને તે ધાતુઓના પરિજ્ઞાન માટે નિરુક્તને વ્યાકરણની સહાયની આવશ્યકતા છે. આમ, બંનેનો અન્યોન્યાશ્રય સંબંધ છે.*

**સ્વાધ્યાય**

1. *વ્યાકરણ એટલે શું ?*
2. *વ્યાકરણને વેદપુરુષનું કયું અંગ માનવામાં આવ છે?*
3. *વ્યાકરણ પ્રયોજનના અંગો કેટલા છે? કયાં ક્યાં ?*

## 8.4 તમારી પ્રગતિ ચકાસો

1. *વ્યાકરણના પાંચ પ્રયોજનના નામ જણાવો.*

2. *નિરુક્તને વેદપુરુષનું કયું અંગ માનવામાં આવે છે?*

3. *સાયણાચાર્યએ આપેલ નિરુક્તની વ્યાખ્યા જણાવો.*

4. *નિરુક્ત વેદાંગની રચના કોણે કરી?*

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *પાણિની પુર્વોત્તર વ્યાકરણશાસ્ત્રીનો પરિચય આપો. (ઉત્તરના મુદ્દા* 8.2.1)
2. *વ્યાકરણ પ્રયોજનના પાંચ અંગો વિસ્તારથી સમજાવો. (ઉત્તરના મુદ્દા* 8.2.2)
3. *યાસ્ક રચિત નિરુક્ત વિષે વિસ્તૃત માહિતી લખો.*

**સૂચિત વાંચન સામગ્રી**

1. संस्कृत- वाड्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ*-6)
3. वैदिक सुक्तसंग्रहः - *વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)
4. *વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

# એકમ : 9 : ષડ્વેદાંગ : છંદ અને જ્યોતિષ

## રૂપરેખા


**9.0** ઉદ્દેશો

**9.1** પ્રસ્તાવના

**9.2** ઋગ્વેદના 13 છંદ

**9.3** યજુર્વેદના 8 છંદ

**9.4** અથર્વવેદના 5 છંદ

**9.5** જ્યોતિષ

**9.6** જ્યોતિષના રચયિતા

**9.7** જ્યોતિષનો સમયગાળો

**9.8** જ્યોતિષનું સ્વરૂપ

**9.9** જ્યોતિષનું વિષયવસ્તુ

**9.10** વૈદિક વાઙ્મય અને ત્રિસ્કંધ જ્યોતિષ

**9.11** સારાંશ

**9.12** તમારી પ્રગતિ ચકાસો


## 9.0 ઉદ્દેશો

- *ષડ્ વેદાંગનો પરિચય પ્રાપ્ત કરે.*
- *વેદાંગોમાં છંદ અને જ્યોતિષનું મહત્ત્વ સમજે.*
- *વેદોને સમજવા માટે દરેક વેદાંગનું મહત્ત્વ છે. તેની સમજુતી મેળવે.*

## 9.1 પ્રસ્તાવના

*'છંદ' વેદનું પાંચમું અંગ છે. વેદમંત્રોની શુદ્ધતા અને તેના લયબદ્ધ જ્ઞાન માટે છંદશાસ્ત્રની આવશ્યક્તા જણાઈ. જો છંદશાસ્ત્રનું જ્ઞાન ન હોય તો મંત્રોનું સમુચિત ફળ પ્રાપ્ત થતું નથી. વેદના અધ્યયન માટે તો સ્પષ્ટ વિધાન છે કે ઋષિ, છંદ, દેવતા, યાગ, સ્વર વગેરે જાણ્યા વિના મંત્રોના પ્રયોગ કરનારો પાપી બને છે. અને તે* मन्त्रकण्टक *કહેવાય છે. આથી તો પ્રત્યેક સૂક્તના આરંભમાં સાયણાદિ આચાર્યો ઋષિ દેવતા અને છંદની નોંધ આપે છે. પાણિનીય શિક્ષામાં કહેવામાં આવ્યું છે –*

छन्दः पादौ तु वेदस्य । છંદ એ વેદ પુરુષના પગ છે. છંદથી વેદના સ્વરૂપની રક્ષા થાય છે. વેદોની રચના ઘણું કરીને છંદોમયી છે. વેદમંત્રોના છંદને ઓળખ્યા વિના વેદમંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ જાણવું શક્ય નથી. આ છંદોની ચર્ચા કરતા ગ્રંથની રચના આચાર્ય પિંગળે કરી છે, તેથી તેને 'પિંગલસૂત્ર' કે 'છંદસૂત્ર' પણ કહે છે. આમ, વેદોનો મોટો ભાગ છંદોબદ્ધ છે. આથી પાણિનિ વેદ માટે 'छन्दस्' શબ્દનો પ્રયોગ કર્યો છે.

'છંદ' શબ્દના બે અર્થ છે—આચ્છાદન અને આહ્લાદન.

'છંદ' શબ્દની વ્યુત્પત્તિ પણ બે રીતે થાય છે. 'छन्दी संवरणे ।' આ વ્યુત્પત્તિ પ્રમાણે છંદ એટલે આવરણ કે આચ્છાદન, તેવો અર્થ થાય છે. છંદ દ્વારા રસ, ભાવ અને વર્ણ્ય વિષયને આચ્છાદિત કરવામાં આવે છે, તેથી તેને 'છંદ' કહેવામાં આવે છે.

'છંદ' શબ્દની બીજી વ્યુત્પત્તિ છે छन्दी आह्लादने ।' આ વ્યુત્પત્તિ પ્રમાણે છંદ એટલે આહ્લાદન. છંદ માનવમનનું આહ્લાદન કરે છે, તેથી તેને 'છંદ' કહેવામાં આવે છે. આમ, છંદ વેદોના આવરણ અને માનવમનના આહ્લાદનનું સાધન છે.

વૈદિક છંદોની વિશેષતા એ છે કે આ છંદો અક્ષરગણનાથી નિયત થાય છે. તેમાં લઘુ-ગુરુના ક્રમનો કોઈ વિશેષ નિયમ નથી. તેથી કાત્યાયને સર્વાનુક્રમણીમાં છંદનું લક્ષણ આપ્યું છે – यदक्षरपरिमाणं तच्छन्द । કાળાન્તરે વૈદિક છંદોમાંથી જ લૌકિક છંદોનો પ્રાદુર્ભાવ થયો છે.

વૈદિક સાહિત્યમાં गायत्री, उष्णिक्, अनुष्टुप्, बृहती, पंक्ति त्रिष्टुप् અને जगती એ સાત છંદોનું સવિશેષ મહત્ત્વ છે.

વેદોમાં 26 છંદોનો પ્રયોગ જોવા મળે છે, જેમનું વિવરણ નીચે પ્રમાણે છે.

## 9.2 ઋગ્વેદના 13 છંદ

| ક્રમ | છંદ | વર્ણ | ઋગ્વેદ |
|---|---|---|---|
| 1. | ગાયત્રી | 24 | 1.1.1 |
| 2. | ઉષ્ણિક | 28 | 1.92.16 |
| 3. | અનુષ્ટુપ | 32 | 1.10.7 |
| 4. | બૃહતી | ૩૬ | 1.36.7 |
| 5. | પંક્તિ | 40 | 9.113.4 |
| 6. | ત્રિષ્ટુપ | 44 | 1.24.1 |
| 7. | જગતી | 48 | 9.84.4 |
| 8. | અતિજગતી | 52 | 4.1.2 |

| | | | |
|---|---|---|---|
| 9. | *શક્વરી* | 56 | 8.36.1 |
| 10. | *અતિશક્વરી* | 60 | 1.137.1 |
| 11. | *અષ્ટિ* | 64 | 1.127.1 |
| 12. | *અત્યષ્ટિ* | 68 | 1.127.6 |
| 13. | *ધૃતિ* | 70 | 1.133.6 |

## 9.3 યજુર્વેદના 8 છંદ

| ક્રમ | છંદ | વર્ણ | ઋગ્વેદ |
|---|---|---|---|
| 1. | *અતિધૃતિ* | 76 | 22.5 |
| 2. | *કૃતિ* | 80 | 9.32 |
| 3. | *પ્રકૃતિ* | 84 | 15.16 |
| 4. | *આકૃતિ* | 88 | 15.64 |
| 5. | *વિકૃતિ* | 92 | 15.15 |
| 6. | *સંકૃતિ* | 96 | 24.1/2 |
| 7. | *અભિકૃતિ* | 100 | 26.1 |
| 8. | *ઉત્કૃતિ* | 104 | 11.58 |

## 9.4 અથર્વવેદના 5 છંદ

| ક્રમ | છંદ | વર્ણ | યજુર્વેદ |
|---|---|---|---|
| **1.** | *ઉક્તા* | 4 | 22.5 |
| **2.** | *અત્યુક્તા* | 8 | 9.32 |
| **3.** | *મધ્યા* | 12 | 15.16 |
| **4.** | *પ્રતિષ્ઠા* | 16 | 15.64 |
| **5.** | *સુપ્રતિષ્ઠા* | 20 | 15.15 |

*આ ઉપરાંત સામવેદ અને અથર્વવેદમાં ઋગ્વેદ અને યજુર્વેદમાં પ્રયુક્ત છંદોનો પ્રયોગ મળે છે. ભેદ-પ્રભેદ સહિત વૈદિક છંદોની સંખ્યા બસ્સો એકસઠ છે.*

*વૈદિક છંદોનું વિવરણ ત્રણ પ્રકારના છંદગ્રંથોમાં જોવા મળે છે. કેટલાક ગ્રંથો એવા છે, જેમાં અન્ય વિષયોની સાથે છંદોનું વિવરણ થયું છે. આ પ્રકારના ગ્રંથોમાં નિદાનસૂત્ર, ઋકપ્રાતિશાખ્ય અને અગ્નિપુરાણ મુખ્ય છે. બીજા પ્રકારના ગ્રંથો અનુક્રમણી-સાહિત્યની અંતર્ગત આવે છે અને જેમાં છંદોનું વિવરણ છે. આવા ગ્રંથોમાં કાત્યાયનકૃત ઋકસર્વાનુક્રમણી અને વેંકટમાધવકૃત છન્દો અનુક્રમણી પ્રધાન છે. ત્રીજા પ્રકારના ગ્રંથો એવા છે જે માત્ર છંદ વિશે જ સ્વતંત્ર રીતે લખાયેલા છે. આ ગ્રંથોમાં છન્દઃસૂત્ર, ઉપનિદાન-સૂત્ર, જયદેવછંદ અને વૃત્તમુક્તાવલી પ્રધાન છે.*

*આ સર્વ ગ્રંથોમાં વેદાંગ છંદનો આધારરૂપ અને પ્રતિનિધિ-સ્વરૂપ ગ્રંથ પિંગલાચાર્યકૃત 'छन्दः सूत्रम्' છે. આ ગ્રંથો સૂત્રના રૂપમાં છે. તેમાં આઠ અધ્યાય અને ત્રણસો ઓગણત્રીસ સૂત્રો છે. આ ગ્રંથમાં વૈદિક અને લૌકિક, એમ બંને પ્રકારના છંદોનું વિવરણ થયું છે. આ ગ્રંથના પ્રથમ અધ્યાયથી ચતુર્થ અધ્યાયના સાતમા સૂત્ર સુધી એકસો ઓગણીસ વૈદિક છંદોનું વિવરણ કરવામાં આવ્યું છે.*

*મહર્ષિ પતંજલિના છંદોરચના નિદાનસૂત્રથી પ્રારંભીને વિક્રમ સંવત 1800-ના શ્રીકૃષ્ણ ભટ્ટની છન્દોરચના વૃત્તમુક્તાવલી સુધીના નવ છંદાનુશાસન ગ્રંથોમાં ઋગ્વેદના તેર, યજુર્વેદના આઠ અને અથર્વવેદના પાંચ એમ કુલ છવીસ વૈદિક મૂળ છંદોનું વિવરણ થયું છે અને ભેદ-પ્રભેદ સહિત ગણીએ તો કુલ બસો ચીવીસ છંદોનું વિવરણ છે. વેદમાં પ્રયુક્ત છંદોની ભેદ-પ્રભેદ સહિત સંખ્યા બસો એકસઠ છે.*

## 9.5 જ્યોતિષ

*વેદાંગોમાં જ્યોતિષ છઠ્ઠું અને અંતિમ વેદાંગ છે. જ્યોતિષ એ વેદપુરુષના નેત્ર છે.* **'ज्योतिषामयनं चक्षुः ।'** *માનવીના દેહમાં આંખનું જેવું મહત્ત્વ છે તેવું વેદાંગ સાહિત્યમાં જ્યોતિષનું છે. આ વેદાંગનો મુખ્ય ઉપયોગ વૈદિક યજ્ઞોની કાલગણના કરવા માટે થાય છે. યજ્ઞ મુખ્યતયા તિથિ પક્ષ માસ ઋતુ નક્ષત્ર વગેરેના આધારે કરવામાં આવે. આ સહુનો નિર્ણય જ્યોતિષથી થાય. જો તે કાલાનુસાર યજ્ઞાદિ ક્રિયા ન થાય તો તે નિષ્ફળ જાય. આમ સમજી શકાશે કે જ્યોતિષનું કેટલું બધું મહત્ત્વ યજ્ઞમાં સ્વીકારાયું છે. આ વેદાંગનો પ્રાચીન ઉપલબ્ધ ગ્રન્થ 'વેદાંગ જ્યોતિષ' છે, જેના રચયિતા 'લગધ' છે. તેના બે ભાગ છે : ઋગ્વેદીય જ્યોતિષ અને યાજુષ જ્યોતિષ. આ રીતે યજ્ઞ સંપાદનમાં કાલવિષયક જ્ઞાન અતિ આવશ્યક છે. આથી જ્યોતિષ શાસ્ત્રનું મહત્ત્વ પણ સર્વસમ્મતિથી સ્વીકારવામાં આવ્યું છે.*

*જ્યોતિષશાસ્ત્રની પ્રશંસા કરતા 'વેદાંગ જ્યોતિષ' ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે ' જેમ મયુરની શિખા અને નાગની મણિ શોભાયમાન છે તેમ વેદાંગ શાસ્ત્રમાં જ્યોતિષ મૂર્ધન્ય છે.'*

यथा शिखा मयूराणां नागानां मणयो यथा ।

तद्वत् वेदाङ्गशास्त्राणां ज्योतिषं मूर्धनि स्थितम् ॥ याजुषज्यौतिषम् – 4

*જ્યોતિષ શું છે ? તે જ્યોતિનું શાસ્ત્ર છે. જ્યોતિ આકાશીય પિંડો-નક્ષત્ર, તારા, ગ્રહ વગેરેમાંથી આવે છે. પંરતુ જ્યોતિષમાં સર્વ આકાશીય પિંડોનું અધ્યયન થતું નથી. આ અધ્યયન માત્ર સૌરમંડલ સુધી સીમિત છે.*

*જ્યોતિષનો મૂળભૂત સિદ્ધાંત છે કે આકાશીય પિંડોનો પ્રભાવ સમગ્ર અસ્તિત્વ પર પડે છે. તે જ રીતે માનવજીવન અને વિશ્વની પરિસ્થિતિ પર પણ આકાશીય પિંડો - ગ્રહોની અસર થાય છે.*

*જ્યોતિષના આ સિદ્ધાંતને માન્ય રાખે તેવા અનેક મંત્રો વેદોમાં જોવા મળે છે.*

*વેદની પ્રવૃત્તિ વિશેષ રૂપે યજ્ઞસંપાદન માટે છે. યજ્ઞવિધાનને વિશિષ્ટ કાળની અપેક્ષા છે. યજ્ઞ-યાગના સંપાદન માટે સમય-શુદ્ધિની આવશ્યકતા હોય છે. નક્ષત્ર, તિથિ, પક્ષ, માસ, ઋતુ અને સંવત્સરના સમસ્ત અંશો સાથે યજ્ઞ-યાગનાં વિધાનો વેદમાં પ્રાપ્ત છે. કયો યજ્ઞ કયા સમયે (નક્ષત્ર, તિથિ આદિ પ્રમાણે) થાય તેનાં નિશ્ચિત વિધાનો છે. આ નિયમોના પાલન માટે અને તેમના નિશ્ચિત રૂપે નિર્વાહ માટે જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. તેથી જ વિદ્વાનો જ્યોતિષશાસ્ત્રને ‘કાલવિજ્ઞાપક શાસ્ત્ર’ કહે છે. મુહૂર્ત જોઈને તે પ્રમાણે કરેલી યજ્ઞાદિ ક્રિયાઓ વિશેષ ફલદાયિ બને છે. તેથી વેદાંગ જ્યોતિષનો એવો આગ્રહ છે કે જે મનુષ્ય જ્યોતિષશાસ્ત્રને સારી રીતે જાણે છે તે જ યજ્ઞના યથાર્થ સ્વરૂપને જાણે છે.*

*વેદાંગ જ્યોતિષનો આ ડિમડિમ-ઘોષ છે.*

**वेदा हि यज्ञार्थमभिप्रवृत्ताः**

**कालाभिपूर्वा विहिताश्च यज्ञाः ।**

**तस्मादिदं कालविधानशास्त्रं**

**यो ज्योतिषं वेद स वेद यज्ञम् ॥ याजुषज्यौतिषम् – 3**

*“વેદો યજ્ઞો માટે અભિપ્રવૃત્ત છે. યજ્ઞોની સિદ્ધિ માટે કાળની અપેક્ષા છે. તેથી આ કાલવિધાનશાસ્ત્ર જ્યોતિષને જે જાણે છે, તે યજ્ઞને જાણે છે.”*

*યજ્ઞની સફળતા માત્ર સમુચિત વિધાનથી જ થતી નથી, તે માટે સમુચિત કાળની અપેક્ષા પણ છે જ. આમ હોવાથી જ્યોતિષનું વેદાંગત્વ સિદ્ધ થાય છે.*

*પ્રાચીનકાળમાં ચારે વેદોનાં અલગઅલગ જ્યોતિષશાસ્ત્ર ઉપલબ્ધ હતાં. તેમાંથી વર્તમાનકાળમાં સામવેદનું જ્યોતિષ ઉપલબ્ધ નથી. બાકીનાં ત્રણ જ્યોતિષ ઉપલબ્ધ છે. તે આ પ્રમાણે છે.*

(1) ઋગ્વેદ-જ્યોતિષ - આર્ચ જ્યોતિષ - 36 પદ્યાત્મક

(2) યજુર્વેદ-જ્યોતિષ - યાજુષ જ્યોતિષ - 39 પદ્યાત્મક

(3) અથર્વવેદ-જ્યોતિષ - આથવર્ણ જ્યોતિષ - 162 પદ્યાત્મક

કાળાંતરે આપણા દેશમાં જ્યોતિષશાસ્ત્રનો અસાધારણ વિકાસ થયો છે. આ સમગ્ર શાસ્ત્રનાં મૂળ વેદાંગ-જ્યોતિષમાં છે.વેદાંગ-જ્યોતિષ વિશેષતઃ યજ્ઞપરક છે અને યજ્ઞ માટે છે.

જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્રોના વર્ચસ્વને કારણે તેને 'નક્ષત્ર વિદ્યા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ શબ્દનો ઉપયોગ છાંદોગ્યોપનિષદમાં જોવા મળે છે. જ્યોતિષશાસ્ત્રનો વિચાર ઋગ્વેદ કાળમાં શરૂ થયો હતો. સૃષ્ટિની ઉત્પત્તિ, દ્યુલોક,અંતરીક્ષ, સૂર્ય, ઋતુઓ અને બૃહસ્પતિ વગેરેનું વિધાન ક્યારેક જ્યોતિષ સાથે સંકળાયેલું જણાય છે. બ્રાહ્મણોમાં ઉલ્લેખિત દર્શ-પૌર્ણમાસ યાગ જ્યોતિષીય જ્ઞાન વિના શક્ય નથી. અમાસ અને પૂર્ણિમા ચંદ્રની ગતિ દ્વારા જ નક્કી કરી શકાય છે. તેવી જ રીતે, ગૃહ્યસૂત્રોમાં લગ્ન અને અન્ય ધાર્મિક વિધિઓ માટે સૂર્યના અયન અને નક્ષત્રને ધ્યાનમાં લે છે. શૂલ્બ સૂત્રોના ગણિતને જ્યોતિષ શાસ્ત્ર હેઠળ મૂકવું અતિશયોક્તિ નહીં ગણાય, કારણ કે જ્યોતિષશાસ્ત્રનું એક પાસું ગણિત સાથે પણ જોડાયેલું છે. તેથી, वेदस्य निर्मलं चक्षु ज्योतिःशास्त्रंकल्षम्' (નારદ સંહિતા 1-4) વાક્ય તાર્કિક છે.

વેદોમાં જ્યોતિષનું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે. આચાર્યોએ વૈદિક કાળના જ્યોતિષશાસ્ત્રની ઉપયોગીતાને સમજીને 'વેદાંગજ્યોતિષ' નામના ગ્રંથની રચના કરી હશે. "વેદાંગ જ્યોતિષ' એ આજે ઉપલબ્ધ સૈદ્ધાંતિક ગ્રંથોમાં સૌથી જૂનો છે. વૈદિક ઋષિમુનિઓ તેને વેદોની જેમ આપ્ત ગ્રંથ માને છે. 'वेदाङ्ग ज्योतिष'નું માનવું છે કે જે વ્યક્તિ જ્યોતિષને જાણે છે તે જ યજ્ઞનો સાચો જાણકાર છે-

**वेदा हि यज्ञार्थमभिप्रवृत्ताः,**

**कालानुपूर्व्या विहिताश्च यज्ञाः।**

**तस्मादिदं कालविधानशास्त्रं यो**

**ज्योतिषं वेद स वेद यज्ञान् ।। याजुषज्यौतिषम् – 4**

યોગ્ય સમયે યજ્ઞો શરૂ કરવામાં આવતા હતા. તેથી સમય જાણવા માટે જ્યોતિષનો અભ્યાસ જરૂરી હતો.

## 9.6 જ્યોતિષના રચયિતા

'वेदाङ्ग ज्योतिष'માં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે પ્રસ્તુત જ્યોતિષમાં મહાત્મા લગધના સમયના જ્ઞાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'ઋગ્વેદ જ્યોતિષ'ના બીજા શ્લોકમાં તેની ચર્ચા કરવામાં આવી છે –

प्रणम्य शिरसा ज्ञानमभिवाद्य सरस्वतीम्।

कालज्ञानं प्रवक्ष्यामि लगधस्य महात्मनः॥ (ऋग्वेदज्योतिष-श्लोक २)

'वेदाङ्ग ज्योतिष'*ના સિદ્ધાંતો લગધ આચાર્યના છે પરંતુ 'વેદાંગ જ્યોતિષ'ના લેખક (લેખક) કોણ છે તે અંગે મતભેદ છે.*

''वेदाङ्ग ज्योतिष'' *ના પ્રથમ શ્લોકમાં* 'शुचि' *શબ્દ દેખાય છે. ડૉ. આર. શામ શાસ્ત્રીએ સંસ્કૃત ટીકામાં લગધાચાર્યના શુચિ નામના શિષ્યને અનુલક્ષીને 'શુચિ' શબ્દનો અર્થ આપ્યો છે –*

तावज्ज्योतिर्विदो लगधाचार्यस्य शिष्यश्शुचिर्नाम कश्चन ऋषिः प्रारिप्सितस्य ग्रन्थस्य *આમ, ગ્રંથના લેખક શુચિ નામના આચાર્ય હોઈ શકે. મહાત્મા લગધના જીવન વિશે પણ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પશ્ચિમના વિદ્વાનો લગધને લગડ અથવા લગઢ વાંચે છે. એટલે પ્રો. વેબર 'લગડ'ને 'લાટ' માને છે. આ પરથી તેઓએ તેમનો સમય પાંચમી સદી ગણ્યો છે. પરંતુ આ પણ પાયાવિહોણું માનવામાં આવે છે. આમ, ચોક્કસ માહિતીના અભાવમાં, વેદાંગ જ્યોતિષના આચાર્ય લગધ વિશે કશું કહેવું અશક્ય છે.*

## 9.7 જ્યોતિષનો સમયગાળો

*મેક્સ મુલર વૈદિક જ્યોતિષવિદ્યાને ઈ.સ.પૂર્વે ત્રીજી સદી દર્શાવે છે. વેબર તેને ઈ.સ.પૂર્વે સદીમાં મુકે છે. વૈદિક જ્યોતિષશાસ્ત્રમાં સમાવિષ્ટ નક્ષત્રો અને આયનોની આગાહી કરીને, કોલબુકે તેને ઈ.સ.પૂર્વે* 1108 *અને શંકર બાલકૃષ્ણ દીક્ષિતે ઈ.સ.પૂર્વે* 1410*નો સમય દર્શાવ્યો છે.*

*વરાહમિહિરે* 'पञ्चसिद्धान्तिका' *માં પિતામહસિદ્ધાંતનું વર્ણન કર્યું છે. આ પિતામહસિદ્ધાંત વૈદિક જ્યોતિષ પદ્ધતિ સાથે સામ્યતા ધરાવે છે. વેદાંગ જ્યોતિષના સોમાકારના ભાષ્યમાં ટાંકવામાં આવેલા ગર્ગવચનો પણ વેદાંગ જ્યોતિષ સાથે સમાનતા સ્થાપિત કરે છે. વેદાંગ જ્યોતિષમાં એવો ઉલ્લેખ છે કે ઉત્તરાયણ ઘનિષ્ઠાની શરૂઆતમાં છે અને દક્ષિણાયન આશ્લેષની મધ્યમાં છેઃ*

**प्रपद्येते श्रविष्ठादौ सूर्याचन्द्रमसावुदक् ।**

**सपार्थे दक्षिणार्कस्तु माघश्रावणयोस्सदा ॥ याजुष ज्योतिष – 7**

## 9.8 જ્યોતિષનું સ્વરૂપ

*વેદાંગ જ્યોતિષના બે પાઠ મળે છે, પહેલો ઋગ્વેદ-જ્યોતિષ અને બીજો યજુર્વેદ-જ્યોતિષ. ઋગ્વેદ-જ્યોતિષમાં ૩૬ અને યજુર્વેદ-જ્યોતિષમાં* 44 *શ્લોક છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં જ્યોતિષમાં સમાન વિષયો છે. શબ્દો અને લખાણમાં ક્યાંક ફરક છે. યજુર્વેદ જ્યોતિષમાં કેટલાક શ્લોકોની વિપુલતા વિષયોની વિવિધતા સમજાવે છે. બંનેને જોડીને 'વેદાંગ જ્યોતિષ' ગ્રંથ પૂર્ણ થાય છે. એક પાઠમાં ૪૬ શ્લોક ઉપલબ્ધ છે. આર. શામશાસ્ત્રી દ્વારા સંપાદિત વેદાંગ જ્યોતિષમાં ૪૫ શ્લોક છે.*

અથર્વ અથવા આથવર્ણજ્યોતિષ પણ ઉપલબ્ધ છે જે 14 પ્રકરણોમાંમાં વહેંચાયેલું છે. તેમાં 162 શ્લોક છે. આ પિતામહ-કાશ્યપ સંવાદના રૂપમાં છે.

## 9.9 જ્યોતિષનું વિષયવસ્તુ

ઋગ્વેદ જ્યોતિષ અને યજુર્વેદ જ્યોતિષને 'વેદાંગ જ્યોતિષ'ના નામથી સ્વીકારવામાં આવે છે. આ બંનેમાં પ્રાપ્ત વિષયવસ્તુ અહીં ટૂંકમાં વર્ણન કરવામાં આવી રહ્યું છે -

### 9.9.1 ઋગ્વેદ જ્યોતિષ

યુગ, અયન, વર્ષ અને માસઃ- વેદાંગ જ્યોતિષમાં પંચસંવત્સર યુગની વ્યવસ્થા જોવા મળે છે. પ્રથમ શ્લોકમાં જ 'પંચસંવત્સરમયુગાધ્યક્ષ'નો ઉલ્લેખ છે. પરંતુ તેમાં ક્યાંય પંચસંવત્સર નામનો ઉલ્લેખ નથી. સોમાકરે તેની ટીકામાં ગર્ગના વચનોને સામેલ કર્યા છે જેમાં પંચસંવત્સરના નામનો ઉલ્લેખ જોવા મળે છે. અયન વિશે એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, શ્રવિષ્ઠા (નિકટતા)ની શરૂઆતમાં, સૂર્ય અને ચંદ્ર ઉત્તર તરફ આગળ વધે છે અને આશ્લેષના બીજા ભાગ (બીજા તબક્કા)થી, સૂર્ય દક્ષિણ તરફ આગળ વધવાનું શરૂ કરે છે. ઉત્તરાયણની આ સ્થિતિ માઘથી અને દક્ષિણાયણની સ્થિતિ શ્રાવણથી થાય છે. 'વેદાંગ જ્યોતિષ' (છઠ્ઠાશ્લોક) માં કહેવાયું છે કે જ્યારે ચંદ્ર અને સૂર્ય ઘનિષ્ઠ નક્ષત્રમાં ભેગા થાય છે, ત્યારે આદિયુગ, માઘ મહિનો, તપ (વસંત) ઋતુ, શુક્લપક્ષ અને ઉત્તરાયણ શરૂ થાય છે. વર્ષનો પ્રારંભ માઘ શુક્લ પક્ષથી શરૂ થાય છે અને વર્ષના અંતે પોષ કૃષ્ણ પક્ષની અમાવસ્યા રહેતી હતી.

**माघशुक्लप्रपन्नस्य पौषकृष्णसमापिनः ।**

**युगस्य पञ्चवर्षस्य कालज्ञानं प्रचक्षते ॥ ( 'ऋग् ज्योतिष, 32.5 )**

ઋતુઓ, વિષુવ(સમપ્રકાશીય) અને દિવસ-માપઃ- ઋતુઓનો પ્રારંભ યુગમાં કયા મહિનાની કઈ તારીખે શરૂ થતો હતો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છ ઋતુઓ છે અને પ્રથમ ઋતુ વસંત હતી. વિષુવવૃત્તનું જ્ઞાન પણ વેદાંગ જ્યોતિષમાં જોવા મળે છે.વિષુવ લાવવાની પદ્ધતિનો ઉલ્લેખ કરતી વખતે, એવું કહેવામાં આવ્યું છે કે પક્ષની સંખ્યા વિષુવ સંખ્યાને બમણી કરીને, એક કાઢીને અને તેને ૬વડે ગુણાકાર કરીને મેળવવામાં આવે છે. જે તિથિ પક્ષનો અડધો ભાગ હોય છે તેને વિષુવ અથવા સમપ્રકાશીય તિથિ કહે છે.

**विषुवन्तं द्विरभ्यस्य रूपोनं षड्गुणीकृतम्।**

**पक्षा यदर्थं पक्षाणां तिथिः स विषुवान् स्मृतः ( वेदाङ्ग ज्योतिष,श्लोक, 23 ) ॥**

વેદાંગ જ્યોતિષમાં દિવસમાપ સંબંધી એક શ્લોક છે. જ્યારે ઉત્તરાયણમાં પરમ અલ્પ દિવસનું મૂલ્ય 24 નાડી અને દક્ષિણાયનમાં પરમધિક દિવસનું મૂલ્ય ૩૬ નાડી કહેવાય છે -

**धर्मवृद्धिरपां प्रस्थः क्षपाहास उदग्गतो।**

**दक्षिणे तौ विपर्यासः षण्मुहूर्त्ययनेन तु ( वेदाङ्ग ज्योतिष,श्लोक,8 ) ॥**

### 9.9.2 યજુર્વેદ જ્યોતિષ

*યજુર્વેદ જ્યોતિષમાં ઋગ્વેદ જ્યોતિષ જેવા જ શ્લોકો છે. માત્ર 13-14 શ્લોક અલગ છે. ઋગ્વેદ-જ્યોતિષના ૩૬ શ્લોકોમાંથી, 30નો અહીં કેટલાક શાબ્દિક તફાવતો સાથે સમાવેશ કરવામાં આવ્યો છે. ઋગ્વેદ અને યજુર્વેદ જ્યોતિષના સમગ્ર શ્લોકો મળીને 'વેદાંગ જ્યોતિષ' બનાવે છે. તેથી, 'ઋગ્વેદ જ્યોતિષ' અથવા 'વેદાંગ જ્યોતિષ'માં ઉલ્લેખિત વિષયો યજુર્વેદ જ્યોતિષમાં પણ જોવા મળે છે. 'યજુર્વેદ જ્યોતિષ'માં અગાઉની તિથિમાં સૂર્ય અને નક્ષત્રનું આગમન, ચંદ્ર અને નક્ષત્રમાસનું વિધાન, ચંદ્ર સૂર્ય દિવસ અને અધિમાસનું વિધાન વગેરે વૈદિક જ્યોતિષ અનુસાર જણાવવામાં આવ્યું છે. શ્લોક 33માં, ઉગ્ર અને ક્રૂર નક્ષત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:*

**उग्राण्यार्द्रा च चित्रा च विशाखा श्रवणाश्वयुक्।**

**क्रूराणि तु मघा स्वाती ज्येष्ठा मूलं यमस्य यत् ॥ ( यजुर्वेद ज्योतिष, श्लोक 33 )**

## 9.10વૈદિક વાઙ્મય અને ત્રિસ્કંધ જ્યોતિષ

*વૈદિક વાઙ્મય અ અને વૈદિક જ્યોતિષશાસ્ત્રની યોગ્ય ટીકા ત્રિસ્કંદ જ્યોતિષશાસ્ત્રના દર્શન તરફ દોરી જાય છે. જો કે, જ્યોતિષશાસ્ત્રના આ ત્રણ સ્વરૂપો (પ્રકારો) અથવા ત્રિસ્કંદ શબ્દનો આ અર્થમાં ઉપયોગ વૈદિક સાહિત્યમાં ક્યાંય જોવા મળતો નથી. સિદ્ધાંત, સંહિતા અને હોરા એ ત્રણ વિભાગો છે જે ત્રિસ્કંદ જ્યોતિષ તરીકે ઓળખાય છે. નારદ સંહિતા (1-4) ત્રણેય સ્વરૂપોનો ઉલ્લેખ કરે છે:*

सिद्धान्तः संहिता होरा रूपं स्कन्धत्रयात्मकम् ।

*સિદ્ધાંત જ્યોતિષમાં સંક્રાન્તિકાળ, ગ્રહોની સ્થિતિ, સૂર્ય અને ચંદ્રની ગતિનું નિરૂપણ તથા જ્યોતિષગણિતની ચર્ચા કરવામાં આવે છે. સંહિતા સ્કંધમાં ગ્રહો, વર, તિથિવાર, નક્ષત્ર યોગ, કરણ, મુહૂર્ત, ચંદ્ર-નક્ષત્ર બળ અને વિવિધ ધાર્મિક વિધિઓના મુહૂર્તોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સંહિતા જ્યોતિષમાં વરસાદ-વિચાર, યાત્રા-મુહૂર્ત, શુકન અને આફતોનું વર્ણન કરવામાં આવ્યું છે. હોરા જ્યોતિષ શાસ્ત્ર હેઠળ જાતક શાસ્ત્ર આવે છે. કુંડળીમાં જન્મેલા મનુષ્યના શુભ અને અશુભનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રિસ્કંદાત્મક જ્યોતિષના બીજ વૈદિક જ્યોતિષશાસ્ત્ર અને વૈદિક સાહિત્યમાં જોવા મળે છે, જેનું ટૂંકમાં વર્ણન નીચે મુજબ છે:*

### 9.10.1 સિદ્ધાંત જ્યોતિષ

*સંપૂર્ણ વેદાંગ જ્યોતિષ સિદ્ધાંત જ્યોતિષ છે. ઋગ-યજુર્વેદ જ્યોતિષશાસ્ત્રમાં, તહેવારો લાવવાના વિષયો, વર્ષને ધ્યાનમાં લઈને, સૂર્ય અને ચંદ્રની ગતિ નક્કી કરવી અને વિષુવનિરૂપણ નક્કી કરવાના વિષયો જ્યોતિષશાસ્ત્રના સિદ્ધાંત હેઠળ આવે છે. જો કે આ સમયે પિતામહ, પુલિશ અને સૂર્યસિદ્ધાંત જેવા સિદ્ધાંતો પ્રચલિત નહોતા, તેમ છતાં નિશ્ચિતપણે કહી શકાય કે તે સમયના લોકો સિદ્ધાંત જ્યોતિષથી વાકેફ હતા. બ્રાહ્મણ ગ્રંથોમાં પણ આને લગતા વાક્યોનો ઉલ્લેખ જોવા મળે છે. સિદ્ધાંત*

*જ્યોતિષશાસ્ત્ર ગાણિતિક જ્યોતિષ સાથે સંબંધિત છે. શુલ્બા સૂત્રોનો અભ્યાસ દર્શાવે છે કે વૈદિક કાળમાં ભૂમિતિનો ઘણો વિકાસ થયો હતો. વેદાંગ જ્યોતિષ (છવીસ) માં કહેવાયું છે કે યુગની ભ્રમ સંખ્યાની ગણતરી કરવા માટે, સૌપ્રથમ યુગમાં સાવન દિવસોની સંખ્યા જાણવી જોઈએ, પછી આ સંખ્યામાં પાંચ ઉમેરો અને ભ્રમ સંખ્યા જાણી શકાય. ઉદાહરણ તરીકે, સાવન યુગમાં દિવસો =* 366×5= *આ સંખ્યા* 1830 *એ ધનિષ્ઠાદીની વધતી સંખ્યા છે. આ સંખ્યામાં પાંચ ઉમેરવાથી, ભ્રમ સંખ્યા* 1830+5=1835*બને છે, આ યુગની ભ્રમ સંખ્યા છે. આમ વૈદિક સાહિત્ય અને વેદાંગજ્યોતિષમાં સિદ્ધાંતજ્યોતિષશાસ્ત્રનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવ્યો છે.*

### 9.10.2 સંહિતા-જ્યોતિષ

*સિદ્ધાંત જ્યોતિષમાં ગણિતને ગણવામાં આવે છે જ્યારે સંહિતા-જ્યોતિષનો વિષય પરિણામો સાથે સંબંધિત છે. આકાશમાં નક્ષત્રો, ગ્રહો, ગ્રહણો, ધૂમકેતુઓ, ઉલ્કાઓ વગેરે ઘટનાઓ જોઈને માણસના મનમાં ભય, આનંદ, દુઃખ વગેરેની જિજ્ઞાસા જાગી. તેમણે દૈવી શક્તિઓને તેમના કારણ તરીકે માનવાનું શરૂ કર્યું અને ઉલ્કાઓ વગેરે જેવી આશ્ચર્યજનક ઘટનાઓના પરિણામે જ્યોતિષશાસ્ત્રનો ઉદભવ થયો. સ્વપ્નો, અવાજો અને પક્ષીઓના અવાજો દ્વારા પણ આગાહીઓ કરવામાં આવતી હતી. આ જ્યોતિષ શાસ્ત્ર માત્ર ભારતમાં જ નહીં પણ અસીરિયા, રોમ, ગ્રીસ, અરેબિયા વગેરે દેશોમાં પણ પ્રચલિત હતું. આ ઉપરાંત ઋગ્વેદ કાળથી કયો દિવસ, સમય અને તિથિ શુભ છે તેનો પણ ઉલ્લેખ મળે છે. આ તમામ વિષય જ્યોતિષના વિષયો છે. ગૃહ્ય સૂત્રોમાં લગ્ન વગેરે સંબંધિત નક્ષત્રોનો ઉલ્લેખ પણ સંહિતા જ્યોતિષમાં આવે છે.*

### 9.10.3 હોરા જ્યોતિષ

*હોરા સ્કંધને જાતક સ્કંધ તરીકે પણ ઓળખવામાં આવે છે. મનુષ્ય જન્મના શુભ પરિણામો જાતક શાસ્ત્ર દ્વારા જાણવા મળે છે. હોરાશાસ્ત્રની વિગતો વૈદિક વાઙ્મય ચોક્કસપણે ઉપલબ્ધ છે. અથર્વણ જ્યોતિષમાં વ્યક્તિના નક્ષત્રનું વર્ણન કરતી વખતે ગર્ભધાનક, સંપતકર, વિપત્કર, ક્ષેમ્ય, પ્રત્વાર, સાધક, નૈધન, મૈત્ર અને પરમ મૈત્ર જેવી સંજ્ઞાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વ્યક્તિના જન્મ નક્ષત્રમાંથી તેમની ગણતરી કરીને કહેવાનો નિયમ છે, એટલે કે જન્મ નક્ષત્રમાંથી* 10*મું નક્ષત્ર કર્મ કહેવાય છે. આ વિષય માત્ર હોરા જ્યોતિષનો છે. હોરા જ્યોતિષ શાસ્ત્ર પણ પરિણામો સાથે સંબંધિત છે. 'અ' અને 'ત્ર'ની બાદબાકીથી 'અહોરાત્ર' પરથી 'હોરા' શબ્દ બન્યો છે. તેથી અહોરાત્રિમાં જન્મેલા બાળકનું ભવિષ્ય કે જન્મ લેનાર કોઈપણ જીવનું ભવિષ્ય હોરાશાસ્ત્ર દ્વારા જાણી શકાય છે. અથર્વવેદમાં ઉલ્લેખિત એવું કહેવામાં આવ્યું છે કે જ્યેષ્ઠ અથવા વિચૃત્ (મૂળ) નક્ષત્રમાં જન્મેલ બાળક અથવા કોઈપણ ભયંકર (ક્રૂર) નક્ષત્રમાં જન્મેલ બાળક કાં તો પોતે મૃત્યુ પામે છે અથવા તેના માતાપિતાનો નાશ કરે છે -*

**ज्येष्ठघ्न्यां जातो विचृतोर्यमस्य मूलवर्हणात्परिपाह्येनम् ।**

**अत्येनं नेषद् दुरितानि विश्वा दीर्घायुत्वाय शतशारदाय ॥**

**व्याघ्ने जनिष्ट वीरो नक्षत्रजा जायमानसुवीरः ।**

**स मा वधीत्पितरं वर्धमानो मा मातरं प्रमिनीज्जनित्रीम् ॥ अथर्ववेद,6.110.2-3**

*વેદોના અધ્યયન માટે, વેદોના વિનિયોગ માટે, વેદોની જાળવણી માટે વેદાંગોનો જન્મ અને વિકાસ થયો છે. વેદાંગો વેદ માટે છે.વેદોનાં અધ્યયન, મનન અને ચિંતન માટે, વેદોના અર્થના સમ્યગ્ બોધ માટે, વૈદોના વિનિયોગ માટે અને ગૂઢ વૈદિક રહસ્યોને આત્મસાત્ કરવા માટે વેદાંગ અપરિહાર્ય છે. આમ, વેદાંગની નિરતિશય મહત્તા સ્વયમેવ પ્રતિપાદિત છે.*

## 9.11 સારાંશ

*વેદના વિશાળ ભવનમાં પ્રવેશ કરવા માટે આ છ વેદાંગ દ્વારરૂપ છે. છ વેદાંગનો સમુચિત અભ્યાસ કરનાર જિજ્ઞાસુ વેદનું યથાર્થ જ્ઞાન પામી શકે છે અને વેદનો વિનિયોગ કરવા પણ સક્ષમ બને છે.*

*આમ, ટુકમાં કહી શકાય કે વેદાંગોમાં ચોક્કસ પ્રકારના વિષયની ચર્ચા કરવામાં આવી છે,*

1. *શિક્ષા - શિક્ષામાં વેદમન્ત્રોના ઉચ્ચારણની પ્રક્રિયા અને વિશેષતાઓ દર્શાવિવામાં આવી છે.*
2. *કલ્પ - એમાં વૈદિક કર્મકાંડો, યજ્ઞનાં અનુષ્ઠાનો વગેરેનું વિવેચન છે.*
3. *વ્યાકરણ - અહીં શબ્દનું સ્વરૂપ અને તેની રચનાની ચર્ચા કરવામાં આવી છે.*
4. *નિરુક્ત - નિરુક્તમાં શબ્દોના અર્થો અને એની વ્યુત્પત્તિને સમજાવવામાં આવી છે.*
5. *છન્દ - અહીં વૈદિક મન્ત્રોના છન્દ સંબંધી ચર્ચા છે.*
6. *જ્યોતિષ - જ્યોતિષમાં યજ્ઞ કરવાના સમય, નક્ષત્ર વગેરેની ગણના કરવામાં આવી છે.*

**સ્વાધ્યાય**

1. *છંદ એ વેદપુરુષનું કયું અંગ છે ?*
2. *છંદ શાસ્ત્રના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?*
3. *પાણિનિએ વેદ માટે ક્યાં શબ્દનો પ્રયોગ કર્યો છે ?*
4. *છંદ શબ્દની વ્યુત્પત્તિ જાણાવો.*

## 9.12 તમારી પ્રગતિ ચકાસો

1. *વૈદિક સાહિત્યમાં મુખ્ય કેટલાં છંદોનું મહત્ત્વ છે ?*

2. *વેદાંગોમાં અંતિમ વેદાંગ કયું છે ?*

___

3. *જ્યોતિષ એ વેદપુરુષનું કયું અંગ છે?*

___

4. *જ્યોતિષ શાસ્ત્રના રચયિતા જણાવો.*

___

**એકમની પ્રશ્નબેંક (ઉત્તરોના મુદ્દા સાથે)**

1. *ત્રિસ્કંધ જ્યોતિષને સવિસ્તાર સમજાવો. (ઉત્તરના મુદ્દા* 9.5)
2. *છંદ એટલે શું ? તે જણાવી વૈદિક છંદોનો વિસ્તૃત પરિચય આપો. (ઉત્તરના મુદ્દા* 9.1)

**સૂચિત વાંચન સામગ્રી**

1. संस्कृत- वाङ्मय का बृहद् इतिहास – आचार्य श्री बलदेव उपाध्याय (उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनऊ )
2. *વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ – ડૉ.ગૌતમ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ*-6)
3. वैदिक सुक्तसंग्रहः - *વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)
4. *વૈદિક સાહિત્યનો ઈતિહાસ અને પરિચય - વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ ( સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1)

---

**લેખક : ડૉ. જિજ્ઞાસા વસંતદાસ સોલંકી,આસીસ્ટન્ટ પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા**

---

# વિભાગ : 2 કઠોપનિષદ

# કઠોપનિષદ

## વિભાગ : 2 નો પરિચય

*સંસ્કૃત વિષયમાં એમ.એ.ના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર – ... તરીકે 'વૈદિક સાહિત્યનો ઇતિહાસ અને કઠોપનિષદ' નિર્ધારિત કરવામાં આવેલ છે. તેના પ્રથમ વિભાગમાં વૈદિક સાહિત્યનો પરિચય આપવામાં આવ્યો છે. વેદ શબ્દથી સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદનું ગ્રહણ કરવામાં આવે છે. આ પ્રશ્નપત્રના બીજા વિભાગમાં તમારે કઠોપનિષદનું અધ્યયન કરવાનું છે. ઉપનિષદોની સંખ્યા ઘણી મોટી છે પણ સામાન્ય રીતે અગિયાર ઉપનિષદોને મુખ્ય ઉપનિષદ તરીકે સ્વીકારવામાં આવેલ છે. તે પૈકી એક એટલે આ કઠોપનિષદ. આ વિભાગમાં કઠોપનિષદનું તમારે મૂળ સંસ્કૃત પાઠ સાથે સઘન અધ્યયન કરવાનું હોઈ તેને ઉપર દર્શાવ્યા પ્રમાણે એકમ 10 થી 14 એમ કુલ પાંચ એકમમાં તેનું વિભાજન કરવામાં આવ્યું છે. દશમા એકમનું શીર્ષક 'કૃષ્ણ યજુર્વેદ અને કઠોપનિષદ' છે. તેમાં આરંભે કૃષ્ણ યજુર્વેદ વિષયક પરિચયાત્મક સામગ્રી રજૂ કરી છે અને ત્યારબાદ કઠોપનિષદનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. અગિયારમા એકમમાં કઠોપનિષદનો સામાન્ય પરિચય આપવાનો ઉદ્દેશ હોઈ અહીં તેના બન્ને અધ્યાયોનું વિષયવસ્તુ રજૂ કર્યું છે. એકમ બારમાં કઠોપનિષદમાં વર્ણિત વિષયો જેવા કે અતિથિસત્કાર, શિષ્યની પાત્રતા, સાંસારિક ભોગોની ક્ષણભંગુરતા, શ્રેય-પ્રેય-વિવેક, આત્માનું સ્વરૂપ, ઓમકારની ઉપાસના, રથ-રથીનું રૂપક, વિવેકી અને અવિવેકીની ગતિ, સર્વત્ર આત્મદર્શનથી થતું અભેદદર્શન, પરમેશ્વરની સર્વોપરિતા, આત્મસાક્ષાત્કારથી મોક્ષ વગેરે કુલ 26 વિષયોનું નિરૂપણ કર્યું છે. એકમ તેરમાં કઠોપનિષદના પ્રથમ અધ્યાયને અને એકમ ચૌદમાં દ્વિતીય અધ્યાયને મૂળ સંસ્કૃત પાઠ સાથે પ્રસ્તુત કર્યા છે. કઠોપનિષદના મન્ત્રની સંપૂર્ણ સમજૂતી મળે એ માટે અહીં સન્ધિવિચ્છેદ, અન્વય, શબ્દાર્થ, અનુવાદ અને વિમર્શ એમ કુલ પાંચ વિભાગો આપ્યા છે.*

*આ વિભાગના પાંચ એકમો પૈકી પ્રારંભિક બે એકમ પરિચયાત્મક પ્રકારના હોઈ તેમાં માત્ર વર્ણનાત્મક પ્રકારની સામગ્રી છે. એકમ બારમાં કઠોપનિષદમાં પ્રાપ્ત વિષયોની ચર્ચા કરવામાં આવી છે. તેથી અહીં સમીક્ષાત્મક પ્રકારની સામગ્રી છે. અંતિમ બે એકમોમાં મૂળ કઠોપનિષદનું અધ્યયન કરાવવાનું હોઈ આ બન્ને એકમોનું આયોજન એક સરખી રીતે કર્યું છે. તેમાં આરંભે ગ્રન્થના મૂળ સંસ્કૃત મન્ત્રને આપ્યો છે. ત્યાર બાદ મન્ત્રમાં પ્રયુક્ત શબ્દોનો સંધિવિગ્રહ કરી આપ્યો છે અને અન્વયમાં મન્ત્રના બધા શબ્દોને ગોઠવી આપ્યા છે. મન્ત્રમાંના જે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવો જરૂરી લાગ્યો તેને અન્વય પછી તરત શબ્દાર્થ વિભાગમાં આપેલ છે. તેથી આખા મન્ત્રનો અર્થ સરળતાથી સમજી શકાશે. શબ્દાર્થ પછી મન્ત્રનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. અનુવાદમાં આવશ્યક જણાય ત્યાં કૌંસનો પણ પ્રયોગ કર્યો છે. ત્યારપછી વિમર્શમાં મન્ત્રની સવિસ્તર સમજૂતી આપી છે. મન્ત્રમાં પ્રતિપાદિત વિષયને સરળતાથી સમજાવી શકાય એવી ચર્ચા અહીં કરી છે. આવશ્યકતા જણાય ત્યાં શંકરાચાર્યના*

ભાષ્ય કે અન્ય આચાર્યોના મતને પણ રજૂ કર્યા છે. મુક્ત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખીને ક્યાંય અનાવશ્યક લંબાણ કે ક્લિષ્ટતા ન પ્રવેશે તેનો ખ્યાલ રાખ્યો છે.

પ્રત્યેક એકમના અન્તે સ્વાધ્યાયની યોજના કરી છે. વિદ્યાર્થી પોતાની જાતે જ ઉત્તરો પ્રાપ્ત કરીને પોતાનું જ્ઞાન ચકાસી શકે અને સ્વ-અધ્યયન માટે પ્રેરણા પ્રાપ્ત થાય તે પ્રકારે સ્વાધ્યાયની સંરચના કરવામાં આવે છે. વિભાગના અન્તે સંદર્ભગ્રન્થોની સૂચિ આપી છે.

# એકમ : 10 : કૃષ્ણ યજુર્વેદસંહિતા અને કઠોપનિષદ

## રૂપરેખા

**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 કૃષ્ણયજુર્વેદ સંહિતાનો પરિચય**

**10.3 કઠોપનિષદ**

**10.4 ઉપનિષદનો અર્થ**

**10.5 તૈત્તિરીયબ્રાહ્મણમાં નચિકેતોપાખ્યાન**

**10.6 મહાભારતમાં નચિકેતોપાખ્યાન**

**10.7 તમારી પ્રગતિ ચકાસો**

## 10.0 ઉદ્દેશો

- *આપણા સમૃદ્ધ વૈદિક સાહિત્યમાં કૃષ્ણ યુજર્વેદનો સામાન્ય પરિચય મેળવી શકશો.*
- *કૃષ્ણ યજુર્વેદની ચાર શાખોનાં નામથી પરિચિત થશો.*
- *કઠોપનિષદનું નામકરણ સમજી શકશો.*
- *કઠોપનિષદનો સામાન્ય પરિચય પ્રાપ્ત કરશો.*

## 10.1 પ્રસ્તાવના

*પેપર - 5 ના વિભાગ - 2 નો આ સાવ સરળ અને એકદમ નાનો એકમ છે. તેનું કૃષ્ણ યજુર્વેદ સંહિતા અને કઠોપનિષદ એવું શીર્ષક નિર્ધારિત થયેલું છે. તમારે અહીં કૃષ્ણ યજુર્વેદ અને તેની શાખાઓ અંગે સામાન્ય માહિતી મેળવવાની છે. આ એકમનો વિસ્તાર ટાળવાનું મુખ્ય કારણ એ છે કે તમે આ પેપરના વિભાગ - 1 માં વૈદિક સાહિત્યનો પરિચય મેળવ્યો છે. તેમાં કૃષ્ણ યજુર્વેદસંહિતાની સવિસ્તર માહિતી મેળવી ચૂક્યા છો. તેથી અહીં તેની તૈત્તિરીય, મૈત્રાયણિ, કાઠક અને કાપિષ્ઠલ-કઠ એમ ચાર સંહિતાઓનો અતિ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ત્યારબાદ કઠોપનિષદમાં વિષયપ્રવેશ સરળતાથી થાય એ રીતે કઠોપનિષદનો પણ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ઉપનિષદ શબ્દના અર્થનું સ્પષ્ટીકરણ કરવાનો પણ પ્રયત્ન કર્યો છે. ઉપનિષદ સાહિત્યમાં કઠોપનિષદના સ્થાન અને મહત્ત્વનો ઉલ્લેખ કર્યા પછી તૈત્તિરીયબ્રાહ્મણ અને મહાભારતમાં પ્રાપ્ત થતા નચિકેતોપાખ્યાનની ચર્ચા કરી છે. તૈત્તિરીયબ્રાહ્મણ*

*કથાનકને તેના મૂળ સંસ્કૃત સાથે રજૂ કર્યું છે, જ્યારે મહાભારતમાં પ્રાપ્ત નચિકેતોપાખ્યાનના વિષયવસ્તુને સંક્ષેપમાં દર્શાવ્યું છે.*

**મુખ્ય કથાવસ્તુ**

## 10.2 કૃષ્ણયજુર્વેદ સંહિતાનો પરિચય

*મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે પૂર્વ ઋષિ-કવિઓ વડે દૃષ્ટ મન્ત્રોને એક નિશ્ચિત યોજના પ્રમાણે ચાર ભાગોમાં સંકલિત કર્યા અને તે ચારેય ભાગ પોતાના એક એક શિષ્યને આપ્યા. તેમણે પૈલને ઋગ્વેદ, વૈશમ્પાયનને યજુર્વેદ, જૈમિનીને સામવેદ અને સુમન્તુને અથર્વવેદનું અધ્યયન કરાવ્યું. આ ચાર સંહિતાઓ જ ચાર વેદના નામે પ્રસિદ્ધ થઈ. વ્યાસના આ ચાર શિષ્યોએ પણ પોતાની શિષ્ય-પરમ્પરામાં તેનું અધ્યયન-અધ્યાપન કરાવ્યું. સંહિતાઓને લિખિત સ્વરૂપ પ્રાપ્ત થયું ન હોઈ તેમાં મન્ત્રક્રમ, ઉચ્ચારણ, ન્યૂનાતિરિક્ત પાઠ અને વિનિયોગ અંગેના ભેદને લીધે સંહિતાઓમાં વિવિધ રૂપો થવા લાગ્યાં. મૂળસંહિતાથી કોઈ પ્રકારે વિશિષ્ટ સ્વરૂપને પ્રાપ્ત થયેલી સંહિતાનું મૂળસંહિતાથી પાર્થક્ય બતાવવા માટે તેના પ્રવચનકર્તાના નામ પરથી વેદની વિવિધ શાખાઓ પ્રચલિત થઈ. જેમ કે શાકલ દ્વારા પ્રોક્ત ઋગ્વેદસંહિતા શાકલસંહિતા, તિત્તિરી દ્વારા પ્રોક્ત યજુર્વેદસંહિતા તૈત્તિરીયસંહિતા અને કુથુમિ દ્વારા પ્રોક્ત સામવેદસંહિતા કૌથુમિસંહિતા તરીકે ઓળખાઈ.*

*મહર્ષિ વ્યાસે યજુર્વેદસંહિતાનું અધ્યયન વૈશમ્પાયનને કરાવ્યું હતું. વૈશમ્પાયનના 86શિષ્યનો નિર્દેશ મળે છે. વૈશમ્પાયન અને તેમના શિષ્ય યાજ્ઞવલ્ક્ય વચ્ચેના સંઘર્ષની કથા પરંપરાથી પ્રાપ્ત થાય છે. બન્ને વચ્ચેના મતભેદથી યજુર્વેદસંહિતાની શુક્લ અને કૃષ્ણ એમ બે શાખાઓ થયાની કથા પ્રાપ્ત થાય છે. વૈશમ્પાયન માર્ગ એ શુક્લ યજુર્વેદસંહિતા અને યાજ્ઞવલ્ક્યમાર્ગ એ કૃષ્ણ યજુર્વેદસંહિતા. શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદની સંહિતામાં વર્ણિત અનુષ્ઠાન વિધિઓ લગભગ સમાન છે. પરંતુ શુક્લયજુર્વેદમાં જ્યાં માત્ર મન્ત્રોનો નિર્દેશ છે ત્યાં કૃષ્ણ યજુર્વેદમાં મન્ત્રોની સાથે તદ્વિધાયક બ્રાહ્મણ પણ સંમિશ્રિત છે. હાલના સમયે કૃષ્ણયજુર્વેદની વિવિધ શાખાઓ પૈકી માત્ર ચાર શાખાઓ ઉપલબ્ધ થાય છે. જેમ કે, (1)તૈત્તિરીય, (2) મૈત્રાયણી, (3) કાઠક કે કઠ અને (4)કાપિષ્ઠલ-કઠ શાખા. હવે આ ચાર શાખાઓનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.*

### (1) તૈત્તિરીયસંહિતા

*આચાર્ય તિત્તિરી દ્વારા પ્રોક્ત હોઈ તે તૈત્તિરીયસંહિતા નામથી પ્રસિદ્ધ છે. તેના સ્વરૂપ અંગે વિદ્વાનોમાં મતૈક્ય નથી. આજે તૈત્તિરીય શાખાની જે સંહિતા ઉપલબ્ધ થાય છે તેને સારસ્વત પરંપરાની માનવામાં આવે છે. તેમાં મન્ત્ર અને બ્રાહ્મણનું પૂર્ણ મિશ્રણ હોવા છતાં તૈત્તિરીયબ્રાહ્મણ અને તૈત્તિરીય આરણ્યક તરીકે અલગ રીતે પણ મળે છે. હાલમાં પ્રાપ્ત તૈત્તિરીયસંહિતામાં કુલ સાત કાણ્ડ મળે છે.*

### (2) મૈત્રાયણિસંહિતા

*મિત્રયુ નામના આચાર્યે તેનું પ્રવચન કર્યું હોઈ તે મૈત્રાયણિ શાખા કહેવાય છે. પાણિનિના ગણપાઠમાં મિત્રયુ નામના આચાર્યનો ઉલ્લેખ હોઈ આ શાખાની પ્રાચીનતા સિદ્ધ થાય છે. મૈત્રાયણિસંહિતા ચાર કાણ્ડોમાં વિભક્ત છે. તેમના નામ અનુક્રમે પ્રથમ, મધ્યમ, ઉપરિ અને ખિલ કાણ્ડ છે. મૈત્રાયણિસંહિતા પણ મન્ત્રબ્રાહ્મણાત્મ છે.*

### (3) કાઠકસંહિતા

*યજુર્વેદની ઉપલબ્ધ શાખાઓમાં કાઠક શાખા અન્યતમ છે. આ શાખાનું પ્રવચન કઠ નામના આચાર્યે કર્યું હતું. તેથી તે કાઠક કે કઠ સંહિતા તરીકે ઓળખાય છે. યજુર્વેદના પ્રથમ આચાર્ય વૈશમ્પાયનના દશ શિષ્યોમાં કઠનો ઉલ્લેખ મળે છે. મહાભારત શાન્તિપર્વમાં પણ આચાર્ય કઠનો ઉલ્લેખ મળે છે. તેમના વ્યક્તિત્વ અંગેની માહિતી ઘણા અલ્પપ્રમાણમાં છે.* कृच्छ्र जीवने *ધાતુ પરથી નિષ્પન્ન કઠ શબ્દના આધારે તેઓ શિલોઞ્છવૃત્તિથી પોતાનું જીવન અત્યન્ત કઠિનતાથી વીતાવતા હશે એવું મનાય છે. બ્રહ્મપુરાણમાં પ્રાપ્ત નિર્દેશ પ્રમાણે તેમણે ભરદ્વાજ ઋષિના આશ્રમમાં રહીને વિદ્યાધ્યયન કર્યું હતું. તૈત્તિરીયબ્રાહ્મણ* 3.10.11*ઉપરના પોતાના ભાષ્યમાં સાયણાચાર્યે નોંધ્યું છે કે ભરદ્વાજની બહેન રેવતી એ કઠના પત્ની હતા. બ્રહ્મપુરાણના નિર્દેશથી મનાય છે કે આચાર્ય કઠ અને તેમની પરંપરાના શિષ્યોનું નિવાસસ્થાન ગોદાવરી નદીના દક્ષિણાગ્નેય તટપ્રદેશમાં હતું. પછીથી તેઓએ મધ્યદેશમાં નિવાસ કર્યો હતો. કાઠકસંહિતાનો પ્રચાર અને પઠન-પાઠન પ્રત્યેક ગામમાં હોવા અંગે ભાષ્યકાર પતંજલિનો નિર્દેશ મહત્ત્વનો છે. કાઠકસંહિતામાં પાંચ ખંડ છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીયસંહિતાઓની જેમ આ કાઠકસંહિતા પણ મન્ત્રબ્રાહ્મણ-ઉભયાત્મક છે. તેમાં મન્ત્રભાગ* 209*અનુવાકમાં, બ્રાહ્મણભાગ* 287*અનુવાકમાં અને મિશ્રિતભાગ* 5*અનુવાકમાં છે. વર્તમાન કાઠક સંહિતા ત્રણ ભાગોમાં વિભક્ત છે.*

### (4)કપિષ્ઠલ-કઠસંહિતા

*કૃષ્ણ યજુર્વેદની સંહિતામાં કપિષ્ઠલ-કઠનો ઉલ્લેખ મળે છે પરંતુ આજકાલ તે ખંડિત અવસ્થામાં મળે છે. કપિષ્ઠલ ઋષિ દ્વારા પ્રોક્ત હોઈ તે કપિષ્ઠલ શાખા કહેવાઈ છે. નિરુક્તના ટીકાકાર દુર્ગાચાર્યે પોતાને કપિષ્ઠલ વાસિષ્ઠ કહ્યા છે.* (अहं च कापिष्ठलो वासिष्ठः । *નિરુક્ત* 4.4*ઉપરની ટીકા) કપિષ્ઠલોનું મૂળ સ્થાન કુરુક્ષેત્ર પાસે હતું જે કપિષ્ઠલ નામે પ્રસિદ્ધ હતું.*

## 10.3 કઠોપનિષદ

*ઉપનિષદ સાહિત્યમાં કઠોપનિષદનું મહત્ત્વનું સ્થાન છે. આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદની કાઠક કે કઠ શાખાનું છે. શાખાને આધારે તેનું 'કઠોપનિષદ' નામ પ્રસિદ્ધ થયું છે. તેને 'નચિકેતોપાખ્યાન' કે 'નાચિકેતસ ઉપાખ્યાન' તરીકે પણ ઓળખ મળી છે. સાયણાચાર્યે પોતાના ઋગ્વેદના દશમા મંડળના સૂક્ત*-135 *પરના પોતાના*

ભાષ્યમાં આ નચિકેતોપાખ્યાનનું બીજ જોયું છે અને તેના સાતેય મન્ત્રોમાં આ કથાનકને બતાવવાનો પ્રયત્ન કર્યો છે. આ સૂક્તના ઋષિ कुमारो यामायन: અને દેવતા यम:છે. આ સૂક્તમાં પ્રયુક્ત यम:, यमसादनम्, कुमार: અને पिता એવા શબ્દોના આધારે સાયણાચાર્યે પોતાના વિચારો જણાવ્યા છે. તેમણે સ્પષ્ટરીતે નોંધ્યું છે. ''नचिकेता नाम कुमारो वाजश्रवसेन पित्रा यमलोकं प्रस्थापित:सन् यमं दृष्ट्वा प्रसाद्य पुनरपीमं लोकमाजगाम । अयमर्थ इदमादिकैर्मन्त्रै: प्रतिपाद्यते । (સાયણભાષ્ય, ઋગ્વેદ, 10.135.1)''

કઠોપનિષદનો આરંભ નચિકેતાના પિતા વાજશ્રવસ ઋષિના યજ્ઞથી થાય છે. વાજશ્રવસ દક્ષિણામાં ઘરડી ગાયોનું દાન આપતા હતા. લોભ અને મોહથી પિતા અયોગ્ય ગાયોનું દાન કરી રહ્યા છે તે સમજીને નચિકેતાએ ''મારું કોને દાન આપશો ?'' એવો પ્રશ્ન કર્યો. પુત્રના ત્રણવારના આવા પ્રશ્નથી ક્રોધિત પિતાએ ''તને મૃત્યુને આપું છું'' એમ કહી દીધુ. પિતાના વચનને અનુસરીને નચિકેતા યમલોકમાં ગયો. યમરાજ ત્રણ દિવસો માટે બહાર હતા. નચિકેતાએ તેમની પ્રતીક્ષા કરી અને ત્રણ દિવસ સુધી કંઈ પણ ખાધા વિના જ ત્યાં બેસી રહ્યો. પોતાના ઘરે આવેલા અતિથિનું અપમાન થયું હોઈ યમરાજે તેને ત્રણ વરદાન માગવા કહ્યું. નચિકેતાએ પ્રથમ વરદાનમાં પોતાના પિતાની પ્રસન્નતા અને બીજા વરદાનમાં સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અગ્નિનું વરણ કર્યું. ત્રીજા વરદાનમાં એણે આત્મતત્ત્વ અંગે જિજ્ઞાસા કરી. શરૂઆતમાં યમરાજે આત્મા અંગેની તેની જિજ્ઞાસા છોડી દેવા અનેક પ્રલોભનો આપ્યાં પરંતુ નચિકેતા પોતાની વાત પર અડગ રહ્યો. તેની આ નિશ્ચલ મતિથી યમરાજે પ્રસન્ન થઈને આત્મજ્ઞાન આપ્યું. યમરાજે નચિકેતાને જે આત્મવિદ્યા પ્રદાન કરી તે જ કઠોપનિષદ છે.

## 10.4 ઉપનિષદનો અર્થ

ઉપનિષદોને ભારતીય તત્ત્વજ્ઞાનની ગંગોત્રી કહેવામાં આવે છે. વેદાન્તદર્શનની પરંપરામાં પ્રસ્થાનત્રયીમાં પ્રથમ પ્રસ્થાન તરીકે ઉપનિષદોને ગણવામાં આવ્યા છે. ઉપનિષદ શબ્દની નિષ્પત્તિ उप અને नि એમ બે ઉપસર્ગયુક્ત सद् ધાતુથી થાય છે. (उप + नि + सद् + क्विप् ।) તેનો વ્યુત્પત્તિજન્ય અર્થ થાય છે, પાસે જઈને નીચે બેસવું. કોઈ શિષ્ય પોતાના મનમાં રહેલા પ્રશ્નના સમાધાન માટે કોઈ યોગ્ય ગુરુની પાસે જઈને તેની પાસેથી જે જ્ઞાન મેળવે તે ઉપનિષદ છે. ઉપનિષદમાં શિષ્યોનો મોટો સમૂહ હોતો નથી. અહીં તો જેને કોઈ પ્રશ્ન કે જિજ્ઞાસા હોઈ તેવા શિષ્યો હોય છે. ક્યારેક તેની સંખ્યા માત્ર એક જ હોય એવું બને છે. આપણા આ કઠોપનિષદમાં પણ નચિકેતા એક જ શિષ્ય છે. આમ, ઉપનિષદએ મોટા જનસમૂહ કે ટોળા માટેનું તત્ત્વજ્ઞાન નથી. જેને જ્ઞાનપિપાસા છે એવા જિજ્ઞાસુ શિષ્ય અને ગુરુ વચ્ચેનો એ સંવાદ છે.

શંકરાચાર્યની દૃષ્ટિએ ઉપનિષદનો અર્થ 'બ્રહ્મવિદ્યા' થાય છે. તેમણે ઉપનિષદ શબ્દમાં રહેલ सद् ધાતુનો વિશરણ (નાશ), ગતિ અને અવસાદન (શિથિલ કરવું) એમ

*ત્રિવિધ અર્થ કર્યો છે. તેઓ કહે છે કે ઉપનિષદથી બ્રહ્મવિદ્યાનું કથન થાય છે.* (सदेर्धातोर्विशरणगत्यवसादनार्थस्योपनिपूर्वस्य क्विप्प्रत्ययान्तस्य रूपममुपनिषदिति । उपनिषच्छब्देन च व्याचिख्यासितग्रन्थप्रतिपाद्यवेद्यवस्तु- विषया विद्योच्यते । *કઠોપનિષદ પરના શાંકરભાષ્યના પ્રારંભે)*

सद *ધાતુના ત્રણ અર્થ પૈકી 'વિશરણ'ને તેઓ આ રીતે સમજાવે છે. સંસારની વિકરાળ જ્વાળાઓથી સંતપ્ત વ્યક્તિ જ્યારે મોક્ષની કામનાથી સાંસારિક અને પારલૌકિક સુખોથી વિરક્ત થઈને ગુરૂપદિષ્ટ બ્રહ્મવિદ્યાનું નિષ્ઠાપૂર્વક અનુશીલન કરે છે ત્યારે સંપૂર્ણ અનર્થોની જનની એવી અવિદ્યાનું 'વિશરણ' એટલે કે તેનો નાશ થાય છે. આ અર્થમાં બ્રહ્મવિદ્યાને ઉપનિષદ કહે છે.* (ये मुमुक्षवो दृष्टानुश्रविकविषयवितृष्णाः सन्तः उपनिषच्छब्दवाच्यां वक्ष्यमाणलक्षणां विद्यामुपसद्योपगम्य तन्निष्ठतयानिश्चयेन शीलयन्ति तेषामविद्यादेः संसारस्य विशरणाद् हिंसनाद् विनाशनाद् इत्यनेनार्थयोगेन विद्या उपनिषदित्युच्यते । *કઠોપનિષદ પરના શાંકરભાષ્યના પ્રારંભે)*

सद् *ધાતુનો બીજો અર્થ 'ગતિ' થાય છે. આ વિદ્યા મુમુક્ષુઓને બ્રહ્મની પાસે પહોંચાડે છે. એટલે 'ગતિ' અર્થમાં પણ બ્રહ્મવિદ્યા ઉપનિષદ છે.* (पूर्वोक्तविशेषणान्मुमुक्षून्वा परं ब्रह्म गमयतीति ब्रह्मगमयितृत्वेन योगाद् ब्रह्मविद्योपनिषद् । *કઠોપનિષદ પરના શાંકરભાષ્યના પ્રારંભે)* सद् *ધાતુનો ત્રીજો અર્થ થાય છે 'અવસાદન'. 'અવસાદન' એટલે શિથિલ કરવું કે ઢીલું કરી નાખવું. જુદા જુદા લોકમાં પ્રાપ્ત થનાર ગર્ભવાસ, જન્મ અને વૃદ્ધાવસ્થા વગેરે ઉપદ્રવસમૂહનું અવસાદન કરે છે અર્થાત્ એમને શિથિલ કરી નાખનારી હોવાથી આ વિદ્યાને ઉપનિષદ કહે છે.* (गर्भवासजन्मजराद्युपद्रववृन्दस्य लोकान्तरे पौनःपुन्येनप्रवृत्तस्यावसादयितृत्वेन शैथिल्यापादनेन धात्वर्थयोगादग्निविद्याप्युपनिषदित्युच्यते । *કઠોપનિષદ પરના શાંકરભાષ્યના પ્રારંભે) આમ, ઉપનિષદ એટલે અવિદ્યાનો નાશ કરનાર, બ્રહ્મની પ્રાપ્તિ કરાવનાર અને સાંસારિક ઉપદ્રવોને શિથિલ કરનાર વિદ્યા. આવી વિદ્યા જેમાં નિરૂપિત થઈ છે તે ગ્રન્થને પણ ઉપનિષદ કહેવામાં આવે છે.*

## કઠોપનિષદનું સ્થાન અને મહત્ત્વઃ-

*ઉપનિષદોની સંખ્યા ઘણી મોટી છે. મુક્તિકોપનિષદમાં તેમની સંખ્યા એકસો આઠ દર્શાવી છે. આમ છતાં તેમાનાં દશ ઉપનિષદો મુખ્ય ગણાય છે. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડક, માણ્ડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાન્દોગ્ય અને બૃહદારણ્ય એમ દશ ઉપનિષદોનો નિર્દેશ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.*

**ईश-केन-कठ-प्रश्न-मुण्डक-माण्डूक्य-तित्तिरिः ।**

**ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥ मुक्तिक्रोपनिषद्**

*મુખ્ય ઉપનિષદોમાં કઠોપનિષદનું સ્થાન મહત્ત્વનું છે. જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યે જે ઉપનિષદો પર પોતાનું ભાષ્ય રચ્યું છે તેમાં કઠોપનિષદનો સમાવેશ થાય છે. કઠોપનિષદનું પૂર્વરૂપ તૈત્તિરીયબ્રાહ્મણમાં જોવા મળે છે. મહાભારતના*

અનુશાસનપર્વમાં પણ નચિકેતાની કથા પ્રાપ્ત થાય છે. આધુનિક કાળે વેદોના મહાન વિદ્વાન તરીકે પ્રતિષ્ઠિત શ્રીપાદ દામોદર સાતવલેકરે સ્વાધ્યાય મંડળ, પારડી, જિ. વલસાડ (દક્ષિણ ગુજરાત) સ્થળેથી કઠોપનિષદનું સુંદર સંપાદન કર્યું છે. તેમણે કઠોપનિષદના વર્ણ્યવિષયોને સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ વિશિષ્ટ અર્થઘટન કરીને વૈદિક સાહિત્યના અર્થઘટનની નવી દિશા ખોલી આપી છે. રામકૃષ્ણ મિશનના અધ્યક્ષ સ્વામી રંગનાથાનંદજીએ The Message of the Upanishads નામના સુપ્રસિદ્ધ ગ્રન્થમાં ઈશ, કેન અને કઠ ઉપનિષદના તત્ત્વજ્ઞાનને આધુનિક વૈશ્વિક દાર્શનિકોનાં ઉદ્ધરણો સાથે રજૂ કર્યું છે.

સ્વામી વિવેકાનંદ પણ કઠોપનિષદના વિચારોથી ખૂબ પ્રભાવિત હતા એવું તેમનાં વિવિધ પ્રવચનો અને ઉદ્ગારોમાં જોઈ શકાય છે. નચિકેતા જેવા થોડા યુવાનો આખા વિશ્વને બદલી શકે એવો એમને દૃઢ વિશ્વાસ હતો. ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો ( Arise, awake and stop nO till the goal is reached) એવા એમના અત્યન્ત પ્રચલિત વાક્યનો આધાર કઠોપનિષદમાં જોઈ શકાય છે. उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान्निबोधत ॥ (કઠોપનિષદ મન્ત્ર ક્રમાંક :1.3.14)

કઠોપનિષદની લોકપ્રિયતા અંગે એક અન્ય વાત નોંધનીય છે. સંસ્કૃત ભાષાના પદ્યનો અન્ય ભાષામાં પદ્યમાં અનુવાદ કરવામાં આવે તેને પદ્યાનુવાદ કહે છે. સામાન્ય રીતે ઉપનિષદના મન્ત્રોનો પદ્યાનુવાદ કરવાની પ્રથા બહુ પ્રચલિત નથી. પરંતુ આ કઠોપનિષદના બે પદ્યાનુવાદો જોવામાં આવે છે. તેમાંનો એક પદ્યાનુવાદ હરિદાસ મથુરાદાસ અને જમનાદાસ મથુરાદાસે મુંબઈથી વિ.સં. 1995 (ઈ.સ. 1939)માં પ્રકાશિત કરેલ છે, જ્યારે બીજો પદ્યાનુવાદ હરિરામ જે. ઠક્કર તરફથી પ્રકાશિત થયેલ છે. આ બીજા પ્રકાશનમાં તેનાં પ્રકાશન સ્થળ અને વર્ષ મળતાં નથી. આ બન્ને ગ્રન્થોમાંથી એક મન્ત્રના પદ્યાનુવાદને જોઈએ.

**एष सर्वेषु भूतेषु गूढोऽऽत्मा न प्रकाशते ।**

**दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः કઠોપનિષદ, 1.3.12**

રહી ભૂતોમાં ગુપ્ત ને, તે કરે આત્મપ્રકાશ,ચિત્ત એકાગ્ર નિર્મળ બુદ્ધિને જ રહે તે ગ્રાહ્ય. (મુંબઈ પ્રકાશન, પૃ.33)

ગૂઢ રૂપે જ ભૂતોમાં છુપાઈ આતમા રહ્યો,જણાયે સૂક્ષ્મદર્શિથી, સૂક્ષ્મબુદ્ધિ વડે બાધો. (હરિરામ ઠક્કર પ્રકાશન, પૃ.26)

શ્રીમદ્ભગવદ્ગીતાની પુષ્પિકા અનુસાર ગીતા પોતે પણ એક ઉપનિષદ જ છે. તેમાં પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન પર ઉપનિષદોનો સ્પષ્ટ પ્રભાવ છે. તેમાં કઠોપનિષદ ખૂબ જ મહત્ત્વનું કહી શકાય છે.

કઠોપનિષદમાં યમરાજ અધ્યાત્મનો ઉપદેશ આપવાની શરૂઆત કરે છે ત્યારે આત્માનું વિલક્ષણત્વ દર્શાવતા કહે છે કે આ આત્મા ઘણાને શ્રવણનો વિષય બનતો નથી. કોઈને સાંભળવા મળે તો પણ ઘણા એને જાણી શકતાનથી. એનો કુશળ વક્તા મળવો

*આશ્ચર્યજનક છે. કુશળ વક્તા પાસેથી એને જાણી લેનાર પણ આશ્ચર્યજનક હોય છે. કઠોપનિષદના આ મન્ત્રના અર્થને શ્રીમદ્ભગવદ્ગીતા શબ્દભેદે રજૂ કરે છે.*

**श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।**

**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः કઠોપનિષદ, 1.2.7**

**आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।**

**आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ શ્રીમદ્ભગવદ્ગીતા, 2.9**

*કઠોપનિષદનો મન્ત્ર* 1.2.18 न जायते म्रियते वा विपश्चित्.... *એ ભગવદ્ગીતામાં*

न जायते म्रियते वा कदाचिन्.....(2.20) *સ્વરૂપે મળે છે. અહીં અમુક શબ્દોમાં પરિવર્તન સાથે આખો મન્ત્ર જોઈ શકાય છે. કઠોપનિષદના મન્ત્ર* 1.2.19 *અને ભગવદ્ગીતાના શ્લોક* 2.19 *ની સરખામણી કરતાં જોઈ શકાય છે કે બન્નેમાં ઉત્તરાર્ધ અક્ષરશઃ સમાન છે.*

**हन्ता चेन्मन्यते हन्तुँ हतश्चेन्मन्यते हतम् ।**

**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ કઠોપનિષદ, 1.2.19**

**य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।**

**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥શ્રીમદ્ભગવદ્ગીતા, 2.19**

*કઠોપનિષદ મન્ત્ર* 2.2.15 न तत्र सूर्यो भाति न चन्द्रतारकं ...... ॥ *નો પ્રતિધ્વનિ* न तद्भासयते सूर्यो ......॥ (*ભગવદ્ગીતા,* 15.6) *શ્લોકમાં સંભળાય છે. કઠોપનિષદ* 2.3.1 *માં પ્રાપ્ત ઊર્ધ્વમૂળ અને અવાક્ શાખાવાળા સનાતન 'અશ્વત્થ'ને ભગવદ્ગીતા* 15.1 *માં ઊર્ધ્વમૂળ અને અધઃશાખ અવ્યય અશ્વત્થ તરીકે નિરૂપે છે. કઠોપનિષદનું આ અશ્વત્થ એ બ્રહ્મ છે, જ્યારે ભગવદ્ગીતાએ સંસારને અશ્વત્થનું રૂપક આપીને તેમાં થોડું પરિવર્તન કર્યું છે.*

## 10.5 તૈત્તિરીયબ્રાહ્મણમાં નચિકેતોપાખ્યાન

*તૈત્તિરીયબ્રાહ્મણમાં ગદ્યમાં નચિકેતોપાખ્યાન મળે છે. તૈત્તિરીયબ્રાહ્મણના આ કથાનકમાં કઠોપનિષદનું પ્રારંભિક સ્વરૂપ જોઈ શકાય છે. શબ્દગત સામ્ય પણ ઊડીને આંખે વળગું તેવું છે. અહીં આત્મવિદ્યા કે બ્રહ્મવિદ્યાનું કોઈ નિરૂપણ નથી. અહીં નચિકેતા સમક્ષ પ્રગટ થયેલી આકાશવાણીની વાત જોવા મળે છે. આકાશવાણી જ નચિકેતાને વરદાન માગવાની પ્રેરણા આપે છે. કઠોપનિષદમાં આકાશવાણી અને તેની પ્રેરણાની વાત જોવા મળતી નથી. તૈત્તિરીયબ્રાહ્મણનું આ કથાનક કઠોપનિષદના પહેલા અધ્યાયની પહેલી વલ્લીમાં મળતા કથાનક પૂરતું હોઈ ઘણું મર્યાદિત છે. પછીની પાંચ વલ્લીઓમાં નિરૂપિત તત્ત્વજ્ઞાન કે જે કઠોપનિષદનું મુખ્ય નિરૂપ્ય વસ્તુ છે તે તૈત્તિરીયબ્રાહ્મણમાં બિલકુલ જોવા મળતું નથી. તૈત્તિરીયબ્રાહ્મણનું ઉપાખ્યાન અને તેનો અનુવાદ નીચે આપ્યા છે. (કાંડ* 3, *પ્રપાઠક* 11, *અનુવાક* 8 )

**उशन् ह वै वाजश्रवसः सर्ववेदसं ददौ । तस्य ह नचिकेता नाम पुत्र आस । तँ ह कुमारं सन्तम् । दक्षिणासु नीयमानासु श्रद्धाऽऽविवेश  स होवाच । ततकस्मै मां दास्यतीति । द्वितीयं तृतीयम् । तँ ह परीत उवाच । मृत्यवे त्वा ददामीति । तँ ह स्मोत्थितं वागभिवदति ॥ १ ॥**

*વાજશ્રવસ ઋષિએ યજ્ઞની કામનાથી પોતાનું સર્વસ્વ આપી દીધું. તેમને નચિકેતા નામે પુત્ર હતો. તે કુમાર જ હતો છતાં પણ દક્ષિણા આપવામાં આવી રહી હતી ત્યારે તેનામાં શ્રદ્ધાઓ પ્રવેશ કર્યો. તેણે પૂછ્યું, ''મને કોને આપશો ?'' બે ત્રણ વખત આમ પૂછ્યું. ક્રોધથી ભરાયેલા તેણે તેને કહ્યું. ''તને મૃત્યુને આપું છું.'' જવા માટે નીકળેલા તેને આકાશવાણી એ કહ્યું.*

**गौतम कुमारमिति । स होवाच । परेहि मृत्योर्गृहान् । मृत्यवे त्वाऽदामिति । तं वै प्रवसन्तं गन्तासीति होवाच । तस्य स्य तिस्रो रात्रीरनाश्वान्गृहे वसतात् । स यदि त्वा पृच्छेत् । कुमार, कति रात्रीरवात्सीरिति । तिस्र इति प्रतिब्रूयात् । किं प्रथमां रात्रिमश्ना इति ॥ २ ॥**

*''હે ગૌતમ, (શું) તેં આ કુમારને (મૃત્યુને સોંપ્યો) ?'' તેણે (પિતાએ) (પુત્રને) કહ્યુ. ''મૃત્યુના ઘરે જા. મેં તને મૃત્યુને આપ્યો છે. તે ક્યાંય બહાર રહેલા હોય તો પણ તેને ઘરે જા. તેની ઘરે ત્રણ રાત્રિઓ ભૂખ્યો રહીને કાઢી નાખજે. તે જ્યારે આવીને પૂછે કે કુમાર તું કેટલી રાત્રિઓ મારા ઘરે રહ્યો તો ત્રણ રાત્રિઓ એમ કહેજે. તેં પહેલી રાત્રિએ શું ખાધું એમ પૂછે ત્યારે....*

**प्रजां त इति । किं द्वितीयामिति । पशूँस्त इति । किं तृतीयामिति । साधुकृत्यां त इति । तं वै सन्तं जगाम । तस्य ह तिस्रो रात्रीरनाश्वान् गृहउवास । तमागत्य पप्रच्छ । कुमार कति रात्रीरवात्सीरिति । तिस्र इति प्रत्युवाच ॥३॥**

*તમારી પ્રજાનું ભક્ષણ કર્યું એમ કહેજે. બીજી રાત્રિએ શું ખાધું એમ પૂછે ત્યારે કહેજે કે તમારાં પશુઓ ખાધાં. ત્રીજી રાત્રિએ શું ખાધું એમ પૂછે ત્યારે કહેજે કે તમારાં સત્કર્મોનું ભોજન કર્યું.'' તે બહાર હતા ત્યારે તે ત્યાં ગયો. તેના ઘરે ત્રણ રાત્રિ સુધી કંઈજ ખાધા વગર રહ્યો. યમે આવીને તેને પૂછ્યું. ''હે કુમાર, તું કેટલી રાત્રિ રહ્યો ?'' તેણે પ્રત્યુત્તર આપ્યો કે ''ત્રણ રાત્રિઓ.''*

**किं प्रथमां रात्रिमाश्ना इति । प्रजा त इति । किं द्वितीयामिति । पशूँस्त इति । किं तृतीयायामिति । साधु कृत्यां त इति । नमस्ते अस्तु भगव इतिहोवाच । वरं वृणीष्वेति । पितरमेव जीवन्नयानीति । द्वितीयं वृणीष्वेति ॥ ४ ॥**

*''તેં પહેલી રાત્રિએ શું ખાધું ?'' ''તમારી પ્રજા'' એમ તેણે કહ્યું. ''બીજી રાત્રિએ શું ખાધું ?'' ''તમારાં પશુઓ'' એમ બોલ્યો. ''ત્રીજી રાત્રિઓ શું ખાધું ?'' ''તમારાં સત્કર્મો'' એમ તે બોલ્યો. ''હે ભગવાન, તમને નમસ્કાર હો. તું વરદાન માગી લે.'' ''પિતાની પાસે જીવતો જાઉં.'' ''બીજું વરદાન માગ.''*

**इष्टापूर्तयोर्मेऽक्षिति ब्रूहीति । तस्मै हैतमग्निं नाचिकेतमुवाच । ततो वै तस्येष्टापूर्ते नाक्षीयेते । नास्येष्टापूर्ते क्षीयेते । योऽग्निंनाचिकेतं चिनुते । य उ चैनमेवं वेद । तृतीयं**

**वृणीष्वेति । पुनर्मृत्योर्मेऽपजितिं ब्रूहीति होवाच । तस्मै हैतमग्निं नाचिकेतमुवाच । ततो वै सोऽपपुनर्मृत्युमजयत् ॥ ५ ॥**

*''મારાં ઈષ્ટાપૂર્ત અક્ષય બની રહો.'' તેને આ નાચિકેત અગ્નિની વિધિ કહી. તેનાથી વ્યક્તિનાં ઈષ્ટાપૂર્ત અક્ષય બની જાય છે. જે આ અગ્નિનું ચયન કરે એનાં ઈષ્ટાપૂત અક્ષય બની જાય છે. ''ત્રીજું વરદાન માગ.'' ''મૃત્યુને જીતી લેવાનો માર્ગ બતાવો'' એમ તેણે કહ્યું. યમે એ નાચિકેત અગ્નિનો ઉપદેશ આપ્યો. તેથી તે મૃત્યુને જીતી ગયો.*

अप पुनर्मृत्युं जयति । योऽग्निं नाचिकेतं चिनुते । य उ चैनमेवं वेद ॥ ६ ॥

*જે નાચિકેત અગ્નિનું ચયન કરે છે તે વારંવારના મૃત્યુને જીતી લે છે. જે આને આ પ્રકારે જાણી લે છે.*

## 10.6 મહાભારતમાં નચિકેતોપાખ્યાન

*મહાભારતના અનુશાસન પર્વના અધ્યાય 106માં નચિકેતાનું ઉપાખ્યાન મળે છે. આ અધ્યાયમાં કુલ 57 શ્લોકો અહીં આખું ઉપાખ્યાન રજૂ કરવું યોગ્ય નથી. યુધિષ્ઠિરે ગાયોના દાનથી મળનાર ફળ અંગેનો પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરરૂપે ભીષ્મ પિતામહે આ કથાનક કહ્યું છે. તેના આરંભે જ આ ઔદ્દાલકિ ઋષિ અને નચિકેતાનો ઉલ્લેખ થયો છે.*

**अत्राप्युदाहरन्तीममितिहासं पुरातनम्।**

**ऋषेरौद्दालकेर्वाक्यं नाचिकेतस्य चोभयोः॥ 13,106.2**

*આ કથાનક અનુસાર ઋષિ ઔદ્દાલકિએ યજ્ઞની દીક્ષા લીધી હતી. તેમણે પોતાના પુત્ર નચિકેતાને કહ્યું કે તું આ યજ્ઞકર્મમાં મારી સહાયતા કર. તેમણે નદીના તીર પર રહેલ ઈધ્મ, દર્ભ, ફૂલ, કલશ વગેરે લાવવા આજ્ઞા કરી. નચિકેતા નદીના કિનારે ગયો પણ તેણે ત્યાં આ પદાર્થોને જોયા નહિ. આ પદાર્થો નદીમાં વહી ગયા હતા. નચિકેતાએ પાછા ફરીને પિતાને કહ્યું કે નદીના કિનારે તે પદાર્થો છે નહિ. ભૂખ, તરસ અને પરિશ્રમથી ઘેરાયેલા તે ઋષિ ક્રોધમાં આવીને પુત્રને કહ્યું કે તું યમ પાસે જા. પિતાના વાણીરૂપી વજ્રથી હણાયેલો તે પુત્ર પ્રાણહીન થઈને ત્યાં ભૂમિ પર પડી ગયો.*

*નચિકેતાને ભૂમિ પર પડેલો જોઈને પોતે ક્રોધાવેશમાં કરેલ ભૂલ પિતાને સમજાઈ અને તેમને પસ્તાવો થવા લાગ્યો. તેઓ ધરતી પર પડીને શોક કરવા લાગ્યા. તે દિવસ અને એક રાત વીતી ગઈ. પિતાના અશ્રુપાત વચ્ચે નચિકેતા જાગ્યો. તેના શરીરમાંથી દિવ્ય સુગન્ધ આવતી હતી. નચિકેતાને જીવતો જોઈને પિતાના આશ્ચર્યનો પાર ન રહ્યો. ''આ શું બની ગયું ?'' એમ વારંવાર પૂછતા પિતાને નચિકેતાએ કહ્યું. ''હું યમલોકમાં ગયો હતો. યમરાજે મારુ સ્વાગત કર્યું. નચિકેતાએત્યાં યમલોક જોવાની ઈચ્છા કરી. ત્યાની ભૂમિ સુવર્ણની છે. સોનાના ઘર છે. દૂધ અને ઘીની નદીઓ વહે છે.''*

**क्षीरस्रवा वै सरितो गिरींश्च सर्पिस्तथा विमलं चापि तोयम्।**

**वैवस्वतस्यानुमतांश्च देशानदृष्टपूर्वान्सुबहूनपश्यम् ॥ 13.106.27**

*દૂધ અને ઘીને વહાવતી નદીઓ કોના માટે છે એવો પ્રશ્ન નચિકેતાએ યમને પૂછ્યો. ત્યારે યમરાજે કહ્યું કે સત્પાત્રને ગાયોનું દાન કરનાર માટે આ નદીઓ છે. ગોદાન કરનાર અહીં આવીને નિવાસ કરે છે અને યથેચ્છ ગોરસનું સેવન કરે છે. જે મનુષ્ય સુવ્રત, સારુ દૂધ આપનારી, કલ્યાણકારક વાછરડાવાળી, નાસી નહિ જનારી એવી ગાયનું દાન કરે છે તેનાં જેટલાં રૂંવાડાં હોય તેટલાં વર્ષો સુધી સ્વર્ગનો પ્રાપ્ત કરે છે.*

**दत्त्वा धेनुं सुव्रतां साधुदोहां कल्याणवत्सामपलायिनीं च।**

**यावन्ति रोमाणि भवन्ति तस्यास्तावद्वर्षाण्यश्नुते स्वर्गलोकम्।। 13.106.34**

*યમરાજે નચિકેતાને જણાવ્યું કે કોઈ પાસે અસલી ગાય ન હોય તો તે ઘી, તલ વગેરેમાંથી ગાય બનાવીને દાન કરે તો પણ પુણ્યદાયક બની રહે છે. માટે ગાયનું દાન કરવું જ જોઈએ. અંતે નચિકેતાએ પિતાને જણાવ્યું કે યમરાજની આજ્ઞાથી હું આપના ચરણમાં હું ફરી પાછો આવ્યો છું.*

*મહાભારતની આ કથામાં ઔદ્દાલકિના ક્રોધથી નચિકેતાના યમગૃહે જવાની વાત છે પણ યમ દ્વારા ત્રણ વરદાન, આત્મવિદ્યાનો ઉપદેશ વગેરે કોઈ વસ્તુ જોવા મળતી નથી. મહાભારતના આ ઉપાખ્યાનના મૂળમાં ગોદાનનો મહિમા રહ્યો છે.*

## 10.7 તમારી પ્રગતિ ચકાસો

1.*નીચેના પ્રશ્નોના જવાબ આપો :*

(1) *હાલમાં કૃષ્ણયજુર્વેદની કઈ ચાર સંહિતાઓ ઉપલબ્ધ થાય છે ?*

(2) *કૃષ્ણયજુર્વેદની કઈ સંહિતા આજે ખંડિત અવસ્થામાં મળે છે ?*

(3) *તૈત્તિરીયબ્રાહ્મણ મુજબ આકાશવાણીએ નચિકેતાને શું સમજાવ્યું હતું ?*

(4) *તૈત્તિરીયબ્રાહ્મણ મુજબ નચિકેતાએ યમ પાસેથી કયાં ત્રણ વરદાન માગ્યાં હતાં ?*

(5) મહાભારતમાં પ્રાપ્ત નચિકેતોપાખ્યાનનો મુખ્ય ઉદ્દેશ્ય કયો છે ?

**2. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) કૃષ્ણ યજુર્વેદસંહિતા

(2) કાઠકસંહિતા

(3) 'ઉપનિષદ' શબ્દનો અર્થ

(4) કઠોપનિષદનું મહત્ત્વ

(5) તૈત્તિરીયબ્રાહ્મણમાં નચિકેતોપાખ્યાન

(6) મહાભારતમાં નચિકેતોપાખ્યાન

3.નીચે અ વિભાગમાંની વેદસંહિતાને બ વિભાગમાં તેમના પ્રથમ અધ્યેતાના નામની સાથે જોડો :

| અ | બ |
| --- | --- |
| (1)ઋગ્વેદસંહિતા | (1)જૈમિનિ |
| (2)યજુર્વેદસંહિતા | (2)સુમન્તુ |
| (3)સામવેદસંહિતા | (3)વૈશમ્પાયન |
| (4)અથર્વવેદસંહિતા | (4)શાકલ |

4. કૌંસમાં શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

(1)સ્વાધ્યાય મંડળ, પારડીથી પ્રકાશિત કઠોપનિષદના સંપાદક …………. છે.

(2)ભગવદ્ગીતાના અધ્યાય ………..માં અશ્વત્થવૃક્ષનું વર્ણન મળે છે.

(3)તૈત્તિરીયબ્રાહ્મણ અનુસાર નચિકેતાએ ………. વરદાનમાં ઇષ્ટાપૂર્તકર્મોનું અક્ષયત્વ માગ્યું હતું.

(4)મહાભારતના ………… પર્વમાં નચિકેતોપાખ્યાન જોવા મળે છે.

**લેખક : ડૉ.મનસુખ મોલિયા,નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

## એકમ : 11 : કઠોપનિષદનો સામાન્ય પરિચય

### રૂપરેખા

**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 અધ્યાય - 1, વલ્લી - 1**

**11.3 અધ્યાય - 1, વલ્લી - 2**

**11.4 અધ્યાય 1, વલ્લી 3**

**11.5 અધ્યાય 2, વલ્લી 1**

**11.6 અધ્યાય 2, વલ્લી 2**

**11.7 અધ્યાય 2, વલ્લી 3**

**11.8 તમારી પ્રગતિ ચકાસો**

### 11.0 ઉદ્દેશો

- *કઠોપનિષદનો સામાન્ય પરિચય મેળવી શકશો.*
- *કઠોપનિષદમાં નિરૂપિત વિવિધ વિષયોનો પરિચય મેળવી શકશો.*
- *દરેક વલ્લીમાં નિરૂપિત વિષયોને સમજી શકશો.*

### 11.1 પ્રસ્તાવના

*આ અગિયારમા એકમમાં કઠોપનિષદનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે. ઉપનિષદ સાહિત્યમાં કઠોપનિષદનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. એકમ દશમાં તમે શીખ્યા છો કે શંકરાચાર્યે આ ઉપનિષદ ઉપર પોતાનું ભાષ્ય લખ્યું છે. ભારતીય દર્શનનો વિચાર કરવામાં આવે ત્યારે કઠોપનિષદને ખાસ યાદ કરવું પડે તેવું છે. શ્રીમદ્ભગવદ્ગીતાના તત્ત્વજ્ઞાન પર કઠોપનિષદની ઊંડી અસર જોવા મળે છે. હવે આ એકમમાં તમે કઠોપનિષદનો સામાન્ય પરિચય પ્રાપ્ત કરી શકશો. કઠોપનિષદમાં કુલ બે અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયમાં ત્રણ ત્રણ વલ્લીઓ આવેલી છે. આમ, બન્ને અધ્યાયોની મળીને કુલ છ વલ્લીઓ થાય છે. પ્રથમ અધ્યાયમાં 71 અને બીજા અધ્યાયમાં 48 મળીને કુલ 119 મન્ત્રો આવેલા છે. બન્ને અધ્યાયની ત્રણેય વલ્લીઓમાં નિરૂપિત વિષયવસ્તુને ક્રમશઃ રજૂ કરીને આ એકમમાં કઠોપનિષદનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે.*

## 11.2 અધ્યાય - 1, વલ્લી - 1

*ઉપનિષદનો સામાન્ય અર્થ ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંવાદ થાય છે. અહીં મૃત્યુના દેવ યમ એ ગુરુ છે અને કુમાર નચિકેતા શિષ્ય છે. માત્ર એક જ શિષ્ય હોવા છતાં યમ તેની પાસે અનેક અધ્યાત્મિક રહસ્યોને ખોલી આપે છે. આ ઉપનિષદમાં પ્રથમ અધ્યાયમાં આરંભે નચિકેતાની આખ્યાયિકા આવેલી છે. જેમાં નચિકેતા કઈ રીતે યમગૃહે ગયો તેની પૂર્વભૂમિકા રચાઈ છે.પ્રથમ અધ્યાયની પહેલી વલ્લીમાં કુલ 29 મન્ત્રો છે. પ્રારંભિક મન્ત્ર ક્રમાંક 1 અને 3 ગદ્ય જેવા જણાય છે. બાકીના મન્ત્રો પદ્યમાં છે.*

*વાજશ્રવા ઋષિના પુત્ર હોવાથી વાજશ્રવસ નામે ઓળખાતા એક ઋષિએ વિશ્વજિત નામનો યજ્ઞ કર્યો હતો. (આ વાજશ્રવસનું અન્ય નામ ઉદ્દાલક છે. તેણો અરુણના પુત્ર હોઈ આરુણિ અને ગૌતમ વંશના હોઈ ગૌતમ તરીકે પણ ઉલ્લેખ પામ્યા છે.) આ યજ્ઞમાં તેમણે પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધું. વાજશ્રવસને નચિકેતા નામનો એક પુત્ર હતો. તે વયમાં નાનો હોઈ કુમાર હતો. તેણે જોયું કે પિતાજી દક્ષિણા આપવા માટે જે ગાયોને જુદી પાડી રહ્યા હતા તેઓ અતિશય ઘરડી થઈ ગઈ હતી અને દક્ષિણા માટે અયોગ્ય હતી. સામાન્ય રીતે દક્ષિણામાં પોતાને પ્રિય એવી વસ્તુનું દાન આપવામાં આવતું હોય છે. પણ અહીં વાજશ્રવસ ઋષિ જે ગાયોનું દાન આપી રહ્યા હતા તે કોઈ રીતે ઉપયોગમાં આવી શકે તેવી રહી નહોતી. વધારે સમય જીવવા અસમર્થ એવી એ ગાયો દૂધ આપી શકે એમ નહોતી. આ પ્રકારની ગાયો દક્ષિણામાં આપતા પિતાને જોઈને તેનામાં શ્રદ્ધાનો પ્રવેશ થયો.*

*પુત્રમોહથી પોતાના પિતા આવું કર્મ કરી રહ્યા હતા તે નચિકેતા સમજી ગયો. નબળી નબળી ગાયો દક્ષિણામાં જતી રહે તો પોતાના પુત્રો માટે સારી ગાયો બચી રહે એવો લોભ એમના ચિત્તમાં જન્મ્યો છે એમ માનીને નચિકેતાના મનમાં પવિત્ર વિચાર આવ્યો. પિતાનું અહિત થતું રોકવું એ કોઈ પણ પુત્રનો ધર્મ છે. આવી દક્ષિણા આપનારો મરણ પછી 'અનન્દલોક'ને પામે છે. જ્યાં આનન્દ ન હોય એવા લોકને 'અનન્દલોક' કહે છે. ઈશાવાસ્યમાં આવા લોકને 'અસુર્યલોક' પણ કહેલ છે. પિતાને તેમના આ અયોગ્ય કર્મ પ્રત્યે સાવધાન કરવા નચિકેતા એમની પાસે ગયો અને પિતાને પ્રશ્ન પૂછ્યો કે ''પિતાશ્રી, આપ મને કોને આપશો ?'' પિતાએ એના પ્રશ્ન પ્રત્યે આંખમીંચામણા કર્યા, પણ લાગલગાટ ત્રણ વાર તેણે એકનો એક સવાલ પૂછ્યા કર્યો કે ''પિતાશ્રી, આપ મને કોને આપશો ?'' સતત ત્રણવારના પ્રશ્નથી પિતાને ક્રોધ આવ્યો. તેમણે સીધું જ કહી દીધું કે ''જા તને મૃત્યુને આપ્યો.'' સામાન્ય રીતે કોઈ માતાપિતા પોતાના સંતાનનું મૃત્યુ સ્વપ્નમાં પણ ઈચ્છતા હોતા નથી. પણ ક્રોધાવેશમાં વાજશ્રવસે વિવેક ગુમાવ્યો અને બાળક નચિકેતાને મૃત્યુને સોંપી દીધો.*

*પિતાનું વચન સાંભળીને નચિકેતા પણ વિચારવા લાગ્યો કે પિતાએ કયા કારણે મને મૃત્યુને સોંપ્યો હશે ? પિતા પ્રત્યે ક્રોધ કે અનાદરને ઉત્પન્ન થવાને બદલે તેમના પ્રત્યેનો એનો આદર જળવાઈ રહ્યો. તે મનોમન વિચાર્યું કે પિતાના ઘણા શિષ્યોમાં કાં તો હું પ્રથમ રહું છું અને કાં તો બીજો રહું છું. એટલે પિતાએ મૃત્યુને સોંપીને મારી*

*પાસેથી કોઈ મહત્ત્વનું કાર્ય કરાવવાના હશે. એટલે પિતાના વચનને પાળવું જોઈએ એવી એની દઢ મતિ સ્થિર થઈ. કયો પિતા પોતાના હાથે દીકરાને મોતના મુખમાં મોકલવા તૈયાર થાય ? વાજશ્રવસ ઉદ્દાલક પણ પોતાના ક્રોધપૂર્ણ વચનથી ખૂબ શોકાતુર થયા અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પોતાના ગુણવાન પુત્રને મૃત્યુને ગૃહે જતો રોકવાની તેમની ઈચ્છાને નચિકેતા જાણી ગયો. પિતાના વચનને સત્ય સિદ્ધ કરવા અને તેમના શોકને શાન્ત કરવા તેણે કહ્યું કે પિતાશ્રી, તમે આપણા પૂર્વપુરુષો અને વર્તમાનકાળના મહાપુરુષોનું જીવન જુઓ. તેઓ ક્યારેય મિથ્યા બોલતા નથી. મનુષ્યનું જીવન તો સાવ ક્ષણિક છે. ધરતી ઉપર જેમ ઘાસ ઊગી નીકળે છે અને પાકીને ખરી જાય છે તેમ મનુષ્ય પણ જન્મે છે અને મરણ પામે છે. પિતાનું વચન મિથ્યા ન થાય એમ કરવું જોઈએ એવી નચિકેતાની મતિ દઢ થઈ.*

*પિતાના વચનાનુસાર નચિકેતા યમલોકમાં ગયો. યમરાજ કોઈક કારણસર બહાર હોઈ તેણે તેમના ઘરે ત્રણ દિવસ ભૂખ્યા રહીને તેમના આગમનની પ્રતીક્ષા કરી. યમરાજ જ્યારે પાછા ફર્યા ત્યારે તેમને થયું કે પોતાના ઘરે અતિથિ બાળક નચિકેતા ત્રણ દિવસ ભૂખ્યો રહ્યો છે. અતિથિ અગ્નિ સમાન હોય છે. જેના ઘરે અતિથિ ભૂખ્યો રહે છે તેનાં પુત્ર, પશુ, ઈષ્ટાપૂર્ત વગેરે ક્ષય પામે છે. પોતાના દોષનું પરિમાર્જન કરવા યમરાજ નચિકેતાને ત્રણ વરદાન માગવા કહ્યું. નચિકેતાએ પહેલા વરદાનમાં માગ્યું કે મારા પિતાનું મન શાન્ત થાય અને તેઓ ક્રોધરહિત થઈને મારી સાથે પ્રેમથી વાતચીત કરે. યમરાજે તેનું આ વરદાન સ્વીકારી લીધું. નચિકેતાના આ વરદાનથી એને પૃથ્વી પરનું પુનર્જીવન મળે છે. એના પિતાએ તેના પ્રત્યે જે કટુ વચન કહ્યું હતું તેનું વિસ્મરણ થઈ જાય અને તેઓ પહેલાંની જેમ તેની સાથે વર્તન કરે એવી માગણીમાં નચિકેતાનો પિતા પ્રત્યેનો અત્યાદર વ્યક્ત થાય છે. પિતાએ પોતાને મૃત્યુને સોંપ્યો હતો એ પ્રસંગ જ વિસરાઈ જાય એવી એની ઉદાત્ત વૃત્તિ અહીં પ્રગટ થાય છે. પિતાના મનમાં અપરાધભાવ ન રહે એવી નચિકેતાની ભાવનામાં તે આદર્શ પુત્ર તરીકેનું દર્શન થાય છે.*

*નચિકેતા બીજા વરદાનમાં સ્વર્ગલોકની પ્રાપ્તિનું વરદાન માગે છે. સ્વર્ગલોકમાં ઘડપણ, મૃત્યુ કે અન્ય કોઈ પ્રકારનો ભય હોતો નથી. ત્યાં ભૂખ, તરસ, શોક, દુઃખનું પણ અસ્તિત્વ નથી. સ્વર્ગલોકમાં રહેનારો શોકને તરી જઈને આનન્દમાં રમમાણ રહે છે. આવું અલૌકિક સુખ જ્યાં છે તેવા અમૃત સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય એવા અગ્નિની તે માગણી કરે છે. યમરાજ તેને સ્વર્ગની પ્રાપ્તિ કરાવે એવી અગ્નિવિદ્યા શીખવે છે. તેના માટે કેટલી અને કેવી ઈંટો જોઈએ અને તેનું અનુષ્ઠાન કઈ રીતે કરવું જોઈએ તે બધું વિધિસર શીખવીને તેઓ એની પરીક્ષા લે છે. યમરાજે જે પ્રમાણે કહ્યું હતું તે બધું નચિકેતા તરત જ એમની સામે યથાતથ કહી સંભળાવે છે. તેની જ્ઞાનનિષ્ઠા જોઈને યમરાજ એટલા પ્રસન્ન થાય છે કે હવે પછી આ અગ્નિવિદ્યા નચિકેતાના નામે ઓળખાશે એવું એક વધારાનું વરદાન આપે છે. ત્યારથી આ અગ્નિ 'નાચિકેત અગ્નિ' તરીકે ઓળખાય છે. જે આ અગ્નિનું ત્રણવાર ચયન કરે છે તે મૃત્યુના પાશને તરી જઈને શોકમુક્ત બને છે.*

*નચિકેતાનું ત્રીજું વરદાન તદ્દન વિશિષ્ટ છે. તે કહે છે કે કેટલાક એવું કહે છે કે મનુષ્ય મૃત્યુ પામે પછી પણ આત્માનું અસ્તિત્વ રહે છે જ્યારે કેટલાક આત્માના અસ્તિત્વને માનતા નથી. આત્માના હોવા ન હોવા અંગેની બહુ મોટી સંદેહની સ્થિતિ પ્રવર્તે છે. તો તમે મને આ રહસ્ય અંગે જ્ઞાન આપો. યમરાજ ખૂબ આગ્રહ કરીને નચિકેતાને આ વરદાન છોડીને અન્ય કંઈપણ માગી લેવા સમજાવે છે. તેઓ તેને સો વર્ષનું આયુષ્ય, પુત્રપૌત્રો, પુષ્કળ પશુઓ, હાથીઓ, ઘોડાઓ, સુવર્ણ, વિશાલ ભૂમંડળ, દુર્લભ સુખોપભોગો, રથ અને સંગીત સાથેની સ્વર્ગીય સુંદરીઓ વગેરેનું પ્રલોભન પણ આપે છે પણ નચિકેતા પોતાની માગણી છોડતો નથી અને આત્મજ્ઞાન સિવાય બીજી કોઈ સામગ્રી લેવા તૈયાર થતો નથી. તે યમરાજને ત્યાં સુધી કહી દે છે કે તમારે આપવું હોય તો મેં જેની માગણી કરી તે આત્મજ્ઞાન આપો. આપના ભોગોપભોગો ભલે આપની પાસે રહ્યા. મારે એની કોઈ જરૂર નથી. સંસારના ભોગો ક્ષણભંગુર છે. એમની વાસ્તવિકતાને જાણતો હોય એવો કોઈ મનુષ્ય એમાં ખુશ ન થાય એ સ્વાભાવિક છે એમ કહીને નચિકેતા પોતાની માગણી છોડવા તૈયાર થતો નથી.*

## 11.3 અધ્યાય - 1, વલ્લી - 2

*આ વલ્લીના કુલ 25 મન્ત્રોનું વિષયવસ્તુ નીચે પ્રમાણે છે.*

*નચિકેતાની આવી દૃઢતા જોઈને યમરાજ મનોમન ખૂબ પ્રસન્ન થાય છે. તેઓ સૌ પ્રથમ શ્રેય અને પ્રેયનું સ્વરૂપ રજૂ કરે છે. મનુષ્યની સમક્ષ શ્રેય અને પ્રેય એમ બન્ને ઉપસ્થિત થાય છે પણ મોટા ભાગના લોકો પ્રેયને પસંદ કરે છે. નચિકેતા જેવા કોઈ ધીર જ શ્રેયની પસંદગી કરે છે. પ્રેય એટલે સંસારની પ્રિય ભોગસામગ્રી અને શ્રેય એટલે આત્યન્તિક કલ્યાણની સામગ્રી. નચિકેતા સમક્ષ યમરાજે અનેક પ્રકારની પ્રેય સામગ્રીનું પ્રલોભન આપ્યું પણ તે તેનાથી આકર્ષિત થયો નહિ અને શ્રેયને વળગી રહ્યો. જેઓ પ્રેયને પસંદ કરે છે તેઓ અવિદ્યામાં ડૂબેલા છે અને સતત એક જન્મથી બીજા જન્મની સાંકળથી બંધાયેલા રહે છે. જેમ કોઈ અંધ વ્યક્તિ અન્ય અંધજનોને દોરે ત્યારે તેમની જેવી દશા થાય એવી દશા પ્રેયથી દોરાતા મનુષ્યની થાય છે. આ લોક જ સત્ય છે અને પરલોક જેવું કશું છે જ નહિ એમ માનીને ભૌતિક સુખોમાં જ રાચતો મનુષ્ય વારંવાર જન્મ-મરણના ચક્રમાં ફસાયા કરે છે.*

*આત્મતત્ત્વ અંગે શ્રવણ કરનારા સાધકો બહુ ઓછા હોય છે. જેમણે એના વિષે શ્રવણ કર્યું હોય તેમાંથી તેને જાણનારા બહુ ઓછા હોય છે. આત્મા વિશે કોઈ પ્રશ્ન કરે ત્યારે તેનું પ્રવચન કરનાર દુર્લભ હોય છે. કુશળ ગુરુ પાસેથી એનો બોધ મેળવીને એને જાણી લેનાર શિષ્ય પણ અતિ દુર્લભ હોય છે. આમ, આત્મા અંગેની જિજ્ઞાસા થવી, એનો ઉપદેશ આપનાર ગુરુની પ્રાપ્તિ થવી અને તેનું જ્ઞાન થવું એ ખરેખર આશ્ચર્યજનક છે. અલ્પજ્ઞાની ગુરુ પાસેથી આ વિષય સમજી શકાય એવો નથી. એના માટે યમરાજ જેવા કોઈ અનન્ય ગુરુ જ સમર્થ બને છે. બધા શિષ્યો પણ નચિકેતા જેવા ધૈર્યવાળા હોતા નથી. નચિકેતાની અનન્ય નિષ્ઠા જોઈને યમરાજ કહે છે કે તારા જેવો પ્રશ્ન પૂછનારો જિજ્ઞાસુ અમને મળ્યા કરે. નચિકેતાએ પ્રલોભનોનો ત્યાગ કર્યો એની યમરાજ બહુ જ પ્રશંસા કરે છે.*

આત્મજ્ઞાનથી મનુષ્ય હર્ષ અને શોકથી મુક્ત બને છે. આ આત્માનું સ્વરૂપ કેવું છે ? યમરાજ તેનો આરંભ કરતાં કહે છે કે તે દુર્દર્શ, ગૂઢ સ્થાનમાં પ્રવિષ્ટ, હૃદયરૂપી ગુફામાં રહેલો (गुहाहितम्) સંસારરૂપી ગહન વનમાં રહેનારો(गह्वरेष्ठम्) અને સનાતન (पुराणम्) છે.અધ્યાત્મયોગથી તેને પામી શકાય છે.આ સૂક્ષ્મ આત્મતત્ત્વનો અનુભવ કરનાર આનંદને મગ્ન રહે છે. તે ધર્મ અને અધર્મથી ભિન્ન છે, કાર્યકારણરૂપ જગતથી ભિન્ન છે અને ભૂત-વર્તમાન-ભવિષ્ય એમ ત્રણેય કાળથી પણ પર છે. બધા વેદો તેનું જ પ્રતિપાદન કરે છે. બધાં પ્રકારનાં તપ એનું જ ગાન કરે છે. એ પરમ પદને સંક્ષેપમાં ૐ કહે છે. આ ૐકાર જ અક્ષર છે, તે જ પરમ બ્રહ્મ છે. તે જ શ્રેષ્ઠ આલંબન છે. તેને જાણીને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે.

આ આત્મા જન્મતો નથી કે મરતો પણ નથી. તેનું કોઈ કારણ નથી અને તે કોઈનું કાર્ય નથી. તે અજન્મા, નિત્ય અને શાશ્વત છે. શરીરનો નાશ થાય ત્યારે તેનો નાશ થતો નથી. જો કોઈ એમ માને કે હું કોઈને મારવા સમર્થ છું અથવા હણાયેલો કોઈ પોતાને હણાયેલો માને છે તો તે બન્ને બરાબર જાણતા નથી. આ આત્મા કોઈથી હણાતો નથી કે કોઈને હણતો પણ નથી. તે અણુ કરતાં પણ વધુ અણુ અને મહાન કરતાં વધુ મહાન છે. પ્રાણીઓની હૃદયરૂપી ગુફામાં તે રહેલો છે. પરમેશ્વરની કૃપાથી નિષ્કામ મનુષ્ય એનું દર્શન કરી શકે છે. આત્મા બેસી રહેલો હોય તોય દૂર સુધી જાય છે અને સૂઈ રહેલો હોય તોય ચારે બાજુ ગતિ કરે છે. શરીરમાં રહેલો એ અશરીરી છે. પ્રવચન, તીવ્ર બુદ્ધિ, ઘણું શાસ્ત્રજ્ઞાન હોય તો એ મળતો નથી પણ એ જેનું વરણ કરે છે એની સમક્ષ એ પ્રગટ થાય છે. જે દુરાચાર ન હોય, ઈન્દ્રિયો પર સંયમી હોય અને શાન્ત મનવાળો હોય એ તેને સૂક્ષ્મ બુદ્ધિથી એને જાણી શકે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય એનો ખોરાક છે અને સ્વયં મૃત્યુ એનું શાકભાજી છે.

## 11.4 અધ્યાય 1, વલ્લી 3

આ વલ્લીમાં કુલ 17 મન્ત્રોમાં નિરૂપિત વિષયો આ પ્રમાણે છે.

નાચિકેતસ અગ્નિની ઉપાસના કરનારા બ્રહ્મવેત્તાઓ કહે છે કે શરીરમાં બુદ્ધિરૂપી ગુફામાં પ્રવેશેલા જીવાત્મા અને પરમાત્મા એમ બે તત્ત્વો છાયા અને તડકાની જેમ પરસ્પરથી ભિન્ન છે. એમાંનો એક કર્મફળને ભોગવે છે જ્યારે બીજો તેનાથી અલિપ્ત રહે છે. તે નાચિકેતસ અગ્નિ યજ્ઞ કરનારાઓ માટે સેતુરૂપ છે.

આત્મા એ રથનો સ્વામી છે અને શરીર એ રથ છે. બુદ્ધિ એ રથનો સારથિ છે અને મન લગામ છે. ઈન્દ્રિયો એ રથના ઘોડાઓ છે અને ઈન્દ્રિયોના વિષયો તેનો માર્ગ છે. ઈન્દ્રિય અને મનથી યુક્ત આત્મા ભોક્તા બને છે. જે અવિવેકી હોય અને જેનું મન વશમાં ન રહેતું હોય તેની ઈન્દ્રિયો તોફાની ઘોડાઓની જેમ બેકાબૂ બની જાય છે. પરંતુ જે વિવેકયુક્ત હોય અને જેનું મન વશમાં હોય તેની ઈન્દ્રિયો સારા ઘોડાઓની જેમ વશમાં રહે છે. અવિવેકી મનુષ્ય હંમેશા અવશ મનવાળો હોઈ અપવિત્ર રહે છે અને પરમ પદને પામી શકતો નથી. પરિણામે તે જન્મ-મરણરૂપી સંસારમાં ભટક્યા કરે છે. વિવેકી મનુષ્ય સંયમી મનવાળો હોઈ પવિત્ર રહે છે. પરિણામે તે પરમ પદને

*પામીને સંસારમાં ફરી આવતો નથી. આથી મનુષ્યે સારથિરૂપી પોતાની બુદ્ધને વિવેકશીલ અને લગામરૂપી મનને વશમાં રાખવું જોઈએ.*

*ઈન્દ્રિયો કરતાં તેના વિષયો સૂક્ષ્મ છે, વિષયોથી મન સૂક્ષ્મ છે, મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિથી મહત્તત્ત્વ, મહત્તત્ત્વથી અવ્યક્ત અને અવ્યક્તથી પુરુષ શ્રેષ્ઠ છે. પુરુષ કરતાં શ્રેષ્ઠ કશું જ નથી. તે પરાકાષ્ઠા છે. આત્મા સર્વભૂતોમાં ગૂઢ રહીને પ્રકાશતો હોઈ તેને જોવા માટે અતિસૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિની જરૂર રહે છે. પ્રાજ્ઞ મનુષ્યે પોતાની ઈન્દ્રિયોનો મનમાં, મનનો બુદ્ધિમા, બુદ્ધિનો મહત્તત્ત્વમાં અને મહત્તત્ત્વનો શાન્ત પરમાત્મામાં લય કરવો જોઈએ. આત્મતત્ત્વને પામવાનો માર્ગ સરળ નથી. ઋષિઓએ તેન છરીની ધાર જેવો તીક્ષ્ણ અને દુગર્મ કહ્યો છે. તેથી મનુષ્યે ઊઠીને અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગી જવું જોઈએ અને ઉત્તમ ગુરુ પાસે જઈને તેનો ઉપદેશ મેળવવો જોઈએ. આત્મા અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અગન્ધ, અરસ હોવાથી ઈન્દ્રિયોનો વિષય નથી. તે નિત્ય, અનાદિ, અનન્ત, ધ્રુવ અને મહત્તત્ત્વ કરતાં પણ મહાન છે. તેને જાણી લીધા પછી મૃત્યુના મુખમાંથી મુક્તિ મળે છે. મૃત્યુના દેવ યમરાજે નચિકેતાને કહી સંભળાવેલ આ ઉપાખ્યાનને કહે અથવા સાંભળે તે બ્રહ્મલોકમાં મહિમા પામે છે. તેથી સર્વ રીતે સંયમિત થઈને જે મનુષ્ય આ પરમ ગુહ્ય તત્ત્વજ્ઞાનને બ્રહ્મસભામાં કે શ્રાદ્ધકાળે કહે છે તે અનન્તત્વને પામે છે.*

## 11.5 અધ્યાય 2, વલ્લી 1

*આ વલ્લીમાં કુલ 15 મન્ત્રોનું વિષયવસ્તુ નીચે પ્રમાણે છે.*

*મનુષ્યની ઈન્દ્રિયોને સ્વયમ્ભૂએ બહિર્મુખ બનાવી છે. તેથી તેઓ બધું બહારનું જોઈ શકે છે પણ અન્તરાત્માને જોઈ શકતી નથી. જે અન્તરાત્માને જોવા માગે તેણે ઈન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછી ખેંચી લેવી જોઈએ. જે બાહ્ય ભોગોમાં રચ્યા પચ્યા રહે છે તેવા મનુષ્યો મૃત્યુના પાશથી બંધાયેલા રહે છે. અનિત્ય એવા બાહ્ય વિષયોનું સેવન કરીને ક્યારેય નિત્ય એવા અન્તરાત્માને પામી શકાય નહિ. અન્તરાત્માથી જ મનુષ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ ઈન્દ્રિયવિષયોને અનુભવે છે. તે અન્તરાત્મા એ જ છે જેના વિષે નચિકેતાએ યમને પ્રશ્ન કર્યો હતો. મનુષ્ય જેનાથી સ્વપ્નમાં અને જાગૃતાવસ્થામાં પદાર્થોને જુએ છે તે આત્મા સર્વવ્યાપી છે. આ પરમાત્માને જે સર્વના જીવાત્મા અને ત્રણેય કાળના સ્વામી તરીકે જાણી લે છે તે કોઈની નિંદા કરતો નથી. સર્વની હૃદયરૂપી ગુફામાં રહેલા તેને જોઈને બ્રહ્મજ્ઞને સર્વત્ર આત્મદર્શન થાય છે. પ્રાણરૂપે પ્રગટ થનારી દેવતામયી અદિતિ પણ એ જ પરમાત્મા છે. ગર્ભિણી સ્ત્રીના ગર્ભની જેમ સુરક્ષિત અને અરણિઓની વચ્ચે રહેલો જાતવેદા અગ્નિ સ્તુતિને યોગ્ય છે અને તે પણ એ જ પરમતત્ત્વ છે. જ્યાંથી સૂર્ય ઉદય પામે છે અને જ્યાંથી અસ્ત પામે છે એ પ્રાણાત્મામાં સર્વ દેવતાઓ રહેલા છે. એ પ્રાણાત્મા પણ એ જ બ્રહ્મતત્ત્વ છે.*

*સર્વત્ર એક જ પરમતત્ત્વ વ્યાપીને રહ્યું છે. તેથી ક્યાંય ભેદ છે જ નહિ. જે અહીં ભેદનું દર્શન કરે છે તે એક મૃત્યુ પછી બીજા મૃત્યુની ઘટમાળને પામ્યા કરે છે. સર્વત્ર વ્યાપી*

*રહેલ એ પરમાત્માને મનથી પ્રાપ્ત કરવો જોઈએ અને સર્વત્ર અભેદનું દર્શન કરવું જોઈએ. શરીરના મધ્યભાગમાં હૃદયપ્રદેશમાં તે અંગુઠા જેવડો પુરુષ રહ્યોછે. તે જ વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળનો ઈશ્વર છે. એ જ તે પરમ બ્રહ્મ છે. એ અંગુષ્ઠમાત્ર પુરુષને નિર્ધૂમ જ્યોતિ કહે છે. આજે પણ તે જ છે અને આવતીકાલે પણ તે જ હશે. આ જ તે પરમ બ્રહ્મ છે. જેમ પર્વતના ઊંચા શિખર પર પડેલું પાણી અનેક સ્થળોમાં વહી જઈને ભિન્નતાને પામે છે તેમ જે મનુષ્ય અહીં પૃથકતાને જુએ છે તે અનેક યોનિઓમાં ભટક્યા કરે છે. જેમ નિર્મળ જળમાં વરસતું જળ તેમાં મળી જઈને નિર્મળ બની જાય છે તેમ જ્ઞાની મુનિનો આત્મા બ્રહ્મ સાથે એકરસ થઈ જાય છે.*

## 11.6 અધ્યાય 2, વલ્લી 2

*આ વલ્લીમાં કુલ 15 મન્ત્રોમાં કઠોપનિષદનું વિષયવસ્તુ નીચે પ્રમાણે છે.*

*અગિયાર દ્વારવાળા શરીરમાં તે રહેલો આત્મા નિત્ય વિજ્ઞાનસ્વરૂપ અને અજન્મા છે. આ જ તે પરબ્રહ્મ છે. તે આત્મા શુચિતામાં રહેનારો હંસ, અન્તરિક્ષમાં રહેનારો વાયુ, વેદીમાં રહેલો હોતા, ઘરમાં રહેનારો અતિથિ છે. તે મનુષ્યમાં રહેનારો, સત્યમાં રહેનારો, શ્રેષ્ઠતામાં રહેનારો, આકાશમાં રહેનારો અને મહાન સત્યસ્વરૂપ છે. પ્રાણને ઊર્ધ્વ અને નીચે ગતિ કરાવનાર તે જ છે. સર્વદેવતાઓ તેની જ ઉપાસના કરે છે. જીવાત્મા જ્યારે એક દહમાંથી બીજા દેહમાં જતો રહે છે ત્યારે જે શેષ રહે છે તે જ આ આત્મા છે. મનુષ્ય પ્રાણ કે અપાનથી જીવતો નથી પણ પ્રાણ અને અપાનને ચલાવનાર આત્માથી જીવે છે. મરણ પામ્યા પછી મનુષ્ય પોતાનાં શુભાશુભ કર્મો અનુસાર વિવિધ યોનિઓને પ્રાપ્ત કરે છે. પ્રલયકાળે બધું જ વિલીન થઈ ગયું હોય ત્યારે તે પરમ તત્ત્વ જાગતું રહે છે. તે જ પરબ્રહ્મ છે, તે જ અમૃત છે.*

*જેવી રીતે અગ્નિ એક જ હોય છે પણ તે જેવા પદાર્થમાં પ્રવેશે તેવું સ્વરૂપ ધારણ કરે છે તેમ સર્વભૂતોની અંદર રહેલો તે આત્મા એક જ હોવા છતાં વિવિધ સ્વરૂપોમાં દેખાય છે. એક જ વાયુ સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં ભિન્ન ભિન્ન સંયોગથી તે ભિન્ન દેખાય છે તેમ એક જ આત્મા વિવિધ સ્વરૂપો ધારણ કરે છે. સૂર્ય સૌનું ચક્ષુ છે છતાં તે મનુષ્યોના ચક્ષુજન્ય દોષોથી લેપાતો નથી તેમ સર્વભૂતોનો અન્તરાત્મા એવો તે પરમાત્મા પણ લોકોના બાહ્યદુ:ખોથી લેપાતો નથી. અનેક રૂપોમાં જે એક જ પરમાત્માનું દર્શન કરે છે તે શાશ્વત આનંદને પ્રાપ્ત કરે છે. તે પરમ તત્ત્વ પોતે પણ આનંદસ્વરૂપ છે. મન અને વાણીથી તેનું વર્ણન કરી શકાતું નથી. સર્વ પ્રકારના પ્રકાશિત પદાર્થોને પણ તે પ્રકાશિત કરે છે. સૂર્ય, ચન્દ્ર, તારાઓ કે અગ્નિ પણ એને પ્રકાશિત કરી શકતા નથી. તેના પ્રકાશથી આ સૂર્ય, ચન્દ્ર, તારા અને અગ્નિ પ્રકાશે છે.*

## 11.7 અધ્યાય 2, વલ્લી 3

*આ વલ્લીમાં કુલ 18 મન્ત્રોમાં કઠોપનિષદનું વિષયવસ્તુ નીચે પ્રમાણે છે.*

*તે પરબ્રહ્મ જ્યોતિસ્વરૂપ છે, તેને જ અમૃત કહે છે. તે સનાતન એવું અશ્વત્થનું વૃક્ષ છે, જેનું મૂળ ઊર્ધ્વદિશામાં અને શાખાઓ નીચેની બાજુએ રહેલી છે. સમગ્ર લોક આ*

*અશ્વત્થનો આશ્રય લઈને ટકી રહ્યું છે. સંપૂર્ણ ચરાચર જગતની તમામ ચેષ્ટાઓનો નિયામક તે પરમેશ્વર જ છે. તેના ભયથી સર્વ દેવતાઓ પોતાના કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. એમના ભયથી અગ્નિ અને સૂર્ય પ્રકાશે છે. ઈન્દ્ર અને વાયુ પણ એનાથી ડરીને કાર્ય કરે છે. મૃત્યુદેવ પણ એનાથી ડરે છે. મનુષ્યના શરીરના નાશ થયા પૂર્વે જ આ પરમતત્ત્વને જાણી લેવું જોઈએ. નહિતર અનેક યોનિઓમાં આવાગમન ચાલ્યા કરે છે. દર્પણમાં વસ્તુ જેવી હોય તેવી દેખાય છે તેમ શુદ્ધ અન્તઃકરણમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ અસ્પષ્ટ હોય છે તેમ પિતૃલોકમાં પરમેશ્વરનું દર્શન થાય છે. જળમાં જેવું પ્રતિબિંબ દેખાય તેવું ગંધર્વલોકમાં પરમાત્માનું દર્શન થાય છે અને બ્રહ્મલોકમાં તો છાયા અને તડકાની જેમ જીવાત્મા અને પરમાત્માનું સ્પષ્ટ દર્શન થાય છે.*

*ઈન્દ્રિયોમાં ઉત્પન્ન થતા વિવિધ ભાવો એ તેના ઉદય અને અસ્તરૂપ છે એમ સમજીને ધીર મનુષ્ય શોકમુક્ત બને છે. ઈન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિ કરતાં મહત્તત્ત્વ શ્રેષ્ઠ છે. મહત્તત્ત્વ કરતાં અવ્યક્ત શ્રેષ્ઠ છે. અવ્યક્ત કરતાં પુરુષ શ્રેષ્ઠ છે. તે સર્વવ્યાપક અને આકારરહિત છે. તેને જાણીને મનુષ્ય અમૃતને પામે છે. એ પરમતત્ત્વનું વાસ્તવિક રૂપ ચક્ષુનો વિષય નથી. મનનું નિયમન કરનારી નિર્મળ બુદ્ધિથી જ તેને જાણી શકાય છે. જ્યારે મનુષ્યની મન સાથેની પાંચેય ઈન્દ્રિયો સ્થિર થઈ જાય છે ત્યારે બુદ્ધિની ચેષ્ટા અટકી જાય છે. ઈન્દ્રિય, મન અને બુદ્ધિની સ્થિરતાને જ યોગ કહેવાય છે. વાણી, મન કે ચક્ષુ એને પ્રાપ્ત કરી શકતા નથી. તે છે એટલું જ તેના વિષે કહી શકાય છે. આત્માના અસ્તિત્વ અંગે નિશ્ચય કરીને તેને પ્રાપ્ત કરવો જોઈએ.*

*હૃદયમાં રહેલી કામનાઓ શાન્ત થાય ત્યારે મનુષ્ય બ્રહ્મને પામે છે અને અમૃત બની જાય છે. વેદાંતનો આ સનાતન ઉપદેશ છે કે હૃદયની સમસ્ત ગ્રન્થિઓ કપાઈ જાય ત્યારે જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. હૃદયની એકસોને એક નાડીઓ પૈકીની ઊર્ધ્વભાગમાં ગમન કરનારી સુષુમ્ણા વડે અમરત્વ મળે છે. તે પરબ્રહ્મ અંગુઠા જેવડા પુરુષ તરીકે મનુષ્યોના હૃદયમાં સદા રહેલો છે. તેને પોતાના શરીર કરતાં ભિન્ન જાણવો અને અનુભવવો એ જ અમૃત છે.મૃત્યુદેવે કહેલી આ બ્રહ્મવિદ્યા અને સંપૂર્ણ યોગવિધિને જાણીને નચિકેતા બ્રહ્મભાવને પ્રાપ્ત થયો અને મૃત્યુરહિત થઈ ગયો. જે કોઈ આ અધ્યાત્મવિદ્યાને જાણશે તે પણ નચિકેતા જેવો થઈ જશે.*

## 11.8 તમારી પ્રગતિ ચકાસો

1.*કઠોપનિષદના વિષયવસ્તુનું તમારા શબ્દોમાં નિરૂપણ કરો.*

(1)*અધ્યાય* 1, *વલ્લી* 1
(2)*અધ્યાય* 1, *વલ્લી* 2
(3)*અધ્યાય* 1, *વલ્લી* 3
(4)*અધ્યાય* 2, *વલ્લી* 1
(5)*અધ્યાય* 2, *વલ્લી* 2
(6)*અધ્યાય* 2, *વલ્લી* 3

**લેખક : ડૉ.મનસુખ મોલિયા,નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

# એકમ : 12 : કઠોપનિષદમાં વર્ણિત વિષયો

## રૂપરેખા


**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 કઠોપનિષદમાં વર્ણિત વિષયો**

**12.3 તમારી પ્રગતિ ચકાસો**


## 12.0 ઉદ્દેશો

- *ઉપનિષદ સાહિત્યનો સામાન્ય પરિચય મેળવી શકશો.*
- *કઠોપનિષદમાં નિરૂપિત વિવિધ વિષયોનો પરિચય મેળવી શકશો.*
- *દરેક વલ્લીમાં નિરૂપિત વિષયોને સમજી શકશો.*

## 12.1 પ્રસ્તાવના

*તમે આ વિભાગના આગળના એકમ 11માં કઠોપનિષદના બન્ને અધ્યાયની ત્રણ ત્રણ વલ્લીઓ એમ કુલ છ વલ્લીઓના વિષયવસ્તુનો પૂર્ણ પરિચય મેળવ્યો છે. હવે આ બારમા એકમમાં કઠોપનિષદમાં વર્ણિત વિષયોનો પરિચય આપવામાં આવ્યો છે. આ એકમની સામગ્રી સમીક્ષાત્મક પ્રકારની છે. કઠોપનિષદમાં વર્ણિત વિષયોને જુદા તારવીને તેના પર એક કરતાં વધારે સ્થળે પ્રાપ્ત વિચારોને એકી સાથે પ્રસ્તુત કરવાનો આ પ્રયાસ છે. આ વિભાગમાં (1)યજ્ઞદક્ષિણા, (2)પુત્રનું કર્તવ્ય, (3)સ્વર્ગલોક, (4)સ્વર્ગ્ય અગ્નિવિદ્યા અથવા નાચિકેત અગ્નિવિદ્યા,(5)અતિથિસત્કાર, (6)નચિકેતાનાં ત્રણ વરદાનો, (7)યમરાજે આપેલાં પ્રલોભનો, (8)આત્મવિદ્યાનો અધિકારી - નચિકેતા, (9)શ્રેય-પ્રેય વિવેક, (10)આત્મજ્ઞાનની દુર્લભતા, (11)કર્મફળની અનિત્યતા, (12)આત્મજ્ઞાનનું ફળ,(13)ૐ એ જ બ્રહ્મ, (14)આત્મસ્વરૂપ નિરૂપણ, (15)પરમાત્માની કૃપા, (16)જીવાત્મા અને પરમાત્મા, (17)રથ અને રથીનું રૂપક, (18)ઈન્દ્રિયોથી પુરુષ - તારતમ્ય, (19)આત્મજ્ઞાનથી અમૃતત્વપ્રાપ્તિ, (20)આત્મજ્ઞાનથી શોકમુક્તિ,(21)ભેદદષ્ટિની નિંદા, (22)મરણોત્તર ગતિ, (23)સર્વપ્રકાશક આત્મા, (24)સર્વશાસક આત્મા, (25)સ્થાનભેદથી આત્મદર્શનમાં તારતમ્ય, (26)આત્મોપલબ્ધિનું સાધન એમ કુલ 26 મુદ્દાઓમાં એની ચર્ચા કરી છે. જ્યાં જરૂર જણાય ત્યાં મૂળ સંસ્કૃત ઉદ્ધરણ પણ ટાંક્યું છે. એકમના અંતે સ્વાધ્યાયના પ્રશ્નો આપવામાં આવ્યા છે. આ પ્રશ્નોના ઉત્તરો લખીને તમે આ એકમને ખૂબ સારી રીતે આત્મસાત્ કરી શકશો.*

## 12.2 કઠોપનિષદમાં વર્ણિત વિષયો

### (1) યજ્ઞદક્ષિણા

*યજ્ઞ કરનાર યજ્ઞની સમાપ્તિમાં દક્ષિણા આપતો હોય છે. દક્ષિણાની સામગ્રી ઉત્તમ હોવી જોઈએ. અહીં કઠોપનિષદના આરંભે વાજશ્રવસના સર્વમેધસ યજ્ઞની વાત છે. તેઓ જે પ્રકારની ગાયોનું દાન કરે છે એમનું વર્ણન એક મન્ત્રમાં મળે છે. દક્ષિણામાં જે ગાયોનું દાન થતું હતું તે દાનયોગ્ય રહી ન હતી. ઘરડી અને અશક્ત થયેલી ગાયો દૂધ આપવા માટે સમર્થ ન હતી. આ પ્રકારની ગાયોનું દાન આપવાનું કારણ પિતાનો મોહ છે એવું નચિકેતા સમજી ગયો અને તેના મનમાં શ્રદ્ધાનો ઉદ્ભવ થયો. પિતાજીને પોતાના આ અયોગ્ય કર્મ પ્રત્યે જાગૃત કરવા તેણે સંકલ્પ કર્યો અને ''મને કોને આપશો ?'' એવો પ્રશ્ન તેમને પૂછવા લાગ્યો.*

*નચિકેતાએ પિતાને અયોગ્ય દક્ષિણા આપતા રોકવા સંકલ્પ કર્યો તેનું કારણ પણ ઉપનિષદમાં મળે છે. અયોગ્ય દક્ષિણા આપનાર 'અનન્દ લોક'ને પામે છે. અનન્દ એટલે આનંદરહિત. ટૂંકમાં કહીએ તો નરક જેવા લોક કે જ્યાં કોઈ પ્રકારનું સુખ પ્રાપ્ત થતું નથી. આવા લોકને પામીને અત્યન્ત હીન પ્રકારની પાપયોનિઓમાં મનુષ્ય જન્મ લે છે અને અધમ ગતિને પામે છે.*

### (2) પુત્રનું કર્તવ્ય

*નચિકેતાના પાત્રમાં પુત્રધર્મનું દર્શન થાય છે. પિતા જ્યારે નબળી ગાયો દક્ષિણામાં આપતા હતા ત્યારે પિતાને આનંદરહિત એવા લોકની પ્રાપ્તિથી અટકાવવા માટે તે વારંવાર તેમને પ્રશ્ન પૂછે છે. જો કે આમ કરવા જતાં તે પિતાના ક્રોધનો ભોગ બન્યો. પિતાએ તેની સોંપણી મૃત્યુને કરી. પિતા દ્વારા આવું કઠોર કાર્ય કરવામાં આવ્યું ત્યારે પણ તેના મનમાં પિતા પ્રત્યે દુર્ભાવ જન્મ્યો નહિ. ઊલટાનું તે એમાં પણ શુભ વિચારવા લાગ્યો. તેને થયું કે પિતાજીના ઘણા શિષ્યોમાં હું કાં તો પ્રથમ રહું છું અથવા બીજો રહું છું. આથી પિતાએ મને યમને સોંપીને મારા દ્વારા કોઈ મોટું કાર્ય સિદ્ધ કરાવવા માગતા હશે. આમ, પિતાની આજ્ઞાને તે સહર્ષ સ્વીકારે છે. પિતા જ્યારે પોતાના કૃત્ય પર પશ્ચાત્તાપ અનુભવે છે ત્યારે પણ તે કહે છે કે પિતાએ તેને યમગૃહે જવાની અનુમતિ આપવી જોઈએ અને એમનું વચન મિથ્યા ન થાય એવું કરવું જોઈએ. પિતાની આજ્ઞાને અનુસરીને તેણે યમલોકમાં ગમન કર્યું.*

*યમરાજે નચિકેતાને ત્રણ વરદાન માગવા કહ્યું એમાં એણે માગેલા પ્રથમ વરદાનમાં એનું આદર્શ પુત્ર તરીકેનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. તે ઇચ્છે છે કે તેના પિતાનો ક્રોધ શાન્ત થાય. પુત્રની મૃત્યુને સોંપણી કરવા જેવા નિંદનીય કર્મ અંગે તેમના મનના સંકલ્પ-વિકલ્પ શાન્ત થાય અને તેઓનું મન પ્રસન્ન થાય. આવું ત્યારે જ થાય જ્યારે તેમના મનમાંથી એ દુઃખદ પ્રસંગનું વિસ્મરણ થાય અને તેઓ પહેલાંની માફક જ તેની સાથે પિતા તરીકેનો વ્યવહાર કરે અને સુખપૂર્વક પોતાની રાત્રિઓ સૂઈ શકે એવું વરદાન માગ્યું. પિતાના મનમાં એ કટુ પ્રસંગના અપરાધભાવની એક રેખા પણ ન*

*રહે એવી એની ઉદાત્ત ભાવના છે. તેની આ ભાવનાને બિલકુલ સમજી ગયા હોય એમ યમરાજે એને વરદાન આપ્યું કે તારા પિતા ઉદ્દાલક આરુણિ પહેલાંની જેમ જ તને વહાલ કરશે અને તેમના ક્રોધ અને દુઃખ શાન્ત થઈ જશે. તેઓ આજીવન સુખથી ઊંઘી શકશે. આમ, પહેલા વરદાનમાં નચિકેતાનું આદર્શ પુત્ર તરીકેનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે.*

**(3) સ્વર્ગલોક**

*નચિકેતાએ બીજા વરદાનમાં સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવનાર અગ્નિવિદ્યાનું વરદાન માગ્યું હતું. અહીં સ્વર્ગના અલૌકિક સુખોનો નિર્દેશ જોવા મળે છે. સ્વર્ગલોકમાં નિર્ભયતા છે. વૃદ્ધાવસ્થા, રોગ, અપમૃત્યુ જેવાં સાંસારિક દુઃખોનો ત્યાં અભાવ છે. વળી, ત્યાં ખાવાપીવાની કોઈ ચિન્તા નથી હોતી અને સ્વર્ગમાં વસનાર સદાય આનન્દમાં રહે છે. કઠોપનિષદમાં પ્રાપ્ત સ્વર્ગલોકનું આ વર્ણન મનુષ્યના મનમાં જે અનન્ત અને અક્ષય લોકની કામના રહેલી છે તેનું પ્રતિબિંબ પાડે છે. મનુષ્ય જ્યાં વસે છે તે મર્ત્યલોકમાં અનેક પ્રકારનાં દુઃખો છે. એમાંથી કોઈ રીતે છુટકારો મળે તો પણ નવાં નવાં દુઃખોની વણઝાર આવી પડે છે અને દુઃખોનો ક્યારેય સમૂળગો અન્ત આવતો નથી. મનુષ્ય મૂળે તો સચ્ચિદાનન્દ પરબ્રહ્મનો અંશ છે. તેથી તેણે કાયમ અનન્ત સુખોની કામના કરી છે. એની આ કામનાની મૂર્ત અભિવ્યક્તિ એટલે જ સ્વર્ગલોક.*

*શ્રીપાદ દામોદર સાતવલેકરે કઠોપનિષદમાં પ્રાપ્ત સ્વર્ગલોક અંગેના વર્ણન પર પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું છે કે મનુષ્યે પૃથ્વી પર સ્વર્ગલોકને લાવવાનો અહીં સંકેત છે. મનુષ્યને સંપૂર્ણ નિર્ભયતા મળે, રોગોમાંથી મુક્તિ મળે, અકાળે થતા મૃત્યુને દૂર કરી શકાય, ખાવા-પીવા અંગે સૌને વ્યવસ્થા મળી રહે અને પ્રસન્ન જીવન મળે એવી શાસનવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવું જોઈએ. (જુઓ, સાતવલેકર સંપાદિત કઠોપનિષદ, પૃ.12અને 29)*

**(4) સ્વર્ગ્ય અગ્નિવિદ્યા અથવા નાચિકેત અગ્નિવિદ્યા**

*નચિકેતાએ બીજા વરદાનમાં માગણી કરી કે તેને સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અગ્નિવિદ્યાનું જ્ઞાન આપવામાં આવે. યમરાજે તેને આ સ્વર્ગ્ય અગ્નિવિદ્યા આપતી વખતે તેમાં યજ્ઞકર્તાએ અગ્નિનું ચયન કરવા માટે કયા આકારની, કેવી અને કેટલી ઈંટો જોઈએ અને આ અગ્નિનું ચયન કઈ રીતે કરવું તેનો ઉપદેશ આપ્યો. નચિકેતાએ યમરાજ પાસેથી શીખેલી આ અગ્નિવિદ્યાને પૂર્ણ રીતે આત્મસાત કરી લીધી. યમરાજે તેની પરીક્ષા માટે પૂછ્યું ત્યારે તેણે સંપૂર્ણ વિદ્યાને યથાતથ કહી સંભળાવી. નચિકેતાની અનન્ય નિષ્ઠા જોઈને યમરાજ એટલા તો પ્રસન્ન થયા કે આ વિદ્યાનું નામ નચિકેતાના નામ પરથી 'નાચિકેત અગ્નિવિદ્યા' આપ્યું.*

*યમરાજે આ બીજા વરદાનમાં નચિકેતાને અનેક રૂપવાળી* (अनेकरूपाम्) *માળા* (सृङ्काम्)*આપી હતી એમ કઠોપનિષદમાં કહ્યું છે. શ્રીપાદ દામોદર સાતવલેકર નોંધે છે કે આ ફૂલોની કે રત્નોની માળા નથી પણ આ જ્ઞાનતત્ત્વમયી માળા છે. બુદ્ધિમાં રહેનાર જ્ઞાનાગ્નિની સાથે રહેનારી અને તત્ત્વજ્ઞાનની પરંપરાને અબાધિત રાખનારી આ*

*જ્ઞાનમાળા છે. યમરાજે કહ્યું કે જે જ્ઞાની પુરુષ આ નાચિકેત અગ્નિવિદ્યાનું નિષ્કામ ભાવથી ત્રણવાર અનુષ્ઠાન કરશે તે પોતાનું શરીર પડતાં પહેલાં જ મૃત્યુના પાશને તોડીને શોકમુક્ત થઈ સ્વર્ગલોકના આનંદનો અનુભવ કરશે.*

**(5) અતિથિસત્કાર**

*નચિકેતાની કથામાં અતિથિસત્કારનું મહત્ત્વ પ્રગટ થાય છે. નચિકેતા યમલોકમાં ગયો ત્યારે યમ બહાર હતા. એટલે આહાર કર્યા વિના જ ત્રણ દિવસ સુધી એમના ઘરે બેસી રહ્યો. યમ જ્યારે ઘરે આવ્યા ત્યારે તેમને આ જાણ થઈ. યમરાજે વિચાર્યું કે અતિથિના રૂપમાં આવેલો નચિકેતા એમના ઘરે ત્રણ દિવસ સુધી ભૂખ્યો રહ્યો છે. કઠોપનિષદમાં અતિથિને 'વૈશ્વાનર' કહ્યો છે. વૈશ્વાનર એ અગ્નિનું નામ છે. જેમ અગ્નિ દઝાડે છે એમ અતિથિ પણ દઝાડે છે. તેને શાન્ત કરવા માટે ગૃહસ્થ અર્ધ્ય, પાદ્ય, દાન, ભોજન વગેરે આપે છે. યમરાજ પણ નચિકેતા માટે પાદ્ય લઈને જાય છે. જે અલ્પબુદ્ધિ પોતાના ઘરે આવેલા અતિથિનું યોગ્ય સ્વાગત કરતો નથી એનાં આશા, પ્રતીક્ષા, સંગત, પ્રિય વાણી, ઈષ્ટાપૂર્ત, પુત્ર, પશુઓ વગેરેનો નાશ થાય છે. અર્થાત્ ગૃહસ્થના ઘરેથી અતિથિ ભૂખ્યો થઈને નિરાશ પાછો ફરે ત્યારે તે પોતાની સાથે ગૃહસ્થનાં બધાં સત્કર્મોને પણ લેતો જાય છે અર્થાત્ જે ઘરે અતિથિનું સન્માન જળવાતું નથી એનાં બધાં સત્કર્મો નાશ પામે છે. જે આથી કોઈ પણ અવસ્થામાં અતિથિનો અનાદર કરવો જોઈએ નહિ. પોતાનાથી થયેલ અતિથિના અનાદરના દોષને ટાળવા માટે યમરાજ નચિકેતાને નમન કરે છે અને પોતાનું કલ્યાણ ઈચ્છે છે. યમરાજ મૃત્યુના દેવ છે. બધાના પ્રાણ હરનાર હોઈ એ બહુ સમર્થ દેવ છે. આમ છતાં અતિથિના અનાદરના પાપથી તેઓ પણ ડરે છે. આથી નચિકેતને ત્રણ રાત્રિઓ સુધી ભૂખ્યા રહેવાનું થયું હોઈ એથી એને ત્રણ વરદાન માગવા કહે છે.*

*ભારતીય પરંપરામાં અતિથિને દેવ માનવામાં આવેલ છે. મનુસ્મૃતિકારે કહ્યું છે કે સાંજના સમયે સૂર્યાસ્ત સમયે કોઈ અતિથિ ઘરે આવે તો ગૃહસ્થીએ તેને પાછો મોકલવો ન જોઈએ. અતિથિ યોગ્ય સમયે આવે કે અયોગ્ય સમયે આવે તો પણ તે ભોજન વિના રહેવો જોઈએ નહિ.*

अप्रणोद्योऽतिथिः सायं सूर्योढो गृहमेधिना ।

काले प्रात्स्त्वकाले वा नास्यानश्नगृहे वसेत् ॥ *મનુસ્મૃતિ*, 3.105

**(6) નચિકેતાનાં ત્રણ વરદાનો**

*પોતાને ઘરે આવેલા અતિથિનો અનાદર થયો હોઈ તેનો દોષ ટાળવા યમરાજ નચિકેતાને ત્રણ વરાદાનો માગવા કહે છે. નચિકેતા પહેલા વરદાનમાં પોતાના પિતા શાન્ત મનવાળા થઈને પહેલાંની જેમ જ પોતાની સાથે વ્યવહાર કરે એવું વરદાન માગે છે. આ વરદાનમાં તેની પિતૃભક્તિનું દર્શન થાય છે. પિતાએ ક્રોધને વશ થઈને તેને મૃત્યુને સોંપ્યો હતો. એમના મનમાં પુત્ર પ્રત્યે આચરેલી આ કઠોરતાનો અપરાધ ક્યારેય ભૂલાય નહિ એવો હતો. નચિકેતા ઈચ્છે છે કે તેના પિતાનો ક્રોધ શાન્ત થાય, એમના માનસિક સંકલ્પો શાન્ત થાય અને તેઓ પ્રસન્ન મનથી નચિકેતાનો સ્વીકાર*

*કરે. બીજા શબ્દોમાં કહીએ તો નચિકેતા અહીં અનિચ્છીય પ્રસંગનું વિસ્મરણ થઈ જાય અને પિતાના મનમાં કોઈ પ્રકારનો અપરાધભાવ ન રહે એવું માગે છે.*

*બીજા વરદાનમાં તે સ્વર્ગની પ્રાપ્ત કરાવનાર અગ્નિવિદ્યા જાણવાની ઇચ્છા કરે છે. સ્વર્ગમાં અનેક પ્રકારનાં સુખો છે. ત્યાં કોઈ પ્રકારનો ભય નથી, ઘડપણ કે ભૂખ-તરસનું પણ ત્યાં અસ્તિત્વ નથી. આથી તે અલૌકિક આનંદના સ્થાન એવા સ્વર્ગની કામના કરે છે. યમરાજ તેને સ્વર્ગ્ય અગ્નિનું જ્ઞાન આપે છે. નચિકેતાએ એને એટલી સહજતાથી ગ્રહણ કર્યું કે યમરાજ પ્રસન્ન થયા અને હવે પછી એ સ્વર્ગ્ય અગ્નિ 'નાચિકેત અગ્નિ' તરીકે ઓળખાશે એવું વિશેષ વરદાન આપ્યું.*

*નચિકેતાનું ત્રીજું વરદાન ખૂબ મહત્ત્વનું છે. એ વરદાનરૂપે જ યમરાજે આ કઠોપનિષદનો બોધ આપ્યો છે. નચિકેતાએ જિજ્ઞાસા કરી કે મનુષ્યનું શરીર નાશ પામે ત્યારે એનો આત્મા પણ નાશ પામે છે કે તે ટકી રહે છે. યમરાજ કહે છે આ અંગે દેવો પણ સંદેહની સ્થિતિમાં હોઈ આ વિષય ખૂબ ગહન છે. આત્મા અંગે જાણવાને બદલે તેઓ નચિકેતાને વિવિધ પ્રકારના અને સુખોપભોગો આપવા સંમત થાય છે. નચિકેતા કોઈપણ ભૌતિક સુખસામગ્રી લઈને પોતાની માગણી છોડવા તૈયાર થતો નથી. તેની અનન્ય જ્ઞાનનિષ્ઠાથી યમરાજ અત્યન્ત પ્રસન્ન થાય છે અને આત્મવિદ્યા આપવા તૈયાર થાય છે. યમના મુખેથી પ્રબોધિત આ આત્મવિદ્યા એટલે જ કઠોપનિષદ.*

### (7) યમરાજે આપેલાં પ્રલોભનો

*નચિકેતાએ ત્રીજા વરદાનમાં યમરાજને એક પ્રશ્ન પૂછ્યો કે મનુષ્ય મરણ પામે ત્યારે એક સંદેહ પ્રવર્તે છે. કેટલાક એવું કહે છે મરણ પછી આ આત્મા રહે છે અને કેટલાક કહે છે કે આત્મા રહેતો નથી. તો આ અંગે સાચું શું છે તે જાણવા માગું છું. આત્મજ્ઞાન અંગેના આ પ્રશ્નથી યમરાજ મુંઝવણ અનુભવવા લાગ્યા. આ નચિકેતા આત્મજ્ઞાનને યોગ્ય છે કે નહિ તે જાણવા એમણે એની પરીક્ષા કરવાનું નક્કી કર્યું અને ત્રીજા વરદાનમાં આત્મજ્ઞાનના બદલે અન્ય કંઈ માગી લેવા કહ્યું. યમરાજે નચિકેતા સમક્ષ દુન્યવી સુખ આપનારાં અનેક પ્રલોભનો રજૂ કર્યાં. સૌ પ્રથમ એમણે સો વર્ષનું આયુષ્ય ધરાવતા પુત્ર અને પૌત્રો, ગાય વગેરે અનેક પશુઓ, હાથી, ઘોડાઓ અને સુવર્ણ માગવા કહ્યું. નચિકેતાને પોતાને પણ ઈચ્છે ત્યાં સુધી જીવવાનું વરદાન આપવા એમણે તૈયારી દર્શાવી. ધનસંપત્તિ અને અનંતકાળ સુધીનું જીવન એ મર્ત્ય મનુષ્યને ખૂબ દુર્લભ છે. સ્વર્ગમાં જે પ્રાપ્ત થાય તેવા સુખો પણ માગવા યમરાજે નચિકેતાને લલચાવ્યો. રથ અને વિવિધ પ્રકારનાં વાજિંત્રોથી યુક્ત સ્વર્ગની સુંદરીઓ પ્રત્યે આકર્ષિત કરવા પણ પ્રયત્ન કર્યો. પૃથ્વી પરના કોઈ મનુષ્યને ક્યારેય ભોગવવા ન મળે તેવી પાર્થિવ અને અપાર્થિવ અનેક સુખોપભોગની સામગ્રીઓ આપવા તેઓ તૈયાર થયા.*

### (8) આત્મવિદ્યાનો અધિકારી - નચિકેતા

*નચિકેતાએ આત્મવિદ્યાની જિજ્ઞાસા કરી ત્યારે યમરાજે કહ્યું કે આ વિષય ખૂબ ગહન છે. અહીં દેવતાઓ પણ સંદેહ રાખે છે અને અંતિમ નિર્ણય કરી શકતા નથી.*

*યમરાજના આ કથનને જ આધાર બનાવીને નચિકેતાએ પોતાની જિજ્ઞાસાને યોગ્ય ઠરાવતા કહ્યું કે આ આવો ગહન વિષય છે અને દેવો પણ આમાં સંદેહ રાખે છે. તેથી જ હું આ જ્ઞાન તમારી પાસેથી મેળવવા માગું છું. અન્ય કોઈ વક્તા તમારા જેવો નથી જે આ અંગે મને નિશ્ચિત જ્ઞાન આપી શકે. આથી બીજી કોઈ વસ્તુ આ વરદાનના બદલે માગી શકાય એવી નથી.*

*યમરાજે વિવિધ પ્રકારના દુન્યવી અને સ્વર્ગીય સુખોપભોગોનું પ્રલોભન આપીને તેની પરીક્ષા કરી પણ નચિકેતા અડગ રહ્યો. યમરાજના વિવિધ પ્રલોભનોનો તેણે એવો તો સજ્જડ પ્રતીકાર કર્યો કે યમરાજ પણ તેની અચલનિષ્ઠાથી મનોમન પ્રસન્ન થતા રહ્યા. નચિકેતાએ કહ્યું કે તમે જે ભોગો આપવા તૈયાર થયા છો તે તો ક્ષણભંગુર છે. વળી, આ ભોગો ભોગવનારની ઈન્દ્રિયોની શક્તિ જીર્ણ થઈ જાય છે. જીવન ખૂબ નાનું છે. એવા અલ્પાયુમાં મારે આવા સુખોની જરૂર નથી.* तवैव वाहास्तव नृत्यगीते । (1.126) *તમારાં વાહનો અને ગીતો ભલે તમારી પાસે જ રહ્યા એ ઉક્તિમાં એવી અચલ નિષ્ઠાનો પડઘો સંભળાય છે. બીજી મહત્ત્વની વાત એણે એ કરી કે મનુષ્ય ક્યારેય ધનથી તૃપ્ત થતો જ નથી.* न वित्तेन तर्पणीयो मनुष्यः । (1.127)*માનવમાત્રમાં ભોગ ભોગવવાની કામના કાયમ અતૃપ્ત જ રહે છે. મનુષ્ય ક્યારેય ધનસંપત્તિ કે સુખોથી ધરાતો નથી. તે જેમ જેમ ધનસંપત્તિને મેળવે છે તેમ તેમ તેની કામના ઘટવાને બદલે વધતી જ જાય છે. પુરાણસાહિત્યમાં યયાતિની કથા આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. યયાતિ અનેક વર્ષો સુધી દુન્યવી સુખોપભોગ ભોગવ્યા પછી સમજી જાય છે કે જેમ અગ્નિમાં ઘી નાખીએ તેમ તેની જ્વાળા શાન્ત થતી નથી પણ વધારે પ્રદીપ્ત થાય છે તેમ ભોગ ભોગવવાથી ક્યારેય તૃપ્તિ થતી નથી.* ''भोगा न भुक्ता वयमेव भुक्ताः ।''*એમ કહીને ભર્તૃહરિએ પણ આ વાતને કહી છે.*

*નચિકેતા તમામ પ્રકારનાં પ્રલોભનોને ફગાવી દે છે. એ ત્યાં સુધી કહે છે કે તમે જ્યારે મને મળ્યા છો ત્યારે ધન અને દીર્ઘાયુષ્ય એ તો સહજ રીતે મળી જશે. મને આવાં સુખોપભોગોની જરાય કામના નથી. હું મરણધર્મા છું એમ સમજનાર કોઈ ડાહ્યો માણસ ક્યારેય સ્ત્રીસૌંદર્ય, ક્રીડા, ધનસંપત્તિ જેવા સુખોમાં રહેવાની કામના ન કરે. મારે તો મેં જે માગ્યું છે એ જ ત્રીજું વરદાન જોઈએ એવો જ તે આગ્રહ રાખે છે. તેની આ અનન્યનિષ્ઠાથી યમરાજને પ્રતીતિ થાય છે કે તે આત્મજ્ઞાનનો સાચો અધિકારી છે. આવી મતિ તર્કથી ક્યારેય મળી શકતી નથી. તેઓ નચિકેતાને 'સત્યધૃતિ' કહે છે. પોતાને આવો અધિકારી શિષ્ય પ્રાપ્ત થયો તે માટે યમરાજ ખૂબ પ્રસન્ન થાય છે અને કહે છે કે તારા જેવો પ્રશ્ન પૂછનારો અમને મળ્યા કરે.* त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा । (1.2.9)

### (9) શ્રેય-પ્રેય વિવેક

*ત્રીજા વરદાન માટેની નચિકેતાની અટલ નિષ્ઠા જોઈને યમરાજ તેને આત્મવિદ્યા પ્રદાન કરવા તૈયાર થાય છે ત્યારે આરંભે તેઓ શ્રેય અને પ્રેયની વાત કરે છે. શ્રેય અને પ્રેય એ બન્ને એકબીજાથી સાવ જુદા છે. શ્રેય એટલે કલ્યાણકારક અને પ્રેય એટલે પ્રિય લાગે એવું. શ્રેયથી નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે અને પ્રેયથી સુખોપભોગની પ્રાપ્તિ*

*થાય છે. પ્રેય એ યોગક્ષેમનું નિમિત્ત છે. યોગ એટલે અપ્રાપ્યની પ્રાપ્તિ અને ક્ષેમ એટલે પ્રાપ્તનું રક્ષણ. પ્રેય ટુંકાગાળા માટે આનંદ આપનાર છે પણ તેનાથી પરમ કલ્યાણની પ્રાપ્તિ થતી નથી. પરમ કલ્યાણ તો શ્રેયથી જ મળે છે.*

*મનુષ્યની સામે આ બન્ને પ્રગટ થાય છે. સાંસારિક સુખોની કામના ધરાવતો મનુષ્ય પ્રેયને પસંદ કરે છે અને કોઈ ધીર મનુષ્ય આત્મકલ્યાણની કામનાથી શ્રેયને પસંદ કરે છે. શ્રેય અને પ્રેયનું પૃથક્કરણ કરવાનું કામ ખૂબ અઘરું છે. તેના માટે હંસ જેવી નીરક્ષીર વિવેકબુદ્ધિ જોઈએ. ધીર મનુષ્ય જ શ્રેય અને પ્રેય પદાર્થોની મનથી સારી રીતે આલોચના કરીને તેમના ગૌરવ અને લાઘવનો વિવેક કરીને તેમને જુદા પાડી શકે છે અને શ્રેયનું વરણ કરે છે. આનાથી ઊલટું મંદબુદ્ધિ મનુષ્ય વિવેકબુદ્ધિના અભાવે યોગક્ષેમના કારણરૂપ એવા પ્રેયની એટલે કે શરીરાદિની વૃદ્ધિ અને રક્ષાનું જ નિમિત્ત છે એવા પશુ, પુત્રપૌત્ર, ધનસંપત્તિ વગેરે પ્રેયને જ સ્વીકારી લે છે. યમરાજે પ્રેયને સંપત્તિરૂપી સાંકળ* (वित्तमयी सृङ्का) *કહે છે. પ્રેયને અવિદ્યા અને શ્રેયને વિદ્યા પણ કહે છે. જે વિદ્યાની અભીપ્સા કરતો હોય તે ક્યારેય અવિદ્યારૂપી સાંકળથી બંધાતો નથી. અવિદ્યામાં ફસાયેલા મનુષ્યોની દશાને અંધ વ્યક્તિ દ્વારા દોરાતા અન્ય અંધો જેવી કહેવામાં આવી છે.* अन्धेनैव नीयमाना यथान्धाः । (1.2.5)*ધનના મોહથી મૂઢ બનેલા આવા લોકો એવું માને છે કે આ લોક જ છે, પરલોક જેવું કશું નથી. પરિણામે તેઓ ક્યારેય શ્રેયની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરતા નથી અને વારંવાર મૃત્યુને વશ થયા કરે છે.*

## (10) આત્મજ્ઞાનની દુર્લભતા

*નચિકેતાની સામે યમરાજે અનેક પ્રેયસામગ્રી રજૂ કરી પણ તેણે તે બધાનો દઢતાથી અસ્વીકાર કર્યો અને શ્રેયના માર્ગથી સહેજ પણ ચલિત થયો નહિ. યમરાજ તેની આ નિષ્ઠાથી પ્રસન્ન થયા અને આત્મજ્ઞાન આપવા તૈયાર થયા. આરંભે યમરાજે કહ્યું કે આત્મજ્ઞાન અંગેની જિજ્ઞાસા કરનાર બહુ ઓછા લોકો હોય છે. પરિણામે મોટા ભાગના લોકોને તો ક્યારેય આત્મતત્ત્વ અંગે સાંભળવાનું પણ મળતું નથી. કોઈ દુર્લભ મનુષ્ય જ આત્મા અંગે કંઈક સાંભળવા પામે છે. સાંભળ્યા પછી બધા આત્માને જાણી લે એવું પણ નથી. આત્મા વિશે ઉપદેશ મેળવ્યા પછી પણ બહુ જ ઓછા માણસો એને જાણી શકે છે. આત્મા અંગે કહેનાર વક્તા પણ આશ્ચર્યમય હોય છે. કદાચ કોઈ સમર્થ વક્તા હોય તો એની પાસેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લેનારો પણ દુર્લભ હોય છે. કોઈ સમર્થ ગુરુ દ્વારા આત્મતત્ત્વનો ઉપદેશ પામીને તેને જાણી લેનારો ખરેખર અત્યન્ત દુર્લભ છે.*

**श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।**

**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥1.2.7 ॥**

*સામાન્ય કક્ષાના ગુરુ દ્વારા આત્માનો ઉપદેશ આવ્યો હોય ત્યારે ખૂબ જ વિચાર કરીને તેને સમજવામાં આવે તો પણ સમજી શકાય એવો નથી. આત્મોપદેશ કરવા માટે કોઈ આત્મદર્શી ગુરુની જરૂર રહે છે. અધિકારી ગુરુ જ તેનો ઉપદેશ આપી શકે છે અને*

*અધિકારી શિષ્ય જ તેને ગ્રહણ કરી શકે છે. તર્ક કે તીવ્ર બુદ્ધિમાત્રથી તેની પ્રાપ્તિ થતી નથી. સત્યનિષ્ઠ ગુરુ અને શિષ્ય એકત્ર થયા હોય ત્યારે જ આત્મજ્ઞાન ફળીભૂત થાય છે. કઠોપનિષદમાં અધિકારી ગુરુ-શિષ્યનો આશ્ચર્યજનક સંયોગ રચાયો છે.*

**(11) કર્મફળની અનિત્યતા**

*કઠોપનિષદમાં કર્મના ફળને* (शेवधिः)*કહેલ છે. શેવધિ એટલે નિધિ, ભંડાર. કર્મના ફળનો નિધિ અનિત્ય છે. જે અનિત્ય હોય તેનાથી ક્યારેય નિત્યની પ્રાપ્ત થઈ શકે નહિ એ સ્વાભાવિક છે.* (न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवम् । 1.2.10) *નિત્યને પ્રાપ્ત કરવા માટેની સામગ્રી પણ નિત્ય હોવી જોઈએ. ધનભંડાર અને બધા પ્રકારનાં ભોગસાધનો અનિત્ય છે. તેઓ શાશ્વત ટકનારાં નથી. મનુષ્ય જ્યાં સુધી આવાં અનિત્ય ભોગસાધનોમાં ડૂબેલો રહે ત્યાં સુધી તે ક્યારેય શાશ્વત સુખને પામી શકે જ નહિ. આથી મનુષ્યે ભોગસાધનોની આસક્તિ છોડીને નિત્યની ઝંખના કરવી જોઈએ. યમરાજ પોતે કહે છે કે હું પોતે પણ આસક્તિ છોડીને યજ્ઞકર્મ કરતો હોઈ હું યમરાજના આ નિત્ય પદને પ્રાપ્ત થયો છું. અનિત્ય સાધનોના ત્યાગથી જ નિત્યની પ્રાપ્ત થાય છે. આથી મનુષ્યે પોતાના કર્મોને યજ્ઞાર્થે કરવાં જોઈએ.*

*નચિકેતાએ કર્મફળની આસક્તિ છોડી દીધી હતી. તેની સામે પ્રસ્તુત થયેલા અનેક સુખોપભોગોનો તેણે ત્યાગ કર્યો હતો. તેણે બીજા વરદાનમાં સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અગ્નિવિદ્યા પ્રાપ્ત કરી લીધી હતી છતાં તે સ્વર્ગનાં સુખોમાં લિપ્ત થયો નથી. તેણે વિવેકપૂર્વક સમજી લીધું હતું કે અણિમાદિ ઐશ્વર્યોથી યુક્ત સ્વર્ગનાં સુખો શાશ્વત નથી. ભગવદ્ગીતામાં પણ આવો જ વિચાર પ્રાપ્ત થાય છે.* (ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥ भगवद्गीता,9.21)

**(12) આત્મજ્ઞાનનું ફળ**

*કર્મનું ફળ ક્યારેય નિત્ય નથી હોતું. નિત્યફળ માટેનું સાધન પણ નિત્ય હોવું જોઈએ. આત્મજ્ઞાનનું ફળ જ નિત્ય છે, કેમ કે આત્મા નિત્ય છે. આત્મા સનાતન છે, પુરાણ છે. તેના જ્ઞાનથી જે ફળ પ્રાપ્ત થાય તે નિત્ય હોઈ આત્મજ્ઞાની હર્ષ અને શોકમાંથી મુક્ત થાય છે.*(अध्यात्माधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ।1.2.12) *મનુષ્યની બુદ્ધિરૂપી ગુફામાં રહેલો આત્મા ગૂઢ છે. તેને સહેલાઈથી જોઈ શકાય એવો નથી. તેને પામવા માટે ચિત્તને વિષયોમાંથી દૂર કરીને આત્મામાં જોડવું પડે. આને અધ્યાત્મયોગ કહે છે. જ્યારે આત્માનું યથાર્થ દર્શન થાય ત્યારે તમામ પ્રકારના શોક અને હર્ષથી મુક્તિ મળે છે. મનુષ્યનું શરીર નાશવંત છે અને તેમાં રહેલો આત્મા અવિનાશી છે. શરીર કરતાં આત્માને પૃથક્ કરીને તેનું સ્વરૂપ યથાર્થરીતે જાણી લેવામાં આવે ત્યારે મરણશીલ મનુષ્ય મર્ત્યલોકનાં તમામ દુઃખોને પાર કરીને શાશ્વત આનંદને પ્રાપ્ત કરે છે. યમરાજે નચિકેતાને કહે છે કે તારા માટે બ્રહ્મલોકનાં દ્વાર ખુલ્લી ગયા છે એમ હું માનું છું.*

## (13) ૐ એ જ બ્રહ્મ

*નચિકેતા યમરાજને કહે છે કે જે ધર્મ અને અધર્મથી પર છે, જે કાર્યકારણરૂપ જગતથી પર છે અને જે ત્રણેય કાળથી પર છે એવા આત્મતત્ત્વનો મને ઉપદેશ કરો. યમરાજ પ્રારંભ કરતાં જણાવે છે કે જે પરમ પદનું વર્ણન બધા વેદો કરે છે અને જેને મેળવવા માટે મુમુક્ષુઓ તપનું આચરણ કરે છે અને બ્રહ્મચર્યનું પાલન કરે છે તે પદને સંક્ષેપમાં કહેવું હોય તો તે ૐ છે. આ ૐકાર જ અક્ષર બ્રહ્મ છે અને તે જ પરબ્રહ્મ છે. તેને પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય જે જે ઇચ્છે તેને પ્રાપ્ત કરી શકે છે.*

*બ્રહ્મપ્રાપ્તિના અનેક ઉપાયોમાં આ ૐકાર એ શ્રેષ્ઠ આધાર છે. એનાથી પરમ કે ચડિયાતું કોઈ જ આધારસ્થાન નથી. જે આ આધારસ્થાનને મેળવી લે છે તે બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે. ૐકારને પ્રણવ પણ કહે છે. ૐકારના ત્રણ માત્રો કહેવાઈ છે. માણ્ડૂક્ય ઉપનિષદમાં ૐકારની ઉપાસના અંગે વિસ્તૃત વિવરણ પ્રાપ્ત થાય છે. અહીં કઠોપનિષદમાં ૐ ને જ પરબ્રહ્મ કહેવામાં આવ્યો છે.*

## (14) આત્મસ્વરૂપ નિરૂપણ

*આત્માનું દર્શન ખૂબ જ કઠિન છે. તે દુર્દર્શ છે. તે મનુષ્યની બુદ્ધિરૂપી ગુફામાં પ્રવેશીને રહ્યો છે. સંસારરૂપી ગાઢ વનમાં તે છુપાયો છે. શરીરમાં રહેલો હોવા છતાં તે શરીરના ધર્મોથી પર છે. તે ક્યારેય જન્મતો નથી કે મરણ પામતો નથી. તેનું કોઈ કારણ નથી. તે અજ, નિત્ય, શાશ્વત અને પુરાણ છે. મનુષ્યનું શરીર હણાય ત્યારે પણ આત્મા હણાતો નથી.* (न हन्यते हन्यमाने शरीरे । 1.2.18)*જો કોઈ મારનાર વ્યક્તિ એમ માને કે હું મારવા માટે સમર્થ છું અથવા કોઈ મરનાર પોતાને મરેલો માને તો તે બન્ને અજ્ઞાની છે કેમ કે આત્મા કોઈને મારતો નથી કે કોઈથી મરાતો પણ નથી.* (नायं हन्ति न हन्यते ।1.2.19)

*આત્મા આશ્ચર્યમય છે. તે તમામ સૂક્ષ્મ કરતાં વધારે સૂક્ષ્મ છે અને તમામ મહાન કરતાં વધારે મહાન છે. મનુષ્યની હૃદયરૂપી ગુફામાં તે બેસીને રહ્યો છે. તે બેસેલો હોય તો પણ દૂર સુધી જાય છે અને સૂતેલો હોય તો પણ સર્વત્ર ગતિ કરે છે. વિનાશશીલ શરીરમાં રહેલો તે અવિનાશી છે. તે વિભુ છે એટલે કે સર્વવ્યાપી છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બન્ને આ આત્માના ખોરાક છે અને સ્વયં મૃત્યુ એનું શાકાદિ છે.*

*આત્મા ઈન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. ઈન્દ્રિયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એમ વિષયોને ગ્રહણ કરી શકે છે. જ્યારે આત્મા તો અશબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગન્ધરહિત છે.* अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसं नित्यमगन्धवच्च यत् ॥ (1.3.15) *ઈન્દ્રિયોને પરમાત્માએ બહિર્મુખ બનાવી છે. એટલે તેઓ બાહ્ય વિષયોને ગ્રહણ કરી શકે છે પણ અન્તરાત્માને ગ્રહણ કરી શકતી નથી. જે ઈન્દ્રિયોને પોતાના વિષયોમાંથી ખેંચી લે તેવો કોઈ ધીર વ્યક્તિ જ અન્તરાત્માને જોઈ શકે છે.*

*જેના દ્વારા મનુષ્ય રૂપ, રસ, ગન્ધ, શબ્દ, સ્પર્શ અને મૈથુનથી ઉત્પન્ન થતા સુખને જાણે છે તે આત્મા છે. આ આત્મા એ જ તે પરમ તત્ત્વ છે. સ્વપ્ન અને જાગૃતાવસ્થામાં જે પ્રકારના પદાર્થોનો બોધ થાય છે તેને જોનાર પણ આ આત્મા જ છે. જેમ ગર્ભિણી*

*સ્ત્રી પોતાના ગર્ભને સારી રીતે પોષીને રક્ષે છે, જેમ બે અરણિઓની વચ્ચે જાતવેદા અગ્નિ રહ્યો છે તેમ મનુષ્યની હૃદયરૂપી ગુફામાં રહેલો આત્મા પ્રમાદશૂન્ય ચિત્તે સ્તુત્ય છે. આ આત્મા એ જ તે બ્રહ્મ તત્ત્વ છે. આ પરમ આત્મામાં જ સૂર્ય ઉદય અને અસ્ત પામે છે. સર્વ દેવતાઓ પણ એના શાસનમાં પ્રવર્તે છે.*

*શરીરના મધ્ય ભાગમાં હૃદયપુંડરીકમાં આ આત્મતત્ત્વ રહ્યું છે. અંગુઠા જેવડો દેહ ધારણ કરીને રહેલું તે તત્ત્વ ધૂમાડારહિત જ્યોતિસ્વરૂપ છે. ભૂત અને ભવિષ્યનો તે સ્વામી છે. તે આજે છે અને આવતીકાલે પણ તે જ હશે. એ જ પરબ્રહ્મ છે. આ આત્મા સ્વયંપ્રકાશિત હોઈ હંસ સમાન છે. તે વિશુદ્ધ સ્થાનમાં રહેનારો છે. તે વસુ, અન્તરિક્ષમાં રહેનારો, હોતા, વેદીમાં રહેનારો, અતિથિ, ઘરમાં રહેનારો, મનુષ્યમાં રહેનારો, ઉત્તમ સ્થાનમાં રહેનારો, આકાશમાં રહેનારો, જળમાં રહેનારો, પૃથ્વીમાં રહેનારો, સત્યમાં રહેનારો, પર્વતોમાં રહેનારો અને મહાન સત્યસ્વરૂપ છે. તે પ્રાણ અને અપાનને પ્રવૃત્ત કરનારો છે. સઘળા દેવો એની ઉપાસના કરે છે. મનુષ્યનું શરીર જ્યારે નાશ પામે ત્યારે તે નાશ પામતો નથી પણ અન્ય દેહને ધારણ કરે છે. આ આત્મા એ જ તે પરબ્રહ્મ છે.*

*બધા સૂઈ જાય ત્યારે પણ આ આત્મતત્ત્વ જાગતું રહે છે. તે શુદ્ધ બ્રહ્મ છે. તેને જ અમૃત કહે છે. સર્વ લોક એના આધારે ટકેલા છે. કોઈ એનું અતિક્રમણ કરી શક્તું નથી. સંસારનાં વિવિધ દુ:ખો આત્માને સ્પર્શી શકતાં નથી. સૂર્ય આખા જગતનું ચક્ષુ છે. પણ મનુષ્યના નેત્રસંબંધી દોષો સૂર્યને અસર કરી શકતા નથી. લોકોના નેત્રદોષથી સૂર્ય અલિપ્ત રહે છે. તેમ સર્વભૂતોના હૃદયમાં રહેલો આત્મા પણ મનુષ્યોના સુખ-દુ:ખ જેવા બાહ્ય દોષોથી અલિપ્ત રહે છે.* न लिप्यते लोकदु:खेन बाह्य: ॥ 2.2.11

*આત્મા સર્વ નિત્ય પદાર્થોમાં નિત્ય છે. સર્વ ચેતન પદાર્થોમાં ચેતન છે. તે એક હોવા છતાં અનેક જીવોના ભોગોનું કર્માનુસાર વિધાન કરે છે. આત્માના યથાર્થ નિરૂપણ માટે 'અશ્વત્થ-વૃક્ષ'નું રૂપક આપવામાં આવ્યું છે. આ અશ્વત્થનાં મૂળ ઉપરની દિશામાં અને શાખાઓ નીચેની દિશામાં રહેલી હોઈ તે વિલક્ષણ પ્રકારનું વૃક્ષ છે. તેને શુક્ર અને અમૃત કહે છે. સર્વ લોકો આ અશ્વત્થમાં રહ્યા છે અને કોઈ તેનું અતિક્રમણ કરી શક્તું નથી.*

### (15) પરમાત્માની કૃપા

*આત્માનું સ્વરૂપ વિલક્ષણ અને વિરોધાભાસી છે. તે બેસેલો હોવા છતાં દૂર સુધી ગતિ કરે છે અને સૂતેલો હોય તો પણ સર્વત્ર જાય છે. તે અણુ કરતાંય અણુ અને મહાન કરતાંય મહાન છે. આવા આત્માને જાણવા માટે તર્કબુદ્ધિ કામ આવતી નથી. પરમાત્માની કૃપા વિના આત્માનું જ્ઞાન સંભવિત નથી. કઠોપનિષદમાં પ્રયુક્ત* धातु: प्रसादात् *એ શબ્દોમાં ભક્તિતત્ત્વનું બીજારોપણ જોઈ શકાય છે. જે અક્રતુ હોય એટલે કે જેણે કામનાઓનો ત્યાગ કર્યો હોય તેવા કોઈ નિષ્કામ પુરુષને તેનું દર્શન થાય છે.*

આત્મજ્ઞાન માટે પરમાત્માની કૃપાનો એક બીજો નિર્દેશ પણ કઠોનિષદ કરે છે. આ આત્મા પ્રવચનથી મેળવી શકાતો નથી. બુદ્ધિથી કે અનેક શાસ્ત્રોના જ્ઞાનથી પણ તે લભ્ય નથી. પરમાત્મા જેનું વરણ કરે એવો કોઈ વિરલ સાધક જ તેને પામી શકે છે. એવા સાધક સમક્ષ આત્મા પોતાના સાચા સ્વરૂપને ખુલ્લું કરી દે છે. (यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥ 1.2.23) પરમાત્માની કૃપાપ્રાપ્તિ અંગે પણ કઠોપનિષદમાં વિચાર મળે છે. જે મનુષ્ય દુરાચરણ કરતો અટકતો નથી, જેની ઇન્દ્રિયો અને મન શાન્ત નથી તેવો માણસ ક્યારેય પરમાત્માનું દર્શન કરવા કૃપાપાત્ર બનતો નથી.

**(16) જીવાત્મા અને પરમાત્મા**

કઠોપનિષદના પ્રથમ અધ્યાયની ત્રીજી વલ્લીના આરંભે જીવાત્મા અને પરમાત્માના સહનિવાસનું નિરૂપણ કરવામાં આવ્યું છે.મુણ્ડકોપનિષદમાં જીવાત્મા અને પરમાત્માને પીપળાના એક જ વૃક્ષ પર રહેલા બે સુંદર પક્ષીઓ કહ્યા છે. તેમાંનું એક પક્ષી પીપળના મધુર ફળનો આસ્વાદ કરે છે અને બીજું પક્ષી તટસ્થ ભાવે જોઈ રહે છે. કઠોપનિષદમાં જીવાત્મા અને પરમાત્માને છાયા અને આતપ (તડકો) કહ્યા છે. શરીરમાં બુદ્ધિરૂપી ગુફામાં રહીને પોતાના કર્મફળને ભોગવનાર પરસ્પરથી વિલક્ષણ બન્ને જીવાત્મા અને પરમાત્મા છાયા અને તડકા જેવા છે. વાસ્તવમાં છાયાનું સ્વતન્ત્ર અસ્તિત્વ હોતું નથી. પ્રકાશ હોય તો જ પડછાયો પડી શકે છે. જ્યાં સુધી પ્રકાશ હોય ત્યાં સુધી જ છાયાનું અસ્તિત્વ હોય છે. પરમાત્માની છાયા તે જીવાત્મા છે. પરમાત્મા પ્રકાશ સ્વરૂપ છે. જેમ સૂર્ય વાદળથી ઢંકાઈ જાય ત્યારે પડછાયો રચાય છે તેમ અજ્ઞાનથી આવૃત્ત થઈને બ્રહ્મ જીવાત્મા તરીકે રહે છે. વાદળ જ્યારે હટી જાય ત્યારે છાયાનું અસ્તિત્વ રહેતું નથી તેમ જ્ઞાનપ્રાપ્ત થતાં જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ ગળી જાય છે.

જીવાત્મા કર્મફળનો ભોગ કરે છે પણ પરમાત્મા તેનાથી અલિપ્ત રહે છે. પરમાત્મા કર્મફળ ભોગવતો નહિ હોવા છતાં કર્મફળ ભોગવનારા જીવાત્મા સાથે સંબંધ હોવાને લીધે છત્રીન્યાયથી અહીં ऋतं पिबन्तौ શબ્દપ્રયોગ થયો છે એમ શંકરાચાર્ય નોંધે છે. ઘણા માણસો જઈ રહ્યા હોય ત્યારે તેમાં કોઈ એક માણસ પાસે છત્રી હોય ત્યારે દૂરથી જોનારો કોઈ પુરુષ તેમને બતાવવા માટે ''જુઓ, પેલા છત્રીવાળાઓ જઈ રહ્યા છે'' એવો વાક્યપ્રયોગ કરે છે. આ પ્રમાણે એક છત્રીવાળા સાથે સંબંધ હોવાના કારણે આખો સમૂહ છત્રીવાળો કહેવાય છે.એવી જ રીતે ભોક્તા એવા જીવાત્મા સાથેના સંબંધથી પરમાત્માને પણ ભોક્તા કહેવામાં આવ્યા છે.

**(17) રથ અને રથીનું રૂપક**

શરીરમાં રહેલો જીવ કર્મફળનો ભોક્તા છે. તે પોતાના મૂળ સ્વરૂપને કઈ રીતે પ્રાપ્ત કરી શકે તે દર્શાવવા માટે રથ અને રથીનું રૂપક આપવામાં આવ્યું છે. શરીર એ રથ છે અને જીવાત્મા એ શરીરરૂપી રથનો સ્વામી છે. બુદ્ધિ એ સારથિ છે અને મન એ લગામ છે. ઇન્દ્રિયો એ રથને ખેંચી જનારા ઘોડાઓ છે અને વિષયો એ રથનો માર્ગ છે. ઇન્દ્રિય અને મનથી યુક્ત આત્માને જ્ઞાનીજનો ભોક્તા કહે છે.

आत्मानँ रथितं विद्धि शरीरँ रथमेव तु ।

बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥

इन्द्रियाणि हयानाहुर्विषयाँस्तेषु गोचरान् ।

आत्मेन्द्रियमनोयुक्तंभोक्तेत्याहुर्मनीषिणः ॥કઠોપનિષદ, 1.3.3.4

*જેમ કોઈ રથનો સ્વામી પોતાના રથ પર બેસીને ઈચ્છિત સ્થાને ગતિ કરે છે તેમ જીવાત્મા પણ શરીરરૂપી રથની મદદથી પોતાના લક્ષ્યને પામી શકે છે. જીવાત્માનું લક્ષ્ય છે પરમાત્માની પ્રાપ્તિ. શરીરરૂપી રથને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ ખેંચી રહ્યા છે. બુદ્ધિ આ રથનો સારથિ છે. બુદ્ધિએ નિશ્ચય કરવાનો રહે છે કે રથને કઈ તરફ લઈ જવો. ઈન્દ્રિયો ઘોડા જેવી છે. જેમ તોફાની અને ચંચળ ઘોડાઓ પોતાની ઈચ્છા પ્રમાણે રથને ગમે ત્યાં ખેંચી જાય તેમ અસંયમિત ઈન્દ્રિયો પણ શરીરરૂપી રથને ગમે ત્યાં ખેંચી જતી હોય છે. તેના પર લગામ રાખવાનું કામ મનનું છે. મનના વશમાં રહીને મનુષ્યની ચક્ષુ, શ્રોત વગેરે ઈન્દ્રિયો પ્રવૃત્ત થાય છે. જે બુદ્ધિરૂપી સારથિ અવિવેકી હોય અને મનરૂપી લગામ વશમાં ન રહેતી હોય તો તોફાની ઘોડાઓ જેવી ઈન્દ્રિયો વશમાં રહેતી નથી. પરંતુ જો બુદ્ધિરૂપી સારથિ કુશળ અને વિવેકયુક્ત હોય અને મન વશમાં રહેતું હોય તો ઈન્દ્રિયો સાવધાન સારથિના નિયત્રિંત ઘોડાઓની જેમ વશમાં રહે છે. આથી જે મનુષ્ય વિવેકહીન બુદ્ધિવાળો અને અવશ મનવાળો હોય તે ક્યારેય પરમ પદને પ્રાપ્ત કરી શકતો નથી. જે મનુષ્ય વિવેકશીલ બુદ્ધિવાળો હોય અને સંયમિત મનવાળો હોય તે પરમ પદને પ્રાપ્ત કરી લે છે.*

**(18) ઈન્દ્રિયોથી પુરુષ - તારતમ્ય**

*રથ અને રથીના રૂપમાં ઈન્દ્રિયો, તેના વિષયો, મન, બુદ્ધિ વગેરેના રૂપક તરીકે પ્રયોજીને મનુષ્યને પોતાના પરમ સ્વરૂપને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે. હવે આ બધાનું તારતમ્ય દર્શાવે છે. તારતમ્ય એટલે એકબીજા કરતાં ચડિયાતા હોવાની સ્થિતિ કે એકબીજાથી શ્રેષ્ઠ કે સૂક્ષ્મ હોવાની સ્થિતિ. કઠોપનિષદ* 1.3.10-11*માં આ તારતમ્યનું નીચે પ્રમાણે નિરૂપણ થયું છે.*

*ઈન્દ્રિયો કરતાં તેના વિષયો વધારે બળવાન કે ચડિયાતા છે. ઈન્દ્રિયો સ્થૂળ છે. તેઓ શબ્દસ્પર્શાદિ જે વિષયોને ગ્રહણ કરે છે તે વિષયો ઈન્દ્રિયો કરતાં વધારે સૂક્ષ્મ કે મહાન છે. વિષયો કરતાં વધારે સૂક્ષ્મ એ મન છે. સંકલ્પ-વિકલ્પ કરવો એ મનનો સ્વભાવ છે. મનથી પણ પર કોઈ હોય તો તે છે બુદ્ધિ. બુદ્ધિનું કામ નિશ્ચય કરવાનું છે. બુદ્ધિ કરતાં પણ સૂક્ષ્મ કે મહાન સર્વ પ્રાણીઓમાં રહેલો આત્મા છે. અવ્યક્તથી સર્વ પ્રથમ ઉત્પન્ન હિરણ્યગર્ભ તત્ત્વ એ આ મહાન આત્મા છે. તે બુદ્ધિથી પણ પર છે. તેને મહત્તત્ત્વ પણ કહે છે. મહત્તત્ત્વ કરતાં સૂક્ષ્મ તત્ત્વ અવ્યક્ત છે. અવ્યક્ત એટલે ભગવાનની માયા અથવા મૂળ પ્રકૃતિ. અવ્યક્ત કરતાં સૂક્ષ્મ પુરુષ છે. પુરુષથી ચડિયાતું બીજું કાંઈ જ નથી. સૂક્ષ્મત્વવી તે પરાકાષ્ઠા છે. આમ, ઈન્દ્રિયથી લઈને પુરુષ સુધીનું તારતમ્ય પ્રાપ્ત થાય છે. એટલે પુરુષ એ જ પરમ ગતિ છે. તેને પામ્યા પછી બીજું કંઈ પામવાનું શેષ રહી જતું નથી.*

*કઠોપનિષદના બીજા અધ્યાયની ત્રીજી વલ્લીમાં ફરીથી આ તારતમ્યનું નિરૂપણ આ પ્રમાણે થયું છે.*

**इन्द्रियेभ्यः परं मनो मनसः सत्त्वमुत्तमम् ।**

**सत्त्वादपि महानात्मा महतोऽव्यक्तमुत्तमम् ॥ ७ ॥**

**अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च ।**

**यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥ ८ ॥**

*અહીં પણ પહેલા અધ્યાયની જેમ જ ઈન્દ્રિયોથી પુરુષ સુધીનું તારતમ્ય વર્ણવાયું છે. ઈન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિથી મહત્ આત્મા શ્રેષ્ઠ છે. મહતત્ત્વથી અવ્યક્ત શ્રેષ્ઠ છે અને તેનાથી શ્રેષ્ઠ અવ્યક્ત પ્રકૃતિ છે. અવ્યક્ત કરતાં તેનો સ્વામી એવો પુરુષ શ્રેષ્ઠ છે. પુરુષ વ્યાપક અને આકારરહિત છે. પુરુષને જાણી લીધા પછી મનુષ્ય મુક્ત થઈ જાય છે અને અમૃતની પ્રાપ્તિ કરે છે.*

**(19) આત્મજ્ઞાનથી અમૃતત્વપ્રાપ્તિ**

*પરમ પુરુષ સૌથી શ્રેષ્ઠ અને સૂક્ષ્મ છે. તે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રસરહિત અને ગન્ધરહિત છે. આમ ઈન્દ્રિયાતીત હોઈ તે ઈન્દ્રિયગ્રાહ્ય નથી. નિત્ય, અનાદિ, અનન્ત અને પરમ સત્યસ્વરૂપ તેને જાણીને મનુષ્ય મૃત્યુના મુખમાંથી છૂટી જાય છે. મૂર્ખ મનુષ્યો બાહ્ય વિષયોપભોગમાં રચ્યાપચ્યા રહીને તેમની પાછળ દોડ્યા કરે છે. તેઓ મૃત્યુના પાશથી બંધાઈને જન્મ-મરણને પામ્યા કરે છે પરંતુ વિવેકી પુરુષો સંસારના ભોગોમાં લિપ્ત થતા નથી અને કામનાઓથી મુક્ત થઈને અમરત્વને પ્રાપ્ત કરે છે.*

*કઠોપનિષદમાં આત્મજ્ઞાનથી અમરત્વની પ્રાપ્તિ અંગે વારંવાર કહેવાયું છે. જેમ કે,*

**स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥ 1.3.8॥**

**सोध्वनः पारं याति तद्विष्णोः परमं पदम् ॥ 1.3.9॥**

**अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥ 1.3.15॥**

**अथ धीरा अमृतत्वं विदित्वा ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥ 2.1.2॥**

**अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते । एतद्वै तत् ॥ 2.2.1॥**

**य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ 2.3.2॥**

**यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥ 2.3.8॥**

**एतद्विदुरमृतास्ते भवन्ति ॥ 2.3.9॥**

**अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥ 2.3.14॥**

**अथ मर्त्योऽमृतो भवत्येतावद्ध्यनुशासनम् ॥ 2.3.15॥**

## (20) આત્મજ્ઞાનથી શોકમુક્તિ

*આત્માની ઓળખ થાય ત્યારે મનુષ્યના તમામ પ્રકારના શોક નાશ પામે છે. સુખ-દુઃખ, હર્ષ-શોક વગેરે શરીર અને મનના ધર્મો છે. સર્વવ્યાપી આત્મા તેનાથી પર છે. મનુષ્ય જ્યારે શરીર અને આત્મા વચ્ચેનો ભેદ કરવા સમર્થ બને છે ત્યારે તેને કોઈ પ્રકારનો શોક રહેતો નથી. કર્મફળને આપનાર અને ત્રણેય કાળનો સ્વામી એવો પરમાત્મા પોતાની સાવ નજીક રહ્યો છે એવી આત્માનુભૂતિ કર્યા પછી કોઈ પ્રકારના શોકને સ્થાન રહેતું નથી. તપશ્ચરણથી સાધકને અનુભવ થાય છે કે તે પરમ તત્ત્વ પ્રત્યેક મનુષ્યની હૃદયરૂપી ગુફામાં રહ્યું છે.*

*આત્મજ્ઞાની યથાર્થ રીતે સમજે છે કે એક જ આત્મા સર્વભૂતોના અન્તરાત્મા તરીકે રહ્યો છે. તે એક જ હોવા છતાં વિવિધ રૂપે ભાસે છે. આવું જ્ઞાન થાય ત્યારે તે પોતાની અંદર રહેલા આત્માનું નિરંતર દર્શન કરે છે અને તેને શાશ્વત આનંદની પ્રાપ્તિ થતા સંપૂર્ણરીતે શોકનું નિર્મૂલન થઈ જાય છે. તેમને જે શાન્તિનો અનુભવ થાય છે તે શાશ્વત હોય છે.*

## (21) ભેદદષ્ટિની નિંદા

*જે તત્ત્વ આ દેહ અને ઈન્દ્રિયોના સંઘાતમાં ભાસે છે તે જ અન્યત્ર પણ છે અને જે અન્યત્ર રહ્યું છે તે તત્ત્વ જ આ દેહ અને ઈન્દ્રિયોના સંઘાતમાં રહ્યું છે. મનુષ્યે એમાં ભેદબુદ્ધિ રાખવી જોઈએ નહિ. જે માણસ ભેદબુદ્ધિ રાખીને સર્વત્ર ભિન્નતાના દર્શન કરે છે તે ક્યારેય મુક્તિ પામતો નથી અને મૃત્યુ પામ્યા બાદ ફરીથી નવા મરણ તરફ ગતિ કરે છે. એનું જન્મ અને મરણનું ચક્ર ક્યારેય અટકતું નથી. મનુષ્યે મનથી એવું દર્શન કરવું જોઈએ કે અહીં ક્યાંય ભિન્નતા છે જ નહિ. જે ભેદને ભાંગી શકતો નથી તે મૃત્યુનાં આવર્તનો પામ્યા કરે છે.*

**मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किञ्चन ।**

**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥ २.१.११**

*સમગ્ર સૃષ્ટિમાં એક જ બ્રહ્મ તત્ત્વ વિલસી રહ્યું છે. જ્યાં ભેદ દેખાય છે ત્યાં વાસ્તવિક કોઈ ભેદ નથી. અવિદ્યારૂપી અંધકારથી ગ્રસ્ત મનુષ્યને ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી સૃષ્ટિની અંદર વિદ્યમાન એક પરમ તત્ત્વને તે જોઈ શકતો નથી અને સર્વત્ર ભિન્નતાને જુએ છે. આવું ભેદદર્શન કરનાર મનુષ્ય વિવિધ યોનિઓમાં ભટક્યા કરે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાની પંક્તિ સ્મરણીય છે. ''અખિલ બ્રહ્માણ્ડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે.''*

*એક જ આત્મા અનેક પ્રતિરૂપો ધારણ કરે છે. જેમ અગ્નિ એક જ છે પણ તે જેમાં રહે તેના જેવું રૂપ ધારણ કરે છે તેમ સઘળાં પ્રાણીઓનો અંતરાત્મા એક જ હોવા છતાં અનેક રૂપોમાં દેખાય છે. વાયુ એક જ છે પણ ભિન્ન ભિન્ન વસ્તુઓના સંયોગથી તે ભિન્ન ભિન્ન રૂપો ધારણ કરે છે તેમ એક જ આત્મા ભિન્ન ભિન્ન રૂપો ધારણ કરે છે.*

**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बभूव ॥ २.२.१०**

**(22) મરણોત્તર ગતિ**

*નચિકેતાએ યમરાજને મરણ પછી આત્મતત્ત્વ રહે છે કે નહિ એવો પ્રશ્ન પૂછીને આ કઠોપનિષદ માટેની પૂર્વપીઠિકા રચી આપી હતી. કઠોપનિષદના બીજા અધ્યાયમાં યમરાજ નચિકેતાને મરણોત્તર કાળમાં થતી જીવાત્માની ગતિ અંગે આ પ્રમાણે કહે છે.*

**हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् ।**

**यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥ २.२.६**

*હે ગૌતમવંશીય નચિકેતા, મરણ પામ્યા પછી આત્માનું શું થાય છે એ કહીશ. આ પરમ રહસ્યમય જ્ઞાન છે. ત્યારબાદ તેઓ કહે છે કે મનુષ્ય પોતાનાં શુભ અને અશુભ કર્મો અનુસાર શાસ્ત્ર કે ગુરુ વગેરે પાસેથી સાંભળવામાં આવેલા ભાવોથી ઉત્પન્ન વાસના પ્રમાણે મરણ પામ્યા પછી બીજી યોનિને પ્રાપ્ત કરે છે. કેટલાક અત્યન્ત અધમ પ્રકારના હોય તેઓ સ્થાવર ભાવને પ્રાપ્ત કરે છે. આથી મનુષ્ય આજીવન પોતાનાં કર્મોને શુદ્ધ રાખવા જોઈએ તથા શાસ્ત્ર અને ગુરુ દ્વારા ઉપદિષ્ટ માર્ગનું અનુસરણ કરીને પવિત્ર જીવન જીવવું જોઈએ.*

**(23) સર્વપ્રકાશક આત્મા**

*આત્મા શુક્ર છે અર્થાત્ તે સ્વયં પ્રકાશિત છે. તેને પ્રકાશિત કરનાર કોઈ જ અન્ય તત્ત્વ નથી. ઊલટું જે કોઈ પ્રકાશિત પદાર્થ પ્રકાશે છે તે સર્વ આત્માના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે. સમગ્ર જગતને પ્રકાશિત કરવાનું સામર્થ્ય સૂર્યમાં છે. તેને જગતનું ચક્ષુ કહેવામાં આવે છે. સર્વને પ્રકાશિત કરનાર સૂર્ય પણ આત્માને પ્રકાશિત કરી શકતો નથી. એ જ રીતે ચન્દ્ર, તારાઓ અને વિદ્યુત પ્રકાશ આપનારા પદાર્થો છે. અન્યને પ્રકાશિત કરનારા આ પદાર્થો આત્માને પ્રકાશિત કરી શકતા નથી. આત્માના પ્રકાશથી તેઓ પ્રકાશિત થઈ રહ્યા છે. તો પછી લૌકિક અગ્નિમાં આત્માને પ્રકાશિત કરવાનું સામર્થ્ય ક્યાંથી હોય ? આત્માના પ્રકાશથી જ આ બધા પ્રકાશિત થઈ રહ્યા હોય તેઓ પરપ્રકાશિત છે. એક માત્ર આત્મા જ સ્વયંપ્રકાશિત છે.*

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।**

**तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ २.२.१५**

**(24) સર્વશાસક આત્મા**

*આ આત્મા સર્વનો શાસક છે. તે પ્રાણને ઉપરની દિશામાં લઈ જાય છે અને અપાનને નીચે લાવે છે. શરીરના મધ્યભાગમાં વિરાજતા એની સર્વ દેવતાઓ ઉપાસના કરે છે. સમગ્ર જગતની ચેષ્ટાઓનો આધાર આ આત્મા છે. તેની આજ્ઞા પાળવા સર્વ દેવો હમેશાં તત્પર રહે છે. કઠોપનિષદમાં સર્વપ્રશાસક પરમ તત્ત્વને મહા ભયંકર ઉગામેલા વજ્રનું રૂપક આપવામાં આવ્યું છે.* (महद्भयम वज्रमुद्यतम् । २.३.२)

*એ પરમ તત્ત્વના ભયથી અગ્નિ તાપ આપે છે, સૂર્ય પ્રકાશ આપે છે, ઈન્દ્ર અને વાયુ પણ એની આજ્ઞાને વશ રહીને પોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. સૌને ભયપ્રદ એવા*

*મૃત્યુદેવ પણ આત્માની આજ્ઞાને અનુસરે છે. જેમ કોઈ સ્વામીના ભયથી એના સેવકો પોતપોતાના કર્તવ્યમાં પ્રમાદ કર્યા વિના પ્રવૃત્ત રહે છે તેમ સૂર્ય, અગ્નિ, વાયુ, ઈન્દ્ર અને મૃત્યુ પોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે.*

**भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।**

**भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥ २.३.३॥**

**(25) સ્થાનભેદથી આત્મદર્શનમાં તારતમ્ય**

*એક જ પરમ તત્ત્વ સ્થાનના ભેદથી ભિન્ન ભિન્ન હોય એવી પ્રતીતિ થાય છે પણ વાસ્તવમાં તેમાં કોઈ ભિન્નતા હોતી નથી. જેમ ઊંચા શિખર પર વર્ષા ઋતુનું જળ વરસે છે ત્યારે તે પહાડનાં અનેક સ્થળોમાં ચારે બાજુ વહી જાય છે. પરિણામે તે ભિન્ન ભિન્ન પ્રવાહોમાં વહેંચાઈ જાય છે અને ભિન્ન દેખાય છે. પણ વાસ્તવમાં તો તે એક જ જળ હોય છે. તેવી જ રીતે મનુષ્ય પણ એક જ પરમ તત્ત્વને દેવ, અસુર, મનુષ્ય, ગન્ધર્વ એમ અનેક પ્રકારનાં વિવિધ સ્વરૂપોમાં જોઈને તેમને ભિન્ન ભિન્ન માનીને તેમની પાછળ દોડ્યા કરે છે અને વિવિધ યોનિઓમાં જન્મ અને મરણ પામ્યા કરે છે. જે જ્ઞાની મનુષ્ય છે તેની ભેદદષ્ટિ નાશ પામે છે અને તે એક અને અદ્વિતીય આત્માને જ સર્વત્ર જુએ છે. જેમ શુદ્ધ જળમાં પડેલું અન્ય જળ તેમાં ભળીને એકરસ થઈ જાય છે તેમ વિવેકશીલ મનુષ્યને સર્વત્ર તે એકરસ પરમાત્માનું જ દર્શન થાય છે.*

**(26) આત્મોપલબ્ધિનું સાધન**

*કોઈપણ સાધકે પોતાનું શરીર નાશ પામે તે પહેલાં પરમ તત્ત્વને જાણી લેવું જોઈએ. આત્માને ઓળખ્યા વિના જીવન નિષ્ફળ છે. જ્યાં સુધી આત્મોપલબ્ધિ થતી નથી ત્યાં સુધી જન્મમૃત્યુના પ્રવાહમાં પડેલો જીવ છુટકારો મેળવી શકતો નથી અનેક કલ્પો સુધી જુદા જુદા લોક અને અનેક યોનિઓમાં શરીર ધારણ કર્યા કરે છે. આથી મરણ પામતા પહેલાં પરમ તત્ત્વને મેળવી લેવું જોઈએ. કઠોપનિષદમાં આત્મોપલબ્ધિ અંગે વારંવાર ભાર મૂક્યો છે. આત્મોપલબ્ધિ માટે પરમાત્માની કૃપા અનિવાર્ય છે એવું ધાતુ:* प्रसादात् *એવા શબ્દપ્રયોગમાં કહેવાયું છે. પરમાત્માની કૃપા થાય ત્યારે જ મનુષ્ય પોતાની ઈન્દ્રિયો અને મનને સંયમિત કરીને સ્થિર બુદ્ધિથી કોઈ ગુરુ પાસેથી એનું જ્ઞાન પામી શકે છે. ઈન્દ્રિયોની સ્થિર ધારણાને યોગ કહે છે.* (तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ॥ २.३.११ )

*આ આત્મા વાણીથી, મનથી કે બુદ્ધિથી પ્રાપ્ત થઈ શકતો નથી. તે આ પ્રમાણે કોઈ પણ રીતે મેળવી શકાય એમ નથી. આમ છતાં સમગ્ર જગતનું મૂળ કારણ તે છે. જેમ ઘટ વગેરે કાર્યનું મૂળ કારણ માટી છે તેને ઘટ વગેરેને ગ્રહણ કરવાથી ગ્રહણ કરી શકાય છે તેમ જગતનું પણ મૂળ કારણ ગ્રહણ કરવું જોઈએ. ''આ મૂળ કારણ આત્મા છે.'' એમ કહેનારા શાસ્ત્રના અર્થને અનુસરનારા ગુરુ પાસેથી તેને જાણવો જોઈએ. ઘટરૂપી કાર્ય એ નામમાત્ર છે અને માટીરૂપ કારણ એ જ સત્ય છે એવા વેદવાક્ય પ્રમાણે કાર્ય એ કારણથી ભિન્ન નથી એવું જે જ્ઞાન થાય તે સાચું જ્ઞાન છે. આ પ્રકારના તત્ત્વજ્ઞાનથી આત્માને ઉપલબ્ધ કરવો જોઈએ. આત્માનો આવો તત્ત્વભાવ પ્રત્યક્ષ થાય ત્યારે*

*આત્માની ઉપલબ્ધિ થઈ એમ કહેવાય છે. આત્માની પ્રાપ્ત થાય ત્યારે સાધકની સર્વ કામનાઓ છૂટી જાય છે. હૃદયની સમસ્ત ગ્રન્થિઓ કપાઈ જાય છે. સર્વવ્યાપક બ્રહ્મને પોતાના શરીરમાં રહેલ અન્તરાત્મા તરીકે જાણી લેવાય એ જ આત્મસાક્ષાત્કાર છે. આત્માને જાણનાર અમર થઈ જાય છે અને આટલો જ વેદાન્તનો સનાતન ઉપદેશ છે.*

*શુદ્ધ અને વિજ્ઞાનયુક્ત સ્થિર બુદ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે મનુષ્ય સદાચરણને માર્ગે ચાલે છે. જે દુષ્ટ આચરણથી અટક્યો નથી અને જેની ઈન્દ્રિયો શાન્ત થઈ નથી તેવો મનુષ્ય ક્યારેય આત્માની પ્રાપ્તિ કરી શકતો નથી. પાપકર્મથી દૂર રહીને જ બુદ્ધિની સ્થિરતા એટલે કે પ્રજ્ઞાન પ્રાપ્ત થાય છે.*

**नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।**

**नाशान्तमानसो वाऽपि प्रज्ञानेनैनमाप्नुयात् ॥ १.२.२४॥**

## 12.3 તમારી પ્રગતિ ચકાસો.

1. *નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :*

1. *યમરાજ શા માટે નચિકેતાને વરદાન આપવા તૈયાર થયા ?*

2. *સ્વર્ગમાં કયા પ્રકારનાં સુખો છે ?*

3. *સ્વર્ગ્ય અગ્નિ આપતી વખતે યમરાજે નચિકેતાને એક વધારાનું વરદાન કેમ આપ્યું ?*

4. *શ્રેય અને પ્રેયની પસંદગીમાં મૂઢ અને ધીર મનુષ્ય કઈ રીતે વર્તે છે ?*

5. *અવિદ્યામાં ભટકતા લોકોની સ્થિતિ કોના જેવી થાય છે ?*

6. યમરાજ નચિકેતાના ત્યાગની પ્રશંસા કઈ રીતે કરે છે ?

7. આત્મામાં કઈ વિલક્ષણતા રહેલી છે ?

8. વિવેકી અને અવિવેકી વચ્ચે શું તફાવત છે ?

2.નીચેના પર ટૂંકનોંધ લખો :

1. વાજશ્રવસનો યજ્ઞ
2. પિતૃભક્ત નચિકેતા
3. અતિથિધર્મ
4. નચિકેતાની જ્ઞાનનિષ્ઠા
5. કર્મફળની અનિત્યતા
6. જીવાત્મા અને પરમાત્મા
7. રથ અને રથીનું રૂપક
8. ભેદદષ્ટિ અને તેનું ફળ
9. સ્થાનભેદથી આત્મદર્શનમા તારતમ્ય
10. આત્મોપલબ્ધિનું સાધન

**લેખક : ડૉ.મનસુખ મોલિયા,નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

# એકમ : 13 : કઠોપનિષદ અધ્યાય :1

## રૂપરેખા

**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 મૂળ સંસ્કૃત મન્ત્રો**

**13.3 અધ્યાય 1, વલ્લી 1**

**13.4 અધ્યાય 1, વલ્લી 2**

**13.5 અધ્યાય 1, વલ્લી 3**

**13.6 તમારી પ્રગતિ ચકાસો**

## 13.0 ઉદ્દેશો

- *કઠોપનિષદના મન્ત્રોનું શુદ્ધ અને સરળ વાચન કરી શકશો.*
- *કઠોપનિષદના મન્ત્રોનો સરળ અન્વય સમજી શકશો.*
- *મન્ત્રોનો સરળ અનુવાદ સમજી શકશો.*
- *મન્ત્રોમાં પ્રયુક્ત નવા સંસ્કૃત શબ્દોનો અર્થથી પરિચિત થશો.*
- *મન્ત્રોમાં પ્રયુક્ત વૈદિક અને દાર્શનિક વિચારોથી પરિચિત થશો.*
- *કઠોપનિષદમાં પ્રતિપાદિત જીવન દર્શનનું મૂલ્યાંકન કરીને સ્વજીવનમાં વિનિયોગ કરી શકશે.*

## 13.1 પ્રસ્તાવના

*પ્રસ્તુત એકમમાં કઠોપનિષદના પ્રથમ અધ્યાયનો અભ્યાસ અપેક્ષિત છે. આ અધ્યાયમાં કુલ ત્રણ વલ્લી છે. ત્રણેય વલ્લીઓમાં અનુક્રમે 29, 25અને 17 એમ કુલ મળીને 71 મન્ત્રો આવેલા છે. તેમાં આરંભે ગ્રન્થના મૂળ સંસ્કૃત મન્ત્રને આપ્યો છે. ત્યારબાદ મન્ત્રમાં પ્રયુક્ત શબ્દોનો સંધિવિગ્રહ કરી આપ્યો છે અને અન્વયમાં મન્ત્રના બધા શબ્દોને ગોઠવી આપ્યા છે. મન્ત્રમાંના જે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવો જરૂરી લાગ્યો તેને અન્વય પછી તરત શબ્દાર્થ વિભાગમાં આપેલ છે. તેથી આખા મન્ત્રનો અર્થ સરળતાથી સમજી શકાશે. શબ્દાર્થ પછી મન્ત્રનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. અનુવાદમાં આવશ્યક જણાય ત્યાં કૌંસનો પણ પ્રયોગ કર્યો છે. ત્યારપછી વિમર્શમાં મન્ત્રની સવિસ્તર સમજૂતી આપી છે. મન્ત્રમાં પ્રતિપાદિત વિષયને સરળતાથી સમજાવી શકાય એવી ચર્ચા અહીં કરી છે. આવશ્યકતા જણાય ત્યાં શંકરાચાર્યના ભાષ્ય કે અન્ય આચાર્યોના મતને પણ રજૂ કર્યા છે. તેથી આ મન્ત્રોની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય તે રીતે આ એકમની રચના કરવામાં આવી છે.*

*કઠોપનિષદના પ્રારંભે નચિકેતાની આખ્યાયિકા પ્રાપ્ત થાય છે. નચિકેતાના પિતા ઉદ્દાલક મુનિએ વિશ્વજિત યજ્ઞ કર્યો હતો. યજ્ઞની સમાપ્તિ સમયે તેઓ બ્રાહ્મણોને ગાયોની દક્ષિણા આપી રહ્યા હતા. નચિકેતાએ જોયું કે પિતા ઘરડી થયેલી ગાયોની દક્ષિણા આપે છે. તેથી તેણે પિતાને પ્રશ્ન કર્યો કે તમે મને કોને આપશો. પિતાએ ક્રોધવશ થઈને કહ્યું કે તને મૃત્યુને આપ્યો છે. પિતાનું વચન શિરોધાર્ય રાખીને નચિકેતા યમરાજને ઘરે ગયો. યમ બહાર હોઈ તે ત્રણ દિવસ ભૂખ્યો રહીને ત્યાં બેસી રહ્યો. યમરાજે તેને ત્રણ વરદાન માગવા કહ્યું તેણે પ્રથમ વરદાનમાં પિતાના ક્રોધની શાન્તિ અને બીજા વરદાનમાં સ્વર્ગલોકની પ્રાપ્તિ અંગે માગણી કરી. ત્રીજા વરદાનમાં એણે મૃત્યુ પછીની સ્થિતિ અંગે પૂછીને આત્મજ્ઞાનની જિજ્ઞાસા કરી. યમે વિવિધ પ્રકારની સુખસામગ્રી આપવાનું કહીને આત્મા અંગેની જિજ્ઞાસાને અટકાવવા પ્રયત્ન કર્યા પણ નચિકેતા અડગ રહ્યો. અન્તે યમરાજે તેને આત્મજ્ઞાન આપ્યું. યમરાજ પાસેથી પ્રાપ્ત આ આત્મજ્ઞાન એ જ કઠોપનિષદનો મુખ્ય વિષય છે. કુલ બે અધ્યાય અને છ વલ્લીમાં આ તત્ત્વજ્ઞાન રજૂ થયેલું છે.*

*પહેલા અધ્યાયની પ્રથમ વલ્લીમાં કુલ 29 મન્ત્રો છે. તેમાં નચિકેતાનું યમગૃહે ગમન, તેમની પાસેથી મળેલાં ત્રણ વરદાન સુધીનું કથાવસ્તુ છે. બીજા વલ્લીમાં 25 મન્ત્રોમાં શ્રેય-પ્રેય વિવેક, આત્મજ્ઞાનની દુર્લભતા, આત્મજ્ઞાનનું ફળ, ॐકારનો મહિમા, આત્મસ્વરૂપ, આત્મજ્ઞાનનો અધિકારી વગેરે વિષયો નિરૂપિત છે. ત્રીજી વલ્લીમાં 17મન્ત્રોમાં આત્મા અને પરમાત્મા, વિવેકી અને અવિવેકીને પ્રાપ્ત થતી ગતિ, ઈન્દ્રિયોથી માંડીને પરમ પુરુષ સુધીનું તારતમ્ય, આત્મજ્ઞાનથી અમૃતત્વની પ્રાપ્તિ અને નાચિકેત ઉપાખ્યાનનો મહિમા નિરૂપિત થયો છે.*

## 13.2 મૂળ સંસ્કૃત મન્ત્રો

*શાન્તિપાઠ*

**ॐ सह नाववतु ।**

**सह नौ भुनक्तु।**

**सह वीर्यं करवावहै ।**

**तेजस्वि नावधीतमस्तु ।**

**मा विद्विषावहै ॥**

**ॐ शान्तिः शान्तिः शान्तिः ॥**

**સંધિવિચ્છેદ :** नौ अवतु । नौ अधीतम् अस्तु ।

**અન્વય :** ॐ नौ सह अवतु । नौ सह भुनक्तु। (आवाम्) सह वीर्यं करवावहै । नौ अधीतं तेजस्वि अस्तु । (आवाम्) मा विद्विषावहै ॥

**શબ્દાર્થ :**नौ *અમને બન્નેને* (द्वितीया द्वि.व.), सह *સાથે,* अवतु *તે રક્ષા કરે.* भुनक्तु *પાલન કરે.* वीर्यम्

વિદ્યાકૃત શક્તિ, करवावहै આપણે બન્ને કરીએ. नौ આપણા બન્નેનું(षष्ठी द्वि.व.), अधीतम् અધ્યયન, વિદ્યા, तेजस्वितेજોમયી, अस्तुથાઓ. मा विद्विषावहै આપણે બન્ને પરસ્પર દ્વેષ કરીએ નહિ.

**અનુવાદ :** હે પરમેશ્વર, તમે અમારા બન્નેનું સાથે રક્ષણ કરો. અમારા બન્નેનું સાથે પાલન કરો. અમે બન્ને એકી સાથે પરાક્રમ કરીએ. અમારા બન્નેનું અધ્યયન તેજસ્વી થાઓ. અમે બન્ને પરસ્પર દ્વેષ કરીએ નહિ. (ત્રણ પ્રકારનાં દુઃખોની શાન્તિ માટે ત્રણવાર શાન્તિ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.)

**વિમર્શ :** કઠોપનિષદના શાન્તિપાઠમાં ગુરુ અને શિષ્ય એમ દ્વિવચનનો પ્રયોગ થયો છે. વેદાધ્યયન પૂર્વે નો ઉચ્ચાર કરવાની પરંપરા છે. તદનુસાર શાન્તિપાઠના આરંભે રહેલો છે. એ પરમેશ્વરનો વાચક છે. એ જ પ્રમાણે શાન્તિપાઠના અન્તે ત્રણવાર શાન્તિ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રિવિધ પ્રકારના દુઃખોની શાન્તિ માટે ત્રણવાર તેનું ઉચ્ચારણ કરવામાં આવે છે. શ્રીપાદ દામોદર સાતવલેકરના મતે ત્રણ વખત શાન્તિ શબ્દના ઉચ્ચારણથી વ્યક્તિ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાન્તિની સ્થાપના થાયે તેવી મંગળ ભાવના છે. અધ્યયન કરવાથી પ્રાપ્ત થયેલું જ્ઞાનનું ધ્યેય આ શાન્તિપાઠથી પ્રગટ થાય છે. જેમ કે, (1)સુરક્ષાની ભાવના જન્મે, (2)જીવનનિર્વાહ અને પાલનપોષણ થાય, (3)પરાક્રમકરવાની શક્તિ મળે, (4)અધ્યયન તેજસ્વી બને, (5)પરસ્પર વેરભાવ ન રહે અને (6)સર્વત્ર શાન્તિની સ્થાપના થાય.ઉપરના શાન્તિપાઠમાં દ્વિવચનનો પ્રયોગ વિચારણીય છે. અહીં ગુરુ-શિષ્ય સાથે મળીને શાન્તિપાઠ બોલે છે. હે ઈશ્વર, તમે અમારા બન્નેનું સાથે રક્ષણ કરો એવી પ્રાર્થનામાં એ અભિપ્રેત છે કે ઉપનિષદ વિદ્યાનું જ્ઞાન મેળવનાર તેના બળે પોતાનું રક્ષણ કરવાનું સામર્થ્ય મેળવે છે. એ જ રીતે વિદ્યા સમગ્ર ફળોનું પ્રદાન કરનારી હોય તે પાલન-પોષણ પણ કરે છે. અધ્યયન માટે અપરિમિત શક્તિ અને સામર્થ્ય જરૂરી હોઈ વીર્યકર્મનો ઉલ્લેખ થયો છે. ઉપનિષદ વિદ્યા આપનાર અને મેળવનાર તેજસ્વી હોય છે. કોઈથી પરાસ્ત ન થવાના સામર્થ્યની કામના વ્યક્ત થઈ છે. ગુરુ અને શિષ્ય વચ્ચે ક્યારેય દ્વેષભાવ ન જન્મે એવી કલ્યાણકારક કામના પરસ્પરના સૌહાર્દને વધારનારી છે. સાચા ગુરુ અને શિષ્ય વચ્ચેનો સ્નેહસેતુ આજીવન ટકી રહે છે એ સુવિદિત છે. ત્રણેય પ્રકારના તાપની નિવૃત્તિ માટે ત્રણવાર શાન્તિ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. ઉપનિષદના આરંભે શાન્તિપાઠ હોય છે તેમ અન્તે પણ શાન્તિપાઠ મળે છે.

## 13.3 અધ્યાય 1, વલ્લી 1

**ॐ उशन् ह वै वाजश्रवसः सर्ववेदसं ददौ ।**

**तस्य ह नचिकेता नाम पुत्र आस ॥ १॥**

**સંધિવિચ્છેદ :** पुत्रः आस ।

**અન્વય :** ह वै उशन् वाजश्रवसः सर्ववेदसं ददौ । तस्य नचिकेता नाम पुत्रः आस ।

**શબ્દાર્થ :**ह वै **-** *જાણીતું છે.(આ બન્ને અવ્યયો ભૂતકાળની ઘટનાનું સ્મરણ કરાવે છે.)* उशन् *ફળની કામના કરનાર,* वाजश्रवसः *વાજશ્રવાના પુત્ર,* सर्ववेदसम् *સર્વસ્વ,* ददौ *આપ્યું.* आस *હતો.*

**અનુવાદ :** *આ વાત જાણીતી છે કે યજ્ઞફળની ઈચ્છા રાખનારા વાજશ્રવાના પુત્રે પોતાનું બધું ધન આપી દીધું. તેને નચિકેતા નામે એક પુત્ર હતો.*

**વિમર્શ :** *ઉપનિષદના આરંભે રહેલો ॐ એ પરમાત્માના નામસ્મરણરૂપ છે. આરંભે એક આખ્યાયિકા પ્રાપ્ત થાય છે. વાજશ્રવાના પુત્ર વાજશ્રવસ ઋષિએ વિશ્વજિત યજ્ઞ કર્યો હતો. વાજ એટલે અન્ન અને શ્રવ એટલે કીર્તિ. અન્નનું દાન કરીને જેનો શ્રવ એટલે કે યશ ફેલાયો હોય તે વાજશ્રવા કહેવાય. અથવા રૂઢિથી આવું નામ પણ હોય. વાજશ્રવાના પુત્ર એટલે વાજશ્રવસ.(એમનું અન્ય નામ ઉદ્દાલક પ્રાપ્ત થાય છે. એમને ગૌતમ અને આરુણિ પણ કહ્યા છે.) યજ્ઞનું ફળ મેળવવાની કામનાથી તેમણે જેમાં સર્વસ્વનું દાન કરવાનું હોય એવો વિશ્વજિત યજ્ઞ કર્યો હતો. યજ્ઞમાં એમણે પોતાનું બધું ધન આપી દીધું હતું. એમને નચિકેતા નામે પુત્ર હતો.*

**तँ ह कुमारँ सन्तं दक्षिणासु**

**नीयमानासु श्रद्धाविवेश सोऽमन्यत ॥ २ ॥**

**સંધિવિચ્છેદ :** श्रद्धा आविवेश । सः अमन्यत ।

**અન્વય :** तं कुमारं सन्तं दक्षिणासु नीयमानासुश्रद्धा आविवेश ह । सः अमन्यत ।

**શબ્દાર્થ :** कुमारं सन्तम् *નાની વયનો બાળક હોવા છતાં પણ,* दक्षिणासु नीयमानासु *દક્ષિણા (માટેની ગાયો) લાવવામાં આવી રહી હતી ત્યારે,*श्रद्धा आविवेश *શ્રદ્ધાએ પ્રવેશ કર્યો.* सः अमन्यत *તેણે વિચાર્યું.*

**અનુવાદ :** *તે હજુ તો નાનો બાળક હોવા છતાં પણ જે વખતે દક્ષિણા માટેની ગાયો લાવવામાં આવી રહી હતી ત્યારે તેનામાં શ્રદ્ધાએ પ્રવેશ કર્યો. તે વિચારવા લાગ્યો.*

**વિમર્શ :** *નચિકેતા કુમાર અવસ્થામાં હતો. યજ્ઞમાં બ્રાહ્મણોને દક્ષિણારૂપે આપવાની ગાયોને જ્યારે લાવવામાં આવી રહી હતી ત્યારે તેનામાં શ્રદ્ધાનો પ્રવેશ થયો. શાંકરભાષ્યમાં શ્રદ્ધાનો અર્થ 'આસ્તિકબુદ્ધિ' કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે બાલ્યાવસ્થામાં આવી આસ્તિક્ય ભાવના જન્મતી નથી. પણ નચિકેતાના મનમાં દક્ષિણા માટેની ગાયો જોઈને વિચાર આવવા લાગ્યા.*

**पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रियाः ।**

**अनन्दा नाम ते लोकास्तान् स गच्छति ता ददत् ॥ ३॥**

**સંધિવિચ્છેદ :** पीतोदकाः जग्धतृणाः दुग्धदोहाः निरिन्द्रियाः । अनन्दाः नाम । लोकाः तान् । ताः ददत् ।

*અન્વય :* पीतोदकाः जग्धतृणाः दुग्धदोहाः निरिन्द्रियाः ताः (गाः) ददत्, ये अनन्दाः नाम लोकाः तान् सः गच्छति ।

**શબ્દાર્થ :** पीतोदकाः *છેલ્લીવાર પાણી પી ચૂકેલી,* जग्धतृणाः *છેલ્લીવાર ઘાસ ખાઈ ચૂકેલી,* दुग्धदोहाः *જેમનું દૂધ દોહાઈ ચૂક્યું છે તેવી,* निरिन्द्रियाः *નષ્ટ થયેલી ઈન્દ્રિયોવાળી,* ददत्, *આપનારો,* अनन्दाः *સુખરહિત,* नाम *પ્રસિદ્ધ છે.*

**અનુવાદ :** *જે ગાયો છેલ્લીવાર પાણી પી ચૂકી હતી, છેલ્લીવાર ઘાસ ખાઈ ચૂકી હતી, જેમનું દૂધ દોહાઈ ચૂક્યું હતું અને નષ્ટ ઈન્દ્રિયોવાળી હતી તેવી ગાયોને દાનમાં આપનારો આનંદરહિત લોકને પ્રાપ્ત થાય છે.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં દક્ષિણા માટે ઉદ્દાલક ઋષિ જે પ્રકારની ગાયોને આપી રહ્યા હતા તેમનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમણે પાણી પી લીધું હતું અને આગળ જતાં પાણી પીવાનું સામર્થ્ય ધરાવતી ન હતી. એટલે 'પીતોદકા' કહી છે. ઘરડી થઈ ગઈ હોઈ દાંત અને દાઢો પડી જવાથી ચાવવાની શક્તિ નષ્ટ થઈ ગયેલી હોવાથી વધુ ઘાસ ખાઈ શકે તેમ ન હતી. તેમનું દૂધ દોહાઈ ચૂક્યું હતું અને હવે વધારે દૂધ આપી શકે તેમ ન હતી. નિરિન્દ્રિય એટલે કે તેમની ઈન્દ્રિયો નષ્ટ થઈ ગઈ હતી. જોવું, ચાલવું, ગર્ભધારણ કરવો વગેરે ક્રિયાઓ કરી શકે તેવી રહી ન હતી. નચિકેતાએ આ બધું જોયું. તેને વિચાર આવ્યો કે આવા પ્રકારની દક્ષિણા આપનારને આનંદરહિત લોકની પ્રાપ્તિ થાય છે. પિતા તો સ્વર્ગના સુખની કામનાથી યજ્ઞ કરતા હતા પણ તદ્દન અયોગ્ય એવી દક્ષિણાથી તેમને થનાર આનંદરહિત લોકની પ્રાપ્તિ અટકાવવા માટે તેણે વિચાર કર્યો.*

**स होवाच पितरं तत कस्मै मां दास्यसीति ।**

**द्वितीयं तृतीयं तँ होवाच मृत्यवे त्वा ददामीति ॥ ४॥**

**સંધિવિચ્છેદ :**सः ह उवाच । दास्यसि इति । ह उवाच ।

*અન્વય :* स ह पितरम्उवाच । तत कस्मै मां दास्यसि । द्वितीयं तृतीयं (तम् उवाच) । मृत्यवे त्वा ददामि इति ।

**શબ્દાર્થ :** पितरम् उवाच *પિતાને કહ્યું.* ततहे *તાત,* कस्मैकोने, माम् दास्यसि *મારું દાન કરશો.* मृत्यवेमृत્યુને

**અનુવાદ :** *તેણે પિતાને કહ્યું, " તમે મને કોને આપશો ?" આમ તેણે બીજીવાર અને ત્રીજીવાર પૂછ્યું. પિતાએ કહ્યું, "હું તને મૃત્યુને આપું છું."*

**વિમર્શ :** *નચિકેતાએ વિચાર્યું કે પિતાને નરકલોકની પ્રાપ્તથી બચાવવા જ જોઈએ. તેઓ પુત્રમોહથી ગ્રસિત થઈને સારી ગાયો એક તરફ રાખીને નકામી થઈ ગયેલી ગાયોનું દાન કરી રહ્યા હતા. પિતાજીના મનમાં ઉત્પન્ન મોહજનિત લોભ પ્રત્યે તેમને જાગૃત કરવા તેણે સીધો પોતાના અંગે જ પ્રશ્ન પૂછ્યો કે પિતાજી તમે મને કોને દાનમાં આપશો. ઉદ્દાલકે તેની વાત પ્રત્યે ધ્યાન આપ્યું નહિ એટલે તેણે બીજીવાર અને*

*ત્રીજીવાર પણ એ જ પ્રશ્ન કર્યો. જે પુત્ર પ્રત્યેના મોહથી તેઓ દક્ષિણા આપતી વખતે ઉત્તમ ગાયોનું દાન ન થઈ જાય તેનું ધ્યાન રાખતા હતા તે પુત્ર તેમને આ રીતે પૂછતો હોવાથી તેમને ક્રોધ આવ્યો અને તેમણે કહી દીધું કે તને મૃત્યુ અર્થાત્ યમરાજને આપું છું.*

**बहूनामेमि प्रथमो  बहूनामेमि मध्यमः ।**

**किँस्विद्यमस्य कर्तव्यं यन्मयाऽद्य करिष्यति ॥ ५॥**

**સંધિવિચ્છેદ :**बहूनाम् एमि । प्रथमः बहूनाम् एमि । किँस्वित् यमस्य । यत् मया अद्य।

**અન્વય :**बहूनां प्रथमः एमि । बहूनां मध्यमः एमि । यमस्य किँस्वित् कर्तव्यं यत्मया अद्य करिष्यति ।

**શબ્દાર્થ :**बहूनाम्*ઘણા શિષ્યોમાં,* प्रथमः एमि *પ્રથમ ચાલું છું.* किँस्वित् कर्तव्यंम् *કયું કર્તવ્ય*

**અનુવાદ :** *હું ઘણા શિષ્યોમાં પ્રથમ ચાલું છું અને ઘણા શિષ્યોમાં મધ્યમ ચાલું છું. યમનું એવું કયું કાર્ય હશે જે આજે પિતા મારા વડે સિદ્ધ કરશે ?*

**વિમર્શ :** *શિષ્યો ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારના હોય છે. નચિકેતા વિચારે છે કે હું ઘણા શિષ્યોમાં કાં તો પ્રથમ રહું છું અથવા મધ્યમ રહું છું. મેં ક્યારેય અધમ આચરણ કર્યું નથી. આવા વિશિષ્ટ ગુણોથી યુક્ત પુત્રને કોઈ પિતા પ્રયોજન વિના મૃત્યુને ન જ સોંપે. ''મને પિતાએ મૃત્યુને સોંપ્યો છે. તેથી એમનું કંઈક શુભ પ્રયોજન હશે.'' આ અંગે નચિકેતા વિચાર કરવા લાગે છે. યમરાજનું એવું કયું કર્તવ્ય પોતાની સોંપણીથી પિતા સિદ્ધ કરવા માગતા હશે એવો નચિકેતાના મનમાં પ્રશ્ન ઊઠે છે. વસ્તુતઃ તો ઉદ્દાલકે ક્રોધને વશ થઈને પોતાના ઉત્તમ પુત્રને મૃત્યુને આપ્યો હતો, પણ નચિકેતા આદર્શપુત્રની માફક પિતાના કઠોર વચનમાં પણ કંઈક કલ્યાણકારક હશે એવું માને છે.*

**अनुपश्य यथा पूर्वे प्रतिपश्य तथाऽपरे ।**

**सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायते पुनः ॥ ६॥**

**સંધિવિચ્છેદ :**तथा अपरे । सस्यम् इव । सस्यम् इव आजायते ।

**અન્વય :**(हे तात) पूर्वे यथा (स्थिताः) (तान्) अनुपश्य तथा अपरे (तान्)  प्रतिपश्य (वर्तितव्यम्) । मर्त्यः सस्यम् इव पच्यते सस्यम् इव पुनः आजायते ।

**શબ્દાર્થ :**पूर्वे*પૂર્વજો,* अनुपश्य *વિચાર કરીને,* अपरे*અન્ય શ્રેષ્ઠજનો,* प्रतिपश्य *નજર નાખીને,* मर्त्यः *મનુષ્ય,* सस्यम् इव *અન્નની જેમ,* पच्यते*રંધાય છે.* पुनः आजायते *ફરીથી ઉત્પન્ન થાય છે.*

**અનુવાદ :** *(હે પિતાજી) આપણા પૂર્વજોનું આચરણ જોઈને અને બીજા શ્રેષ્ઠજનો જેમ વર્તે છે તેમને નજર સમક્ષ રાખીને જણાય છે કે મનુષ્ય અન્નથી જેમ રંધાય છે અને અન્નથી જેમ ફરીથી ઊગી નીકળે છે.*

**વિમર્શ :** *ક્રોધનો આવેગ ઉતરી ગયા બાદ ઉદ્દાલકને સમજાયું કે તેમણે નચિકેતાને મૃત્યુને સોંપીને બહુ ખોટું કર્યું છે. પુત્રને યમગૃહે નહિ જવા દેવા ઈચ્છતા પિતા પ્રત્યે નચિકેતા કહે છે કે પિતાજી તમારે અસત્ય ઉચ્ચારણ કરવું જોઈએ નહિ. આપણા પૂર્વજો હમેશાં સત્યના માર્ગે ચાલ્યા હતા. તેમના આચરણ વિશે વિચારીને તમારે પણ સત્યાચરણ કરવું જોઈએ. વર્તમાનકાળે પણ મહાન પુરુષોના આચરણ પર દૃષ્ટિપાત કરીને પોતાના વચનને વળગી રહેવું જોઈએ. મિથ્યાચરણ કરીને કોઈ વ્યક્તિ અમર બની શકતી નથી. મનુષ્યનું જીવન ધરતી પર ઊગી નીકળતા ધાન્ય જેવું છે. સમયાનુસાર ધાન્ય ઊગી નીકળે છે અને કાળક્રમે નાશ પામે છે. ઉત્પત્તિ અને વિનાશનું આ ચક્ર ચાલ્યા જ કરે છે. મનુષ્યનું પણ આ ધાન્ય જેવું જ છે. કોઈ અહીં અજર કે અમર નથી. માટે પોતાના વચનને વળગી રહીને તેમણે નચિકેતાને મૃત્યુલોકમાં જવાની અનુમતિ આપવી જોઈએ.*

**वैश्वानरः प्रविशत्यतिथिर्ब्राह्मणो गृहान् ।**

**तस्यैताँ शान्तिं कुर्वन्ति हर वैवस्वतोदकम् ॥ ७॥**

**સંધિવિચ્છેદ :**प्रविशति अतिथिः ब्राह्मणः गृहान् । तस्य एताम्। वैवस्वत उदकम् ।

*અન્વય :* ब्राह्मणः अतिथिः वैश्वानरः गृहान् प्रविशति । तस्य एतां शान्तिं कुर्वन्ति । (हे) वैवस्वत उदकं हर ।

**શબ્દાર્થ :** वैश्वानरः *અગ્નિ,* वैवस्वत *હે સૂર્યપુત્ર યમ,* उदकं हर *જળ લઈ જાઓ,*

**અનુવાદ :** *અતિથિ બ્રાહ્મણ અગ્નિના રૂપમાં ઘરોમાં પ્રવેશ કરે છે. તેની આ પ્રકારે શાન્તિ કરાય છે. હે સૂર્યપુત્ર યમરાજ, તેના માટે જળ લઈ જાઓ.*

**વિમર્શ :** *આ મન્ત્ર યમરાજની પત્ની અથવા તેના મન્ત્રીઓની ઉક્તિ છે. પિતાની આજ્ઞાનુસાર નચિકેતા યમલોકમાં આવી પહોંચ્યો. ત્યાં યમરાજ બહાર હોઈ ત્રણ દિવસ સુધી ભૂખ્યો તરસ્યો રહીને એમની પ્રતીક્ષા કરતો રહ્યો. યમ જ્યારે ઘરે આવ્યા ત્યારે તેમને જાણ થઈ કે બાળક નચિકેતા ત્રણ દિવસથી એમના ઘરે ઉપવાસ કરીને બેસી રહ્યો છે. યમરાજ આદર્શ ગૃહસ્થી છે. એમની ગેરહાજરીમાં અતિથિનું યોગ્ય સ્વાગત થયું નહિ. ગૃહસ્થીના ઘરે આવતો બ્રાહ્મણ અતિથિ એ સાક્ષાત્ વૈશ્વાનર અગ્નિ છે. તેથી તેની શાન્તિ માટે યમને તેમના પત્ની અથવા તો મન્ત્રીગણમાંથી કોઈએ સલાહ આપી કે થયેલા અનર્થનું નિવારણ કરવા નચિકેતાને અર્ઘ્ય આપવા માટે અને પાદપ્રક્ષાલન માટે જળ લઈને જાઓ. જો આમ ન કરવામાં આવે તો મોટી હાનિ થાય છે.*

**आशाप्रतीक्षे संगतँ सूनृतां चेष्टापूर्ते पुत्रपशूँश्च सर्वान् ।**

**एतद्वृङ्क्ते पुरुषस्याल्पमेधसो यस्यानश्नन्वसति ब्राह्मणो गृहे ॥॥ 8 ॥**

**સંધિવિચ્છેદ :**पुत्रपशून् च । एतत् वृङ्क्ते । पुरुषस्य अल्पमेधसः यस्य अनश्नन् ।
ब्राह्मणः गृहे ।

**અન્વય :**यस्य गृहे अनश्नन् ब्राह्मणः वसति (तस्य) अल्पमेधसःपुरुषस्य
आशाप्रतीक्षे सङ्गतं सुनृतां च इष्टापूर्ते स्वान् पुत्रपशून् एतत् वृङ्क्ते ।

**શબ્દાર્થ :** अनश्नन् *ભૂખ્યો,* अल्पमेधसः*ઓછી બુદ્ધિવાળાના,* आशाप्रतीक्षे*વિવિધ આશા અને પ્રતીક્ષા,* सङ्गतं *સર્વ પ્રકારનાં સુખ,* सुनृतां *સારી વાણીનું ફળ,* इष्टापूर्ते *ઈષ્ટ અને પૂર્ત કર્મો,* वृङ्क्ते *ખાઈ જાય છે.*

**અનુવાદ :** *જેના ઘરમાં બ્રાહ્મણ અતિથિ ભોજન કર્યા વિના ભૂખ્યો રહે છે તે મન્દબુદ્ધિવાળા મનુષ્યની આશા અને પ્રતીક્ષા, તેનાથી પ્રાપ્ત સર્વ સુખો, પ્રિય વાણીથી મળતું ફળ, (યજ્ઞાદિ) ઈષ્ટકર્મ અને (કૂવો, તળાવ, ધર્મશાળાનું નિર્માણ જેવા) પૂર્તકર્મોનું ફળ, સર્વ પુત્ર અને પશુઓ - આ બધાનો નાશ કરી નાખે છે.*

**વિમર્શ :** *જે ગૃહસ્થીના ઘરમાં અતિથિ ભોજન વિના રહે છે તેનું સમગ્ર પુણ્યકર્મોનું ફળ તે અતિથિ ખાઈ જાય જતો હોય છે. આ મન્ત્રમાં અતિથિના અનાદરથી માણસનાં જે જે કર્મોનું ફળ નાશ પામે છે તેની યાદી આપી છે. આશા એટલે જેના મળવાની કંઈ ખબર નથી એવા મેળવવા માટેના ઈચ્છિત પદાર્થની ઈચ્છા. પ્રતીક્ષા એટેલ પોતાને જે મળવા જોઈએ એવા જ્ઞાત પદાર્થને મેળવવાની પ્રતીક્ષા. આશા અને પ્રતીક્ષાની પ્રાપ્તિથી પ્રાપ્ત થનાર સુખે એટલે સંગત. પ્રિય વાણી બોલવાથી પ્રાપ્ત ફળનો નિર્દેશ સુનૃતા શબ્દથી થયો છે. ઈષ્ટકર્મ એટલે યજ્ઞયાગાદિ કર્મ અને પૂર્તકર્મ એટલે વાવ, કૂવો, તળાવ, ધર્મશાળા, વૃક્ષારોપણ વગેરે કાર્યો. અતિથિનો અનાદર કરનારનું આ બધું નાશ પામે છે.*

*ભારતીય ધર્મશાસ્ત્રમાં ગૃહસ્થના સદાચરણના વર્ણનમાં અતિથિસત્કાર અંગે પુષ્કળ વિચારો પ્રાપ્ત થાય છે. જેના ઘરેથી અતિથિ નિરાશ બનીને પાછો ફરે છે તે પોતાનાં દુષ્કર્મો છોડતો જાય છે અને તેનાં સત્કર્મોને લઈ જાય છે. વિષ્ણુપુરાણમાં પ્રાપ્ત થતો નીચેનો શ્લોક સ્મરણીય બની રહે એવો છે.*

**अतिथिर्यस्य भग्नाशो गृहात्प्रतिनिवर्तते ।**

**स तस्मै दुष्कृतं दत्त्वा पुण्यमादाय गच्छति ॥ વિષ્ણુપુરાણ, 3.11.68**

*નચિકેતા અતિથિ તરીકે આવ્યો હતો અને તેનો અજાણતાં પણ અપરાધ થયો હોઈ તે દોષરૂપ કર્મ થયું છે એવું કહેવાનો આશય છે.*

**तिस्रो रात्रीर्यदवात्सीर्गृहे मेऽनश्नन्ब्रह्मन्नतिथिर्नमस्यः ।**

**नमस्तेऽस्तु ब्रह्मन् स्वस्ति मेऽस्तु तस्मात्प्रति त्रीन्वरान्वृणीष्व॥ 9 ॥**

**સંધિવિચ્છેદ :**तिस्रः रात्रीः यत् अवासीत्सीः गृहे । मे अनश्नन् । ब्रह्मन् अतिथिः
नमस्यः । नमः ते अस्तु । मे अस्तु ।

**અન્વય :**(हे) ब्रह्मन्, अतिथिः नमस्यः । । (हे) ब्रह्मन् ते नमः अस्तु । मे स्वस्ति अस्तु । यत् मे गृहे अनश्नन् तिस्रः रात्रीः अवात्सीः तस्मात् प्रति त्रीन् वरान् वृणीष्व ।

**શબ્દાર્થ :**नमस्यः *નમસ્કારને યોગ્ય,* ते नमः अस्तु *તમને નમસ્કાર હો.* मे स्वस्ति अस्तु *મારું કલ્યાણ થાઓ.* अनश्नन्*ભોજન કર્યા વિના,* तिस्रः रात्रीः *ત્રણ રાત્રિઓ,* अवात्सीः *રહ્યા છો.* प्रति *દરેક રાત્રિના બદલામાં એક એક,* वृणीष्व *માગી લો.*

**અનુવાદ :** *હે બ્રાહ્મણ, અતિથિ નમસ્કારને યોગ્ય હોય છે. હે બ્રાહ્મણ, તમને નમસ્કાર હો. મારું કલ્યાણ થાઓ. તમે મારા ઘરે ભોજન કર્યા વિના ત્રણ રાત્રિઓ સુધી રહ્યા છો તેથી દરેક રાત્રિના બદલામાં એક એક એમ ત્રણ વરદાન માગી લો.*

**વિમર્શ :** *અતિથિના અનાદરરૂપી દોષનું પરિમાર્જન કરવા યમરાજ જળ લઈને નચિકેતા પાસે ગયા અને અતિથિ તરીકે તેને નમસ્કાર કર્યા. અતિથિ હોવા છતાંય ત્રણ રાત્રિ સુધી કંઈપણ ખાધા વિના બેસી રહ્યા હોઈ તેના દોષની શાન્તિ માટે યમરાજાએ પોતાનું કલ્યાણ કરવાની ભાવનાથી પ્રત્યેક રાત્રિના બદલામાં એક એક એમ કુલ ત્રણ વરદાન માગી લેવા કહ્યું. યમરાજ મૃત્યુના દેવ છે છતાં તેઓ ગૃહસ્થધર્મને કેટલું મહત્ત્વ આપે છે તે અહીં જોઈ શકાય છે.*

**शान्तसङ्कल्पः सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माऽभि मृत्यो ।**

**त्वत्प्रसृष्टं माऽभिवदेत्प्रतीत एतत् त्रयाणां प्रथमं वरं वृणे ॥ 10 ॥**

**સંધિવિચ્છેદ :**सुमनाःयथा । स्यात् वीतमन्युः गौतमः मा अभि । मा अभिवदेत् ।
प्रतीतः एतत् ।

**અન્વય :**(हे) मृत्यो, गौतमः मा अभि शान्तसङ्कल्पः सुमनाः वीतमन्युः यथा स्यात्(तथा) त्वत्प्रसृष्टं मा प्रतीतः अभिवदेत् । एतत् त्रयाणां प्रथमं वरं वृणे ।

**શબ્દાર્થ :**गौतमः *ગૌતમવંશમાં ઉત્પન્ન ઉદ્દાલક,* मा अभि *મારા પ્રત્યે,* शान्तसङ्कल्पः *શાન્ત સંકલ્પવાળા,* सुमनाः *પ્રસન્નચિત્ત,* वीतमन्युः *ક્રોધરહિત,* त्वत्प्रसृष्टं *તમારાથી મોકલવામાં આવેલો,* मा प्रतीतः *મારા પર વિશ્વસ્ત બનીને,* अभिवदेत्*સંભાષણ કરે.*

**અનુવાદ :** *હે મૃત્યુદેવ, જે રીતે મારા પિતા ગૌતમવંશીય ઉદ્દાલક મારા પ્રત્યે શાન્ત સંકલ્પવાળા, પ્રસન્નચિત્ત અને ક્રોધરહિત થઈને તમારાથી પાછો મોકલાયેલા મને પહેલાંની જેમ જ વિશ્વાસપૂર્વક ઓળખી લઈને મારી સાથે વાતચીત કરે એવું હું ત્રણ વરદાનોમાંથી પહેલું વરદાન માગું છું.*

**વિમર્શ :** *ઉદ્દાલક મુનિએ ક્રોધને વશ થઈને નચિકેતાને મૃત્યુને આપી દીધો હતો. પછી જ્યારે તેમના પોતાના કર્મનો પસ્તાવો થયો ત્યારે તેઓ ખૂબ દુઃખી થયા હતા. પિતાના ચિત્તની પ્રસન્નતા માટે પહેલું વરદાન માગીને નચિકેતા પુત્રધર્મ બજાવે છે. તે માગે છે કે મારા પિતાનો ક્રોધ શાન્ત થાય, તેમના ચિત્તનો ઉદ્વેગ શમી જાય. હું જ્યારે પૃથ્વી પર જાઉં ત્યારે તેઓ મને પહેલાંની જેમ જ ઓળખીને પૂર્વવત્ સ્વીકારે અને મારી સાથે સંભાષણ કરે. મૃત્યુના ઘરે ગયા પછી કોઈ ક્યારેય પાછું આવતું નથી એ*

*જગતનું સનાતન સત્ય છે. મૃત્યુના દ્વારેથી પાછો આવેલો પુત્ર પોતાનો તે જ પુત્ર છે એવી પ્રતીતિ થાય અને તેમના ચિત્તનો ઉદ્વેગ શાન્ત થાય એ માટે નચિકેતા આ વરદાન માગે છે. એક રીતે જોઈએ તો નચિકેતા પિતાના ચિત્તમાં પોતે કરેલ અપરાધના ભાવનું સદાય માટે નિર્મૂલન ઈચ્છે છે જેથી ક્યારેય તેમના મનમાં પુત્રને પોતે મૃત્યુને આપ્યો હતો એવો ભાવ રહે નહિ. અપરાધભાવની વિસ્મૃતિ પણ એક વરદાન છે. મૃત્યુને સોંપનાર પિતા પ્રત્યે પણ નચિકેતાના હૃદયમાં પડેલી ઉચ્ચ ભાવનાનું અહીં દર્શન થાય છે.*

**यथा पुरस्ताद् भविता प्रतीत**

**औद्दालकिरारुणिर्मत्प्रसृष्टः ।**

**सुखँ रात्रीः शयिता वीतमन्युः**

**त्वां ददृशिवान्मृत्युमुखात् प्रमुक्तम् ॥ ११॥**

**સંધિવિચ્છેદ :**पुरस्तात् भविता । औद्दालकिः आरुणिः मत्प्रसृष्टः ।

**અન્વય :**त्वां मृत्युमुखात् प्रमुक्तं ददृशिवान् मत्प्रसृष्टः आरुणिः औद्दालकिः यथा पुरस्तात्प्रतीतः वीतमन्युश्च भविता रात्रीः सुखं शयिता ।

**શબ્દાર્થ :**प्रमुक्तं *છૂટા થયેલાને* ददृशिवान्*જોઈને*, मत्प्रसृष्टः *મારાથી પ્રેરિત થયેલો*, आरुणिः औद्दालकिः *અરુણપુત્ર ઉદ્દાલક*, पुरस्तात्*પહેલાં*, प्रतीतः *વિશ્વસ્ત બનેલો*, वीतमन्युः*ક્રોધરહિત*, भविता *થઈ જશે*. सुखं शयिता *સુખપૂર્વક ઊંઘશે.*

**અનુવાદ :** *તને મૃત્યુના મુખમાંથી પાછો ફરેલો જોઈને મારી પ્રેરણાથી તારા પિતા આરુણિ ઉદ્દાલક પહેલાંની જેમ જ તને પુત્ર તરીકે ઓળખી જશે અને ક્રોધરહિત બની જશે અને સુખપૂર્વક રાતે સૂઈ શકશે.*

**વિમર્શ :** *યમરાજે વરદાન આપ્યું કે પહેલાં જે રીતે તારા પિતાની બુદ્ધિ તારા પ્રત્યે વહાલભરી હતી એમ જ તેઓ તું અહીંથી ગયા પછી તારી સાથે વ્યવહાર કરશે. મારી પ્રેરણાથી મૃત્યુના મુખમાંથી પાછો ફરેલા તને તેઓ પહેલાંની જેમ જ ઓળખી જશે. તેમનો ક્રોધ શાન્ત થઈ ગયો હશે અને તેઓ પૂર્વની માફક નિરાંતે રાતે ઊંઘી શકશે. પિતા પ્રત્યેની નચિકેતાના પૂજ્યભાવને યમરાજ બરાબર સમજી ગયા હોય એમ તેઓ તેની બધી જ માગણીઓ સ્વીકારી લે છે.*

**स्वर्गे लोके न भयं किञ्चनास्ति न तत्र त्वं न जरया बिभेति ।**

**उभे तीर्त्वाऽशनायापिपासे शोकातिगो मोदते स्वर्गलोके ॥ १२॥**

**સંધિવિચ્છેદ :**किञ्चन अस्ति । तीर्त्वा अशनायापिपासे । शोकातिगः मोदते ।

**અન્વય :**स्वर्गे लोके किञ्चन भयं न अस्ति । तत्र त्वम् न, जरया न बिभेति । उभे अशनायापिपासेतीर्त्वा शोकातिगः स्वर्गलोके मोदते ।

**શબ્દાર્થ :**किञ्चन भयं *કોઈ પ્રકારનો ભય,* जरया न बिभेति *ઘડપણથી ભય નથી.* अशनायापिपासे *ભૂખ અને તરસ,* तीर्त्वा *પાર કરીને,* शोकातिगः *શોકને પાર કરીને,* मोदते *આનન્દ ભોગવે છે.*

**અનુવાદ :** *સ્વર્ગલોકમાં કોઈ પ્રકારનો ભય નથી. ત્યાં તમે પણ નથી, વૃદ્ધાવસ્થાનો પણ ભય નથી. ભૂખ અને તરસ આ બન્નેને પાર કરીને શોકથી પાર થઈને (મનુષ્ય) ત્યાં આનન્દને પ્રાપ્ત કરે છે.*

**વિમર્શ :** *હવે નચિકેતા સ્વર્ગના સાધનભૂત અગ્નિને જાણવા માગે છે. તેથી તે સ્વર્ગના મહિમાને વર્ણવે છે. સ્વર્ગલોકને પામનારો વ્યક્તિને કોઈ પ્રકારનો ભય રહેતો નથી. સાંસારિક મનુષ્યને દુઃખ, રોગ, ઘડપણ, મરણ જેવા અનેક ભયો સતાવે છે, પણસ્વર્ગમાં આવા પ્રકારના કોઈ જ ભય નથી. ભૂખ અને તરસની વેદનાથી પણ સ્વર્ગલોક મુક્ત છે. બધા જ પ્રકારના શોકને તરી જઈને મનુષ્ય સ્વર્ગમાં આનન્દને ભોગવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વર્ગમાં અખૂટ આનન્દનો ભંડાર છે. જો કે સ્વર્ગીય આનન્દ ચિરકાલીન જરૂર છે પણ શાશ્વત નથી એ યાદ રાખવું રહ્યું.*

**स त्वमग्निँ स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि त्वँ श्रद्दधानाय मह्यम् ।**

**स्वर्गलोका अमृतत्वं भजन्त एतद् द्वितीयेन वृणे वरेण ॥ १३॥**

**સંધિવિચ્છેદ :**सः त्वम् अग्निम् । स्वर्ग्यम् अध्येषि । स्वर्गलोकाः अमृतत्वम् । भजन्ते एतत् द्वितीयेन ।

**અન્વય :**(हे) मृत्यो स त्वं स्वर्ग्यं अग्निम् अध्येषि । त्वं मह्यं श्रद्धानाय प्रब्रूहि । स्वर्गलोकाः अमृतत्वं भजन्ते । एतत् द्वितीयेन वरेण वृणे ।

**શબ્દાર્થ :**स्वर्ग्यं अग्निम् *સ્વર્ગપ્રાપ્તિ કરાવનાર અગ્નિ,* अध्येषि *તમે જાણો છો.* मह्यं श्रद्धानाय *શ્રદ્ધાળુ એવા મને,* प्रब्रूहि *સારી રીતે કહો.* अमृतत्वं भजन्ते *અમરત્વને પામે છે.* वृणे *હું માગું છું.*

**અનુવાદ :** *હે મૃત્યુ, તમે સ્વર્ગપ્રાપ્તિના સાધનરૂપ અગ્નિને જાણો છો. મારા જેવા શ્રદ્ધાળુને તે સારી રીતે સમજાવો. સ્વર્ગને પામનારા લોકો અમરત્વને પામે છે. હું બીજા વરદાનથી આ માગું છું.*

**વિમર્શ :** *બીજા વરદાનમાં નચિકેતાએ સ્વર્ગ્ય અગ્નિવિદ્યા શીખવાની ઈચ્છા કરી છે. સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અગ્નિને યમરાજા સારી રીતે જાણતા હોઈ એમની પાસેથી શ્રદ્ધાભાવે આ વિદ્યા મેળવવા તે માગણી કરે છે. સ્વર્ગની પ્રાપ્તિ કરનાર મનુષ્યને મરણનો ભય રહેતો નથી. તે અમરત્વને પામે છે. અમરતાની પ્રાપ્તિની અભિલાષાથી નચિકેતા અગ્નિવિદ્યાની માગણી કરે છે.*

**प्र ते ब्रवीमि तदु मे निबोध स्वर्ग्यमग्निं नचिकेतः प्रजानन् ।**

**अनन्तलोकाप्तिमथो प्रतिष्ठां विद्धि त्वमेतं निहितं गुहायाम् ॥ १४॥**

**સંધિવિચ્છેદ :**तत् उ। स्वर्ग्यम् अग्निम्। अनन्तलोकाप्तिम् अथो। त्वमे तम्।

**અન્વય :**(हे) नचिकेतः स्वर्ग्यम् अग्निं प्रजानन् ते प्र ब्रवीमि। तत् उ मे निबोध। त्वम् एतम् अनन्तलोकाप्तिं प्रतिष्ठाम् अथो गुहायां निहितं विद्धि।

**શબ્દાર્થ :**प्रजानन् *સારી રીતે જાણનારો,* प्र ब्रवीमि *સારી રીતે કહું છુ.* तत् उ मे निबोधतेने *મારી પાસેથી જાણી લે.* अनन्तलोकाप्तिं *અનન્તલોકની પ્રાપ્તિ કરાવનાર,* प्रतिष्ठाम् *આધારરૂપ,* अथोअने, गुहायां *બુદ્ધિરૂપી ગુફામાં,* निहितं *છુપાયેલું,* विद्धि *તું જાણ.*

**અનુવાદ :** *હે નચિકેતા, સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર વિદ્યા હું તને સારી રીતે કહું છું. તું મારી પાસેથી એ વિદ્યાને સારી રીતે જાણી લે. એ અગ્નિને તું અનન્તલોકની પ્રાપ્તિ કરાવનાર, તેના આધારરૂપ અને બુદ્ધિરૂપી ગુફામાં રહેલ જાણ.*

*વિમર્શ : સત્પાત્રને આપેલી વિદ્યા ફળદાયક બને છે એમ સમજીને યમરાજે નચિકેતાને સ્વર્ગ્ય અગ્નિવિદ્યા આપવાની ઈચ્છા કરી. તેમણે કહ્યું કે હું અગ્નિવિદ્યાનો મર્મજ્ઞ છું. આ વિદ્યાના અનુષ્ઠાનથી સ્વર્ગનાં સુખો ચિરકાળ સુધી પ્રાપ્ત થાય છે. વિરાટરૂપથી તે અગ્નિ જગતનો આશ્રય છે. તે વિદ્વાન લોકોની બુદ્ધિરૂપી ગુફામાં રહેલ છે. એકાગ્ર ચિત્તથી તેને જાણી લેવા યમરાજ નચિકેતાને ઉપદેશ આપે છે.*

**लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा यथा वा।**

**स चापि तत्प्रत्यवदद्यथोक्तंअथास्य मृत्युः पुनरेवाह तुष्टः ॥ 15॥**

**સંધિવિચ્છેદ :**लोकादिम् अग्निम्। तम् उवाच। याः इष्टकाः यावतीः वा। च अपि। प्रत्यवदत् यथोक्तम्। अथ अस्य। पुनः एव आह।

**અન્વય :**तं लोकादिम् अग्निंतस्मै उवाच। याः इष्टकाः यावतीः वा यथा वा। सः च अपि यथोक्तंतत् प्रत्यवदत्। अथ अस्य तुष्टः मृत्युः पुनः एवम् आह।

**શબ્દાર્થ :**तं लोकादिम् *તે સ્વર્ગલોકના કારણરૂપ,* याः इष्टकाः *જે ઈંટો,* यावतीः *જેટલી સંખ્યામાં (ઈંટો),* यथा *જે રીતે તેમનું ચયન થાય તે,* यथोक्तम्*જે રીતે કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે,* प्रत्यवदत्*સામે કહી સંભળાવ્યું.* तुष्टः *પ્રસન્ન થયેલો*

**અનુવાદ :** *સ્વર્ગાદિ લોકના કારણરૂપ તે અગ્નિ વિષે યમરાજે તેને કહ્યું. તેમાં જેવી અને જેટલી ઈંટોની આવશ્યકતા હોય છે અને જે રીતે તેનું ચયન કરવામાં આવે છે તે બધું કહ્યું. તે નચિકેતાએ પણ તે જ પ્રમાણે યમરાજને કહી સંભળાવ્યું. આથી તેના પર પ્રસન્ન થઈને ફરીથી મૃત્યુના દેવ યમરાજે કહ્યું.*

**વિમર્શ :** *સ્વર્ગલોકનું મૂળ કારણ અગ્નિ છે. તેમાં હવન કરવાથી સૃષ્ટિ થાય છે. તેથી લોક અથવા સૃષ્ટિનું કારણ તે અગ્નિ છે. અગ્નિ માટે કુંડ વગેરેના નિર્માણ માટે જેટલી અને જેવી ઈંટોની જરૂર પડે છે તથા એ અગ્નિનું ચયન કરવાની જેવી વિધિ છે તે પણ એમણે નચિકેતાને શીખવી દીધી. નચિકેતા કુશાગ્રબુદ્ધિ શિષ્ય હતો. ગુરુ યમદેવે જે પ્રમાણે તેને અગ્નિવિદ્યા આપી તેને તરત જ એ જ રીતે તે ફરીથી બોલી ગયો. પોતે*

*શીખવેલી વિદ્યાને આ રીતે સંપૂર્ણપણે ગ્રહણ થયેલી જોઈને યમરાજ વિશેષ પ્રસન્ન થયા અને નચિકેતાને એક વધુ વરદાન આપવાની ઈચ્છા કરી.*

**तमब्रवीत् प्रीयमाणो महात्मा वरं तवेहाद्य ददामि भूयः ।**

**तवैव नाम्ना भविताऽयमग्निः सृङ्कां चेमामनेकरूपां गृहाण ॥ १६॥**

**સંધિવિચ્છેદ :**तम्अब्रवीत्। प्रीयमाणः महात्मा । तव इह अद्य । तव एव । भविता अयम् अग्निः । च इमाम अनेकरूपाम् ।

*અન્વય :* प्रीयमाणः महात्मा तम् अब्रवीत् । अद्य तव इहभूयः वरं ददामि । अयं अग्निः तव एव नाम्ना भविता । इमां च अनेकरूपां सृङ्कां गृहाण ।

**શબ્દાર્થ :**प्रीयमाणः *પ્રસન્ન થયેલા,* भूयः *ફરીથી,* नाम्ना *નામથી,* भविता *બનશે, ઓળખાશે.* अनेकरूपां सृङ्कां *અનેકરૂપોવાળી માળા,* गृहाण *તું સ્વીકાર કર.*

**અનુવાદ :** *પ્રસન્ન થયેલા મહાત્મા યમે તેને કહ્યું. ''આજે હું તને અહીં ફરી એક વધુ વરદાન આપું છું. આ અગ્નિ તારા નામથી ઓળખાશે. અને તું આ અનેક રૂપવાળી આ માળાને ગ્રહણ કર.''*

**વિમર્શ :** *નચિકેતાએ યમરાજ પાસેથી અગ્નિવિદ્યા એ જ સ્વરૂપમાં તેમની સમક્ષ કહી સંભળાવી એટલે શિષ્યની પ્રતિભાથી પ્રસન્ન થઈને યમરાજે વગર માગ્યે એક વધુ વરદાન આપી દીધું. તેમણે કહ્યું કે નચિકેતા દ્વારા કહેવામાં આવેલી આ વિદ્યા હવેથી નચિકેતાના નામથી ઓળખાશે. ત્યારથી આ અગ્નિવિદ્યા નાચિકેત અગ્નિવિદ્યા તરીકે જાણીતી બની છે. યમે તેને આપેલી અનેક રૂપોવાળી માળા અંગે મતભેદ છે. તેમાં નીલ, પીત એવ વિવિધ વર્ણો હશે. માળાનો અર્થ 'જ્ઞાનમાળા' પણ કરવામાં આવે છે. કેટલાક અહીં રત્નમાળા એવો અર્થ પણ સ્વીકારે છે.*

**त्रिणाचिकेतस्त्रिभिरेत्य सन्धिं त्रिकर्मकृत्तरति जन्ममृत्यू ।**

**ब्रह्मजज्ञं देवमीड्यं विदित्वा निचाय्येमाँ शान्तिमत्यन्तमेति ॥17॥**

**સંધિવિચ્છેદ :**त्रिणाचिकेतः त्रिभिः एत्य । देवम् ईड्यम् । निचाय्य इमाम् । शान्तिम् अत्यन्तम् एति ।

**અન્વય :**त्रिणाचिकेतः त्रिभिः सन्धिम् एत्य त्रिकर्मकृत्‌जन्ममृत्यू तरति । ब्रह्मजज्ञं ईड्यं देवं विदित्वा निचाय्य इमाम् अत्यन्तं शान्तिम् एति ।

**શબ્દાર્થ :**त्रिणाचिकेतः *ત્રણ વાર નાચિકેત અગ્નિનું અનુષ્ઠાન કરનારો,* त्रिभिः सन्धिम् एत्य *ત્રણેય સાથે સંબંધ પામીને,* त्रिकर्मकृत्‌*ત્રણ પ્રકારનું કર્મ કરનારો,* जन्ममृत्यू*જન્મ અને મરણને,* तरति *પાર કરી જાય છે.* ब्रह्मजज्ञं *બ્રહ્માથી ઉત્પન્ન સૃષ્ટિને જાણનારો,* ईड्यं देवं *સ્તુત્ય દેવને,* विदित्वा *જાણીને,* निचाय्य *ચયન કરીને*

**અનુવાદ :** *ત્રણ વખત નાચિકેતસ અગ્નિનું અનુષ્ઠાન કરનારો, (માતા, પિતા અને આચાર્ય એમ) ત્રણેય સાથે સંબંધ સ્થાપીને (યજ્ઞ, અધ્યયન અને દાન એમ) ત્રણ*

*પ્રકારનાં કર્મ કરનારો જન્મ અને મૃત્યુને પાર કરી જાય છે. બ્રહ્માથી ઉત્પન્ન સૃષ્ટિને જાણનાર તે સ્તુત્ય દેવને જાણીને અને તેનું ચયન કરીને આ અત્યન્ત શાન્તિને પ્રાપ્ત કરે છે.*

**વિમર્શ :** *નાચિકેત અગ્નિના ચયનનું ફળ આ મન્ત્રમાં બતાવ્યું છે. જે ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કરે છે તેને ત્રિણાચિકેત કહે છે. ત્રણ વાર નાચિકેત અગ્નિનું ચયન કરનારો માતા, પિતા અને આચાર્ય એમ ત્રણ સાથે પોતાનું સન્ધાન પ્રાપ્ત કરે અને યજ્ઞ, અધ્યયન અને દાન એવા ત્રણ પ્રકારનાં કર્મ કરે ત્યારે તે જન્મ અને મૃત્યુને પાર કરી લે છે.* त्रिभिः सन्धिं कृत्वा *એમાં માતા, પિતા અને આચાર્ય ઉપરાંત વેદ, સ્મૃતિ અને શિષ્ટ પુરુષો કે પ્રત્યક્ષ, અનુમાન અને આગમનો પણ સમાવેશ કરી શકાય એવો શાંકરભાષ્યમાં નિર્દેશ થયો છે.નાચિકેત અગ્નિ સ્તુત્યદેવ છે. તે બ્રહ્મજજ્ઞ છે અર્થાત્ બ્રહ્મા કે હિરણ્યગર્ભથી ઉત્પન્ન થયેલ હોઈ બ્રહ્મજ છે અને જે બ્રહ્મજ છે એને જાણનારો પણ છે. તેને શાસ્ત્રબુદ્ધિથી જોઈને કે ચયન કરીને મનુષ્ય આત્યન્તિક શાન્તિને પામે છે.*

**त्रिणाचिकेतस्त्रयमेतद्विदित्वा य एवं विद्वाँश्चिनुते नाचिकेतम् ।**

**स मृत्युपाशान् पुरतः प्रणोद्य शोकातिगो मोदते स्वर्गलोके ॥ 18॥**

**સંધિવિચ્છેદ :**त्रिणाचिकेतःत्रयम् एतत् विदित्वा । यः एवम् । विद्वान् चिनुते । सः मृत्युपाशान् । शोकातिगः मोदते ।

**અન્વય :**एतत् त्रयं विदित्वा त्रिणाचिकेतः यः एवं विद्वान्नाचिकेतं चिनुते, सः मृत्युपाशान् पुरतः प्रणोद्य शोकातिगः स्वर्गलोके मोदते ।

**શબ્દાર્થ :**एतत् त्रयं *ઈંટોનું સ્વરૂપ, સંખ્યા અને અગ્નિચયનનો વિધિ એ ત્રણેય વાતોને,* एवं विद्वान्*આ પ્રમાણે જાણનારો,* चिनुते*ચયન કરે છે.* पुरतः प्रणोद्य *પોતાની આગળ જ કાપી નાખીને,* शोकातिगः *શોકથી તરી જઈને,* मोदते *આનંદ અનુભવે છે.*

**અનુવાદ :** *ઈંટોનું સ્વરૂપ, સંખ્યા અને અગ્નિચયનનો વિધિ એમ ત્રણેય વાતોને જાણીને જે જ્ઞાની પુરુષ નાચિકેત અગ્નિવિદ્યાનું ત્રણ વખત અનુષ્ઠાન કરે છે તે શરીર પડતાં પહેલાં જ જન્મ-મૃત્યુના પાશને તોડી નાખીને શોકરહિત થઈને આનન્દનો અનુભવ કરે છે.*

**વિમર્શ :** *નાચિકેત અગ્નિનું ચયન કરનારે તેમાં જેટલી અને જેવી ઈંટો હોવી જોઈએ અને જેવી રીતે અગ્નિનું ચયન કરવું જોઈએ એ ત્રણ વાતોને સમજી લેવી જોઈએ. આ ત્રણેય વાતોને બરાબર સમજી લેનારો જ્ઞાની પુરુષ ત્રણ વાર નાચિકેત અગ્નિનું ચયન કરે છે અને તેની સાધના કરે છે. તે પોતાનું શરીર હયાત હોય ત્યાં જ મૃત્યુનાં બંધનોનો ત્યાગ કરીને તમામ પ્રકારના દુઃખોથી મુક્ત થઈ જાય છે. તેને કોઈ પ્રકારે શોકનું કારણ રહેતું નથી. તે સ્વર્ગલોકમાં પ્રાપ્ત થનાર આનંદનો અનુભવ કરે છે.*

**एष तेऽग्निर्नचिकेतः स्वर्ग्यो यमवृणीथा द्वितीयेन वरेण ।**

**एतमग्निं तवैव प्रवक्ष्यन्ति जनासः तृतीयं वरं नचिकेतो वृणीष्व ॥ १९॥**

**સંધિવિચ્છેદ :**एषः ते अग्निः नचिकेतः । स्वर्ग्यः यम् अवृणीथाः । एतम् अग्निम् । तव एव । नचिकेतः वृणीष्व ।

**અન્વય :**(हे) नचिकेतः एषः ते स्वर्ग्यः अग्निः यं द्वितीयेन वरेण अवृणीथाः । जनासः एतम् अग्निम् तव एव (नाम्ना) प्रवक्ष्यन्ति । तृतीयं वरं वृणीष्व ।

**શબ્દાર્થ :**स्वर्ग्यः अग्निः *સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારો અગ્નિ,* अवृणीथाः *તેં વરણ કર્યું હતું.* जनासः *લોકો,* प्रवक्ष्यन्ति *કહ્યા કરશે.*

**અનુવાદ :** *હે નચિકેતા, તેં બીજા વરસદાનથી જેની માગણી કરી હતી તે આ સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર અગ્નિવિદ્યા મેં તને આપી છે. લોકો આ અગ્નિને તારા જ નામથી સંબોધશે. હવે તું ત્રીજું વરદાન માગી લે.*

**વિમર્શ :** *નચિકેતાને બીજા વરદાન તરીકે આપેલ સ્વર્ગ્ય અગ્નિવિદ્યા અંગેનો ઉપસંહાર આ મન્ત્રમાં કરવામાં આવ્યો છે. નચિકેતાની પ્રતિભાથી યમરાજ એટલા તો પ્રસન્ન થયા કે તેમણે આ અગ્નિને નચિકેતાનું નામ આપ્યું અને કહ્યું કે હવે પછીથી આ અગ્નિ 'નાચિકેત અગ્નિ' તરીકે લોકમાં પ્રસિદ્ધ થશે. નચિકેતાને બે વરદાન અપાઈ ગયા હોય યમરાજ એને ત્રીજા વરદાનનું વરણ કરવા કહે છે.*

**येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके ।**

**एतद्विद्यामनुशिष्टस्त्वयाऽहं वराणामेष वरस्तृतीयः ॥ 20॥**

**સંધિવિચ્છેદ :**या इयम् । मनुष्ये अस्ती इति एके । न अयम् अस्ति इति । च एके । एतत् विद्याम् अनुशिष्टः त्वया अहम् । वराणाम् एषः वरः तृतीयः ।

**અન્વય :** प्रेते मनुष्ये या इयं विचिकित्सा, एके अयम् अस्ति इति, एके च (अयम्) न अस्ति इति (वदन्ति) । त्वया अनुशिष्टः एतत् विद्याम्, वराणाम् एषः तृतीयः वरः।

**શબ્દાર્થ :**प्रेते मनुष्ये *મૃત્યુ પામેલા મનુષ્યના વિષયમાં,* या इयं *જે આ,* विचिकित्सा*સંશય,* एके *કોઈક લોકો,* त्वया अनुशिष्टः *તમારાથી ઉપદેશ પામેલો,* विद्याम् *હું જાણી લઉં*

**અનુવાદ :** *મૃત્યુ પામેલા મનુષ્યના વિષયમાં એવો સંશય રહે છે કોઈ કહે છે કે આ (આત્મા) રહે છે અને કોઈ કહે છે કે આ (આત્મા) રહેતો નથી. આપના ઉપદેશથી હું તેને જાણી લઉં. ત્રણ વરદાનમાંનું આ મારું ત્રીજું વરદાન છે.*

**વિમર્શ :** *પહેલા વરદાનથી પિતાની પ્રસન્નતા અને બીજા વરદાનથી સ્વર્ગની પ્રાપ્તિના સાધનરૂપ અગ્નિની માગણી કર્યા બાદ ત્રીજા વરદાનથી નચિકેતા આત્માના અસ્તિત્વ અંગે જિજ્ઞાસા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો પહેલા બે વરદાનમાં લૌકિક સુખની કામના છે, જ્યારે ત્રીજા વરદાનમાં નિઃશ્રેયસની અભીપ્સા છે. નચિકેતા જાણવા માગે*

*છે કે શરીરના નાશ સાથે આત્માનો પણ નાશ થાય છે કે શરીરના નાશ પછી પછી આત્માનું અસ્તિત્વ રહે છે. આ અંગે કોઈ ચોક્કસ મત પ્રાપ્ત થતો નથી, કેમ કે અમુક માને છે કે શરીરની સાથે આત્મા પણ નષ્ટ થાય છે જ્યારે અમુકના મતે આત્મા નાશ પામતો નથી.*

**देवैरत्रापि विचिकित्सितं पुरा न हि सुविज्ञेयमणुरेष धर्मः ।**

**अन्यं वरं नचिकेतो वृणीष्व मा मोपरोत्सीरति मा सृजैनम् ॥ 21॥**

**સંધિવિચ્છેદ :**देवैः अत्र अपि ।सुविज्ञेयम् अणुः एषः धर्मः । नचिकेतः वृणीष्य । मा उपरोत्सीः अति । सृज एनम् ।

**અન્વય :**अत्र देवैः अपि पुरा विचिकित्सितम् । हि एषः अणुः धर्मः, नसुविज्ञेयम् । (हे) नचिकेतः अन्यं वरं वृणीष्व । मा मा उपरोत्सीः । एनम् मा (मां प्रति) अति सृज ।

**શબ્દાર્થ :**अत्र*આ વિષયમાં,* पुरा *અગાઉ,* विचिकित्सितम् *સંદેહ કર્યો હતો.* अणुः धर्मः*સૂક્ષ્મ જ્ઞાન,* नसुविज्ञेयम् *સરળતાથી સમજાય નહિ એવું,* मा मा उपरोत्सीः *મારા પર દબાણ કરીશ નહિ.* एनम् मा *આ વરદાન મને,* अति सृज *પાછું આપી દે.*

**અનુવાદ :** *આ વિષયમાં અગાઉ દેવતાઓ પણ સંદેહને પામ્યા હતા કારણ કે આ સૂક્ષ્મ ધર્મ છે અને તે સહેલાઈથી સમજી શકાય એવો નથી. હે નચિકેતા, તું કોઈ બીજું વરદાન માગી લે. મારા પર તું દબાણ કરીશ નહિ. આ વરદાન તું મને પાછું આપી દે.*

**વિમર્શ :** *યમરાજ નચિકેતના પ્રશ્નનો ઉત્તર આપવા માગતા નથી એટલે આ ત્રીજું વરદાન છોડી દેવા કહે છે. નચિકેતાએ જે પ્રશ્ન પૂછ્યો તે અસાધારણ છે. આ વિષયમાં દેવો પણ સ્પષ્ટ નથી. તેઓ પણ આ બાબતે સંદેહને પામ્યા છે. આત્માને લગતું જ્ઞાન એ અત્યન્ત સૂક્ષ્મ છે. તે સરળતાથી સમજી શકાય એવું નથી. તેથી પોતાનું આ વરદાન છોડી દઈને અન્ય કોઈ વરદાન માગવા યમરાજ નચિકેતાને કહે છે. દુરાગ્રહ કે દબાણ કરીને નચિકેતા પોતાની વાતને વળગી ન રહે અને કોઈ નવું વરદાન માગી લે એવી એમની ઈચ્છા છે. આપણે અગાઉ જોયું હતું કે નચિકેતાએ જે રીતે અગ્નિવિદ્યાને આત્મસાત્ કરી એનાથી યમરાજ ખૂબ પ્રસન્ન થઈ ગયા હતા અને વગર માગ્યે એક વધુ આનુષંગિક વરદાન આપ્યુ હતું. પણ નચિકેતાના ત્રીજા વરદાનથી તેઓ એકદમ સાવધાન થઈ જાય છે અને આ વરદાનને બદલે કોઈ અન્ય વરદાન માગવા તેને જણાવે છે.*

**देवैरत्रापि विचिकित्सितं किल त्वं च मृत्यो यन्न सुज्ञेयमात्थ ।**

**वक्ता चास्य त्वादृगन्यो न लभ्यो नान्यो वरस्तुल्य एतस्य कश्चित् ॥ 22॥**

**સંધિવિચ્છેદ :**देवैः अत्र अपि । यत् न । सुज्ञेयम् आत्थ । च अस्य । त्वादृक् अन्यः न । लभ्यः न अन्यः वरः तुल्यः एतस्य ।

**અન્વય :**(हे) मृत्यो अत्र देवैः अपि विचिकित्सितं किल यत् त्वं च न सुविज्ञेयम् आत्थ । अस्य वक्ता च त्वादृक्, अन्यः न लभ्यः । (अतः) एतस्य तुल्यः अन्यः कश्चित् वरः न अस्ति ।

**શબ્દાર્થ :**देवैः अपि विचिकित्सितं *દેવોએ પણ સંદેહ કર્યો હતો.* किल *ખરેખર,* आत्थ*તમે કહ્યું છે.* वक्ता *ઉપદેશક, કહેનાર,* त्वादृक् *તમારા જેવો*

**અનુવાદ :** *હે યમરાજ, ખરેખર તમે જ કહ્યુ કે આ વિષયમાં દેવતાઓને પણ સંદેહ થયો હતો અને આ વિષય સહેલાઈથી સમજી શકાય એવો નથી. આ વિષયના વક્તા આપના સમાન અન્ય કોઈ મળી શકે એમ નથી. એટલે આના જેવું બીજું કોઈ વરદાન નથી.*

**વિમર્શ :** *અગાઉના મન્ત્રમાં યમરાજાએ જે દલીલથી વરદાન છોડી દેવા નચિકેતાને સમજાવ્યો હતો એ જ દલીલોને આગળ કરીને નચિકેતા પોતાના વરદાનનું મહત્ત્વ દર્શાવે છે. દેવો પણ આ વિષયમાં સંદેહ ધરાવતા હતા અને ચોક્કસ નિર્ણય કરી શકતા ન હતા અને આ વિષય સહેલો નથી એવી બે દલીલો યમરાજે આપી હતી. નચિકેતા આ બન્ને વાતોને આગળ કરીને કહે છે કે દેવો પણ જ્યાં સંશય પામે અને જે સુવિજ્ઞેય વિષય ન હોય તેનું જ્ઞાન તમારા જેવો અન્ય કોઈ વક્તા આપી શકે જ નહિ. તમે આ વિષયનો ઉપદેશ આપવા માટે યોગ્ય છો. હું અન્ય કોઈ પાસેથી આનો ઉત્તર મેળવી શકું એમ નથી. એટલે આના જેવું બીજું કોઈ વરદાન નથી. નચિકેતા પોતાની તર્કબુદ્ધિથી યમરાજને વરદાન આપવા માટે બાધ્ય કરવાનો પ્રયત્ન કરે છે. તેને પોતાનો આગ્રહ છોડી દેવા યમરાજ પ્રલોભન આપવાનો માર્ગ અપવાને છે તે હવે પછી જોઈ શકાય છે.*

**शतायुषः पुत्रपौत्रान्वृणीष्व बहून्पशून् हस्तिहिरण्यमश्वान् ।**

**भूमेर्महदायतनं वृणीष्व स्वयं च जीव शरदो यावदिच्छसि ॥ २३॥**

**સંધિવિચ્છેદ :**हस्तिहिरण्यम् अश्वान्। भूमेः महत् आयतनम् । शरदः यावत् इच्छसि ।

**અન્વય :**शतायुषः पुत्रपौत्रान् वृणीष्व । बहून् पशून् हस्तिहिरण्यम् अश्वान् भूमेः महत् आयतनं वृणीष्व। स्वयं च यावत् शरदः इच्छसि (तावत) जीव ।

**શબ્દાર્થ :**शतायुषः पुत्रपौत्रान् *સો વર્ષના આયુષ્યવાળા પુત્ર-પૌત્રાદિને,* बहून् पशून्*અને પશુઓને,* हस्तिहिरण्यम्*હાથી અને સોનાને,* अश्वान् *ઘોડાઓને,* भूमेः महत् आयतनं *ભૂમિના માટા વિસ્તારને,* यावत् शरदः *જેટલાં વર્ષો સુધી*

**અનુવાદ :** *તું સો વર્ષના આયુષ્યવાળા પુત્ર-પૌત્રોને, અનેક પ્રકારનાં પશુઓને, હાથી અને સુવર્ણને, ઘોડાઓને અને ભૂમિના વિશાળ વિસ્તારને માગી લે. તું પોતે પણ જેટલાં વર્ષો સુધી જીવવાની ઈચ્છા રાખ એટલાં વર્ષો જીવ.*

**વિમર્શ :** *આત્મજ્ઞાન અંગેનું પોતાનું વરદાન છોડીને અન્ય સુખોપભોગની સામગ્રી માગી લેવા યમરાજ નચિકેતાને આગ્રહ કરે છે. તેના ત્રીજા વરદાનના બદલે વિવિધ વસ્તુઓની તેઓ યાદી રજૂ કરે છે. જેમ કે, સો વર્ષનું આયુષ્ય ધરાવતા પુત્રો અને પૌત્રો, ગાય વગેરે અનેક પશુઓ, હાથીઓ, સોનું, ઘોડાઓ, વિસ્તૃત ભૂમંડળ વગેરે. નચિકેતાને પોતાને પણ જેટલી શરદ ઋતુઓ સુધી જીવવાની કામના હોય તેટલાં વર્ષોનું દીર્ઘાયુ આપવા યમરાજ સંમત છે. સામાન્ય મનુષ્ય પોતાને લાંબું આયુષ્ય, પુત્ર-પૌત્ર અને વિવિધ પ્રકારની ભોગસંપત્તિ મળે એના માટે સતત લાલાયિત રહેતો હોય છે. ઈચ્છામૃત્યુ એ તો માનવજીવનનું સૌથી મોટું સૌભાગ્ય કહેવાય કે મનુષ્ય મૃત્યુના ડરથી મુક્ત રહે અને પોતે ઈચ્છે ત્યારે મરણનું વરણ કરે. આવું અનન્ય વરદાન નચિકેતાને આપવાની યમરાજ પ્રતિજ્ઞા કરે છે.*

**एतत्तुल्यं यदि मन्यसे वरं वृणीष्व वित्तं चिरजीविकां च ।**

**महाभूमौ नचिकेतस्त्वमेधि कामानां त्वा कामभाजं करोमि ॥ 24॥**

**સંધિવિચ્છેદ :** नचिकेतः त्वम् एधि ।

**અન્વય :**यदि एतत् तुल्यं वरं मन्यसे वृणीष्व वित्तं चिरजीविकां च । (हे) नचिकेतः महाभूमौ त्वम् एधि । त्वा कामानां कामभोजं करोमि ।

**શબ્દાર્થ :**वित्तं चिरजीविकां *ધનસંપત્તિ અને ચિરકાળ સુધી રહેનારી આજીવિકાને,* एधि *સમ્રાટ બને.* कामानां कामभोजं *સર્વ ભોગોને ભોગવનાર*

**અનુવાદ :** *એના જેવું અન્ય કોઈ વરદાન તું સમજતો હોય તો ધનસંપત્તિ અને ચિરકાલીન આજીવિકા માગી લે. હે નચિકેતા, તું આ વિશાળ ભૂમિનો સમ્રાટ બન. હું તને તારી મરજી પ્રમાણે સર્વ ભોગોને ભોગવનાર બનીવીશ.*

*વિમર્શ : યમરાજ સત્યસંકલ્પ દેવતા છે. તેઓ પોતે કરેલા સંકલ્પને સત્ય કરવા સમર્થ છે. તેઓ આ મન્ત્રમાં નચિકેતા પોતે માગેલું વરદાન છોડીને તેના તુલ્ય અન્ય કોઈ વરદાન માનતો હોય તો તે પ્રમાણે વરણ કરવા ફરીથી સમજાવે છે. મનુષ્યને રત્ન, સુવર્ણ જેવી ધનસંપત્તિની ખૂબ જ કામના રહેતી હોય છે. ધનની સાથે ચિરકાળ સુધી ટકે એવી આજીવિકા આપવાનો પણ તેઓ સંકલ્પ કરે છે. વિશાળ ભૂમિના સમ્રાટ બનીને તેનું શાસન કરવાની અને પોતાની ઈચ્છા હોય તેવા ભોગોની માગણી કરી લેવા તેઓ જણાવે છે.*

**ये ये कामा दुर्लभा मर्त्यलोके सर्वान् कामाँश्छन्दतः प्रार्थयस्व ।**

**इमा रामाः सरथाः सतूर्या न हीदृशा लम्भनीया मनुष्यैः ।**

**आभिर्मत्प्रत्ताभिः परिचारयस्व नचिकेतो मरणं माऽनुप्राक्षीः ॥ २५॥**

**સંધિવિચ્છેદ :** कामाः दुर्लभाः मर्त्यलोके । कामान् छन्दतः । इमाः रामाः। सतूर्याः न । हि इदृशाः लम्भनीयाः मनुष्यैः। आभिः मत्प्रत्ताभि। नचिकेतः मरणम् । मा अनुप्राक्षीः ।

**અન્વય :**ये ये कामाः मर्त्यलोके दुर्लभाः (तान्) सर्वान् कामान् छन्दतः प्रार्थयस्व । इमाः सरथाः सतूर्याः रामाः, इदृशाः न हि मनुष्यैः लम्भनीयाः । मत्प्रत्ताभिः आभिः परिचारयस्व । (हे) नचिकेतः मरणं मा अनुप्राक्षीः।

**શબ્દાર્થ :**छन्दतः *ઈચ્છા પ્રમાણે,* प्रार्थयस्व *તું માગી લે.* इमाःरामाः*આ સ્વર્ગની સુંદરીઓ,* सरथाः *રથ સાથેની,* सतूर्याः *વાજિંત્રો સાથેની,* इदृशाः *આવી સુંદરીઓ,* नलम्भनीयाः *પ્રાપ્ત થઈ શકતી નથી.* मत्प्रत्ताभिः आभिः *મારાથી આપવામાં આવેલી આ સુંદરીઓથી,* परिचारयस्व *તારી સેવા કરાવ.* मरणं *મરણ અંગે,* मा अनुप्राक्षीः *પૂછીશ નહિ.*

**અનુવાદ :** *મનુષ્યલોકમાં જે જે ભોગો દુર્લભ છે, તે તારી ઈચ્છા પ્રમાણે માગી લે. અહીં રથ અને વાજિંત્રો સાથેની સ્વર્ગની અપ્સરાઓ છે. આવી સુંદરીઓને મનુષ્યો પ્રાપ્ત કરી શકતા નથી. મારા વડે આપવામાં આવેલી આ અપ્સરાઓથી તું તારી સેવા કરાવ. પરંતુ હે નચિકેતા, મરણ અંગેનો પ્રશ્ન પૂછીશ નહિ.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં પણ યમરાજ પ્રલોભન આપીને નચિકેતાને આત્મજ્ઞાન અંગેનો પ્રશ્ન છોડીને મનુષ્યોને દુર્લભ ભોગોનું વરણ કરવા સમજાવે છે. મર્ત્યલોકમાં જે જે ભોગો અત્યન્ત દુર્લભ ગણાય તે તે માગીને સુખોપભોગનો માર્ગ સ્વીકારી લેવા કહે છે. દિવ્ય રથ અને વાજિંત્રો સાથેની સ્વર્ગની સુંદર અપ્સરાઓ મનુષ્યને માટે અસંભવ છે. યમરાજ નચિકેતાને દિવ્યાંગનાઓ સાથે ભોગ ભોગવી લેવા અને પોતાની આત્મજ્ઞાનની માગણી પડતી મૂકવા આ છેલ્લું પ્રલોભન આપે છે. સામાન્યરીતે કોઈ પણ મર્ત્ય મનુષ્ય સ્ત્રીસંબંધી સુખની લાલસાને ત્યજી શકતો નથી. મનુષ્યની આ નબળાઈ સર્વવિદિત છે. યમરાજ પણ તેનો સહારો લઈને નચિકેતાની પરીક્ષા કરી રહ્યા છે.*

**श्वोभावा मर्त्यस्य यदन्तकैतत्सर्वेंद्रियाणां जरयन्ति तेजः ।**

**अपि सर्वं जीवितमल्पमेव तवैव वाहास्तव नृत्यगीते ॥ 26॥**

**સંધિવિચ્છેદ :**श्वोभावाः मर्त्यस्य । यत् अन्तक एतत् । जीवितम् अल्पम् एव । तव एव । वाहाः तव ।

**અન્વય :**(हे) अन्तक (भोगाः) श्वोभावाः मर्त्यस्य सर्वेन्द्रियाणां यत् तेजः (तत्) जरयन्ति । सर्वम् अपि जीवितम् अल्पम् एव । तव वाहाः तव नीत्यगीते एव (तिष्ठन्तु) ।

**શબ્દાર્થ :**अन्तक*હે યમરાજ,* श्वोभावाः *ક્ષણભંગુર (આવતી કાલ સુધી જ રહેનારા),* जरयन्ति *જીર્ણ કરી નાખે છે, ક્ષીણ કરી નાખે છે.* जीवितम् *આયુષ્ય,* तव वाहाः *તમારાં વાહનો,* तव नीत्यगीते, *તમારાં નૃત્ય અને ગીત*

**અનુવાદ :** *હે યમરાજ, આ ભોગો ક્ષણભંગુર છે અને તેઓ બધી ઈન્દ્રિયોના તેજને જીર્ણ કરી નાખે છે. આ સઘળું આયુષ્ય પણ ઘણુ અલ્પ છે. આપનાં વાહન અને નૃત્ય-ગીત આપની પાસે જ રહેવા દો.*

**વિમર્શ :** *નચિકેતા યમરાજના પ્રલોભનોથી બિલકુલ લેપાતો નથી. તે સ્પષ્ટ કહે છે કે તમે અહીં જે જે ભોગોની વાતો કરી તે તો આવતી કાલ સુધી જ ટકે તેવા ક્ષણભંગુર છે. વળી, આ ભોગોને ભોગવવા જતાં મનુષ્યોની બધી ઈન્દ્રિયોનું તેજ જીર્ણ થઈ જાય છે. ભોગો ઈન્દ્રિયોને ખલાસ કરી નાખે છે. અહીં* भोगा न भुक्ता वयमेव भुक्ताः ।*એ ઉક્તિનું સ્મરણ થઈ આવે છે. મનુષ્યનું જીવન ખૂબ થોડું છે. તેમાં જો તે ભોગોમાં લિપ્ત બની જાય તો જીવન ક્યારેય વીતી જાય એનો ખ્યાલ પણ રહેતો નથી. તેથી આવા કોઈ ભોગોની લાલચમાં પડવાને બદલે તે યમરાજને સીધું જ કહે છે કે આપના તે બધાં વાહનો અને નૃત્યગીત આપની પાસે જ ભલે રહ્યા. બાળક નચિકેતાની વાણીમાં ધનુષ્યની ટંકાર જેવો રણકો છે.*

**न वित्तेन तर्पणीयो मनुष्यो लप्स्यामहे वित्तमद्राक्ष्म चेत्त्वा ।**

**जीविष्यामो यावदीशिष्यसि त्वं वरस्तु मे वरणीयः स एव ॥27॥**

**સંધિવિચ્છેદ :**तर्पणीयः मनुष्यःलप्स्यामहे । वित्तम् अद्राक्ष्म । जीविष्यामः यावत् ईशिष्यसि। वरः तु । सः एव ।

**અન્વય :**मनुष्यः वित्तेन न तर्पणीयः । चेत् त्वा अद्राक्ष्मवित्तं लप्स्यामहे । त्वम् ईशिष्यसि तावत् जीविष्यामः । सः एव वरः तु मे वरणीयः ।

**શબ્દાર્થ :**वित्तेन न तर्पणीयः *ધનથી તૃપ્ત કરી શકાતો નથી.* अद्राक्ष्म*મેં આપના દર્શન કર્યા છે.* लप्स्यामहे*અમે મેળવી લઈશું.* ईशिष्यसि *તમે શાસન કરશો.* जीविष्यामः *અમે જીવતા રહીશું.*

**અનુવાદ :** *મનુષ્યને ધનથી તૃપ્ત કરી શકાતો નથી. જ્યારે આપના દર્શન કર્યા છે ત્યારે હું ધનને પ્રાપ્ત કરીશ જ. આપ જ્યાં સુધી શાસન કરશો ત્યાં સુધી હું જીવતો રહીશ જ. મારે માગવા યોગ્ય તો તે જ વરદાન છે.*

**વિમર્શ :** *યમરાજનાં પ્રલોભનોને ઠુકરાવી દઈને નચિકેતા પોતાની માગણીને વળગી રહે છે. તે કહે છે કે મનુષ્ય ક્યારેય ધનથી તૃપ્ત થઈ શકતો નથી. આ એક સનાતન સત્ય છે. માણસને તેની ઈચ્છા જેટલું ધન આપો તો પણ તેની તૃપ્તિ થતી નથી. ઊલટાની ધનની લાલસા વધતી જાય છે. નચિકેતા ધન અને દીર્ઘાયુષ્યની લાલચને પાર કરી ગયો છે. તે કહે છે કે તમારા મને દર્શન થયા એટલે ધન અને લાંબું આયુષ્ય મળી જ ગયા છે. મારે એના માટે હવે કોઈ વરદાનની જરૂર નથી. મારે તો મેં જે તમને પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર જોઈએ છે. તેના સિવાય બીજું કોઈ વરદાન લેવાની મારી ઈચ્છા નથી.*

*મનુષ્યને વિત્તેષણા ક્યારેય પૂર્ણ થતી નથી. પૃથ્વી પર જેટલું ધાન્ય, જેટલું સુવર્ણ, જેટલાં પશુઓ, જેટલી સુંદરીઓ હોય તે બધું માત્ર એક માણસને આપી દેવામાં આવે*

*તો ય ધનની એષણા તૃપ્ત થતી નથી. મનુષ્ય જીર્ણ થાય ત્યારે એના દાંત અને વાળ જીર્ણ થાય છે પણ ધનની એષણા ક્યારેય જીર્ણ થતી નથી. નચિકેતા માનવસહજ વિત્તૈષણાને જીતી ચૂક્યો છે. યમરાજનું કોઈ પ્રલોભન તેને વશ કરી શકતું નથી.*

**अजीर्यताममृतानामुपेत्य जीर्यन्मर्त्यः क्वधःस्थः प्रजानन् ।**

**अभिध्यायन् वर्णरतिप्रमोदानतिदीर्घे जीविते को रमेत ॥ 28॥**

**સંધિવિચ્છેદ :**अजीर्यताम् अमृतानाम्उपेत्य । वर्णरतिप्रमोदान् अतिदीर्घे । कः रमेत।

**અન્વય :**क्वधस्थः जीर्यन् कः अजीर्यताम् अमृतानाम् उपेत्य प्रजानन् वर्णरतिप्रमोदान् अभिध्यायन्अतिदीर्घे जीविते रमेत ।

**શબ્દાર્થ :**क्वधस्थः *મનુષ્યલોકનો નિવાસી,* जीर्यन् *જીર્ણ થનારો,* अजीर्यताम् *જીર્ણતાથી રહિત,* अमृतानाम् *અમરણશીલ,* उपेत्य *પ્રાપ્ત કરીને,* प्रजानन्*સારી રીતે જાણનારો,* वर्णरतिप्रमोदान् *સૌંદર્ય, ક્રીડા વગેરે આનંદપ્રમોદોને,* अभिध्यायन्*વારંવાર ચિંતન કરતો,* अतिदीर्घे जीविते *લાંબા જીવનમાં,* रमेत *આનંદ પામે.*

**અનુવાદ :** *મનુષ્યલોકમાં રહેનારો, જીર્ણ થનારો એવો કયો મનુષ્ય ક્યારેય જીર્ણ ન થનાર અને અમરણશીલ દેવને પામીને તેમ જ સૌંદર્ય, ક્રીડા વગેરેના આનંદપ્રમોદોનું વારંવાર ચિંતન કરીને લાંબા સમય સુધી જીવિત રહેવામાં આનંદ પામે ?*

**વિમર્શ :**कु *એટલે પૃથ્વી. દ્યુલોક અન અન્તરિક્ષલોક કરતાં તે નીચે રહેલી છે. તેથી તેને* क्वधः *કહે છે. તેના પર જે રહે તે મનુષ્યને* क्वधःस्थः *કહેવાય છે. પૃથ્વી પરનો મનુષ્ય જીર્ણ થનારો છે. તે હંમેશાં ક્ષીણ થાય છે અને એક દિવસે નાશ પામે છે. આ મર્ત્યલોકનું સનાતન સત્ય છે. અહીં કોઈ અમરણશીલ નથી. મૃત્યુલોકનો માનવી જ્યારે અમરણશીલ દેવતાને પ્રાપ્ત કરે ત્યારે તેની પાસેથી તે મર્ત્યભોગની કામના કરે તો તેના જેવો કોણ મંદબુદ્ધિ હોય ? ક્યારેય જીર્ણ ન થનાર દેવ પાસેથી પણ જીર્ણ ભોગોની કામના કરવી તેમાં કયો વિવેક રહ્યો છે એવો પ્રશ્ન નચિકેતા યમરાજ સમક્ષ ઉપસ્થિત કરીને પોતાનો અડગ નિશ્ચય જણાવી દે છે કે પોતે કોઈ જ ભોગ કે સુખની માગણી કરવાનો નથી. નચિકેતાનો આ ધ્રુવ સંકલ્પ જોઈને આપણું મન તેના પ્રત્યેના અહોભાવથી નમી બની જાય છે.*

**यस्मिन्निदं विचिकित्सन्ति मृत्यो यत्साम्पराये महति ब्रूहि नस्तत् ।**

**योऽयं वरो गूढमनुप्रविष्टो नान्यं तस्मान्नचिकेता वृणीते ॥ 29॥**

**સંધિવિચ્છેદ :**मृत्यो यस्मिन् इदम् । नः तत् । यः अयम् । वरः गूढम् अनुप्रविष्टः न अन्यम् । तस्मात् नचिकेता ।

**અન્વય :**(हे) मृत्यो यस्मिन् इदम् विचिकित्सन्ति महति साम्पराये यत् अस्ति तत् नः ब्रूहि । यः अयं गूढम् अनुप्रविष्टः तस्मात् अन्यं नचिकेता न वृणीते ।

**શબ્દાર્થ :**यस्मिन् महति साम्पराये *જે મહાન આશ્ચર્યમય પરલોકના વિષયમાં,* विचिकित्सन्ति *શંકા કરે છે.* नः ब्रूहि *અમને કહો.* गूढम् अनुप्रविष्टः *ગહનતામાં પ્રવેશેલો*

**અનુવાદ :** *હે મૃત્યુ, જે પરલોક અંગેના ગૂઢ વિષયમાં લોકો આ (આત્મા) છે કે નહિ એવી શંકા કરે છે તેના અંગે તમે મને કહો. જે આ આત્મતત્ત્વ અત્યન્ત ગહનતામાં પ્રવેશેલો છે તેથી આ નચિકેતા બીજું કોઈ વરદાન મેળવવા ઈચ્છતો નથી.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં નચિકેતાએ અગાઉ ત્રીજું વરદાન માગતી વખતે જે જિજ્ઞાસા કરી હતી તેનો પુનરુચ્ચાર થયો છે. તે કહે છે કે પરલોકમાં સિધાવેલા જીવના વિષયમાં સંદેહ કરવામાં આવે છે. કેટલાકના મતે તેનું અસ્તિત્વ રહે છે અને કેટલાક એવું માનતા નથી. આથી પરલોકના વિષયમાં આત્મા સંબંધી જે નિશ્ચિત જ્ઞાન છે તે જાણવાની તેની દૃઢ પ્રતિજ્ઞા તે જણાવે છે. બીજું કોઈ વરદાન માગીને તે પોતાની વાતને છોડવા તૈયાર નથી. આમ, અહીં એકનિષ્ઠ શિષ્યમાં જોઈએ તેવી આત્મનિષ્ઠાનું નચિકેતા ઉદાહરણ બની રહ્યો છે.*

**॥ इति कठकोपनिषदि प्रथमाध्याये प्रथमा वल्ली समाप्तम् ॥**

*આ પ્રમાણે કઠકોપનિષદમાં પ્રથમ અધ્યાયમાં પ્રથમ વલ્લી પૂરી થઈ.*

## 13.4 અધ્યાય 1, વલ્લી 2

**अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते उभे नानार्थे पुरुषं सिनीतः ।**

**तयोः श्रेय आददानस्य साधु भवति हीयतेऽर्थाद्य उ प्रेयो वृणीते ॥1॥**

**સંધિવિચ્છેદ :**अन्यत् श्रेयः अन्यत् उत एव । प्रेयः ते । श्रेयः आददानस्य । हीयते अर्थात् यः उ । प्रेयः वृणीते ।

**અન્વય :**श्रेयः अन्यत्, उत प्रेयः अन्यत् एव, ते उभे नानार्थे पुरुषं सिनीतः । तयोः श्रेयः आददनास्य साधु भवति, उ यः प्रेयः वृणीते, (सः) अर्थात् हीयते ।

**શબ્દાર્થ :**श्रेयः *કલ્યાણકારક,* अन्यत् *બીજું,* उत *અને,* प्रेयः *પ્રિયકારક,* नानार्थे *જુદા જુદા અર્થ આપનાર તે બન્ને,* सिनीतः *બાંધે છે.* तयोः *તે બન્નેમાથી,* श्रेयः आददनास्य *કલ્યાણકારકને ગ્રહણ કરનારનું,* साधु *કલ્યાણ,* उ यः *પણ જે,* अर्थात् हीयते *યથાર્થ લાભથી ભ્રષ્ટ થઈ જાય છે.*

**અનુવાદ :** *શ્રેય અને પ્રેય (પરસ્પરથી) સાવ ભિન્ન છે. ભિન્ન ભિન્ન અર્થ આપનારા તે બન્ને મનુષ્યને બાંધે છે અર્થાત્ પોતાની તરફ ખેંચે છે. એ બન્નેમાંથી જે શ્રેયનું ગ્રહણ કરે છે તેનું કલ્યાણ થાય છે અને જે પ્રેયનું વરણ કરે છે તે યથાર્થ લાભ(વાસ્તવિક સુખ)થી ભ્રષ્ટ થઈ જાય છે.*

**વિમર્શ :** *પોતાના શિષ્યની આકરી પરીક્ષા કરીને તેમ જ તેનામાં વિદ્યાગ્રહણ કરવાની યોગ્યતા જાણ્યા પછી યમરાજ નચિકેતાને આ મન્ત્રથી જ્ઞાનબોધ આપવાની શરૂઆત કરે છે. તેઓ જગતમાં રહેલા શ્રેય અને પ્રેય એવા બે પદાર્થોની વાત કરે છે. શ્રેય એટલે નિઃશ્રેયસ. તેનાથી મનુષ્યનું સાચું કલ્યાણ થાય છે. પ્રેય એટલે સાંસારિક અભ્યુદયનું સાધન, સુખોપભોગ. પ્રેયથી મનુષ્યને તાત્કાલિક સુખ મળે છે પણ શાશ્વતસુખની પ્રાપ્તિ તો શ્રેયથી જ થાય છે. શ્રેયથી મનુષ્ય જન્મ-મરણના બંધનમાંથી મુક્તિ પામે છે. શ્રેય એટલે આત્મવિદ્યા, આત્મજ્ઞાન. જ્યારે પ્રેય એ દુન્યવી સુખોને આપનાર છે. તેનાથી મનુષ્યને ક્ષણિક સુખ મળે છે તે નાશવંત હોઈ કલ્યાણકારક નથી. મનુષ્યની સમક્ષ શ્રેય અને પ્રેય એમ બન્ને માર્ગ રહેલા છે. જેઓ શ્રેયનો માર્ગ ગ્રહણ કરે છે તેઓ પરમ પુરુષાર્થ મોક્ષની પ્રાપ્ત કરે છે, પણ જેઓ પ્રેયનો માર્ગ પસંદ કરે છે તેઓ ભૌતિક સુખોને જ સર્વસ્વ માની લે છે અને પરમાર્થ મોક્ષને મેળવી શકતા નથી. જીવનના સાચા લક્ષ્યથી તેઓ ભ્રષ્ટ થઈ જાય છે.*

**श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्तिधीरः ।**

**श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥ 2॥**

**સંધિવિચ્છેદ :**श्रेयः च । प्रेयः च । मनुष्यम् एतः तौ । श्रेयः हि । धीरः अभि । प्रेयसः वृणीते । प्रेयः मन्दः योगक्षेमात् वृणीते ।

**અન્વય :**श्रेयः च प्रेयः चमनुष्यम् एतः । धीरः तौ सम्परीत्य विविनक्ति । धीरः प्रेयसः श्रेयः हि अभि वृणीते । मन्दः योगक्षेमात् प्रेयः वृणीते ।

**શબ્દાર્થ :**एतः *તે બન્ને આવે છે.* तौ सम्परीत्य *તે બન્નેનો સારી રીતે વિચાર કરીને,* विविनक्ति*તેમને અલગ અલગ કરે છે.* प्रेयसः श्रेयः *પ્રેય કરતાં શ્રેયને,* अभि वृणीते *શ્રેષ્ઠ માની પસંદ કરે છે.* मन्दः *મન્દબુદ્ધિવાળો,* योगक्षेमात् *યોગક્ષેમને લીધે,* प्रेयः वृणीते । *પ્રેયને પસંદ કરે છે.*

**અનુવાદ :** *શ્રેય અને પ્રેય - એ બન્ને મનુષ્યની સમક્ષ આવે છે. ધીર મનુષ્ય તે બન્નેનો સારી રીતે વિચાર કરે છે. ધીર મનુષ્ય પ્રેય કરતાં શ્રેયને શ્રેષ્ઠ ગણીને તેનું વરણ કરે છે, જ્યારે મન્દબુદ્ધિનો મનુષ્ય યોગ અને ક્ષેમને મેળવવા માટે પ્રેયનું વરણ કરે છે.*

**વિમર્શ :** *મનુષ્યની સામે શ્રેય અને પ્રેય બન્ને આવે છે. તેમાંથી કોનું વરણ કરવું એ મનુષ્યના હાથની વાત છે. જેઓ સારાસારનો યોગ્ય રીતે વિચાર કરવા સમર્થ હોય તેવા ધીર મનુષ્યો જ શું શ્રેય છે અને શું પ્રેય છે તેનો વિવેક કરી શકે છે. જેમ હંસ પોતાની વિવેકબુદ્ધિથી નીર અને ક્ષીરને જુદાં કરી શકે છે તેમ ધીર પુરુષ પણ શ્રેય અને પ્રેયનું પૃથક્કરણ કરી શકે છે. યથાર્થ રીતે બન્નેને ભિન્ન કર્યા બાદ તે શ્રેય જ પરમાર્થ હોઈ તેનું વરણ કરે છે. પણ સંસારના મોટાભાગના માણસો તો સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે દિવસ-રાત મહેનત કરતા રહે છે. તેઓ પોતાનું યોગક્ષેમ સાચવવાથી આગળનું વિચારતા નથી. જે પ્રાપ્ત ન થયું હોય તેની પ્રાપ્તિને યોગ કહે છે અને પ્રાપ્ત થયેલના સંરક્ષણને ક્ષેમ કહે છે. પ્રેયમાર્ગ પ્રારંભે આકર્ષક અને મધુર લાગે*

*છે પણ અન્તે તે વિષ જેવો બની રહે છે. શ્રેયનો માર્ગ એનાથી વિપરીત સ્વભાવનો છે. મન્દબુદ્ધિવાળો મનુષ્ય પ્રેયનો માર્ગ પસંદ કરે છે.*

**स त्वं प्रियान्प्रियरूपांश्च कामानभिध्यायन्नचिकेतोऽत्यस्राक्षीः ।**

**नैतां सृङ्कां वित्तमयीमवाप्तो यस्यां मज्जन्ति बहवो मनुष्याः ॥3॥**

**સંધિવિચ્છેદ :**सः त्वम् । प्रियरूपान् च । कामान् अभिध्यायन् । नचिकेतः अत्यस्राक्षीः । न एताम् । वित्तमयीम् अवाप्तः यस्याम् । बहवः मनुष्याः ।

**અન્વય :**(हे) नचिकेतः, सः त्वं प्रियान् प्रियरूपान् कामान् अभिध्यायन् अत्यस्राक्षीः । एतां वित्तमयीं सृङ्कां न अवाप्तः, यस्यां बहवः मनुष्याः मज्जन्ति ।

**શબ્દાર્થ :**प्रियरूपान् *સુંદર રૂપવાળા,* कामान् *ભોગોને,* अभिध्यायन् *સારી રીતે વિચાર કરીને,* अत्यस्राक्षीः *તેં છોડી દીધેલ છે.* एतां वित्तमयीं सृङ्कां *આ સંપત્તિરૂપી સાંકળને,* न अवाप्तः *તું પ્રાપ્ત થયો નહિ.* मज्जन्ति *તેઓ ડૂબી જાય છે.*

**અનુવાદ :** *હે નચિકેતા, તેં પ્રિય લાગનાર અને સુંદરરૂપવાળા ભોગોનો સારી રીતે વિચાર કરીને તેનો ત્યાગ કરી દીધો છે. તું આ સંપત્તિરૂપી સાંકળથી બંધાયો નથી કે જેમાં ઘણા માણસો ફસાઈ જાય છે.*

**વિમર્શ :** *યમરાજાએ નચિકેતાને અનેક જાતનાં પ્રલોભનો આપીને સાંસારિક ભોગ તરફ આકર્ષવા પ્રયત્ન કર્યો હતો, પણ પ્રિય અને પ્રિયરૂપ એવા તમામ પ્રકારના ભોગોને અસાર માનીને તેણે તેનો ત્યાગ કરી દીધો હતો. મોટાભાગના માણસો ભોગરૂપી આ સાંકળમાં ફસાઈ જાય છે. પણ નચિકેતા અડગ અને સ્થિર નિશ્ચયવાળો હતો. ભોગોમાં રહેલી અનિત્યતાનું યથાર્થ દર્શન કરીને તે પ્રેય પદાર્થોની આ માયાવી સાંકળને પાર કરી ગયો.*

**दूरमेते विपरीते विषूची अविद्या या च विद्येति ज्ञाता ।**

**विद्याभीप्सिनं नचिकेतसं मन्ये न त्वा कामा बहवोऽलोलुपन्त ॥ 4॥**

**સંધિવિચ્છેદ :**दूरम् एते । विद्या इति ।कामाः बहवः अलोलुपन्त ।

**અન્વય :**या अविद्या विद्या च इति ज्ञाता, एते दूरं विपरीते विषूची । (अहं त्वां) नचिकेतसं विद्याभीप्सिनं मन्ये । बहवःकामाः त्वा न अलोलुपन्त ।

**શબ્દાર્થ :**ज्ञाता *જાણવામાં આવે છે.* दूरं विपरीत *પરસ્પર વિપરીત,* विषूची *ભિન્ન ભિન્ન ફળ આપનારી,* विद्याभीप्सिनम् *વિદ્યાનો અભિલાષી,* मन्ये *હું માનું છુ.* बहवःकामाः *ઘણા ભોગો,* त्वा न अलोलुपन्त *તને લલચાવી શક્યા નહિ.*

**અનુવાદ :** *જે વિદ્યા અને અવિદ્યા તરીકે ઓળખાય છે તે બન્ને પરસ્પરથી વિપરીત સ્વભાવવાળી છે અને ભિન્ન ભિન્ન ફળ આપનારી છે. હું તને નચિકેતાને વિદ્યાનો અભિલાષી માનું છું. અનેક પ્રકારના ભોગો પણ તને લલચાવી શક્યા નહિ.*

*વિમર્શ : અહીં અવિદ્યા અને વિદ્યા એમ બે પ્રકારની વાત કરવામાં આવી છે. યમરાજાએ નચિકેતાને અનેક જાતનાં પ્રલોભનો આપીને સાંસારિક ભોગ તરફ આકર્ષવા પ્રયત્ન કર્યો હતો, પણ પ્રિય અને પ્રિયરૂપ એવા તમામ પ્રકારના ભોગોને અસાર માનીને તેણે તેનો ત્યાગ કરી દીધો હતો. મોટાભાગના માણસો ભોગરૂપી આ સાંકળમાં ફસાઈ જાય છે. પણ નચિકેતા અડગ અને સ્થિર નિશ્ચયવાળો હતો. ભોગોમાં રહેલી અનિત્યતાનું યથાર્થ દર્શન કરીને તે પ્રેય પદાર્થોની આ માયાવી સાંકળને પાર કરી ગયો. તેથી તે વિદ્યાનો ઉત્તમ અધિકારી બન્યો છે.*

**अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितं मन्यमानाः ।**

**दन्द्रम्यमाणाः परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धाः ॥5॥**

**સંધિવિચ્છેદ :**अविद्यायाम् अन्तरे । मूढाः अन्धेन एव । नीयमानाः यथा अन्धाः ।

**અન્વય :**अविद्यायाम् अन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितं मन्यमानाः मूढाः दन्द्रम्यमाणाः परियन्ति, यथा अन्धेन एव नीयमानाः अन्धाः ।

**શબ્દાર્થ :**अविद्यायाम् अन्तरे *અવિદ્યામાં,* वर्तमानाः *રહેલા,* मन्यमानाः *માનનારાઓ,* दन्द्रम्यमाणाः *અનેક કુટિલ માર્ગે પર ચાલનારા, વિવિધ પ્રકારની યોનિઓમાં ભટકનારાઓ,* परियन्ति *ભટક્યા કરે છે.* नीयमानाः *દોરાતા*

**અનુવાદ :** *અવિદ્યામાં રહેનારા અને પોતાની જાતને ધીર અને પંડિત માનનારાઓ તે મૂર્ખ લોકો કોઈ અન્ધ માણસ વડે દોરાતા અન્ય અન્ધોની માફક અનેક પ્રકારની કુટિલ માર્ગેમાં સતત ભટક્યા કરે છે અર્થાત્ અનેક યોનિઓમાં અથડાયા કરે છે.*

*વિમર્શ : આ મન્ત્રમાં અવિદ્યાનું અનુસરણ કરવાથી મળતા ફળનું વર્ણન કર્યું છે. અવિદ્યાથી ગ્રસ્ત મનુષ્ય અવિવેકી હોય છે. તે સારાસારનો યથાર્થ વિવેક કરી શકતો હોતો નથી, પણ પોતાને ખૂબ જ બુદ્ધિશાળી અને પંડિત માની બેસે છે. તે અવિદ્યામાં ફસાયેલા રહીને પુત્ર-પશુ વગેરે અનેક તૃષ્ણારૂપી જાળમાં બંધાયેલ રહે છે. જેમ કોઈ અંધજનોના ટોળાને દોરનાર પણ અંધ જ હોય તો પોતાનો માર્ગ ભટકી જાય છે અને અનર્થને પામે છે તેમ આવા અવિદ્યાગ્રસ્ત મૂઢ લોકો પણ વિવિધ પ્રકારની યોનિઓમાં આવાગમન કર્યા જ કરે છે. જન્મ, જરા અને મરણના દુષ્ચક્રમાં સતત ફરતા રહીને આમ તેમ ભટક્યા કરે છે.*

**न साम्परायः प्रतिभाति बालं प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ।**

**अयं लोको नास्ति पर इति मानी पुनः पुनर्वशमापद्यते मे ॥6॥**

**સંધિવિચ્છેદ :**लोकः न अस्ति । परः इति। पुनः वशम् आपद्यते ।

**અન્વય :**वित्तमोहेन मूढं प्रमाद्यन्तं बालं साम्परायः न प्रतिभाति । अयं लोकः (अस्ति), परः न अस्ति इति मानी पुनः पुनः मे वशम्आपद्यन्ते ।

**શબ્દાર્થ :**वित्तमोहेन *ધનના મોહથી,* प्रमाद्यन्तम् *પ્રમાદ કરનારને,* बालम्

*અજ્ઞાનીને,* साम्परायः *પરલોકની પ્રાપ્તિરૂપ સાધનવિશેષ* न प्रतिभाति *સૂઝતો નથી.* मानी *માનનારો,* आपद्यन्ते *આવે છે.*

**અનુવાદ :** *ધનના મોહથી મૂઢ બનેલા અને પ્રમાદી એવા તે અજ્ઞાનીને પરલોકની પ્રાપ્તિ કરાવનાર શાસ્ત્રાદિ સાધનો સૂઝતાં નથી. આ લોક જ છે, પરલોક જેવું કંઈ નથી એમ માનનારો તે વારંવાર મારે વશ થયા કરે છે અર્થાત્ મૃત્યુને વશ થયા કરે છે.*

**વિમર્શ :** *સાંસારિક સુખોપભોગોને જ જીવનનું સર્વસ્વ માનનાર અજ્ઞાની માણસની દુર્દશાનું ચિત્રણ આ મન્ત્રમાં કરવામાં આવ્યું છે. વિવિધ પ્રકારનાં સુખોથી લોભાઈને તેને જ પોતાનું પરમ લક્ષ્ય માનનારો મૂર્ખ મનુષ્ય પોતાના આત્મકલ્યાણ માટે કોઈ જ પ્રવૃત્તિ કરતો નથી પણ પ્રમાદ સેવે છે. આવો મનુષ્ય ગમે તેટલો મોટો હોય તો યમરાજ તેને બાળક કહે છે કેમ કે તેની બુદ્ધિ એક અજ્ઞાની બાળક જેટલી છે. શાસ્ત્ર વગેરેમાં જે વિદ્યાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેના પ્રત્યે તેને કોઈ રુચિ હોતી નથી. તે એવું માને છે કે દેખાતું જગત જ સત્ય છે. મૃત્યુ પછીના લોક અંગે તે વિશ્વાસ રાખતો નથી. માત્ર ઇહલોકનાં સુખોમાં જ રચ્યો પચ્યો રહેનાર આવો મનુષ્ય સતત મૃત્યુને વશ થઈને જન્મ અને મરણની શૃંખલામાંથી છટકી શકતો નથી.*

**श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।**

**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥7॥**

**સંધિવિચ્છેદ :** श्रवणाय अपि। बहुभिः यः न । शृणवन्तः अपि । बहवः यम् ।
आश्चर्यः वक्ता । कुशलः अस्य । लब्धा आश्चर्यः ।

**અન્વય :** यः बहुभिः श्रवणाय अपि न लभ्यः । शृणवन्तः अपि बहवः यं न विद्युः ।
अस्य कुशलः वक्ता आश्चर्यः,लब्धा आश्चर्यः, कुशलानुशिष्टः ज्ञाता आश्चर्यः ।

**શબ્દાર્થ :** यः *જે આત્મા,* बहुभिः *ઘણા લોકો વડે,* श्रवणाय अपि *સાંભળવા માટે પણ,* न लभ्यः *મળતો નથી.* शृणवन्तः अपि *સાંભળીને પણ,* न विद्युः *જાણી શકતા નથી.* कुशलः वक्ता *કુશળતાથી પ્રવચન કરનાર,* कुशलः वक्ता *પ્રાપ્ત કરનાર,* कुशलानुशिष्टः ज्ञाता *કુશળ વ્યક્તિથી જ્ઞાન પામનારો*

**અનુવાદ :** *તે આત્મા ઘણા લોકોને તો સાંભળવા માટે પણ મળતો નથી. તેના વિશે સાંભળ્યા પછી પણ ઘણા લોકો તેને જાણી શકતા નથી. તેનું કુશળતાપૂર્વક પ્રવચનક કરનારો પણ આશ્ચર્યરૂપ છે. તેને પ્રાપ્ત કરનારો પણ આશ્ચર્યરૂપ હોય છે. કુશળ વ્યક્તિથી જ્ઞાન પામનારો પણ આશ્ચર્યરૂપ હોય છે.*

**વિમર્શ :** *આત્મજ્ઞાનનો માર્ગ સરળ નથી. આ માર્ગ બહુ જ વિલક્ષણ છે. ઘણા લોકો જન્મીને મરણ પામે ત્યાં સુધીમાં ક્યારેય આ આત્મતત્ત્વ અંગે સાંભળવા પણ પામતા નથી. આવા અભાગીજનોનું સમગ્ર જીવન સાંસારિક વિષયોમાં જ પસાર થઈ જતું હોય છે. બીજા કેટલાક એવા હોય છે કે એમના કાને આ આત્મતત્ત્વ અંગેના અમુક શબ્દો પડે છે પણ તેઓ સાંભળવા છતાંય એને જાણી શકતા નથી. આત્મા જેવો દુર્લભ અને આશ્ચર્યકારક છે એવું જ એના વક્તા અને જ્ઞાતા અંગે પણ છે. કોઈ આત્મજ્ઞાની*

*જ આત્માનો ઉપદેશ આપી શકે છે. એટલે કહ્યું છે કે એનો વક્તા આશ્ચર્યકારક છે. એને સાંભળ્યા પછી એને જાણી લેનાર પણ આશ્ચર્યકારક છે. એટલે કે અનેકોમાંથી કોઈ એક એને જાણી શકે છે. જ્યારે કોઈ કુશળ પુરુષ દ્વારા એનું જ્ઞાન આપવામાં આવે ત્યારે તેને યથાર્થ જાણી લેનારો જ્ઞાતા આશ્ચર્યકારક હોય છે. આમ, આત્મજ્ઞાન માટે વક્તા અને શ્રોતા બન્નેની નિપુણતા અનિવાર્ય છે. વક્તા અને શ્રોતા યોગ્ય ન હોય તે આત્મજ્ઞાન માત્ર વાણીનો વિષય બની રહે છે.*

*શ્રીમદ્ભગવદ્ગીતામાં કઠોપનિષદના તત્ત્વજ્ઞાનનો ઘણો પ્રભાવ છે એવું એકમ* 10 *માં નોંધ્યું છે. આ મન્ત્રનો જ પ્રતિધ્વનિ શ્રીમદ્ભગવદ્ગીતા સંભળાય છે.*

**आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।**

**आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ श्रीमद्भगवद्गीता, 2.9**

*કોઈ આ આત્માને આશ્ચર્ય જેવો જુએ છે, તેમ જ બીજો આને આશ્ચર્ય જેવો કહે છે. વળી, બીજો કોઈ આને આશ્ચર્ય જેવો સાંભળે છે. આને સાંભળીને પણ કોઈ સમજતો નથી.*

**न नरेणावरेण प्रोक्त एष सुविज्ञेयो बहुधा चिन्त्यमानः ।**

**अनन्यप्रोक्तेगतिरत्र नास्ति अणीयान् ह्यतर्क्यमणुप्रमाणात् ॥8॥**

**સંધિવિચ્છેદ :**नरेण अवरेण । प्रोक्तः एषः सुविज्ञेयः बहुधा । गतिः अत्र । न अस्ति । हि अतर्क्यम् अणुप्रमाणात् ।

**અન્વય :**एषः अवरेण नरेण प्रोक्तः बहुधा चिन्त्यमानः न सुविज्ञेयः भवति ।
अनन्यप्रोक्ते अत्रगतिः न अस्ति । हि अणुप्रमाणात् अणीयान् अतर्क्यम् ।

**શબ્દાર્થ :**अवरेण नरेण *અલ્પજ્ઞાની મનુષ્યથી,* प्रोक्तः *ઉપદેશ કરવામાં આવેલો,* बहुधा चिन्त्यमानः *ઘણી રીતે વિચારવામાં આવેલો,* न सुविज्ञेयः *સારી રીતે જાણી શકાય એવો,* अनन्यप्रोक्ते *બીજા જ્ઞાની દ્વારા ઉપદેશ કરવામાં આવે ત્યારે,* अणुप्रमाणात् *અત્યન્ત સૂક્ષ્મ વસ્તુ કરતાં પણ,* अणीयान् *વધારે સૂક્ષ્મ,* अतर्क्यम् *તર્કથી પર*

**અનુવાદ :** *અલ્પજ્ઞાની વ્યક્તિથી ઉપદેશ આપવામાં આવેલ આ આત્મતત્ત્વ વિશે ખૂબ વિચાર કરવામાં આવે તો પણ તેને સારી રીતે જાણ શકાતું નથી. આત્માનો બોધ આપનાર કોઈ અનન્ય પુરુષ હોય તો તેને સમજી શકાય છે. અભેદબુદ્ધિથી જેણે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોઈ એટલે કે જે અપૃથગ્દર્શી હોય તે આત્મા વિશે જ્ઞાન આપી શકે છે કારણ કે આત્મા અત્યન્ત સૂક્ષ્મ કરતાં પણ વધુ સૂક્ષ્મ છે અને તર્કથી પર છે.*

**વિમર્શ :** *આત્માનો બોધ કઈ રીતે મેળવી શકાય એવા પ્રશ્નનો અહીં ઉત્તર મળે છે. કોઈ અનન્ય ગુરુ જ એનો ઉપદેશ આપી શકે છે. અભેદને પ્રાપ્ત ગુરુ વિના અન્ય કોઈ એનો ઉપદેશ કરે તો તે પ્રાપ્ત થઈ શકતો નથી. જેણે આત્માનુભૂતિ ન કહી હોય તેવા સાધારણ મનુષ્ય પાસેથી આત્મા વિષયક જ્ઞાન મેળવ્યા પછી એના પર ખૂબ જ વિચાર*

*કરવામાં આવે તો પણ આત્માનું જ્ઞાન મળતું નથી. આત્માનો બોધ આપનાર કોઈ અનન્ય પુરુષ હોય તો તેને સમજી શકાય છે. અભેદબુદ્ધિથી જેણે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોઈ એટલે કે જે અપૃથગ્દર્શી હોય તે આત્મા વિશે જ્ઞાન આપી શકે છે. નહિતર આ વિષયમાં કોઈની ગતિ શક્ય નથી. આત્મા જગતની તમામ સૂક્ષ્મ વસ્તુઓ કરતાં પણ વધારે સૂક્ષ્મ છે. માત્ર તર્કથી તેની પ્રાપ્તિ થતી નથી. જેમણે શાસ્ત્રોના જ્ઞાનથી તે આત્માને પોતાની અંદર અને સર્વ ભૂતોમાં જોયો છે તેવો કોઈ આચાર્ય જ આત્માનો પ્રબોધ કરાવી શકે છે.*

**नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।**

**यां त्वमापः सत्यधृतिर्बतासि त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ॥9॥**

**સંધિવિચ્છેદ :**न एषा । मतिः आपनेया । प्रोक्ता अन्येन एव । त्वम् आपः । सत्यधृतिः बत असि । त्वादृक् नः भूयात् नचिकेतः ।

**અન્વય :**(हे) प्रेष्ठ, यां त्वम् आपः, एषा मतिः तर्केण न आपनेया । अन्येन एव प्रोक्ता सुज्ञानाय भवति । (त्वं) सत्यधृतिः बत असि । (हे) नचिकेतः, त्वादृक् प्रष्टा नः भूयात् ।

**શબ્દાર્થ :**प्रेष्ठ *હે પ્રિયતમ,* यां त्वम् आपः *જેને તેં પ્રાપ્ત કરી છે તે,* एषा मतिः *આ બુદ્ધિ,* न आपनेया *મળી શકતી નથી.* अन्येन एव प्रोक्ता *બીજા વડે જ કહેવાયેલી,* सुज्ञानाय *સમ્યક્ જ્ઞાન માટે,* सत्यधृतिः *સત્યને ધારણ કરનારો,* बत *ખરેખર,* त्वादृक् *તારે જેવો* प्रष्टा *પૂછનારો,* नः भूयात् *અમને મળ્યા કરે.*

**અનુવાદ :** *હે પ્રિયતમ, તને જે આ મતિ પ્રાપ્ત થઈ છે તે તર્કથી પામી શકાતી નથી. કોઈ શાસ્ત્રજ્ઞ આચાર્ય દ્વારા તેનો ઉપદેશ કરવામાં આવ્યો હોય ત્યારે જ તે સારી રીતે જ્ઞાન આપનારી બને છે. તું ખરેખર સત્યધૃતિ છે. હે નચિકેતા, તારા જેવો પ્રશ્ન પૂછનારો અમને મળ્યા કરે.*

**વિમર્શ :** *મૃત્યુના દેવની વાણીમાં અહીં પ્રસન્નતા છલકી ઊઠી છે. નચિકેતા જેવો ઉત્તમ શિષ્ય પ્રાપ્ત થયો એનાથી એમને જે આનંદ થયો છે તેનું પ્રતિબિંબ એમના શબ્દોમાં સ્પષ્ટ ઝીલાયું છે. તેઓ નચિકેતાને 'પ્રેષ્ઠ' કહે છે. પ્રિય શબ્દનું આ શ્રેષ્ઠતાવાચક પદ છે.* (प्रिय + इष्ठन् ।) (अतिशयः प्रियः इत्यमरः।) *યમરાજના હૃદયની ઊર્મિઓને દર્શાવવા એ સંબોધન સમર્થ છે. ઉંમરમાં બાળક હોવા છતાં નચિકેતા જે રીતે યમરાજે આપેલાં ભૌતિક સુખોનાં આકર્ષણોને છોડી શક્યો તે યમરાજની પ્રસન્નતાનું કારણ છે. યોગ્ય શિષ્ય પામીને ગુરુ જે ધન્યતા પામે તેનો રણકો ''અમને તારા જેવો પ્રશ્ન કરનાર મળ્યા કરે'' એ ઉક્તિમાં સંભળાય છે. આત્માને લગતી આવી પૃચ્છા કરનાર દુર્લભ હોય છે. આત્મજ્ઞાન માટે ગુરુ તો અનન્ય જોઈએ પણ તેનો જિજ્ઞાસુ પણ અનન્ય હોવો જોઈએ. આવી આત્મનિષ્ઠ બુદ્ધિ તર્કથી મેળવી શકાતી નથી. સત્યમાં જેની નિષ્ઠા હોય એવો નચિકેતા જેવો કોઈ વિરલ સત્યધૃતિ જ એને મેળવી શકે છે.*

**जानाम्यहं शेवधिरित्यनित्यं न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत् ।**

**ततो मया नाचिकेतश्चितोऽग्निरनित्यैर्द्रव्यैः प्राप्तवानस्मि नित्यम् ॥॥10॥**

**સંધિવિચ્છેદ :** जानामि अहम् । शेवधिः इति अनित्यम् । हि अध्रुवैः । ततः मया ।
नाचिकतेः अग्निः अनित्यैः द्रव्यैः । प्राप्तवान् अस्मि ।

**અન્વય :**अहं जानामि (यत् शेवधिः अनित्यम् इति । अध्रुवैः तत् ध्रुवं न हि प्राप्यते । ततः मया अनित्यैः द्रव्यैः नाचिकेतः अग्निः चितः । (तेन) नित्यं प्राप्तवान् अस्मि ।

**શબ્દાર્થ :** शेवधिः *કર્મફળરૂપી નિધિ,* अध्रुवैः *અનિત્યો વડે,* तत् ध्रुवं *તે નિત્ય,* चितः *ચયન કર્યું છે.*

**અનુવાદ :** *હું જાણું છું કે કર્મફળરૂપી નિધિ અનિત્ય છે. અનિત્ય સાધનોથી તે નિત્યને ક્યારેય મેળવી શકાય નહિ. તેથી મેં અનિત્ય પદાર્થો વડે નાચિકેતસ અગ્નિનું ચયન કર્યું છે અને તે નિત્ય સ્થાનને પ્રાપ્ત કર્યું છે.*

**વિમર્શ :** *યમરાજની આ ઉક્તિમાં કર્મફળની અનિત્યતા કહેવામાં આવી છે. કર્મોના ફળનો નિધિ નાશવંત છે. આત્મા નિત્ય છે. તેને મેળવવા માટે કર્મફળોનો નિધિ કામ આવે નહિ. નિત્યની પ્રાપ્તિનું સાધન પણ નિત્ય હોવું જોઈએ. અનિત્ય સાધનોથી નિત્યની પ્રાપ્તિ ન જ થાય. એટલે યમરાજે પોતે પણ નાચિકેતસ અગ્નિનું ચયન કરીને અનિત્ય દ્રવ્યોનો તેમાં હોમ કરી દીધો છે. તેથી તેમણે યમલોકની પ્રાપ્તિ કરી છે. અનિત્ય ભોગપદાર્થોનો ત્યાગ કર્યા વિના નિત્યની પ્રાપ્તિ અસંભવ છે.*

**कामस्याप्तिं जगतः प्रतिष्ठां क्रतोरानन्त्यमभयस्य पारम् ।**

**स्तोममहदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा धृत्या धीरो नचिकेतोऽत्यस्राक्षीः ॥11॥**

**સંધિવિચ્છેદ :**कामस्य आप्तिम्। क्रतोः आनन्त्यम् अभयस्य। स्तोममहत् उरुगायम्।
धीरः नचिकेतः अत्यस्राक्षीः ।

**અન્વય :**(हे) नचिकेतः, कामस्य आप्तिं, जगतः प्रतिष्ठां, क्रतोःआनन्त्यम्, अभयस्य पारं, स्तोममहत् उरुगायं, प्रतिष्ठां दृष्ट्वा धृत्या अत्यस्राक्षीः । (त्वम् धीरः ।

**શબ્દાર્થ :**कामस्य आप्तिम् *ભોગોનું સમાપ્તિનું સ્થાન,* जगतः प्रतिष्ठां *જગતનું આધારસ્થાન,* क्रतोः आनन्त्यम् *યજ્ઞનું અનન્તફળ,* अभयस्य पारम् *નિર્ભયતાની સીમા,* स्तोममहत् *સ્તુતિને યોગ્ય એવું મહાન,* उरुगायम् *અનેક પ્રકારે ગુણગાન પામનાર,* प्रतिष्ठाम् *દીર્ઘકાળ સુધીની સ્થિતિ*

**અનુવાદ :** *હે નચિકેતા, તેં ભોગોની સમાપ્તિનું સ્થાન, જગતનું આધારસ્થાન, યજ્ઞનું અનન્ત ફળ, નિર્ભયતાની પરિસીમારૂપ, સ્તુતિને યોગ્ય મહાન, અનેક પ્રકારે ગુણગાન પામનાર અને ચિરસ્થાયી એવા સ્વર્ગીય સુખોને જાણીને ધૈર્યપૂર્વક તેનો ત્યાગ કર્યો છે. તું ખરેખર ધીર છે.*

**વિમર્શ :** *યમરાજ નચિકેતાને ધીર કહે છે. ધીર કોને કહેવાય ? ધીરપુરુષનું લક્ષણ શું ? આનો ઉત્તર આ મન્ત્રમાં મળે છે. નચિકેતા સમક્ષ તમામ પ્રકારની સ્વર્ગીય સુખોની સામગ્રી ઉપસ્થિત હતી. તેમાં તેની બધી કામનાઓની સંતૃપ્તિ થાય એમ હતી. તે સ્વર્ગ જગતનો આધાર છે. યજ્ઞોના ફળરૂપે એ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. સંસારના તમામ ભયોનું ત્યાં નિર્મૂલન થઈ જાય છે. તેની પ્રશંસા વેદોમાં પણ થયેલી છે. તે વિસ્તીર્ણ અને ચિરસ્થાયી છે. સ્વર્ગલોકની આવી સ્થિતિ જોઈને પણ તેનો ધૈર્યપૂર્વક ત્યાગ કર્યો, અર્થાત્ કેવળ શ્રેષ્ઠ વસ્તુની કામના કરતા રહીને સઘળા સ્વર્ગીય સુખોનો ત્યાગ કર્યો. આથી તે ધીર છે. આમ, જે નિત્યની પ્રાપ્તિ માટે અનિત્યને છોડી શકે, શ્રેયની પ્રાપ્તિ માટે પ્રેયને છોડી શકે તે ધીર કહેવાય.*

**तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् ।**

**अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥ १२॥**

**સંધિવિચ્છેદ :**गूढम् अनुप्रविष्टम् ।धीरः हर्षशोकौ ।

**અન્વય :** धीरः दुर्दर्शं गूढम् अनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणं देवं अध्यात्मयोगाधिगमेन मत्वा हर्षशोकौ जहाति ।

**શબ્દાર્થ :**दुर्दश*ं કઠિનતાથી જોઈ શકાય એવો,* गूढम् *છુપાયેલો,* अनुप्रविष्ट *સર્વવ્યાપી,* गुहाहितम् *હૃદયરૂપી ગુફામાં રહેલો,* गह्वरेष्ठम *્સંસારરૂપી ગહન વનમાં રહેનાર,* पुराणम् *સનાતન,* देवम *્પ્રકાશશીલ પરમ તત્ત્વને,* अध्यात्मयोगाधिगमेन *અધ્યાત્મયોગની પ્રાપ્તિ વડે,* मत्वा *માનીને,* जहाति *છોડી દે છે.*

**અનુવાદ :** *કઠિનાઈથી જોઈ શકાય એવા, છુપાયેલા, સર્વવ્યાપી, બુદ્ધિરૂપી ગુફામાં રહેલા, સંસારરૂપી ગહન વનમાં રહેલા, સનાતન, પ્રકાશશીલ પરમ તત્ત્વને ધીર પુરુષ અધ્યાત્મયોગની પ્રાપ્તિથી જાણી લઈને હર્ષ અને શોકને છોડી દે છે.*

**વિમર્શ :** *આત્માનું સ્વરૂપ, તેની પ્રાપ્તિનો માર્ગ અને આત્મપ્રાપ્તિથી થનાર ફળનો આ મન્ત્રમાં ઉલ્લેખ છે. કોઈ ધીર પુરુષ આત્મતત્ત્વને જાણી શકે છે. સૌ માટે તે સરળ નથી. તે દુર્દર્શ છે, એટલે તેને જોવો કે જાણવો બહુ કઠિન છે. તે પોતાની યોગમાયાના પડદામાં છુપાયેલ હોઈ ગૂઢ રહેલો છે. સંસારરૂપી ગહન વનમાં તે રહેલો છે. શંકરાચાર્ય ગહ્વરનો અર્થ વિષમ કરે છે. અનેક અનર્થોથી ઘેરાયેલા સ્થાનમાં તે રહે છે માટે ગહ્વરેષ્ઠ છે.* गह्वरेष्ठं गह्वरे विषमेऽनेकानर्थसंकटे तिष्ठतीति गह्वरेष्ठम् । *તે અનુપ્રવિષ્ટ છે અર્થાત્ કાર્યસમૂહોની સૃષ્ટિ કરીને તેમાં પ્રવેશ્યો હોઈ સર્વવ્યાપી છે. પ્રત્યેક પ્રાણીની હૃદયરૂપી ગુફામાં તેનો નિવાસ છે. તે સનાતન અને દેવ છે. એમના તેજથી જ સમગ્ર સૃષ્ટિ પ્રકાશિત હોઈ તે દેવ કહેવાય છે.*

*આત્મતત્ત્વને જાણવું બહુ જ કઠિન છે એવું જણાવ્યા પછી તરત કહે છે કે અધ્યાત્મયોગથી તેને પ્રાપ્ત કરી શકાય છે. અધ્યાત્મયોગ એટલે ચિત્તને વિષયોમાંથી ખેંચીને આત્મામાં લગાવવું તે.* विषयेभ्यः प्रतिसंहृत्य चेतस आत्मनि समाधानम् अध्यात्मयोगः । *(શાંકરભાષ્ય) ધીર પુરુષ અધ્યાત્મયોગથી તેને મેળવી શકે છે. જેને*

*આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય તેને હર્ષ અને શોક બન્ને નાશ પામે છે. નદી જેમ સમુદ્રને મેળવીને સ્થિર થઈ જાય તેમ આત્મજ્ઞાનીનું ચિત્ત પણ સ્થિર થઈ જાય છે.*

एतच्छुत्वा सम्परिगृह्य मर्त्यः प्रवृह्य धर्म्यमणुमेतमाप्य ।

स मोदते मोदनीयँ हि लब्ध्वा विवृतँ सद्म नचिकेतसं मन्ये ॥१३॥

**સંધિવિચ્છેદ :** एतत् श्रुत्वा । धर्म्यम् अणुम् एतम् आप्य । सः मोदते ।

**અન્વય :** (यः) मर्त्यः एतत् श्रुत्वा, सम्परिगृह्य, प्रवृह्य एतम् धर्म्यम् अणुम् आप्य (वर्तते), सः मोदनीयं लब्ध्वा मोदते हि । नचिकेतसं विवृतं सद्म मन्ये ।

**શબ્દાર્થ :**मर्त्यः *મનુષ્ય,* श्रुत्वा *સાંભળીને,* सम्परिगृह्य *સારી રીતે ગ્રહણ કરીને,* प्रवृह्य*વિવેકપૂર્વક વિચાર કરીને,* आप्य *મેળવીને, સાક્ષાત્કાર કરીને,* मोदनीयम् *આનન્દસ્વરૂપ પરબ્રહ્મને,* लब्ध्वा *મેળવીને,* मोदते हि *આનંદમાં મગ્ન થઈ જાય છે.* विवृतम् *ખૂલેલું,* सद्म *બ્રહ્મરૂપી ઘર*

**અનુવાદ :** *મનુષ્ય જ્યારે (એના વિષે) સાંભળીને, તેને સારી રીતે ગ્રહણ કરીને, વિવેકપૂર્વક વિચાર કરીને, આ ધર્મ્ય અને સૂક્ષ્મ આત્માનો સાક્ષાત્કાર કરી લે છે ત્યારે તે આનન્દસ્વરૂપ પરબ્રહ્મને પામીને આનન્દમાં જ મગ્ન થઈ જાય છે. નચિકેતા માટે બ્રહ્મરૂપી ઘરનાં દ્વાર ખૂલી ગયાં છે એમ હું માનું છું.*

**વિમર્શ :** *આત્મતત્વને પામવા માટે યોગ્ય ગુરુ પાસેથી તેનું શ્રવણ કરવું જોઈએ. શ્રવણ પછી તેનું મનન કરીને તેનું સારી રીતે ગ્રહણ કરવું જોઈએ. ત્યારપછી તેનું નિદિધ્યાસન કરવું જોઈએ. નિરન્તર દીર્ઘકાળ સુધી અભ્યાસ કરવાથી આત્મજ્ઞાન દૃઢીભૂત થાય છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન વડે જ તે ધર્મ્ય અને સૂક્ષ્મ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તે પરમતત્ત્વ આનન્દસ્વરૂપ છે. તેને પ્રાપ્ત કરનારો પણ આનન્દને પામે છે. આ આનન્દ પ્રાપ્ત કરનારના તમામ પ્રકારના ભય નાશ પામે છે અને તે અનન્તકાળ સુધી આનન્દમાં રમમાણ રહે છે. યમરાજ નચિકેતાને કહે છે કે તારા માટે બ્રહ્મનું ઘર ખૂલી ગયું છે. જેની બુદ્ધિ નિર્મળ હોય અને જે સર્વ કામનાઓને ત્યજી દે છે તેના માટે બ્રહ્મના ઘરનાં બારણાં સદૈવ ખુલ્લાં રહે છે.*

**अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् ।**

**अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥ १४॥**

**સંધિવિચ્છેદ :**धर्मात् अन्यत्र अधर्मात् अन्यत्र अस्मात् । भूतात् च । भव्यात् च । तत् वद ।

**અન્વય :**यत् तत् धर्मात् अन्यत्र, अधर्मात् अन्यत्र, अस्मात् कृताकृतात् अन्यत्र, भूतात् च भव्यात् च अन्यत्र पश्यसि, तत् वद ।

**શબ્દાર્થ :**धर्मात् अन्यत्र *ધર્મથી અન્ય કે પૃથક્,* अस्मात् कृताकृतात् *આ કાર્યકારણથી,* भूतात् च भव्यात् च *ભૂતકાળ અને ભવિષ્યકાળથી*

**અનુવાદ :** *(આપ) જે આત્મતત્ત્વને ધર્મથી પૃથક્, અધર્મથી પૃથક્, કાર્યકારણરૂપ આ પ્રપંચથી પૃથક્, ભૂતકાળ અને ભવિષ્યકાળથી પૃથક્ જુઓ છો તેના વિશે મને જ્ઞાન આપો.*

**વિમર્શ :** *આ મન્ત્ર નચિકેતાની યમરાજ પ્રત્યેની ઉક્તિ છે. તે યમરાજને કહે છે કે તમે જો મારા પર પ્રસન્ન થયા હો તો વિલક્ષણ એવા આત્મતત્વ અંગે મને બોધ આપો. આત્મતત્ત્વ સર્વથી અતીત છે, સર્વથી વિલક્ષણ છે. નચિકેતા કહે છે કે શાસ્ત્રીય ધર્માનુષ્ઠાનથી આત્મતત્ત્વ ભિન્ન છે. યજ્ઞાદિ ધર્મથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે પણ આત્માની નહિ. અધર્મનું ફળ શરીરને સ્પર્શી શકે છે પણ આત્મા તો તેનાથી પર છે. જગતમાં સર્વત્ર કાર્યકારણની સત્તા પ્રવર્તે છે પણ આત્મા તો કાર્યકારણભાવથી તદ્દન પર છે. તે સનાતન છે, અનાદિ છે. એટલે ભૂત, વર્તમાન કે ભવિષ્ય એમ ત્રણેય કાળથી આત્મા પર છે. આવા આત્મતત્ત્વનો ઉપદેશ આપવા યમરાજ યોગ્ય વક્તા હોઈ નચિકેતા તેમને આત્મબોધ માટે વિનંતી કરે છે.*

**सर्वे वेदा यत्पदमामनन्ति तपाँसि सर्वाणि च यद्वदन्ति ।**

**यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदँ सङ्ग्रहेण ब्रवीम्योमित्येतत् ॥15॥**

**સંધિવિચ્છેદ :**वेदा**:** यत्। पदम् आमनन्ति । यत् वदन्ति । यत् इच्छन्त**:** ब्रह्मचर्यम् । ब्रवीमि ओम् इति एतत् ।

**અન્વય :**सर्वे वेदा**:** यत् पदम् आमनन्ति, सर्वाणि तपांसि च यत्वदन्ति, यत् इच्छन्त**:** ब्रह्मचर्यं चरन्ति, तत् पदं ते सङ्ग्रहेण ब्रवीमि । एतत् ओम् इति ।

**શબ્દાર્થ :**आमनन्ति*પ્રતિપાદન કરે છે, વર્ણન કરે છે.* यत् इच्छन्त**:** *જેની ઈચ્છા કરનારાઓ,* सङ्ग्रहेण *સંક્ષેપમાં* ब्रवीमि *હું કહું છું.* एतत् ओम् इति *આ ૐ છે.*

**અનુવાદ :** *સર્વે વેદો જે પદનું વર્ણન કરે છે, સર્વ તપ જેના વિશે વ્યાખ્યાન કરે છે, જેની ઈચ્છાથી બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે છે તે પદ હું તને સંક્ષેપમાં કહું છું. આ ૐ એ જ તે પદ છે.*

**વિમર્શ :** *આગલા મન્ત્રમાં તે પરમ પદનો બોધ કરવાની નચિકેતાની વિનંતી પછી તરતના આ મન્ત્રમાં યમરાજ બહુ જ સંક્ષેપમાં તે પદનું નિરૂપણ કરે છે અને કહે છે કે આ ૐ એ જ તે પદ છે. ૐ કાર જ બ્રહ્મનો વાચક છે અને તે જ વાચ્ય પણ છે. વસ્તુતઃ ૐ જ અવિનાશી પરમાત્મા છે. માણ્ડૂક્ય ઉપનિષદમાં પણ પરમાત્માને ૐ તરીકે વર્ણવવામાં આવેલ છે. ૐ ને પ્રણવ પણ કહે છે. પરમપદ એવા ૐકારનું સર્વ વેદોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બધા પ્રકારના તપથી જેની પ્રાપ્ત થાય તે પણ એ પરમપદ જ છે. મુમુક્ષુજનો તેને પ્રાપ્ત કરવા બ્રહ્મચર્યનું આચરણ કરે છે.*

**एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् ।**

**एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥16॥**

**સંધિવિચ્છેદ :** एतत् हि एव अक्षरम् । य**:** यत् इच्छसि ।

**અન્વય :** एतत् अक्षरम् एव हि ब्रह्म । एतत् अक्षरम् एव हि परम् । एतत् अक्षरम् एव हि ज्ञात्वा यः यत् इच्छति तस्य तत् (भवति) ।

**શબ્દાર્થ :** यत् इच्छति *જેને ઈચ્છે છે.* तस्य तत *તે તેનું છે.*

**અનુવાદ :** *આ અક્ષર જ બ્રહ્મ છે, આ અક્ષર જ પરબ્રહ્મ છે. આ અક્ષરને જાણીને મનુષ્ય જેની જેની ઈચ્છા કરે તે તે તેનું થઈ જાય છે.*

**વિમર્શ :** *આગલા મન્ત્રમાં શરૂ કરેલું ૐકારનું પ્રતિપાદન અહીં આગળ ચાલે છે. આ ૐ એ જ અક્ષર બ્રહ્મ છે અને એ જ અક્ષર પરબ્રહ્મ છે. બ્રહ્મના પર અને અપર એમ બન્ને રૂપ ૐકાર જ છે. બ્રહ્મનું અપર રૂપ હિરણ્યગર્ભ છે. ૐ કારનીત્રણ માત્રાઓ તેનું અપર રૂપ છે. શુદ્ધ બ્રહ્મ માત્રારહિત ૐકાર છે. બ્રહ્મને પ્રાપ્ત કરનાર માટે કોઈ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી. તે જેની જેની ઈચ્છા કરે તે તેને પ્રાપ્ત થાય છે. શાંકરભાષ્યમાં કહ્યું છે કે અપર બ્રહ્મ પ્રાપ્તવ્ય છે અને પર બ્રહ્મ જ્ઞાતવ્ય છે.*

**एतदालम्बनँ श्रेष्ठमेतदालम्बनं परम् ।**

**एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥17॥**

**સંધિવિચ્છેદ :** एतत् आलम्बनम् । श्रेष्ठम् एतत् आलम्बनम् ।

**અન્વય :** एतत्आलम्बनम् । श्रेष्ठम् एतत् आलम्बनम् । एतत् श्रेष्ठम् आलम्बनम् । एतत् परम् आलम्बनम् । एतत् आलम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ।

**શબ્દાર્થ :**एतत् *આ ૐકાર,* महीयते *મહિમાથી યુક્ત થાય છે.*

**અનુવાદ :** *આ ૐકાર જ (પરબ્રહ્મની પ્રાપ્તિ માટે) સર્વ શ્રેષ્ઠ આલંબન છે. આ ૐકાર જ પરમ આલંબન છે. આ આલંબનને સારી રીતે જાણીને બ્રહ્મલોકમાં મહિમાન્વિત બને છે.*

**વિમર્શ :***ૐકાર પોતે જ બ્રહ્મરૂપ હોઈ બ્રહ્મપ્રાપ્તિના અન્ય સર્વ આલંબનોમાં તે શ્રેષ્ઠ છે. વળી, એ અંતિમ કે પરમ આલંબન છે. તેનાથી ચડિયાતું કોઈ આલંબન નથી. પ્રણવોપાસનાથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં પ્રવેશ પામીને સાધક મહિમાને પ્રાપ્ત કરે છે અર્થાત્ મોક્ષનો પરમાનન્દ ભોગવે છે.*

**न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।**

**अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥18॥**

**સંધિવિચ્છેદ :**विपश्चित् न अयम् ।कुतश्चित् न । अजः नित्यः । शाश्वतः अयम् । पुराणः न ।

**અન્વય :**अयं विपश्चित् न जायते न म्रियते वा । कुतश्चित् न कश्चित् न बभूव । अजः शाश्वतः नित्यःपुराणः अयं हन्यमाने शरीरे न हन्यते ।

**શબ્દાર્થ :**विपश्चित् *નિત્ય જ્ઞાનસ્વરૂપ,* न जायते *જન્મ લેતો નથી.* न म्रियते *મરણ પામતો નથી.* कुतश्चित *કોઈથી, કોઈ કારણથી,* कश्चित् *કોઈક,* अजः *અજન્મા,* शाश्वतः *એકધારો રહેનારો,* पुराणः *પહેલાંથી જ રહેલો,* हन्यमाने शरीरे *શરીરનો નાશ થાય ત્યારે*

**અનુવાદ :** *આ નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા જન્મ લેતો નથી કે મરણ પણ પામતો નથી. તે અજન્મા, નિત્ય, હમેશાં એકધારો રહેનારો અને પુરાતન છે. શરીરનો નાશ થાય ત્યારે તે નાશ પામતો નથી.*

**વિમર્શ :** *આત્મસ્વરૂપના નિરૂપણનો કઠોપનિષદનો આ મન્ત્ર ખૂબ જ પ્રસિદ્ધ બન્યો છે. શ્રીમદ્ભગવદ્ગીતાના બીજા અધ્યાયના વીશમા શ્લોકમાં આ મન્ત્ર ઝીલાયો છે. ઉપરના મન્ત્રમાં આત્માને 'વિપશ્ચિત' કહ્યો છે.* विशेषं पश्यति इति विपश्चित् । विप्रकृष्टं चेतति चिनोति चिन्तयति इति वा । *વિપશ્ચિત્ એટલે વિશેષરીતે જુએ તે. વિશેષરીતે (પ્રકૃષ્ટ) વિચારે તે વિપશ્ચિત્. આત્મા નિત્ય જ્ઞાનસ્વરૂપ છે તેથી વિપશ્ચિત્ છે. તે ક્યારેય જન્મ લેતો નથી કે મરણ પામતો નથી. એ અજન્મા અને અવિનાશી છે. અવસ્થાઓને લીધે થનાર ક્ષય કે વૃદ્ધિ જેવા કોઈ કોઈ ફેરફાર તેમાં થતો નથી. તે સદાકાળ એકરસ રહે છે. તેનું કોઈ ઉત્પત્તિનું કારણ નથી તેમ જ તે કોઈનું કાર્ય પણ નથી. મનુષ્યના શરીરનો વિનાશ થાય ત્યારે આત્માનો નાશ થતો નથી.*

**हन्ता चेन्मन्यते हन्तुँ हतश्चेन्मन्यते हतम् ।**

**उभौ तौ न विजानीतो नायँ हन्ति न हन्यते ॥19॥**

**સંધિવિચ્છેદ :**चेत् मन्यते । हतः चेत् मन्यते । विजानीतः न अयम् ।

**અન્વય :**चेत् हन्ता (आत्मानं) हन्तुं मन्यते, चेत् हतः(आत्मानं) हतं मन्यते । तौ उभौ न विजानीतः । अयं न हन्ति, न हन्यते ।

**શબ્દાર્થ :**नचेत् हन्ता *જો મારનારો,* हन्तुम्*મારવા માટે,* हतः*મરનારો,* हतम्

*મરાયેલો,* तौ उभौ *તે બન્ને,* न विजानीतः *સારી રીતે જાણતા નથી.* अयं न हन्ति

*આ મારતો નથી.* न हन्यते*આ મરાતો નથી.* *અનુવાદ : જો કોઈ મારનાર વ્યક્તિ આત્માને મારવા માટે પોતાને સમર્થ માને છે કે મરનારો વ્યક્તિ આત્માને મરાયેલો માને છે, તો તેઓ બન્ને સારી રીતે જાણતા નથી. આ આત્મા કોઈને મારતો નથી કે કોઈથી મરાતો પણ નથી.*

*વિમર્શ : કઠોપનિષદના આ શ્લોકમાં વ્યક્ત વિચાર ભારતીય પરંપરામાં શાશ્વત બની ગયો છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં આ વિચારને આ શબ્દોમાં પ્રતિધ્વનિત થયેલ છે.*

**य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।**

**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ 2.19॥**

*આત્મામાં કર્તૃત્વ નથી. એટલે કોઈને હણતો નથી. એવી જ રીતે કોઈ એને હણી શકતું પણ નથી. હણવાની ક્રિયાનો વિષય શરીર છે. મનુષ્યનું શરીર નાશ પામે છે પણ એમાં રહેલો આત્મા ક્યારેય નાશ પામતો નથી. આત્માને હણનાર કે હનનક્રિયા તરીકે જોવો એ અજ્ઞાન છે. શરીરના જે ધર્મો છે તેને આત્મા પર આરોપિત કરીને મનુષ્ય સુખ-દુઃખનો અનુભવ કરે છે.*

**अणोरणीयान्महतो महीयानात्माऽस्य जन्तोर्निहितो गुहायाम् ।**

**तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥20॥**

**સંધિવિચ્છેદ :**अणोः अणीयान् । महतः महीयान् आत्मा अस्य । जन्तोः निहितः गुहायाम् । तम्अक्रतुः । वीतशोकः धातुप्रसादात् महिमानम् आत्मनः ॥

**અન્વય :**अस्य जन्तोः गुहायां निहितः आत्मा अणोः अणीयान्, महतः महीयान् । धातोः प्रसादात् तम्आत्मनः महिमानम् अक्रतुः वीतशोकः पश्यति ।

**શબ્દાર્થ :**अस्य जन्तोः *આ પ્રાણીમાત્રના,* गुहायां निहितः *હૃદયરૂપી ગુફામાં રહેલો,* अणोः अणीयान्, *અણુ કરતાં પણ અણુ,* महतः महीयान् *મહાન કરતાં પણ મહાન,* धातोः प्रसादात् *પરમેશ્વરની કૃપાથી,* अक्रतुः *કામનારહિત*

**અનુવાદ :** *આ પ્રાણીમાત્રની હૃદયરૂપી ગુફામાં રહેલો આત્મા અણુથી પણ મહાનથી પણ મહાન છે. પરમેશ્વરની કૃપાથી કામનારહિત અને શોકરહિત એવો કોઈ પુરુષ તે આત્માના મહિમાને જોઈ શકે છે.*

**વિમર્શ :** *અહીં પરસ્પર વિરોધી એવા બે ધર્મોને આત્મામાં એકીસાથે નિરૂપીને તેનું સ્વરૂપ વર્ણવ્યુ છે. આત્મા અણુ કરતાં પણ વધારે અણુ છે. જગતની તમામ સૂક્ષ્મ વસ્તુઓ કરતાં પણ તે વધારે સૂક્ષ્મ છે. એ જ રીતે મહાન કરતાં તે મહાન છે. એટલે કે મોટું પરિમાણ ધરાવતી તમામ વસ્તુઓ કરતાં પણ તેનું પરિમાણ મોટું છે. બ્રહ્માથી માંડીને તૃણ સુધીના તમામ પ્રાણીસમુદાયની હૃદયરૂપી ગુફામાં તે રહેલો છે. અર્થાત્ સર્વભૂતાન્તરાત્મા છે. કામનાઓને છોડીને જે નિષ્કામ થયો હોય અને જેના સઘળા શોક શમી ગયા હોય તેવો કોઈ પુરુષ પરમેશ્વરની કૃપાથી એને જાણી શકે છે. સકામ મનુષ્ય ક્યારેય આત્માને ઓળખી શકતો નથી. અહીં પ્રયુક્ત 'પ્રસાદ' શબ્દથી આત્મજ્ઞાન માટે પરમેશ્વરની કૃપાનો નિર્દેશ થયો હોઈ ભક્તિના સિદ્ધાંતનું બીજ રહ્યું છે એમ જણાય છે.*

**आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः ।**

**कस्तं मदामदं देवं मदन्यो ज्ञातुमर्हति ॥21॥**

**સંધિવિચ્છેદ :**आसीनः दूरम् । शयानः याति । कः तम् । मत् अन्यः ज्ञातुम् अर्हति ।

**અન્વય :**(यः) आसीनः दूरं व्रजति, शयानः सर्वतः याति । तं मदामदं देवं मत् अन्यः कः ज्ञातुम् अर्हति ।

**શબ્દાર્થ :**आसीनः *બેસેલો,* दूरं व्रजति *દૂર પહોંચી જાય છે.* शयानः *સૂતેલો,* मदामदं *ઐશ્વર્યના મદથી ઉન્મત્ત ન થનારને,* मत् अन्यः कः *મારા સિવાય બીજો કોણ,* ज्ञातुम् अर्हति *જાણવા સમર્થ છે.*

**અનુવાદ :** *જે બેસેલો હોવા છતાં દૂર સુધી જાય છે અને સૂતેલો હોવા છતાં પણ બધી બાજુએ ચાલતો રહે છે. ઐશ્વર્યના મદથી ઉન્મત્ત નહિ થનાર તે દેવને મારા સિવાય કોણ જાણવા સમર્થ છે ?*

**વિમર્શ :** *આત્મા દુર્વિજ્ઞેય છે કેમ કે તેમાં પરસ્પર વિરોધી ધર્મો રહેલા છે. તે અચલ રહીને પણ ખૂબ લાંબા અંતરે ચાલ્યો જાય છે. એક બાજુથી જોઈએ તો તે અચલ હોઈ તેમાં ગતિનો અભાવ છે પણ તે ખૂબ દૂર સુધી ગતિ કરે છે તેવા નિર્દેશમાં વિરોધ ઉત્પન્ન થાય છે. તે સૂતેલો હોય તો પણ બધી બાજુએ ગતિ કરે છે. આમ, આત્મા એ વિરોધી ધર્મોને ધારણ કરીને રહ્યો છે. યમરાજ તેને 'મદામદ' દેવ કહે છે. મદ હોવા છતાં તે અમદ રહે છે. ઐશ્વર્યનો સ્વામી હોવા છતાં તેમાં મદનો અભાવ છે. આમ, મદ અને અમદ બન્ને વિરુદ્ધ ધર્મો આત્મામાં વિદ્યમાન છે. આવા વિભુ એટલે કે સર્વવ્યાપી દેવને જાણવા માટે મારા સિવાય અન્ય કોણ સમર્થ છે એમ કહીને યમરાજ આત્માનું દુર્વિજ્ઞેયત્વ વર્ણવે છે. યમરાજના કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મામાં વિરોધી ધર્મો જોઈને ભ્રમિત થવું જોઈએ નહિ. તે સર્વવ્યાપક અને સર્વશક્તિમાન છે. જ્ઞાની પુરુષ પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી તેને સમજી શકે છે.*

**अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।**

**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥22॥**

**સંધિવિચ્છેદ :**शरीरेषु अनवस्थेषु अवस्थितम् । विभुम् आत्मानम् । धीरः न ।

**અન્વય :**धीरः अनवस्थेषु शरीरेषु अशरीरम् अवस्थितं महान्तं विभुम् आत्मानं मत्वा न शोचति ।

**શબ્દાર્થ :**अनवस्थेषु *સ્થિર નહિ રહેનાર,* अशरीरम् *શરીરરહિત,* अवस्थितं *રહેલાને,* महान्तं *મહાન,* विभुम्*સર્વવ્યાપક,* न शोचति *શોક કરતો નથી.*

**અનુવાદ :** *સ્થિર નહિ રહેનારા વિનાશશીલ શરીરોમાં જે શરીરરહિત રહેલો છે તેવા મહાન અને સર્વવ્યાપક આત્માને જાણીને ધીર પુરુષ શોક કરતો નથી.*

**વિમર્શ :** *બધા જીવોના શરીર અનિત્ય અને વિનાશશીલ છે. તેમાં પ્રતિક્ષણ પરિવર્તન થયા કરે છે. આવા અનિત્ય શરીરોમાં જે આત્માની સત્તા છે તે શરીરરહિત છે. તે નિત્ય છે, ત્રિકાલાબાધિત છે. આત્મા સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ અને મહાન કરતાં પણ મહાન છે. તે સર્વવ્યાપક છે. આવા આત્માનું યથાર્થ જ્ઞાન પામ્યા પછી ધીર પુરુષને કોઈ જ શોક રહેતો નથી. શોકનું કારણ અજ્ઞાન છે. બધાં શરીરોમાં એક જ આત્મા રહેલો છે એવી પ્રતીતિ થતાં શોકનું નિર્મૂલન થઈ જાય છે.*

**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।**

**यमेवैष वृणुते तेन लभ्यः तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥23॥**

**સંધિવિચ્છેદ :**न अयम् आत्मा । लभ्यः न ।यम् एव एषः वृणुते । तस्य एषः आत्मा ।

**અન્વય :**अयम् आत्मा न प्रवचनेन, न मेधया, न बहुना श्रुतेन लभ्यः । एषः यम् वृणुते, तेन एव लभ्यः । एषः आत्मातस्य स्वां तनूं विवृणुते ।

**શબ્દાર્થ :**प्रवचनेन,*પ્રવચન વડે,* मेधया *બુદ્ધિ વડે,* बहुना श्रुतेन *ઘણું સાંભળવાથી,* लभ्यः *પ્રાપ્ત થઈ શકે છે.* वृणुते *તે વરણ કરે છે.* तस्य *તેની સામે* स्वां तनूम् *પોતાના સ્વરૂપને,* विवृणुते *પ્રકટ કરે છે.*

**અનુવાદ :** *આ આત્મા પ્રવચનથી, બુદ્ધિથી કે ઘણું સાંભળવાથી પ્રાપ્ત થઈ શકતો નથી. આ આત્મા જેનું વરણ કરે છે તેનાથી જ તે પ્રાપ્ત થઈ શકે છે. તેની આગળ તે (આત્મા) પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે.*

**વિમર્શ :** *આત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન માટે તેની કૃપા જરૂરી છે. વેદોનાં પ્રવચનો, તીવ્ર મેધા અને શાસ્ત્રોનું જ્ઞાન આત્મપ્રાપ્તિનાં સાધનો છે. સાધક આ સાધનોની સહાયથી પરમ તત્ત્વને પામવાની મથામણ કરે છે. પરંતુ આ સાધનો આત્મપ્રતીતિ થવા માટે પૂરતાં નથી. જ્યાં સુધી આત્મા પોતે જ સાધક પર પ્રસન્ન ન થાય અને તેનું પોતાના ભક્તો તરીકે વરણ ન કરે ત્યાં સુધી બધું વ્યર્થ છે. આત્મા જેનો સ્વીકાર કરે છે ત્યારે તેની સમક્ષ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરી દે છે. આમ, આ મન્ત્રમાં ભક્તિનો નિર્દેશ જોઈ શકાય છે. શ્રીપાદ દામોદર સાતવલેકર નોંધે છે કે આત્મા પ્રેમનો સાગર છે. તેથી તે પોતાના અનન્ય ભક્તનો નિઃસંદેહ સ્વીકાર કરે છે એને જેને તે સ્વીકારે છે તેનું શરીર આત્માનું નિવાસસ્થાન બની જાય છે. સાધક અનન્યભક્તિ કરે અને તે ભક્તિ વ્યર્થ જાય એવું કદી બનતું નથી.*

**नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।**

**नाशान्तमानसो वाऽपि प्रज्ञानेनैनमाप्नुयात् ॥24॥**

**સંધિવિચ્છેદ :**न अविरतः दुश्चरितात् न अशान्तः न असमाहितः । नअशान्तमानसः वा अपि । प्रज्ञानेन एनम् आप्नुयात् ।

**અન્વય :**न दुश्चरितात् अविरतः, न अशान्तः, न असमाहितः, न अशान्तमानसः वा, एनं प्रज्ञानेन अपि आप्नुयात् ।

**શબ્દાર્થ :**दुश्चरितात् अविरतः *દુરાચરણોથી નિવૃત્તિ પામેલો,* असमाहितः *મન અને ઇન્દ્રિયોને સંયમમાં રાખનારો,* प्रज्ञानेन *સૂક્ષ્મ બુદ્ધિ વડે*

**અનુવાદ :** *જે દુરાચરણથી અટક્યો નથી, જે અશાન્ત છે, જેની ઇન્દ્રિયો સંયમિત થઈ નથી અને જેનું મન શાન્ત થયું નથી તેવો મનુષ્ય સૂક્ષ્મ બુદ્ધિ વડે પણ તેને પ્રાપ્ત કરી શકતો નથી.*

**विमर्श :** *આત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન માટે પરમેશ્વરની કૃપા જરૂરી છે એવું કહ્યા પછી આ મન્ત્રમાં યમરાજ તે કૃપા કઈ રીતે પ્રાપ્ત થાય તેનું રહસ્ય છતું કરે છે. ગમે તેટલી તીવ્ર અને સૂક્ષ્મ મતિ હોય પણ સદાચરણ ન હોય તો બધું નકામું છે. જે દુરાચારથી અટકતો નથી, સંયમ રાખતો નથી, અશાન્ત છે અને જેના ચિત્તમાં શાન્તિનો ભાવ સ્થિર નથી તેવો મનુષ્ય પ્રચંડ બુદ્ધિશાળી હોય તો પણ આ આત્માને જાણી શકતો નથી. પણ જે દુરાચાર કરતો નથી, ભોગોથી નિવૃત્ત થયેલો છે, સંયમી છે, જેનું મન શાન્ત અને પ્રસન્ન રહે છે તેવો મનુષ્ય પોતાની બુદ્ધિથી આત્માને જાણી શકે છે. આત્મપ્રાપ્તિ ઈચ્છતા સાધકનું અનુષ્ઠાન આ મન્ત્રમાં દર્શાવ્યું છે.*

**यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।**

**मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥२५॥**

**સંધિવિચ્છેદ** *:* भवतः ओदनः । मृत्युः यस्य उपसेचनम् । कः इत्था ।

**અન્વય :**यस्य ब्रह्म च क्षत्रं च उभे ओदनः भवतः, यस्य मृत्युः उपसेचनम् (भवति), सः यत्र, इत्था कः वेद ।

**શબ્દાર્થ :**ब्रह्म च क्षत्रं च *બ્રાહ્મણ અને ક્ષત્રિય,* उभे ओदनः भवतः *બન્ને ખોરાક બની જાય છે.* मृत्युः उपसेचनम् *શાક વગેરે,* इत्था *આ પ્રકારનો*

**અનુવાદ :** *જે આત્માના બ્રાહ્મણ અને ક્ષત્રિય આ બન્ને ખોરાક બને છે અને મૃત્યુ જેના માટે શાક વગેરે બને છે તે આત્મા કયાં રહે છે અને કયા પ્રકારનો છે એમ કોણ જાણે છે ?*

**विमर्श :** *આત્મા અવર્ણનીય અને અગમ્ય સ્વરૂપને અહીં વર્ણવ્યું છે. સૃષ્ટિના સંહારકાળે આ આત્મા જ સર્વનો કોળિયો કરી જાય છે. સૌ કોઈ તેનામાં વિલીન થઈ જાય છે. સર્વનો નિષ્પાદક અને સંરક્ષક એવો આત્મા જ સૌનો સંહારક પણ છે. મૃત્યુ એના માટે ઉપસેચન છે. ઉપસેચન એટલે શાકભાજી, સૂપ વગેરે ભોજનની પૂરક વસ્તુઓ. સૌના સંહારક યમદેવ પણ એ પરમતત્ત્વ પાસે શાકભાજી સમાન બની જાય છે તો સામાન્યની તો વાત જ શી કરવી ? આથી સિદ્ધ થાય છે કે પરમાત્મા સર્વશક્તિમાન છે. જે મનુષ્ય કે દેવ પોતાને સર્વસમર્થ માને છે તે અજ્ઞાની છે.*

**इति कठकोपनिषदि प्रथमाध्याये द्वितीया वल्ली समाप्तम ॥**

*આ પ્રમાણે કઠકોપનિષદમાં પ્રથમ અધ્યાયમાં બીજી વલ્લી પૂરી થઈ.*

## 13.5 અધ્યાય 1, વલ્લી 3

**ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ।**

**छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥ १॥**

**સંધિવિચ્છેદ :** ब्रह्मविदः वदन्ति । पञ्चाग्नयः ये ।

**અન્વય :**ये ब्रह्मविदः पञ्चाग्नयः त्रिणाचिकेताः ते सुकृतस्य ऋतं पिबन्तौ, लोके गुहां **परमे परार्धे प्रविष्टौ छायातपौ वदन्ति ।**

**શબ્દાર્થ :**ब्रह्मविदः *બ્રહ્મને જાણનારા*, पञ्चाग्नयः *પંચાગ્નિની ઉપાસના કરનાર*, त्रिणाचिकेताः *ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કરનારા*, सुकृतस्य *સત્કર્મનું*, ऋतं पिबन्तौ,*સત્યનું પાન કરનારા તે બન્નેને*,**परार्धे** *પરબ્રહ્મના અર્ધસ્થાનમાં, નિવાસસ્થાનમાં*, **छायातपौ** *છાયા અને પ્રકાશ*

**અનુવાદ :** *પંચાગ્નિની ઉપાસના કરનારા અને ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કરનારા બ્રહ્મજ્ઞાની લોકો કહે છે કે પોતાના સત્કર્મના ફળને ભોગવનાર, શરીરમાં બુદ્ધિરૂપી ગુફામાં પરબ્રહ્મના પરમ સ્થાનમાં પ્રવેશનાર તે બન્નેને છાયા અને પ્રકાશની જેમ કહે છે.*

**વિમર્શ :** *મનુષ્યની હૃદયરૂપી ગુફામાં આત્મા અને પરમાત્મા એમ બન્ને રહ્યા છે. છાયા અને પ્રકાશની જેમ તેઓ બન્ને પરમ પરાર્ધ એટલે કે હૃદયાકાશમાં રહેલા છે. તેમાંનો એક કર્મના ફળનો ભોગવે છે, જ્યારે બીજો ભોગવતો નથી. તો પણ કર્મફળ ભોગવનાર આત્મા સાથે સંબંધ હોવાને લીધે અહીં છત્રીન્યાયથી બન્નેને માટે* पिबन्तौ *એવું દ્વિવચન વપરાયું છે. આત્મા અને પરમાત્મા તે બન્ને સંસારી અને અસંસારી હોવાને લીધે તેમના છાયા અને તડકાની જેમ એકબીજાથી જુદા છે એમ બ્રહ્મને જાણનારાઓ કહે છે. ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયન કરનારા અને જેઓ પંચાગ્નિની ઉપાસના કરે છે તેઓ પણ હૃદયમાં પ્રવેશેલા આ બન્નેને છાયા અને પ્રકાશ તરીકે ઓળખાવે છે. આ મન્ત્રમાં પ્રયુક્ત પંચાગ્નિ શબ્દથી* (1) *ગાર્હપત્ય,* (2) *દક્ષિણ,* (3) *આવહનીય,* (4) *સભ્ય અને* (5) *આવસથ્ય એમ પાંચ પ્રકારનો અગ્નિનો ઉલ્લેખ છે.*

**यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत् परम् ।**

**अभयं तितीर्षतां पारं नाचिकेतँ शकेमहि ॥2॥**

**સંધિવિચ્છેદ :**सेतुः ईजानानाम् अक्षरम् ।

**અન્વય :**यः ईजानानां सेतुः(तं) नाचिकेतं तितीर्षताम् अभयं पारं, यत् परम् अक्षरं ब्रह्म शकेमहि ।

**શબ્દાર્થ :**ईजानानाम् *યજ્ઞ કરનારાઓનો*, तितीर्षताम् *સંસારસમુદ્રને તરવાની ઈચ્છાઓવાળાઓનો*, शकेमहि *અમે જાણવા શક્તિમાન થઈએ.*

*અનુવાદ : જે યજ્ઞ કરનાર માટે સેતુ છે તે નાચિકેત અગ્નિને અને સંસારસમુદ્રને તરવાની ઈચ્છાવાળાઓ માટે ભયરહિત પદ છે તે અવિનાશી પરમ બ્રહ્મને જાણવા માટે અમે સમર્થ થઈએ.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં યમરાજે પરમાત્માને જાણવાની શક્તિ મળે એવી પ્રાર્થના કરીને એવો ભાવ દર્શાવ્યો છે કે પરબ્રહ્મને જાણવાનું અને પ્રાપ્ત કરવાનું સૌથી ઉત્તમ અને*

*સરળ સાધન એમની પ્રાર્થના જ છે. નાચિકેત અગ્નિ દુ:ખને પાર કરવાનું સાધન હોઈને તેને જાણવામાં અને તેનું ચયન કરવાની અહીં અભીપ્સા કરવામાં આવી છે. વળી, જે ભયરહિત છે અને સંસારને તરવાની ઈચ્છાવાળા બ્રહ્મવેત્તાઓ માટે પરમ આશ્રય એવું અવિનાશી પરબ્રહ્મ છે તેને પણ જાણવાની કામના કરવામાં આવી છે. અગાઉના મન્ત્રમાં જેનો દ્વિવચનથી ઉલ્લેખ થયો હતો તે કર્મવેત્તાઓનો આશ્રય અપર બ્રહ્મ અને બ્રહ્મવેત્તાઓનો આશ્રય પરબ્રહ્મ - આ બન્ને જાણવા યોગ્ય છે એવો આ મન્ત્રનો અર્થ છે.*

**आत्मानँ रथितं विद्धि शरीरँ रथमेव तु ।**

**बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥3॥**

**સંધિવિચ્છેદ :**रथम् एव । प्रग्रहम् एव ।

**અન્વય :**आत्मानं रथिनं विद्धि,शरीरं तु रथम् एव (विद्धि) । बुद्धिं तु सारथिं, मनः च प्रग्रहम् एव विद्धि ।

**શબ્દાર્થ :**रथिनम् *રથનો સ્વામી,* विद्धि *તું જાણ.* प्रग्रहम् *લગામ*

**અનુવાદ :** *તું જીવાત્માને રથનો સ્વામી અને શરીરને રથ જાણી લે. બુદ્ધિને તેનો સારથિ અને મનને તેની લગામ જાણી લે.*

**વિમર્શ :** *કઠોપનિષદનું અત્યંત પ્રસિદ્ધ રથ-રથીનું રૂપક આ મન્ત્રથી શરૂ થાય છે. વ્યવહાર જગતમાં જે રીતે રથની ગતિ હોય છે તેના આધારે શરીરરૂપી રથને સમજાવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. કર્મફળને ભોગવનારો જીવાત્મા રથી છે એટલે કે રથનો સ્વામી છે. શરીર એ રથ છે. રથની સમ્યક્ ગતિ માટે તેની ઉપર નિયમન કરનાર સારથિ એટલે બુદ્ધિ. મનને લગામનું રૂપક આપવામાં આવ્યું છે. જેમ ઘોડાઓને જોડવામાં આવેલી લગામથી નિયંત્રિત કરવામાં આવે છે તેમ મન લગામનું કામ કરે છે.*

**इन्द्रियाणि हयानाहुर्विषयाँस्तेषु गोचरान् ।**

**आत्मेन्द्रियमनोयुक्तंभोक्तेत्याहुर्मनीषिणः ॥4॥**

**સંધિવિચ્છેદ :**हयान् आहुः विषयान् तेषु । आत्माइन्द्रियमनोयुक्तम् । भोक्ता इति आहुः मनीषिणः ।

**અન્વય :**मनीषिणः इन्द्रियाणि हयान्, तेषु गोचरान् विषयान्, इन्द्रियमनोयुक्तम् आत्मा भोक्ता इतिमनीषिणः आहुः ।

**શબ્દાર્થ :**मनीषिणः *જ્ઞાનીજનો,* हयान्, *ઘોડાઓ,* तेषु गोचरान् *તેઓને ચાલવાનો માર્ગ,* इन्द्रियमनोयुक्तम् *ઈન્દ્રિય અને મનથી યુક્ત*

**અનુવાદ :** *જ્ઞાનીજનો ઈન્દ્રિયોને ઘોડારૂપે, ઈન્દ્રિયોના વિષયોને તેમના માર્ગરૂપે તેમ જ ઈન્દ્રિય અને મનથી યુક્ત જીવાત્માને ભોક્તા કહે છે.*

**વિમર્શ :** *શરીરને માટે રથની કલ્પના કરવામાં કુશળ પુરુષોએ ચક્ષુ, શ્રોતાદિ ઈન્દ્રિયોને ઘોડાઓ કહ્યા છે. જેમ ઘોડાઓ કોઈ રથને ખેંચે છે તેમ ઈન્દ્રિયો પણ શરીરરૂપી રથને ખેંચે છે. રૂપ, શબ્દ વગેરે ઈન્દ્રિયોના વિષયોને અહીં રથને ચાલવાનો માર્ગ કહ્યા છે. જેમ ઘોડાઓ સતત દોડ્યા કરે છે તેમ ઈન્દ્રિયોરૂપી અશ્વો પણ સતત વિષયોરૂપી માર્ગમાં સતત દોડ્યા જ કરે છે. શરીર, ઈન્દ્રિય અને મન સહિત આત્માને વિવેકી પુરુષો ભોક્તા કહે છે. કેવલ શુદ્ધ આત્મા ભોક્તા નથી પણ બુદ્ધિ વગેરે ઉપાધિને લીધે આત્મામાં ભોક્તૃત્વનો આરોપ કરવામાં આવે છે. રથનો સ્વામી પોતાના ઈચ્છિત સ્થાને રથને લઈ જવા માગતો હોય તો તેણે ઘોડાઓ પર અંકુશ રાખવો પડે છે અને તેમ મનુષ્યે પણ ઈન્દ્રિયોને સંયમિત કરવી જ રહી.*

**यस्त्वविज्ञानवान्भवत्ययुक्तेन मनसा सदा ।**

**तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥5॥**

**સંધિવિચ્છેદ :**यः तु अविज्ञानवान् । भवति अयुक्तेन । तस्यइन्द्रियाणि अवश्यानि । दुष्टाश्वाः इव ।

**અન્વય :**अविज्ञानवान् यः सदा अयुक्तेन मनसा भवति, तस्य इन्द्रियाणि सारथेः दुष्टाश्वाः इव अवश्यानि(भवन्ति) ।

**શબ્દાર્થ :**अविज्ञानवान् *અવિવેકી બુદ્ધિવાળો,* अयुक्तेन मनसा *વશમાં ન હોય એવા મનથી,* दुष्टाश्वाः इव *તોફાની ઘોડાઓની જેમ,* अवश्यानि *વશમાં નહિ રહેનારી*

**અનુવાદ :** *પરંતુ જે હમેશાં અવિવેકી બુદ્ધિવાળો અને વશમાં ન રહે એવા મનવાળો હોય છે તેની ઈન્દ્રિયો સારથિને વશમાં નહિ રહેનારા તોફાની ઘોડાઓ જેવી બનીને વશમાં રહેતી નથી.*

**વિમર્શ :** *વિજ્ઞાનરહિત મનુષ્ય એટલે જેની ઈન્દ્રિયો સ્વાધીન નથી પણ અસંયત છે. દુષ્ટ ઘોડાઓ જે રથને જોડવામાં આવ્યા હોય તેનો સારથિ ઘોડાઓને વશમાં રાખી શકતો નથી અને ઘોડાઓ પોતાની મરજી પ્રમાણે રથને દોરી જતા હોય છે. તે પ્રમાણે અવિવેકી મનુષ્યના શરીરરૂપી રથને તેની ચંચળ અને બેકાબૂ ઈન્દ્રિયો ગમે ત્યાં દોરી જતી હોય છે. નિરંતર વિષયોમાં ઉન્મુખ રહીને તેનું જ ચિંતન કરનાર અવિવેકી મનુષ્ય પોતાની ઈન્દ્રિયોનો દાસ બની જતો હોય છે અને ઈન્દ્રિયો જ્યાં લઈ જાય ત્યાં તે જાય છે. પોતાના ગન્તવ્ય સ્થાને સુખરૂપ પહોંચવા માટે રથ, સારથિ, ઘોડાઓ અને લગામ બધું સંયમયુક્ત હોવું જોઈએ.*

**यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा ।**

**तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥6॥**

**સંધિવિચ્છેદ :**यः तु । तस्य इन्द्रियाणि । सदश्वाः इव ।

**અન્વય :**यः विज्ञानवान् सदा युक्तेन मनसा भवति, तस्य इन्द्रियाणि सारथेः सदश्वाः इव वश्यानि (भवन्ति) ।

**શબ્દાર્થ :**विज्ञानवान् *વિવેકયુક્ત બુદ્ધિવાળો,* युक्तेन मनसा *વશમાં કરાયેલા મનથી,* सदश्वाः इव *સારા ઘોડાઓની જેમ,* वश्यानि *વશમાં રહેલી છે.*

**અનુવાદ :** *પરંતુ જે હમેશાં વિવેકી બુદ્ધિવાળો અને વશમાં રહે એવા મનવાળો હોય છે તેની ઈન્દ્રિયો સારથિને વશમાં રહેનારા સારા ઘોડાઓ જેવી બનીને વશમાં રહે છે.*

**વિમર્શ :** *પૂર્વના મન્ત્રમાં વિવેકરહિત મનુષ્યની નિરંકુશ ઈન્દ્રિયોથી ખેંચાતા રથની વાત કરી તેમ આ મન્ત્રમાં વિવેકયુક્ત મનુષ્યની સંયમિત ઈન્દ્રિયોની વાત કરવામાં આવી છે. જે મનુષ્ય પોતાના મનનો નિગ્રહ કરીને પછી વિષયોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેને વિવેકયુક્ત બુદ્ધિવાળો કહેવાય છે. તે વિષયોમાં પ્રવર્તે છે છતાં તેમાં તેની આસક્તિ રહેતી નથી. જેમ કોઈ સાવધાન સારથિ પોતાના ઉત્તમ ઘોડાઓને યથાયોગ્ય દોરીને વશમાં રાખે છે તેમ તે પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખી શકે છે. આથી મનુષ્યે પોતાની ઈન્દ્રિયો પર સંયમ રાખવા માટે મનને વશમાં કરવું જોઈએ. મન એ લગામ છે. ઈન્દ્રિયો પર સંયમિત મનની લગામ રાખવામાં આવે ત્યારે તેઓ વિષયોમાં આમ તેમ ભટકવાને બદલે પોતાના ગન્તવ્ય તરફ જાય છે.*

**यस्त्वविज्ञानवान्भवत्यमनस्कः सदाऽशुचिः ।**

**न स तत्पदमाप्नोति संसारं चाधिगच्छति ॥7॥**

**સંધિવિચ્છેદ :**यः तु अविज्ञानवान् । भवति अमनस्कः । सदा अशुचिः । सः तत्पदम् आप्नोति । च अधिगच्छति ।

**અન્વય :**यः तु अविज्ञानवान् अमन्सकः सदा अशुचिः भवति सः तत्पदं न आप्नोति, संसारं च अधिगच्छति ।

**શબ્દાર્થ :**अविज्ञानवान् *અવિવેકી બુદ્ધિવાળો,* अमन्सकः *સંયમરહિત ચિત્તવાળો,* अशुचिः *અપવિત્ર,* तत्पदम् *તે પરમપદને,* अधिगच्छति *વારંવાર ભટક્યા કરે છે.*

*અનુવાદ : પરંતુ વિવેકરહિત બુદ્ધિવાળો અને સંયમરહિત મનવાળો જે મનુષ્ય હમેશાં અપવિત્ર રહે છે તે પરમ પદને મેળવી શકતો નથી અને સંસારમાં વારંવાર ભટક્યા કરે છે.*

**વિમર્શ :** *અવિજ્ઞાનીના રથની ગતિ અનિયંત્રિત હોય છે. તેને પાતાના મન કે ઈન્દ્રિયો પર કોઈ પ્રકારનો સંયમ હોતો નથી. ઈન્દ્રિયો તેને વશ થઈને પ્રવૃત્ત થતી નથી પણ ઈન્દ્રિયોને વશ થઈને તે પ્રવૃત્ત થતો હોય છે. મન વશમાં ન હોવાથી તેવો મનુષ્ય કાયમ અપવિત્ર જ રહે છે. આવો અવિવેકી મનુષ્ય ક્યારેય તે પરમ પદને પામી શકતો નથી. તેના જન્મ-મરણનું ચક્ર સતત ચાલતું રહે છે અને તે એક યોનિમાંથી બીજી યોનિમાં આવાગમન કર્યા કરે છે.*

**यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।**

**स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥8॥**

**સંધિવિચ્છેદ :**યः तु । सः तु । यस्मात् भूयः न ।

**અન્વય :**यः तुविज्ञानवान् समन्सकः सदा शुचिः भवति सः तु तत्पदम् आप्नोति, यस्मात् भूयः न जायते ।

**શબ્દાર્થ :**समन्सकः *સંયમિત મનવાળો*, शुचिः *પવિત્ર*, भूयः *ફરી*

**અનુવાદ :** *પરંતુ વિવેકયુક્ત બુદ્ધિવાળો અને સંયત મનવાળો જે મનુષ્ય હમેશાં પવિત્ર રહે છે તે મનુષ્ય તે પરમ પદને મેળવી શકે છે અને તે ફરીથી જન્મ લેતો નથી.*

**વિમર્શ :** *વિજ્ઞાનયુક્ત રથી કુશળ સારથિની મદદથી સમનસ્ક ચિત્તવાળો થઈને હમેશાં પવિત્ર રહેનારો હોય છે. આથી તે પરમ પદની પ્રાપ્તિ તેના માટે શક્ય બને છે. તેણે જન્મ અને મરણની આ ઘટમાળમાં ભટકવાનું રહેતું નથી. પરમ પદની પ્રાપ્ત થાય પછી પુનઃ પુનઃ જન્મ અને મરણમાંથી તે મુક્તિ પામે છે.*

**विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।**

**सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥९॥**

**સંધિવિચ્છેદ :**विज्ञानसारथिः यः तु । सः अध्वनः ।पारम् आप्नोति । तत् विष्णोः ।

**અન્વય :**यः नरः तु विज्ञानसारथिः मनः प्रगहवान्, सः अध्वनः पारं विष्णोः तत् परमं पदम् आप्नोति ।

**શબ્દાર્થ :**विज्ञानसारथिः *વિવેકબુદ્ધિરૂપી સારથિવાળો*, मनःप्रगहवान् *મનરૂપી લગામવાળો*, अध्वनः पारं *સંસારમાર્ગની પેલે પાર*

*અનુવાદ : જે માણસ વિવેકબુદ્ધિરૂપી સારથિવાળો અને મનરૂપી લગામવાળો હોય તે સંસારમાર્ગને પાર કરીને વિષ્ણુના તે પરમ પદને પ્રાપ્ત કરે છે.*

**વિમર્શ :** *જો સારથિ કુશળ હોય અને લગામથી અશ્વોને વશમાં કરી શકતો હોય તો તે પોતાના નિર્ધારિત સ્થાને રથના સ્વામીને પહોંચાડી દે છે. તેવું જ શરીરરૂપી રથનું પણ છે. જ મનુષ્ય ભગવાન વિષ્ણુના તે પરમપદ અર્થાત્ મોક્ષને મેળવવાનું લક્ષ્ય રાખતો હોય તે પોતાની બુદ્ધિને વિવેકશીલ રાખે છે. સંસારના સુખોપભોગોમાં તે આસક્ત થતો નથી. બુદ્ધિમાં આવો વિવેક જન્મે છે ત્યારે મન પણ વશમાં આવે છે. વશમાં રહેલા મનથી મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરે ત્યારે પણ તેમાં ફસાતો નથી. આ પ્રકારની જીવનયાત્રા સતત ચાલતી રહે છે ત્યારે મનુષ્ય સર્વવ્યાપી વિષ્ણુના પરમપદને પ્રાપ્ત કરે છે.*

**इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।**

**मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥ १०॥**

**સંધિવિચ્છેદ :**पराः हि अर्थाः अर्थेभ्यः च । मनसः तु ।बुद्धिः बुद्धेः आत्मा । **અન્વય :** इन्द्रियेभ्यः अर्थाः पराः हि । अर्थेभ्यः च मनः परम् । मनसः तु बुद्धिः परा । बुद्धेः महान् आत्मा परः ।

**શબ્દાર્થ :**इन्द्रियेभ्यः *ઇન્દ્રિયો કરતાં,* अर्थाः पराः *વિષયો શ્રેષ્ઠ છે.* अर्थेभ्यः *વિષયો કરતાં,* मनः परम् *મન શ્રેષ્ઠ છે.* मनसः *મન કરતાં,* बुद्धिः परा *બુદ્ધિ શ્રેષ્ઠ છે.* बुद्धेः *બુદ્ધિ કરતાં,* महान् आत्मा परः *મહાન આત્મા શ્રેષ્ઠ છે.*

**અનુવાદ :** *ઇન્દ્રિયો કરતાં (તેમના) શબ્દ વગેરે વિષયો શ્રેષ્ઠ છે, વિષયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિ કરતાં મહાન આત્મા (હિરણ્યગર્ભ) શ્રેષ્ઠ છે.*

**વિમર્શ :** *આગળના મન્ત્રમાં જે પરમપદની વાત કરી છે તેને પ્રાપ્ત કરવા માટે સ્થૂળ ઇન્દ્રિયોથી શરૂ કરીને સૂક્ષ્મતાના ક્રમે કઈ રીતે આગળ વધવું જોઈએ તે હવે સમજાવે છે. ઇન્દ્રિયો તો સ્થૂળ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ ઇન્દ્રિયોના વિષયો છે. તેમને ગ્રહણ કરવા ઇન્દ્રિયોની પ્રવૃત્તિ થાય છે. તેથી ઇન્દ્રિયો કરતાં તેમના વિષયો વધારે સૂક્ષ્મ છે. તે વિષયો કરતાં પણ મન વધારે મહાન, સૂક્ષ્મ અને નિત્યસ્વરૂપભૂત છે. મન કરતાં સૂક્ષ્મ બુદ્ધિ છે, કેમ કે બુદ્ધિ નિશ્ચયલક્ષણવાળી છે. નિશ્ચયાત્મિકા બુદ્ધિ મનને વશ કરી શકે છે. બુદ્ધિ કરતાં વધારે સૂક્ષ્મ મહાન આત્મા એટલે કે હિરણ્યગર્ભ છે. અવ્યક્તથી ઉત્પન્ન થયેલું પહેલું તત્ત્વ તે હિરણ્યગર્ભ છે. તે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિથી સંપન્ન હોવાને કારણે બુદ્ધિથી વધારે મહાન છે.*

**महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।**

**पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ॥11॥**

**સંધિવિચ્છેદ :**परम् अव्यक्तम् अव्यक्तात् । पुरुषात् न ।

**અન્વય :**महतः अव्यक्तम् परम्, अव्यक्तात् पुरुषः परः । पुरुषात् परं न किञ्चित् । सा काष्ठा, सा परा गतिः ।

**શબ્દાર્થ :** महतः *મહાન આત્મા કરતાં, હિરણ્યગર્ભ કરતાં,* अव्यक्तम् परम् *મૂળ પ્રકૃતિ શ્રેષ્ઠ છે.* अव्यक्तात् *મૂળ પ્રકૃતિ કરતાં,* काष्ठा, *સીમા,* परा गतिः *પરમ પ્રાપ્તિ*

**અનુવાદ :** *મહત્તત્ત્વથી મૂળ પ્રકૃતિ શ્રેષ્ઠ છે, મૂળ પ્રકૃતિ કરતાં પુરુષ શ્રેષ્ઠ છે. પુરુષથી શ્રેષ્ઠ બીજું કંઈ જ નથી. તે પરાકાષ્ઠા અને પરમ પ્રાપ્તિ છે.*

**વિમર્શ :** *મહત્તત્ત્વ અથવા હિરણ્યગર્ભથી સૂક્ષ્મ મૂળ પ્રકૃતિ છે. મૂળ પ્રકૃતિને અવ્યક્ત કહે છે. જે સંપૂર્ણ જગતની બીજભૂત પ્રકૃતિ છે. જેમ વડના ટેટામાંના કણમાં રહેલી વટવૃક્ષની શક્તિની જેમ અવ્યક્ત પ્રકૃતિ પરમાત્મામાં ઓતપ્રોત રહેલી છે. તે અવ્યક્ત કરતાં પુરુષ સૂક્ષ્મ અને પર છે. પૂર્ણરૂપ હોવાથી તે પુરુષ કહેવાય છે.* पुरुषः सर्वपूरणात् । *તેનાથી ઉત્કૃષ્ટ બીજું કશું નથી. પુરુષ જ સૂક્ષ્મત્વ, મહત્ત્વ અને પ્રત્યગાત્મત્વની પરાકાષ્ઠા છે, અંતિમ સ્થિતિ છે. ઇન્દ્રિયોથી લઈને શરૂ થયેલી સૂક્ષ્મત્વની આ યાત્રા પુરષ-આત્મામાં પૂર્ણ થાય છે. તેને પામ્યા પછી બીજું કંઈ જ મેળવવાનું બાકી રહેતું નથી.*

**एष सर्वेषु भूतेषु गूढोऽऽत्मा न प्रकाशते ।**

**दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥12॥**

**સંધિવિચ્છેદ :**एषः सर्वेषु । गूढः आत्मा ।

**અન્વય :**सर्वेषु भूतेषु गूढः एषः आत्मा न प्रकाशते । सूक्ष्मदर्शिभिः तु अग्र्यया सूक्ष्मया बुद्ध्या दृश्यते ।

**શબ્દાર્થ :** गूढः *છુપાયેલો, ઢંકાયેલો,* न प्रकाशते *પ્રત્યક્ષ થતો નથી.* अग्र्यया *એકાગ્ર*

**અનુવાદ :** *સર્વ ભૂતોમાં છુપાયેલો રહેલો હોવા છતાં આ આત્મા પ્રત્યક્ષ થતો નથી. સૂક્ષ્મ તત્ત્વોને જોનારાઓને તે એકાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી દેખાય છે.*

**વિમર્શ :** *આ આત્મા પ્રત્યેક પ્રાણીમાં રહેલો છે પણ અત્યન્ત સૂક્ષ્મ સ્વરૂપે રહેલો હોઈ પ્રત્યક્ષરીતે જોવામાં આવતો નથી. તે પોતાની માયાશક્તિથી આચ્છાદિત રહેલ છે. તેથી મોટાભાગના મનુષ્યો એને પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ જેઓ સૂક્ષ્મદર્શી લોકો છે તેઓ ક્રમશઃ વધારે સૂક્ષ્મ જે જોતાં જોતાં ઈન્દ્રિયો, વિષયો, મન, બુદ્ધિ, મહત્, મૂળ પ્રકૃતિ અને પુરુષ એમ એવો સાક્ષાત્કાર કરી શકે છે. પુરુષ કરતાં સૂક્ષ્મ કંઈ ન હોવાથી અહીં આ યાત્રા સમાપ્ત થાય છે. બુદ્ધિની એકાગ્રતા અને સૂક્ષ્મતા વિના પરમાત્માનો સાક્ષાત્કાર શક્ય નથી.*

**यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।**

**ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥13॥**

**સંધિવિચ્છેદ :**यच्छेत् वाक् मनसी । प्राज्ञः ततयच्छेत् ज्ञाने आत्मनि । ज्ञानम् आत्मनि। नियच्छेत् तत् यच्छेत् शान्तः आत्मनि ।

**અન્વય :**प्राज्ञः वाक् मनसी यच्छेत् । तत् ज्ञाने आत्मनि यच्छेत्। ज्ञानं महति आत्मनि नियच्छेत् ।तत् शान्ते आत्मनि यच्छेत् ।

**શબ્દાર્થ :**मनसी यच्छेत् *મનમાં સંયમિત કરે.* ज्ञाने आत्मनि यच्छेत्*જ્ઞાનરૂપી આત્મા - બુદ્ધિમાં સંયમિત કરે.* महति आत्मनि नियच्छेत् *મહત્તત્ત્વમાં સંયમિત કરે.* शान्ते आत्मनि यच्छेत् *શાન્ત આત્મામાં સંયમિત કરે.*

**અનુવાદ :** *વિવેકી પુરુષે વાણી વગેરે ઈન્દ્રિયોને મનમાં સંયમિત કરવી જોઈએ, તે મનને જ્ઞાનરૂપી આત્મા એટલે કે બુદ્ધિમાં સંયમિત કરવું જોઈએ. તે બુદ્ધિને મહત્તત્ત્વમાં સંયમિત કરવી જોઈએ અને તે મહત્તત્ત્વને શાન્ત પરમાત્મામાં સંયમિત કરવું જોઈએ.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં પ્રયુક્ત* यच्छेत् *શબ્દનો અર્થ* (1) *નિયુક્ત કરે,* (2) *ઉપસંહાર કરે,* (3) *નિરોધ કરે અથવા* (4)*સંયમિત કરે એવો થાય છે. વાણી શબ્દથી સર્વ ઈન્દ્રિયોનું ગ્રહણ થઈ જાય છે. ઈન્દ્રિયોનો સંયમ ક્યાં કરવો ? તેનો ઉત્તર છે કે મનમાં. અહીં પ્રયુક્ત* मनसी *પદ એ* मनसि *પદનું આર્ષરૂપ છે. સપ્તમી વિભક્તિ*

*એકવચનમાં હ્રસ્વ ઈકાર હોઈ અહીં* मनसिએ *વ્યાકરણમાન્ય રૂપ છે પણ અહીં દીર્ઘ ઈકારનો પ્રયોગ થઈને આવેલું* मनसीપદ *છાન્દસ પ્રયોગ છે. મનને જ્ઞાનસ્વરૂપ બુદ્ધિમાં લીન કરવું જોઈએ. બુદ્ધિ મન વગેરે ઈન્દ્રિયોમાં વ્યાપ્ત છે તેથી તે એમનો આત્મા છે. તે જ્ઞાનસ્વરૂપ બુદ્ધિને પ્રથમ વિકારરૂપ મહત્તત્ત્વમાં આત્મા લીન કરવી જોઈએ. મહાન આત્મા કે જેનું સ્વરૂપ સર્વ વિશેષણોથી રહિત છે અને જે અવિક્રિય, સર્વાન્તર તેમ જ બુદ્ધિના સંપૂર્ણ પ્રત્યયોનો સાક્ષી છે તેને મુખ્ય આત્મામાં લીન કરવો જોઈએ. જેમ મૃગજળને પાણી માની લેનાર માણસને તેનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે મૃગજળરૂપી અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે તેમ સ્વાત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન વડે પુરુષ સ્વસ્થ, પ્રશાંતચિત્ત અને કૃતકૃત્ય થઈ જાય છે.*

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।**

**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥14॥**

**સંધિવિચ્છેદ :**पथः तत् । कवयः वदन्ति ।

**અન્વય :** उत्तिष्ठत, जाग्रत, वरान् प्राप्य निबोधत । कवयः क्षुरस्य निशिता दुरत्यया धारा (इव) तत् पथः दुर्गं वदन्ति ।

**શબ્દાર્થ :**उत्तिष्ठत *ઊઠો,* जाग्रत *જાગો,* वरान् प्राप्य *ઉત્તમ લોકોને મેળવીને,* निबोधत *જાણી લો.* क्षुरस्य *છરીની,* निशिता *તીક્ષ્ણ,* दुरत्यया *દુસ્તર,* दुर्गं वदन्ति *દુર્ગમ કહે છે.*

**અનુવાદ :** *ઊઠો, જાગો અને ઉત્તમ જ્ઞાનીઓ પાસે જઈને તેનો બોધ મેળવી લો. કવિઓ એ માર્ગને છરીની તીક્ષ્ણ અને દુસ્તર ધાર જેવો દુર્ગમ કહે છે.*

**વિમર્શ :** *અવિદ્યાથી ઘેરાયેલા અને સાંસારિક મોહમાં ફસાઈને આત્મજ્ઞાનથી વિમુખ એવા લોકોને અહીં સંબોધન કરવામાં આવ્યું છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ માટે અધિકારી હોઈ પણ સૂતેલા રહે તો જીવન વ્યર્થ ચાલ્યું જતું હોય છે. માટે હે મનુષ્યો, તમે ઊઠો, અજ્ઞાનરૂપી ઘોર નિદ્રામાંથી જાગો અને ઉત્તમ જ્ઞાની પુરુષો પાસે જઈને ઉપદેશ મેળવો. આત્મજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ સરળ નથી. તત્ત્વજ્ઞાની ઋષિઓ આ માર્ગને છરીની તીક્ષ્ણ ધાર જેવો દુસ્તર ગણે છે. છરીની ધાર પણ કોઈ વીરલા જ ચાલી શકે. આ માર્ગ બહુ દુર્ગમ છે. સર્વજન સુલભ એવો એ રાજમાર્ગ નથી. ગુજરાતીમાં કવિ પ્રીતમે આ વાતને બહુ જ સુંદર રીતે વ્યક્ત કરતા કહ્યું છે કે હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને. ''ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'' એવા સ્વામી વિવેકાનંદના સુપ્રસિદ્ધ વાક્યનો આધાર કઠોપનિષદનો આ મન્ત્ર છે.*

**अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् ।**

**अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तन्मृत्युमुखात् प्रमुच्यते ॥15॥**

**સંધિવિચ્છેદ :**अशब्दम् अस्पर्शम्अरूपम् अव्ययम् । तथा अरसम् । नित्यम्
अगन्धवत् च । अनादि अनन्तम् । तत् मृत्युमुखात् ।

**અન્વય** :यत् अशब्दम् अस्पर्शम् अरूपम् अव्ययम् अरसम्नित्यम् अगन्धवत् अनादि अनन्तं महतः परं तथा ध्रुवम् च, तत् निचाय्य मृत्युमुखात् प्रमुच्यते ।

**શબ્દાર્થ** :महतः परम् *મહત્તત્ત્વથી શ્રેષ્ઠ,* ध्रुवम् *અચલ, નિત્ય સ્થિર,* निचाय्य *જાણીને*

**અનુવાદ** : *જે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, અવ્યય, રસરહિત, નિત્ય, ગન્ધરહિત, અનાદિ, અનન્ત મહત્તત્ત્વથી શ્રેષ્ઠ અને ધ્રુવ છે તેને જાણીને (મનુષ્ય) મૃત્યુના મુખમાંથી મુક્ત થઈ જાય છે.*

**વિમર્શ** : *ઈન્દ્રિયોના પાંચ વિષયો એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ. બ્રહ્મ આ પાંચેયથી પર છે. એટલે તે અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અરસ અને અગન્ધ છે. આ પાંચેય વિષયોથી રહિત હોવાને લીધે તે અવ્યય છે. એનો વ્યય કે ક્ષય થતો નથી. એટલે જ એ નિત્ય છે. તેનું કોઈ કારણ ન હોઈ એ અનાદિ છે. આત્મા તો સર્વનું કારણ છે, એનું કારણ કોઈ નથી. કાર્ય હમેશાં પોતાના કારણમાં લીન થતું હોય છે પણ આત્માનું કોઈ જ કારણ ન હોઈ તે અચલ અને ધ્રુવ છે. નિત્ય જ્ઞાનસ્વરૂપ હોઈ તે બુદ્ધિસંજ્ઞક મહત્તત્ત્વથી પણ પર છે. આ પ્રકારે આત્માને જાણી લેવાથી પુરુષ મૃત્યુના મુખમાંથી મુક્ત થઈ જાય છે.*

**नाचिकेतमुपाख्यानं मृत्युप्रोक्तँसनातनम् ।**

**उक्त्वा श्रुत्वा च मेधावी ब्रह्मलोके महीयते ॥16॥**

**સંધિવિચ્છેદ** : नाचिकेतम् उपाख्यानम् ।

**અન્વય** : मृत्युप्रोक्तंसनातनं नाचिकेतम् उपाख्यानम् उक्त्वा श्रुत्वा च मेधावी ब्रह्मलोके महीयते ।

**શબ્દાર્થ** :मृत्युप्रोक्तम् *યમરાજ વડે કહેવાયેલું,* ब्रह्मलोके महीयते *બ્રહ્મલોકમાં મહિમાને પામે છે.*

**અનુવાદ** : *યમરાજ વડે નચિકેતાને કહેવાયેલું આ સનાતન ઉપાખ્યાનને કહીને અને સાંભળીને બુદ્ધિશાળી મનુષ્ય બ્રહ્મલોકમાં મહિમાને પ્રાપ્ત કરે છે.*

**વિમર્શ** : *મૃત્યુના દેવ યમરાજે અત્યન્ત પ્રસન્નચિત્તે નચિકેતાને આ ઉપાખ્યાન કહ્યું હતું અને નચિકેતાએ પણ તેને આત્મસાત્ કર્યું હતું. આ ઉપાખ્યાન વૈદિક સાહિત્યનો અંશ હોઈ સનાતન અને ચિરંતન છે. તેને અન્ય અધિકારી વ્યક્તિ સમક્ષ કહેવામાં આવે કે યોગ્ય ગુરુ પાસેથી એનું શ્રવણ કરવામાં આવે તો તે બ્રહ્મલોકમાં મહિમાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ ઉપાખ્યાનનું કથન અને શ્રવણ બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવનારું છે.*

**य इमं परमं गुह्यं श्रावयेद् ब्रह्मसंसदि ।**

**प्रयतः श्राद्धकाले वा तदानन्त्याय कल्पते ।**

**तदानन्त्याय कल्पत इति ॥17॥**

**સંધિવિચ્છેદ** :यः इमम् । श्रावयेत् ब्रह्मसंसदि । तत् आनन्त्याय । कल्पते इति ।

**અન્વય :**यः प्रयतः इमं परमं गुह्यं ब्रह्मसंसदि श्राद्धकाले वा श्रावयेत्, तत् आनन्त्याय कल्पते इति ।

**શબ્દાર્થ :**प्रयतः *શુદ્ધ થઈને,* गुह्यं *રહસ્યમય ઉપાખ્યાને,*ब्रह्मसंसदि *બ્રાહ્મણોની સભામાં,* श्राद्धकाले *શ્રાદ્ધના સમયે,* श्रावयेत् *સંભળાવે,* आनन्त्याय कल्पते *અનંતપણું આપવા સમર્થ થાય છે.*

**અનુવાદ :** *જે શુદ્ધ થયેલો માણસ આ પરમ રહસ્યમય ઉપાખ્યાનને બ્રાહ્મણોની સભામાં કે શ્રાદ્ધ વખતે સંભળાવે તેનું તે કર્મ અનંતફળ આપવા સમર્થ બને છે.*

*વિમર્શ : યમરાજ અને નચિકેતા વચ્ચે જે આ સંવાદ થયો એને એના પરિણામે જે ઉપનિષદ રચાયું તેનું બ્રાહ્મણોની સભામાં કે શ્રાદ્ધકર્મના પ્રસંગે સંભળાવવાથી તેનું તે અનન્તપણાની પ્રાપ્તિ કરાવવા સમર્થ બને છે. અહીં પ્રયુક્ત પ્રયત શબ્દ મહત્ત્વનો છે. આ ગુહ્ય જ્ઞાનનું પ્રવચન કરનારે સર્વ પ્રકારે શુદ્ધ થવું ખૂબ જરૂરી છે. આ કથાનકમાં સતત આત્મસંયમનો મહિમા કરવામાં આવ્યો છે ત્યારે શરીરની શુદ્ધિ ઉપરાંત મનની શુદ્ધિ પણ જરૂરી છે. મન જ્યાં સુધી કામનાઓથી મુક્ત ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાનનો ઉદય શક્ય જ નથી. પ્રથમ અધ્યાયની સમાપ્તિ થઈ હોવાથી અહીં* तदानन्त्याय कल्पते *એ વાક્ય બે વાર કહેવાયું છે.*

इति कठकोपनिषदि प्रथमाध्याये तृतीया वल्ली समाप्तम् ॥

*આ પ્રમાણે કઠકોપનિષદમાં પ્રથમ અધ્યાયમાં ત્રીજી વલ્લી પૂરી થઈ. (પ્રથમ અધ્યાય પૂર્ણ)*

## 13.6 તમારી પ્રગતિ ચકાસો

1. *નીચેના પ્રશ્નોના સંક્ષિપ્ત ઉત્તરો આપો :*

   1. *ઉદ્દાલક મુનિ કેવી ગાયોની દક્ષિણા આપી રહ્યા હતા ?*

   2. *પિતાને ''તને મૃત્યુને આપ્યો'' એમ કહ્યું ત્યારે નચિકેતાએ શું વિચાર કર્યો ?*

   3. *યમરાજે નચિકેતાને શા માટે ત્રણ વરદાન આપ્યાં ?*

4. નચિકેતાએ પ્રથમ વરદાનમાં શી માગણી કરી ?

5. સ્વર્ગમાં કયા પ્રકારનાં સુખો છે ?

6. નચિકેતાએ ત્રીજા વરદાનમાં કઈ બાબતે સંશય વ્યક્ત કર્યો ?

7. કોણ શ્રેયને અને કોણ પ્રેયને પસંદ કરે છે ?

8. આત્મજ્ઞાન અંગે કઈ કઈ વાત આશ્ચર્યજનક છે ?

9. યમરાજે સદાચરણનો મહિમા કઈ રીતે કર્યો છે ?

**2. નીચેના પર ટૂંક નોંધ લખો :**

(1) *કઠોપનિષદનો શાન્તિપાઠ*

(2) *નચિકેતાએ માગેલાં ત્રણ વરદાન*

(3) *ત્રિનાચિકેત અગ્નિ*

(4) *યમરાજે આપેલાં પ્રલોભનો*

(5) *શ્રેય-પ્રેય વિવેક*

(6) *યમરાજ દ્વારા નચિકેતાની પ્રશંસા*

(7) *ૐકારનો ઉપદેશ*

(8) *રથ-રથીનું રૂપક*

(9) *વિવેકી અને અવિવેકી વચ્ચેનો ભેદ*

(10) *ઈન્દ્રિયોથી શરૂ કરીને પુરુષ - શ્રેષ્ઠતાનો ક્રમ*

**3. નીચેના શબ્દો પર સંક્ષિપ્ત નોંધ લખો :**

1. सर्ववेदसम्
2. वीतमन्युः
3. सृङ्का
4. द्रन्द्रम्यमाणाः
5. गुहाहितम्
6. वीतशोकः
7. छायातपौ
8. विज्ञानसारथिः

**4. નીચે અ અને બ વિભાગમાં આપેલા મન્ત્રાંશોને યોગ્ય રીતે જોડો :**

| *અ* | *બ* |
| --- | --- |
| (1) येयं प्रेते विचिकित्सा | (1) सा काष्ठा सा परा गतिः । |
| (2) अन्यच्छ्रयोन्यदुतैव प्रेयः | (2) पुनः पुनर्वशमापद्यते मे । |
| (3) अयं लोको नास्ति पर इति मानी | (3) मनुष्येस्तीत्येके नायमस्तीति चैके । |
| (4) उभौ तौ न विजीनीतो | (4) नायँ हन्ति न हन्यते । |
| (5) पुरुषान्न परं किञ्चित् | (5) ते उभे नानार्थे पुरुषं सिनीतः । |

**5. કઠોપનિષદના મન્ત્રોના નીચેના અંશોનો અર્થ સ્પષ્ટ કરીને સવિસ્તર સમજાવો :**

1. अनन्दा नाम ते लोकास्तान्स गच्छति ता ददत् ।
2. सस्यमिव मर्त्यःपच्यते सस्यमिवाजायते पुनः ॥
3. हर वैवस्वतोदकम् ।
4. तवैव नाम्ना भवितेयमग्निः ।
5. देवैरत्रापि विचिकित्सितं पुरा ।
6. वक्ता चास्य त्वादृगन्यो न लभ्यो ।
7. नचिकेतो मरणं मानुप्राक्षीः
8. तवैव वाहास्तव नृत्यगीते ।
9. न वित्तेन तर्पणीयो मनुष्यः ।
10. न त्वा कामा बहवो लोलुपन्तः ।
11. अन्धेनैव नीयमाना यथान्धाः ।
12. आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ।
13. त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ।
14. न हन्यते हन्यमाने शरीरे ।
15. आत्मानँ रथिनं विद्धि शरीरं रथमेव तु ।

**6. કઠોપનિષદના નીચેના મન્ત્રોને કંઠસ્થ કરો :**

1. श्रेयश्च प्रेयश्च मनुष्यमेत- ........... योगक्षेमाद् वृणीत ॥ १.२.२ ॥
2. एतद्ध्येवाक्षरं .......... तस्य तत् ॥ १.२.१६ ॥
3. न जायते म्रियते ......... हन्यमाने शरीरे ॥ १.२.१८ ॥
4. नायमात्मा प्रवचनेन ......... तनूँ स्वाम् ॥ १.२.२३ ॥
5. उत्तिष्ठत जाग्रत ......... कवयो वदन्ति ॥ १.३.१४ ॥

---

**લેખક : ડૉ.મનસુખ મોલિયા,નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

---

# એકમ : 14 : કઠોપનિષદ અધ્યાય– 2

## રૂપરેખા


**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 અધ્યાય 2, વલ્લી 1**

**14.3 અધ્યાય 2, વલ્લી 2**

**14.4 અધ્યાય 2, વલ્લી 3**

**14.5 તમારી પ્રગતિ ચકાસો**


## 14.0 ઉદ્દેશો

- *કઠોપનિષદના મન્ત્રોનું શુદ્ધ અને સરળ વાચન કરી શકશો.*
- *કઠોપનિષદના મન્ત્રોનો સરળ અન્વય સમજી શકશો.*
- *મન્ત્રોનો સરળ અનુવાદ સમજી શકશો.*
- *મન્ત્રોમાં પ્રયુક્ત નવા સંસ્કૃત શબ્દોનો અર્થથી પરિચિત થશો.*
- *મન્ત્રોમાં પ્રયુક્ત વૈદિક અને દાર્શનિક વિચારોથી પરિચિત થશો.*
- *કઠોપનિષદમાં પ્રતિપાદિત જીવન દર્શનનું મૂલ્યાંકન કરીને સ્વજીવનમાં વિનિયોગ કરી શકશે.*

## 14.1 પ્રસ્તાવના

*પ્રસ્તુત એકમમાં કઠોપનિષદના બીજા અધ્યાયનો અભ્યાસ અપેક્ષિત છે. અધ્યાય એકની જેમ આ અધ્યાયમાં પણ ત્રણ વલ્લી છે. ત્રણેય વલ્લીઓમાં અનુક્રમે ૧૫, ૧૫ અને 18 એમ કુલ મળીને 48 મન્ત્રો આવેલા છે. તેથી આ મન્ત્રોની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય તે રીતે આ એકમની રચના કરવામાં આવી છે. પ્રારંભે કઠોપનિષદનો મૂળ મન્ત્ર આપ્યો છે. ત્યારબાદ મન્ત્રમાં પ્રયુક્ત શબ્દોનો સંધિવિગ્રહ કરી આપ્યો છે અને અન્વયમાં મન્ત્રના બધા શબ્દોને ગોઠવી આપ્યા છે. મન્ત્રમાંના જે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવો જરૂરી લાગ્યો તેને અન્વય પછી તરત શબ્દાર્થ વિભાગમાં આપેલ છે. તેથી આખા મન્ત્રનો અર્થ સરળતાથી સમજી શકાશે. શબ્દાર્થ પછી મન્ત્રનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. અનુવાદમાં આવશ્યક જણાય ત્યાં કૌંસનો પણ પ્રયોગ કર્યો છે. ત્યારપછી વિમર્શમાં મન્ત્રની સવિસ્તર સમજૂતી આપી છે. મન્ત્રમાં પ્રતિપાદિત વિષયને સરળતાથી સમજાવી શકાય એવી ચર્ચા અહીં કરી છે. આવશ્યકતા જણાય ત્યાં શંકરાચાર્યના ભાષ્ય કે અન્ય આચાર્યોના મતને પણ રજૂ કર્યા છે. તેથી આ મન્ત્રોની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય તે રીતે આ એકમની રચના કરવામાં આવી છે.*

*બીજા અધ્યાયના આરંભ આત્માના નિવાસસ્થાન એવા અગિયાર દ્વારયુક્ત શરીરના વર્ણનથી થાય છે. આત્માનું સર્વવ્યાપક સ્વરૂપ, મરણોત્તર કાળમાં જીવની ગતિ, આશ્રયના ભેદથી આત્માનું ભિન્ન રૂપોમાં દર્શન, આત્માનું પ્રકાશત્વ, અશ્વત્થવૃક્ષનું રૂપક, સર્વશાસક આત્મા, ઇન્દ્રોયોથી પુરુષ સુધીનું તારતમ્ય, આત્મોપલબ્ધિ, અમૃતત્વની પ્રાપ્તિ વગેરે વિષયોનું નિરૂપણ થયું છે. બીજા અધ્યાયની ત્રીજી વલ્લી સાથે કઠોપનિષદની સમાપ્તિ થતી હોઈ ફરીથી શાન્તિપાઠ મળે છે.*

**મૂળ સંસ્કૃત મન્ત્રો**

## 14.2 અધ્યાય 2, વલ્લી 1

पराञ्चि खानि व्यतृणत् स्वयम्भूस्तस्मात्पराङ्पश्यति नान्तरात्मन् ।

कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥1॥

**સંધિવિચ્છેદ :**स्वम्भूःतस्मात् । न अन्तरात्मन् । कश्चित् धीरः । प्रत्यगात्मानम् ऐक्षत् आवृत्तचक्षुः अमृतत्वम् इच्छन् ।

**અન્વય :**स्वयम्भूः (यस्मात्) खानि पराञ्चि व्यतृणत्तस्मात् (द्रष्टा) पराङ् पश्यति, अन्तरात्मन् न (पश्यति) । अमृतत्वम् इच्छन् आवृत्तचक्षुः कश्चित् धीरः प्रत्यगात्मानम् ऐक्षत् ।

**શબ્દાર્થ :**स्वयम्भूः *સ્વયં પ્રકટ થનાર પરમેશ્વરે,* खानि *ઇન્દ્રિયોને,* पराञ्चि *બહારની તરફ જનારી,* व्यतृणत् *હણી નાખી છે.* पराङ् *બહારની વસ્તુઓને,* आवृत्तचक्षुः *(વિષયોમાંથી) ચક્ષુ વગેરેને ખેંચી લેનાર,* प्रत्यगात्मानम् *અન્તરાત્માને,* ऐक्षत् *જોયો.*

**અનુવાદ :** *સ્વયંભૂએ ઇન્દ્રિયોને બહિર્મુખ કરીને હણી નાખી છે. આથી જ (જીવાત્મા) બાહ્ય વિષયોને જુએ છે, અન્તરાત્માને નહિ. અમૃતત્વની ઇચ્છા કરનાર કોઈ ધીર પુરુષ પોતાની ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી ખેંચીને અન્તરાત્માને જુએ છે.*

**વિમર્શ :** *મનુષ્યની ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને પરમેશ્વરે બહિર્મુખ બનાવી છે. આથી તેઓ બાહ્ય વિષયોનું દર્શન કરી શકે છે પરંતુ અંદરનું જોઈ શકતી નથી. પરમાત્માએ જ ઇન્દ્રિયોને આવી બનાવી હોઈ તેઓ સ્વભાવથી જ અન્તરાત્માને જોવા માટે અસમર્થ છે. કોઈ ધીર પુરુષ જ અન્તરાત્માનું દર્શન કરી શકે છે. જે અમૃતત્વની કામના કરીને પોતાની આ ચક્ષુ, શ્રોત વગેરે ઇન્દ્રિયોને તેમના રૂપ, શબ્દાદિ વિષયોમાંથી ખેંચી લઈને સંયમિત કરે છે તે પ્રત્યેક મનુષ્યની અંદર રહેલા પ્રત્યગાત્માને પોતાની અંદર જુએ છે.*

*આ મન્ત્રમાં અન્તરાત્માના દર્શનનો માર્ગ બતાવ્યો છે. ઇન્દ્રિયોને તેમના વિષયોમાંથી પાછી વાળી લઈને તેનો સંયમ કરવો અને તેમને સ્વાધીન કરવી એ આત્મદર્શનની પહેલી જરૂરિયાત છે. ઇન્દ્રિયો તેમના બાહ્ય વિષયોમાંથી પરત ફરે છે ત્યારે અન્તરાત્માની શક્તિનો અનુભવ થાય છે. જેમણે અમૃતત્વનો અનુભવ કરવો છે*

*તેમણે સૌ પ્રથમ પોતાની ઈન્દ્રિયોને વશ કરવી રહી. અમૃતત્વનો અર્થ દેહનું અમરત્વ નથી. સર્વ વ્યાપક અન્તરાત્માની અનુભૂતિ એ અમરત્વની પ્રાપ્તિ છે. દેહ હમેશાં નાશવન્ત છે પણ આત્મા અમર છે એવી આત્માનુભૂતિ એ જ અમૃતત્વની પ્રાપ્તિ છે.*

*આ મન્ત્રમાં ઈન્દ્રિયોને* 'खानि' *કહેવામાં આવેલ છે.* 'ख' *નો અર્થ છિદ્ર થાય છે. શ્રોત વગેરે ઈન્દ્રિયો છિદ્રરૂપે હોઈ આ તેનો અર્થ ઈન્દ્રિયો થાય છે. શાંકરભાષ્યમાં પ્રત્યગાત્મા શબ્દની સમજૂતી આ રીતે આપવામાં આવી છે. ''આત્મા સંપૂર્ણ વિષયોને જાણનારો હોય તેને પ્રત્યગાત્મા કહે છે. આત્મા સર્વમાં વ્યાપ્ત છે, સર્વને ગ્રહણ કરે છે અને આ લોકમાં વિષયોને ભોગવે છે તેમ જ એનું સર્વદા અસ્તિત્વ છે તેથી તેને આત્મા કહે છે.* यच्चाप्नोति यदादत्ते यच्चात्ति विषयानिह । यच्चास्य संततो भावस्तस्मादात्मेति कीर्त्यते ॥''

**पराचः कामाननुयन्ति बाला-**

**स्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।**

**अथ धीरा अमृतत्वं विदित्वा**

**ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥ २॥**

**સંધિવિચ્છેદ :**कामान् अनुयन्ति । बालाः ते । मृत्योः यन्ति । धीराः अमृतत्वम् । ध्रुवम् अध्रुवेषु इह ।

**અન્વય :**(ये) बालाः पराचः कामान् अनुयन्ति ते विततस्य मृत्योःपाशम् यन्ति । अथ धीराः अमृतत्वं ध्रुवं विदित्वा इह अध्रुवेषु न प्रार्थयन्ते ।

**શબ્દાર્થ** *:* बालाः *મૂર્ખજનો, અજ્ઞાનીઓ,* पराचः कामान् *બહિર્ગત વિષયો,* अनुयन्ति *અનુસરે છે.* विततस्य मृत्योः*વિસ્તૃત એવા મૃત્યુના,* पाशम्*બંધનને,* यन्ति *પામે છે.* ध्रुवं *નિશ્ચિત,* विदित्वा *જાણીને,* अध्रुवेषु *અનિશ્ચિત પદાર્થોમાં,* इह *અહીં, આ સંસારમાં,* न प्रार्थयन्ते *ઈચ્છતા નથી.*

**અનુવાદ :** *જે મૂર્ખજનો બાહ્ય ભોગોમાં રચ્યા પચ્યા રહે છે તેઓ સવર્ત્ર ફેલાયેલા એવા મૃત્યુના પાશમાં બંધાય છે પર ધીર પુરુષો અમૃતત્વને નિત્ય (ધ્રુવ) સમજીને આ સંસારના અનિત્ય પદાર્થોની ઈચ્છા કરતા નથી.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં અવિવેકી અને વિવેકી વચ્ચેનું અંતર જોવા મળે છે. અહીં બાલ શબ્દથી મંદમતિ એવા અવિવેકી મનુષ્યનો નિર્દેશ થયો છે. આવા માણસો સતત બાહ્ય વિષયોની પાછળ દોડે છે. સંસારના ભોગો ક્યારેય શાશ્વત સુખ આપતા નથી. એમની પાછળ દોડનાર મૂર્ખજન મૃત્યુના બંધનમાં ફસાય જાય છે. જ્યારે બુદ્ધિમાન ધીર પુરુષ સમજે છે કે બાહ્ય વિષયો અનિત્ય હોઈ તેઓ ક્યારેય શાશ્વત આનંદ આપી શકે નહિ. આથી તેઓ અનિત્ય એવા બહિર્ભોગોમાં ક્યારેય આસક્ત થતા નથી.*

**येन रूपं रसं गन्धं शब्दान् स्पर्शाँश्च मैथुनान् ।**

**एतेनैव विजानाति किमत्र परिशिष्यते । एतद्वै तत् ॥3॥**

**સંધિવિચ્છેદ :**स्पर्शान् च । एतेन एव । किम् अत्र ।एतत् वै ।

**અન્વય :**येन एतेन एव रूपं रसं गन्धं शब्दान् मैथुनान् विजानाति अत्र किं परिशिष्यते । तत् वै एतत् ।

**શબ્દાર્થ :**येन एतेन *જે એના વડે,* विजानाति *અનુભવે છે.* परिशिष्यते *બાકી રહે છે.*

**અનુવાદ :** *જે એ આત્મા દ્વારા મનુષ્ય રૂપ, રસ, ગન્ધ, શબ્દ, સ્પર્શ અને મૈથુનજન્ય સુખાદિને અનુભવે છે તે આત્માથી અવિજ્ઞેય એવું શું બાકી રહી જાય છે (અર્થાત્ કંઈ નહિ) ? તે તત્ત્વ ચોક્કસપણે આ જ છે.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં અવિવેકી અને વિવેકી વચ્ચેનું અંતર જોવા મળે છે. અહીં બાલ શબ્દથી મંદમતિ એવા અવિવેકી મનુષ્યનો નિર્દેશ થયો છે. આવા માણસો સતત બાહ્ય વિષયોની પાછળ દોડે છે. સંસારના ભોગો ક્યારેય શાશ્વત સુખ આપતા નથી. એમની પાછળ દોડનાર મૂર્ખજન મૃત્યુના બંધનમાં ફસાય જાય છે. જ્યારે બુદ્ધિમાન ધીર પુરુષ સમજે છે કે બાહ્ય વિષયો અનિત્ય હોઈ તેઓ ક્યારેય શાશ્વત આનંદ આપી શકે નહિ. આથી તેઓ અનિત્ય એવા બહિર્ભોગોમાં ક્યારેય આસક્ત થતા નથી.*

**स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति ।**

**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥4॥**

**સંધિવિચ્છેદ :**च उभौ । येन अनुपश्यति । विभुम् आत्मानम् । धीरः न।

**અન્વય :**लोकः येन स्वप्नान्तं जागरितान्तं च उभौ अनुपश्यति (तं) महान्तं विभुम् आत्मानं मत्वा धीरः न शोचति ।

**શબ્દાર્થ :**स्वप्नान्तं *સ્વપ્નાવસ્થામાં રહેલાં (દશ્યો),* जागरितान्तं *જાગૃતાવસ્થામાં રહેલાં (દશ્યો),* उभौ *બન્નેને,* अनुपश्यति *વારંવાર જુએ છે.* महान्तं *સવર્શ્રેષ્ઠ,* विभुम् *વ્યાપક,* आत्मानं मत्वा धीरः न शोचति *શોક કરતો નથી.*

**અનુવાદ :** *જેના વડે મનુષ્ય સ્વપ્નાવસ્થામાં પ્રતીત થનાર અને જાગૃતાવસ્થામાં પ્રતીત થનાર પદાર્થોને વારંવાર જુએ તે સવર્શ્રેષ્ઠ અને સર્વવ્યાપક આત્માને જાણીને ધીર પુરુષ શોક કરતો નથી.*

**વિમર્શ :** *મનુષ્ય પોતાની સ્વપ્નાવસ્થામાં અને જાગૃતાવસ્થામાં વિવિધ પ્રકારના પદાર્થોને જુએ છે. આ બધા પદાર્થોનું જ્ઞાન આત્માથી થાય છે. આ આત્મા મહાન અને વ્યાપક છે. તે પ્રાણીમાત્રમાં વસે છે. તેને યથાર્થ રીતેજાણી લેવાથી શોક કરવાનો રહેતો નથી, કારણ કે તે સર્વવ્યાપક છે. શરીરનો નાશ થાય ત્યારે પણ તે સર્વવ્યાપી*

*આત્મા નાશ પામતો નથી. આવું જેને વિવેકજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે ધીર પુરુષ શોકને પામતો નથી.*

**य इमं मध्वदं वेद आत्मानं जीवमन्तिकात् ।**

**ईशानं भूतभव्यस्य न ततो विजुगुप्सते । एतद्वै तत् ॥5॥**

**સંધિવિચ્છેદ :**यः इमम् । जीवम् अन्तिकात् । ततः विजुगुप्सते ।एतत् वै ।

**અન્વય :**यः इमं मध्वदम् आत्मानं जीवम् अन्तिकात् भूतभव्यस्य ईशानं वेद, ततः (सः) न विजुगुप्सते । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**मध्वदम् *કર્મફળના ભોક્તાને,* जीवम् *સર્વને જીવન આપનારને,* अन्तिकात्*સમીપ રહીને,* भूतभव्यस्य *ભૂતકાળ અને વર્તમાનકાળના,* ईशानं *શાસન કરનારને,* वेद *તે જાણે છે.* न विजुगुप्सते *નથી, નિન્દા કરતો નથી.*

**અનુવાદ :** *જે મનુષ્ય કર્મફળ આપનાર અને સર્વને જીવન આપનાર અને ભૂતકાળ તેમ જ ભવિષ્યકાળના શાસક એવા આત્માને સમીપમાં રહીનેજાણે છે ત્યારે તે કોઈની નિન્દા કરતો નથી. ખરેખર, તે જ આ (આત્મા) છે.*

**વિમર્શ :** *અહીં 'મધ્વદ' અને 'જીવ' એ બે વિશેષણો ધ્યાનાર્હ છે. આત્મા કર્મફળનો ભોક્તા છે તેથી તે મધ્વદ છે. મધુ એટલે કર્મનું ફળ. જેમ મધમાખીઓ મધને એકઠું કરે તેમ મનુષ્ય પણ કર્મોનો સંચય કરે છે. દેહમાં રહેલો જીવાત્મા કર્મફળનો ભોક્તા છે. તે સર્વને પ્રાણ આપનાર હોઈ જીવ છે. વળી, ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણેય કાળનો તે શાસક છે. આ આત્માને જે પોતાની સમીપ રહેલો જાણે છે તે અભયને પ્રાપ્ત કરે છે. પોતાનામાં જે આત્મા છે તે સર્વત્ર રહેલો છે એવી સમજથી તે કોઈને પોતાનાથી ભિન્ન સમજતો નથી. સર્વત્ર એક જ આત્મતત્ત્વ વ્યાપી રહ્યું છે એવી પ્રતીતિ થવાથી તે કોઈની નિન્દા કરતો નથી કે કોઈનો તિરસ્કાર કરતો નથી. નચિકેતાએ જેના વિષે પ્રશ્ન કર્યો હતો તે આત્મા આ છે.*

**यः पूर्वं तपसो जातमद्भ्यः पूर्वमजायत ।**

**गुहां प्रविश्य तिष्ठन्तं यो भूतेभिर्व्यपश्यत । एतद्वै तत् ॥6॥**

**સંધિવિચ્છેદ :**तपसः जातम् अद्भ्यः । पूर्वम् अजायत ।यः भूतेभिः व्यपश्यत् । एतत् वै ।

**અન્વય :**यः अद्भ्यः पूर्वम् अजायत । पूर्वं तपसः जातम्, गुहां प्रविश्य भूतेभ्यः (सह) तिष्ठन्तं यः व्यपश्यत, एतत्वै तत् ।

**શબ્દાર્થ :**अद्भ्यः पूर्वम् *જળ વગેરેથી પૂર્વકાળે,* अजायत *ઉત્પન્ન થયેલ છે.* गुहां प्रविश्य *હૃદયરૂપી ગુફામાં પ્રવેશીને,* व्यपश्यत *વિશેષપણે જુએ છે.*

**અનુવાદ :** *જે મુમુક્ષુ પહેલાં તપથી ઉત્પન્ન થયેલા (હિરણ્યગર્ભ) ને કે જે જળ વગેરે ભૂતોથી પહેલાં ઉત્પન્ન થયેલ છે. ભૂતોની સાથે બુદ્ધિરૂપી ગુફામાં પ્રવેશીને રહેલા તે બ્રહ્મને જુએ છે. આ તે જ બ્રહ્મ છે.*

*વિમર્શ : સૃષ્ટિના આરંભે પાંચેય મહાભૂતોની પણ પહેલાં હિરણ્યગર્ભની ઉત્પત્તિ થઈ છે. તે પ્રથમજ હિરણ્યગર્ભ સંપૂર્ણ ભૂતોના હૃદયાકાશમાં પ્રવેશ પામીને રહ્યો છે. જે ભૂતમાત્રમાં સ્થિત આ હિરણ્યગર્ભને જુએ છે તે જ ખરું જુએ છે. પ્રાણીમાત્રના હૃદયાકાશમાં વિરાજતું આ તત્ત્વ જ તે બ્રહ્મ છે.*

**या प्राणेन संभवत्यदितिर्देवतामयी ।**

**गुहां प्रविश्य तिष्ठन्तीं या भूतेभिर्व्यजायत । एतद्वै तत् ॥7॥**

**સંધિવિચ્છેદ :**संभवति अदितिः देवतामयी । भूतेभिःव्यजायत, गुहां प्रविश्य तिष्ठन्तीं (व्यपश्यत) । एतत् वै तत् ।

**અન્વય :**या देवतामयी अदितिः प्राणेन संभवति, (या) भूतेभिः व्यजायत, गुहां प्रविश्य तिष्ठन्तीं (व्यपश्यत) । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**संभवति *ઉત્પન્ન થાય છે.* भूतेभिः *પ્રાણીઓ સહિત,* व्यजायत *ઉત્પન્ન થઈ છે.* गुहां प्रविश्य *હૃદયરૂપી ગુફામાં પ્રવેશીને,* तिष्ठन्तीं *રહેલીને*

**અનુવાદ :** *જે દેવતામયી અદિતિ પ્રાણરૂપથી પ્રકટ થાય છે અને જે ભૂતોની સાથે ઉત્પન્ન થાય છે. હૃદયરૂપી ગુફામાં રહેલી તેને જે જુએ છે, આ તે જ તત્ત્વ છે.*

**વિમર્શ :** *સર્વદેવતામયી 'અદિતિ' પ્રાણ કે હિરણ્યગર્ભરૂપ પરબ્રહ્મથી ઉત્પન્ન થાય છે. શબ્દાદિ વિષયોનું અદન (ભક્ષણ) કરતી હોવાથી તે 'અદિતિ' કહેવાય છે એવી વ્યુત્પત્તિ શંકરાચાર્યે આપી છે.* शब्दादीनाम् अदनाद् अदितिः ।*તે બુદ્ધિરૂપી ગુફામાં પ્રવેશીને રહેલી છે. જે મનુષ્ય તેને સર્વ ભૂતોથી સમન્વિત એવી જુએ છે તે જ યથાર્થ જુએ છે. નચિકેતાએ જે તત્ત્વ અંગે પૂછ્યું હતું તે આ જ છે. પુરાણ સાહિત્યમાં અદિતિને દેવોની માતા કહેવામાં આવી છે. અદિતિના પુત્રો હોઈ દેવો આદિત્યો કહેવાયા છે. અહીં કઠોપનિષદમાં અદિતિને પ્રાણરૂપે પ્રગટ થતી દર્શાવી છે.*

**अरण्योर्निहितो जातवेदा गर्भ इव सुभृतो गर्भिणीभिः ।**

**दिवे दिव ईड्यो जागृवद्भिर्हविष्मद्भिर्मनुष्येभिरग्निः । एतद्वै तत् ॥8॥**

**સંધિવિચ્છેદ :**अरण्योः निहितःजातवेदाः गर्भः इव । सुभृतः गर्भिणीभिः । दिवे ईड्यः जागृवद्भिः हविष्मद्भिः मनुष्येभिः अग्निः । एतत् वै तत् ।

**અન્વય :**गर्भिणीभिः सुभृतः गर्भः इवअरण्योः निहितः जातवेदाः अग्निः जागृवद्भिः हविष्मद्भिः मनुष्येभिः दिवे दिवे ईड्यः । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**गर्भिणीभिः *ગર્ભધારણ કરનારી સ્ત્રીઓ વડે,* सुभृतः *સારી રીતે પોષાયેલો,* अरण्योः *બે અરણીઓમાં,* निहितः *સારી રીતે રહેલ,* जातवेदाः *સર્વને જાણનારો,*

जागृवद्भिः *સાવધાન,* हविष्मद्भिः मनुष्येभिः *હવન કરવા યોગ્ય સામગ્રીથી યુક્ત મનુષ્યો વડે,* दिवे दिवे *પ્રતિદિન,* ईड्यः *સ્તુતિ કરવાને યોગ્ય*

**અનુવાદ :** *ગર્ભિણી સ્ત્રીઓથી સારી રીતે પોષાયેલા ગર્ભની જેમ જેમ બન્ને અરણિઓની વચ્ચે સારી રીતે રહેલ અને સાવધાન અને હોમ માટેની સામગ્રીથી યુક્ત એવા મનુષ્યો વડે પ્રતિદિન સ્તુતિ કરવાને યોગ્ય આ જાતવેદા અગ્નિ છે તે જ એ તત્ત્વ છે.*

*વિમર્શ : જેમ ગર્ભિણી સ્ત્રીઓમાં ગર્ભ સુરક્ષિત રીતે રહેલો હોય છે. બે અરણીકાષ્ઠના ઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ તેની ઉત્પત્તિ પૂર્વે તે અરણીઓમાં વ્યાપીને રહેલો હોય છે. હમેશાં સાવધાન રહેનાર અને હવન કરવાની સામગ્રીથી યુક્ત એવો મનુષ્યો તે જાતવેદા અગ્નિની પ્રતિદિન સ્તુતિ કરે છે. અધિયજ્ઞ તરીકે જે અરણિ કાષ્ઠમાં રહેલો છે તે અગ્નિ અધ્યાત્મ તરીકે હૃદયપ્રદેશમાં રહેલો જાતવેદા અગ્નિ છે. આ અગ્નિ તે જ તત્ત્વ છે જેના અંગે નચિકેતા યમરાજને પૂછી રહ્યો છે.*

**यतश्चोदेति सूर्योऽस्तं यत्र च गच्छति ।**

**तं देवाः सर्वेऽर्पितास्तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥9॥**

**સંધિવિચ્છેદ :**यतः च उदेति । सूर्यः अस्तम् । सर्वेअर्पिताः तत् उ । न अत्येति ।

**અન્વય :**यतः च सूर्यः उदेति, यत्र च अस्तं गच्छति । सर्वे देवाः तम् अर्पिताः । कश्चन तत् उ न अत्येति । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**यतः *જ્યાંથી,* उदेति *ઉદય પામે છે.* यत्र *જ્યાં,* अस्तं गच्छति *અસ્ત પામે છે.* अर्पिताः *અર્પિત થયેલા છે, પ્રવિષ્ટ થયેલા છે.* तत् उ *તેને,* न अत्येति *ઓળંગી શકતો નથી.*

**અનુવાદ :***જ્યાંથી સૂર્ય ઉદય પામે છે અને જ્યાં અસ્ત પામે છે, જેનામાં સર્વ દેવતાઓ પ્રવેશેલા છે અને જેને કોઈ ઓળંગી શકતું નથી તે પ્રાણાત્મા તે જ બ્રહ્મ તત્ત્વ છે.*

**વિમર્શ :** *શંકરાચાર્યના ભાષ્યનાનુસાર અહીં પ્રાણાત્માનો મહિમા છે. આ પ્રાણાત્માને લીધે સૂર્યના નિયમિત ઉદય અને અસ્તની ઘટમાળ ચાલ્યા કરે છે. જેમ રથની નાભિમાં આરાઓ રહેલા હોય તેમ સર્વ દેવો એનામાં રહેલા છે. તે સર્વાત્મક બ્રહ્મ છે. કોઈ તેનું અતિક્રમણ કરી શકતા નથી. એની આજ્ઞાથી સર્વ દેવતાઓ પોતાના કાર્યમાં પ્રવૃત્ત રહે છે. આ એ જ તત્ત્વ છે જેના અંગે નચિકેતાની જિજ્ઞાસા છે.*

**यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।**

**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥10॥**

**સંધિવિચ્છેદ :**यत् एव इह । तत् अमुत्र । यत् अमुत्र । तत् अनु इह । सःमृत्युम् आप्नोति । यः इह । नाना इव ।

**અન્વય :**यत् इह तत् एव अमुत्र, यत् अमुत्र तत् अनु इह । यः इह नाना इव पश्यति, सः मृत्योः मृत्युम् आप्नोति ।

**શબ્દાર્થ :**यत् *જે,* इह *અહીં,* तत् एव *તે જ,* अमुत्र *ત્યાં,* तत् अनु इह *તે જ અહીં,* नाना इव *અનેકની જેમ,* मृत्योः मृत्युम् आप्नोति *મૃત્યુ પછી મૃત્યુને પામે છે.*

**અનુવાદ :** *જે તત્ત્વ અહીં છે તે જ અન્યત્ર છે અને જે અન્યત્ર છે તે જ અહીં છે. જે મનુષ્ય અહીં અનેકત્વનું દર્શન કરે છે તે એક મૃત્યુ પછી બીજા મૃત્યુને પામ્યા કરે છે.*

*વિમર્શ : આ જગતમાં ક્યાંય ભેદ કે અનેકત્વ નથી. આ મન્ત્રમાં ભેદદષ્ટિની નિન્દા કરીને તેનું ફળ દર્શાવ્યું છે. અહીં જે દેખાય છે તે ત્યાં પણ છે અને જે ત્યાં દેખાય છે તે અહીં પણ છે. અર્થાત્ સર્વત્ર નિત્ય બ્રહ્મતત્ત્વ રહેલું છે. જેઓને બ્રહ્મ અંગેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું નથી તેઓ પોતાની ભેદબુદ્ધિથી સર્વત્ર અનેકત્વના દર્શન કરે છે. આવી ભેદબુદ્ધિથી યુક્ત મનુષ્ય જન્મમરણની ચક્રમાં સતત ફર્યા કરે છે અને એક મૃત્યુ પછી બીજા મરણને પામ્યા કરે છે. સર્વત્ર વ્યાપ્ત એક બ્રહ્મતત્ત્વનું જ્ઞાન જ જન્મમરણના બંધનને અટકાવે છે.*

**मनसैवेदमाप्तव्यं नेह नानाऽस्ति किञ्चन ।**

**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥ ११॥**

**સંધિવિચ્છેદ :**मनसा एव इदम् आप्तव्यम् । न इह । नाना अस्ति । यः इह । नाना इव।
**અન્વય :**इह किञ्चन नाना न अस्ति । इदं मनसा एव आप्तव्यम् । यः इह नाना इव पश्यति, सः मृत्योः मृत्युम् आप्नोति ।

**શબ્દાર્થ :** इदम् *આ,* मनसा *મનથી,* आप्तव्यम् *પ્રાપ્ત કરવા યોગ્ય છે.*

**અનુવાદ :** *અહીં ક્યાંય અનેકત્વ નથી એ તત્ત્વને મનથી જ પ્રાપ્ત કરવું જોઈએ. જે મનુષ્ય અહીં અનેકત્વનું દર્શન કરે છે તે એક મૃત્યુ પછી બીજા મૃત્યુને પામ્યા કરે છે.*

*વિમર્શ : અહીં જે કાંઈ પણ છે તે સર્વ આત્મા જ છે અને તેના સિવાય બીજું કંઈ જ નથી. આ પ્રકારની એકત્વની અનુભૂતિ મનથી પ્રાપ્ત કરવી જોઈએ. એકરસ બ્રહ્મનું આ રીતે જ્ઞાન થવાથી અનેકત્વને પ્રગટ કરતી અવિદ્યાનો નાશ થાય છે અને ભેદદષ્ટિ સમાપ્ત થઈ જાય છે. અવિદ્યાથી ગ્રસ્ત થઈને જ્યાં સુધી અનેકત્વની દષ્ટિ જળવાઈ રહે છે ત્યાં સુધી જન્મ અને મરણની પરંપરા ચાલુ રહે છે. આગળના મન્ત્રના ઉત્તરાર્ધની આ મન્ત્રમાં થયેલી પુનરાવૃત્તિ કાવ્યાત્મક બની રહે એવી છે.*

**अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति ।**

**ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते । एतद्वै तत् ॥12॥**

**સંધિવિચ્છેદ :**पुरुषः मध्ये आत्मनि । ईशानः भूतभव्यस्यईशानः तिष्ठति । ततः न विजुगुप्सते ।

**અન્વય :**आत्मनि मध्ये अङ्गुष्ठमात्रः पुरुषः भूतभव्यस्य ईशानः तिष्ठति । ततः न विजुगुप्सते । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**आत्मनि मध्ये *શરીરના મધ્યભાગમાં, હૃદયાકાશમાં,* ईशानः *શાસન કરનાર,* अङ्गुष्ठमात्रः *અંગૂઠા જેવડો*

**અનુવાદ :** *શરીરના મધ્યભાગમાં અંગૂઠા જેવડો પુરુષ રહેલો છે. તે ભૂતકાળ અને ભવિષ્યકાળનું શાસન કરનાર છે. આમ જાણ્યા પછી મનુષ્ય કોઈની પણ નિન્દા કરતો નથી. આ એ જ તત્ત્વ છે.*

**વિમર્શ :** *મનુષ્યના હૃદયાકાશમાં અંગૂઠા જેવડા કદનો એક પુરુષ રહ્યો છે. તે ભૂત અને ભવિષ્યનો શાસક છે. આ અંગુષ્ઠમાત્ર પુરુષથા સંપૂર્ણ શરીર પૂર્ણ છે. શરીરનું સર્જન કરીને તેમાં પ્રવેશેલ એ અંગુષ્ઠપુરુષ આત્મા છે. તેનાથી સમગ્ર સૃષ્ટિ વ્યાપ્ત છે. આવું વિશાળ દર્શન થાય ત્યારે કોઈના પ્રત્યે તિરસ્કારનો ભાવ રહેતો નથી. સર્વત્ર સમબુદ્ધિથી એકત્વનું દર્શન થાય છે અને ભેદબુદ્ધિ નાશ પામે છે. પછી કોઈના પ્રત્યે દ્વેષ રહેતો નથી. નચિકેતાએ જેની પૃચ્છા કરતો હતો તે પરમ તત્ત્વ જ શરીરના હૃદયાકાશમાં રહેલ અંગૂઠા જેવડો એ પુરુષ છે.*

**अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः ।**

**ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्वः । एतद्वै तत् ॥13॥**

**સંધિવિચ્છેદ :**पुरुषः ज्योतिः इव अधूमकः । ईशानः भूतभव्यस्य। सः एव अद्य । एतत् वै तत् ।

**અન્વય :**अधूमकः ज्योतिः इव अङ्गुष्ठमात्रः पुरुषः । भूतभव्यस्य ईशानः सः एव अद्य सः उ श्वः । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**अधूमकः ज्योतिः *ધૂમાડા વગરની જ્યોતિ,* अद्य *આજે,* श्वः *આવતી કાલે*

**અનુવાદ :** *અંગૂઠા જેવડો પુરુષ ધૂમાડા વગરની જ્યોતિ જેવો છે. તે ભૂતકાળ અને ભવિષ્યકાળનું શાસન કરનાર છે. તે આજે છે અને તે જ આવતી કાલે રહેશે. આ એ જ તત્ત્વ છે.*

**વિમર્શ :** *મનુષ્યના હૃદયાકાશમાં રહેલો એ અંગૂઠા જેવડા કદનો પુરુષ અગ્નિની જ્યોતિ સમાન છે જેને કોઇ પ્રકારે ધૂમાડો લાગ્યો નથી. તે ભૂત અને ભવિષ્યનો શાસક છે. તે જેવો આજે છે તેવો જ આવતી કાલે પણ રહેશે. આપણે જાણીએ છીએ કે સમયની સાથે વસ્તુમાં વિપરિમાણ એટલે કે બદલાવ આવે છે. આજે જે ફૂલ ખીલે છે તે આવતીકાલે કરમાઈ જાય છે. આજે જે તાજું હોય છે તે કાળક્રમે નિસ્તેજ બની જાય છે. આ મન્ત્રમાં જણાવ્યું છે કે બ્રહ્મતત્ત્વમાં કોઈ પ્રકારે વિપરિમાણ થતું નથી. એ સર્વદા એક સમાન રહે છે. આ અંગુષ્ઠ પુરુષ એ બ્રહ્મતત્ત્વ છે જેની અહીં જિજ્ઞાસા કરવામાં આવી છે.*

**यथोदकं दुर्गे वृष्टं पर्वतेषु विधावति ।**

**एवं धर्मान् पृथक् पश्यंस्तानेवानुविधावति ॥14॥**

**સંધિવિચ્છેદ :**यथा उदकम् । पश्यन् तान् एव अनुविधावति ।

**અન્વય :**यथादुर्गे वृष्टम् उदकं पर्वतेषु विधावति, एवं धर्मान् पृथक् पश्यन् तान् एव अनुविधावति ।

**શબ્દાર્થ :**यथा*જેમ,* दुर्गे *દુર્ગમ પ્રદેશમાં,* वृष्टम् *વરસેલું,* उदकं *પાણી,* पर्वतेषु *પર્વતના અનેક સ્થાનોમાં,* विधावति *ચારે બાજુ તરફ વહી જાય છે.* एवं *આ પ્રમાણે,* धर्मान् *પદાર્થોના વિવિધ ધર્મોને,* पृथक् पश्यन् *ભિન્ન રીતે જોતો,* अनुविधावति *પાછળ દોડતો રહે છે.*

**અનુવાદ :** *જે રીતે દુર્ગમ શિખર પર વરસેલું જળ પર્વતના અનેક સ્થાનોમાં ચારે બાજુ વહી જાય છે તેમ પદાર્થોના વિભિન્ન ધર્મોને જુદા જુદા જોતો મનુષ્ય એમની પાછળ દોડતો રહે છે.*

**વિમર્શ :** *ભેદદર્શન કરનાર મનુષ્યની સ્થિતિનું અહીં વર્ણન છે. જેમ પર્વતના કોઈ દુર્ગમ શિખર પર વરસાદનું જળ પડે તો તે પર્વતના અનેક સ્થાનોમાં વહી જાય છે તેમ જે મનુષ્ય અહીં ભિન્ન ભિન્ન ધર્મોનું દર્શન કરે છે અર્થાત્ એક જ બ્રહ્મથી વ્યાપ્ત આ સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન લક્ષણોને જુએ છે એની સ્થિતિ શિખર પરના જળ જેવી થાય છે. આવો મનુષ્ય ક્યારેય જન્મમરણની પરંપરામાંથી મુક્ત થતો નથી અને વિવિધ યોનિઓમાં ભટક્યા કરે છે.*

**यथोदकं शुद्धे शुद्धमासिक्तंतादृगेव भवति ।**

**एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ॥ १५॥**

**સંધિવિચ્છેદ :**यथा उदकम् । शुद्धम् आसित्तम् । तादृक् एव । मुनेः विजानतःआत्मा

**અન્વય :**यथा शुद्धम् उदकं शुद्धे आसिक्तं तादृक् एव भवति, (हे) गौतम ! एवं विजानतः मुनेः आत्मा (तादृक् एव) भवति ।

**શબ્દાર્થ :** शुद्धे आसिक्तं *શુદ્ધ જળમાં વરસાવાયેલું,* तादृक् एव *તેવા પ્રકારનું,* विजानतः मुनेः *જાણનારા મુનિનો*

**અનુવાદ :** *જે રીતે શુદ્ધ જળમાં વરસાવવામાં આવેલું જળ તેવું જ થઈ જાય છે તે પ્રકારે હે ગૌતમ, (સર્વત્ર આત્મતત્ત્વને) જાણનાર મુનિનો આત્મા પણ તેવો જ થઈ જાય છે.*

**વિમર્શ :** *નિર્મળ પાણીના સરોવરમાં નિર્મળ પાણી મળે તો બન્ને એકબીજા સાથે એકરસ થઈ જાય છે અને પછી તેમને અલગ પાડી શકાતા નથી. એવું જ આત્મદર્શી મુનિ અંગે છે. એક જ પરમ તત્ત્વ સર્વત્ર સમાન ભાવે વ્યાપ્ત છે એવું જાણનારને ક્યાંય અનેકત્વ કે ભેદનો અનુભવ થતો નથી. સર્વત્ર આત્મદર્શન એ જ સાચું દર્શન છે. યમરાજે નચિકેતાને અનેકત્વના સ્થાને સર્વત્ર એકત્વદર્શનનો સંદેશ એ વેદાન્તનો મૂળભૂત સંદેશ છે. સર્વત્ર આત્મભાવ એ જ વેદાન્તદર્શનનો મુખ્ય બોધ છે.*

इति कठकोपनिषदि द्वितीयाध्याये प्रथमा वल्ली समाप्तम् ॥

*આ પ્રમાણે કઠકોપનિષદમાં બીજા અધ્યાયમાં પ્રથમ વલ્લી પૂરી થઈ.*

## 14.3 અધ્યાય 2, વલ્લી 2

पुरमेकादशद्वारमजस्यावक्रचेतसः ।

अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते । एतद्वै तत् ॥1॥

**સંધિવિચ્છેદ :**पुरम् एकादशद्वारम् अजस्य अवक्रचेतसः । विमुक्तः च ।

**અન્વય :**अजस्य अवक्रचेतसः पुरम् एकादशद्वारम् अनुष्ठाय न शोचति विमुक्तः विमुच्यते । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**अजस्य *અજન્મા,* अवक्रचेतसः *સરળ, વિશુદ્ધજ્ઞાનસ્વરૂપ,* पुरम् *નગર (અહીં શરીર),* एकादशद्वारम् *અગિયાર દ્વારવાળું,* अनुष्ठाय *ધ્યાન કરીને,* विमुक्तः *મુક્ત થઈને,* विमुच्यते*મુક્તિ પામે છે.*

**અનુવાદ :** *તે અજન્મા અને સરળ સ્વભાવના તે આત્માનું નગર અગિયાર દ્વારવાળું છે. તેનું ધ્યાન કરવાથી મનુષ્ય શોક પામતો નથી અને મુક્ત થયેલો પછી શાશ્વત મુક્તિને પામે છે.*

**વિમર્શ :** *અહીં આત્માને અજન્મા અવક્રચિત્તવાળો કહ્યો છે. આત્માનો સ્વભાવ સરળ છે. તેનામાં કુટિલત્વ જેવો કોઈ દોષ નથી. તેનું નગર એટલે મનુષ્યનું શરીર. બે આંખ, બે નાસિકાછિદ્ર, બે કાન, એક મુખ, એક ગુદા અને એક જનનેન્દ્રિય, નાભિ અને મસ્તકમાં બ્રહ્મરન્ધ્ર એમ મળીને કુલ અગિયાર બારણાં છે. શરીરને પુર શા માટે કહ્યું છે એનો ઉત્તર શાંકરભાષ્યમાં આ રીતે મળે છે. ''શરીર પુર જેવું હોઈ પુર કહેવાય છે. દ્વારપાળ અને અધિષ્ઠાતા વગેરે પુર સંબંધી સામગ્રી શરીરમાં પણ જોવા મળે છે. જેવી રીતે સર્વ સંબંધી સામગ્રી સહિત પ્રત્યેક પુર પોતાથી અસંહત (પૃથક્) સ્વામીના ઉપભોગ માટે જોવા મળે છે તેવી જ રીતે પુરની સાથે સાદશ્ય હોવાને લીધે આ અનેક સામગ્રીઓથી યુક્ત આ શરીર પણ પોતાથી પૃથક્ રાજાના સ્થાનની સાથેસાથે સંબંધ ધરાવતું પોતાના સ્વામીને માટે હોવું જોઈએ.''* पुरं पुरमिव पुरम् । द्वारपालाधिष्ठात्राद्यनेकपुरोपकरणसम्पत्तिदर्शनाच्छरीरं पुरम् । पुरं च सोपकरणं स्वात्मनासंहतस्वतन्त्रस्वाम्यर्थं दृष्टम्, तथेदं पुरसामान्यादनेकोपकरणसंहतं शरीरं स्वात्मनासंहतराजस्थानीयस्वाम्यर्थं भवितुमर्हति ।

*આ શરીરનો સ્વામી આત્મા છે. તેનું ધ્યાન કરવાથી મનુષ્ય બધી જ એષણાઓથી મુક્ત થઈને સંપૂર્ણ ભૂતોમાં એ બ્રહ્મનું દર્શન કરીને શોકમુક્ત બની જાય છે. બ્રહ્મના યથાર્થ જ્ઞાનથી તે જીવન્મુક્તિનો અનુભવ કરે છે અને દેહથી મુક્ત થયા પછી ફરી શરીર ધારણ કરતો નથી.*

**हँसः शुचिषद्वसुरन्तरिक्षसद्धोता वेदिषदतिथिर्दुरोणसत् ।**

**नृषद्वरसदृतसद्व्योमसदब्जा गोजा ऋतजा अद्रिजा ऋतं बृहत् ॥2॥**

**સંધિવિચ્છેદ** : शुचिसत् वसुः अन्तरिक्षसत् होता । वेदिषत् अतिथिः दुरोणसत् ।
नृषत् वरसत् व्योमसत् अब्जाः गोजाः ऋतजाः अद्रिजाः ऋतम् ।

**અન્વય** :(आत्मा) हँसः शुचिसत् वसुः अन्तरिक्षसत् होता वेदिषत् अतिथिः दुरोणसत् । नृषत् वरसत् ऋतसत् व्योमसत् अब्जाः गोजाः ऋतजाः अद्रिजाः ऋतं बृहत् ।

**શબ્દાર્થ** :हँसः *હંસ, ગતિ કરનારો,* शुचिसत् *વિશુદ્ધ સ્થાનમાં રહેનારો* वसुः *વસુ* अन्तरिक्षसत् *અન્તરિક્ષમાં રહેનારો* होता *હોમ કરનારો* वेदिषत् *યજ્ઞની વેદી પર રહેનારો* अतिथिः *અતિથિ,* दुरोणसत् *ઘરમાં રહેનારો* नृषत् *મનુષ્યોમાં રહેનારો* वरसत् *દેવોમાં રહેનારો* ऋतसत् *સત્યમાં રહેનારો* व्योमसत्*આકાશમાં રહેનારો* अब्जाः *જળમાં પ્રગટ થનારો* गोजाः *પૃથ્વીમાં પ્રગટ થનારો* ऋतजाः *સત્કર્મોમાં પ્રગટ થનારો* अद्रिजाः *પર્વતોમાં પ્રગટ થનારો* ऋतं बृहत् *સૌથી મોટું પરમ સત્ય*

**અનુવાદ** : *(આત્મા) પવિત્ર સ્થાનમાં રહેનાર હંસ, અન્તરિક્ષમાં રહેનાર વસુ, યજ્ઞવેદી પર રહેનાર હોતા, ઘરમાં રહેનાર અતિથિ છે. તે મનુષ્યોમાં રહેનાર, દેવોમાં રહેનાર, સત્યમાં રહેનાર અને આકાશમાં રહેનાર છે. તે જળમાં પ્રગટ થનાર, પૃથ્વીમાં પ્રગટ થનાર, સત્કર્મોમાં પ્રગટ થનાર અને પર્વતોમાં પ્રગટ થનાર છે. તે સૌથી મોટું પરમ સત્ય છે.*

**વિમર્શ** : *આગળના મન્ત્રમાં કહ્યું હતું કે આત્મા અગિયાર દ્વારવાળા શરીરમાં રહે છે. આ આત્મા માત્ર શરીરરૂપી પુરમાં રહેનાર નથી, તે તો બધા પ્રકારના પુરમાં રહે છે. આત્માના અન્ય પ્રકારના પુરોની ગણના આ મન્ત્રમાં આપવામાં આવી છે. શ્રીપાદ દામોદર સાતવલેકરનું આ મન્ત્ર પરનું વિવરણ ખાસ નોંધનીય છે. તેઓ કહે છે કે આ બીજો મન્ત્ર વૈયક્તિક અનુષ્ઠાનની સાથે સાથે આત્માના ગુણો વર્ણવે છે. મનુષ્યોનું સામાજિક જીવન કેવું હોવું જોઈએ એનો આ મન્ત્રમાં આદેશ આપવામાં આવ્યો છે. અહીં આત્મા માટે વપરાયેલાં આ સર્વ વિશેષણોને તેઓ આત્મિક અને સામાજિક એમ બન્ને પ્રકારે અર્થ આપીને વૈદિક મન્ત્રોમાંથી સમાજ અને રાષ્ટ્રજીવનના ઉત્કર્ષના વિચારો કઈ રીતે નિગૂઢ રહ્યા છે તેનો દિશાનિર્દેશ કર્યો છે. કઠોપનિષદનો આ મન્ત્ર ઋગ્વેદ, વાજસનેયિસંહિતા, તૈત્તિરીયસંહિતા અને તૈત્તિરીય આરણ્યકમાં પણ પ્રાપ્ત થાય છે.*

**ऊ र्ध्वं प्राणमुन्नयत्यपानं प्रत्यगस्यति ।**

**मध्ये वामनमासीनं विश्वे देवा उपासते ॥3॥**

**સંધિવિચ્છેદ** :प्राणम् उन्नयति अपानम् । प्रत्यक् अस्यति । वामनम् आसीनम् । देवाः उपासते ।

**અન્વય :**(यः) प्राणम् ऊर्ध्वम् उन्नयति, अपानं प्रत्यक् अस्यति मध्ये आसीनं वामनं तं विश्वे देवाः उपासते ।

**શબ્દાર્થ :**ऊर्ध्वम् उन्नयति *ઉપરની તરફ લઈ જાય છે.* प्रत्यक् अस्यति *નીચે ધકેલે છે.* मध्ये *મધ્યમાં, (અહીં હૃદયમાં)* आसीनं *રહેલાને,* वामनं *વામનસ્વરૂપ, અંગુષ્ઠમાત્ર,* विश्वे देवाः *બધા દેવો*

**અનુવાદ :** *જે પ્રાણને ઉપર લઈ જાય છે અને અપાનને નીચે લઈ જાય છે. મધ્યમ સ્થાન હૃદયમાં રહેલા તે વામન પુરુષને બધા દેવો ઉપાસે છે.*

*વિમર્શ : હૃદયાકાશમાં રહેલ તે વામન પુરુષ પ્રાણને ઊર્ધ્વ અને અપાનને નીચેના ભાગમાં ધકેલે છે. અહીં દેવો એટલે ઈન્દ્રિયો એવો અર્થ શંકરાચાર્યે કર્યો છે. જેવી રીતે કોઈ વેપારી રાજાને કર આપીને તેની ઉપાસના કરે છે તેમ દેવો, ચક્ષુ વગેરે ઈન્દ્રિયો અને પ્રાણરૂપ રસ વગેરે વિજ્ઞાનરૂપ કર આપતા રહીને તેની ઉપાસના કરીને પોતાનો વ્યાપાર ચલાવ્યા કરે છે. પ્રાણ અને ઈન્દ્રિયોના સર્વ વ્યાપાર જેની પ્રેરણાથી ચાલે છે અને જેના માટે ચાલે છે તે તેમનાથી અન્ય છે, કોઈ બીજો જ છે એવું આ મન્ત્રમાં સિદ્ધ થાય છે.*

**अस्य विस्रंसमानस्य शरीरस्थस्य देहिनः ।**

**देहाद्विमुच्यमानस्य किमत्र परिशिष्यते । एतद्वै तत् ॥4॥**

**સંધિવિચ્છેદ :**देहात् विमुच्यमानस्य । किम् अत्र ।

**અન્વય :**अस्य शरीरस्थस्य विस्रंसमानस्य देहिनः देहात् विमुच्यमानस्य किम् अत्र परिशिष्यते । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**शरीरस्थस्य *શરીરમાં રહેલા,* विस्रंसमानस्य *એકથી બીજા શરીરમાં જનાર,* देहिनः *જીવાત્માના,* देहात् *શરીરમાંથી,* विमुच्यमानस्य *નીકળી ગયા પછી,* परिशिष्यते *બાકી રહી જાય છે.*

**અનુવાદ :** *શરીરમાં રહેનાર અને એક શરીરથી બીજા શરીરમાં જનાર જીવાત્મા શરીરમાંથી નીકળી ગયા પછી શું બાકી રહી જાય છે. આ તે જ બ્રહ્મ છે.*

*વિમર્શ : શરીરમાં રહેલ દેહી એટલે કે જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં ગમન કરનાર છે. તે સરી ગયા પછી પ્રાણ, ઈન્દ્રિયો વગેરે કંઈ જ રહેતું નથી. ત્યારે કંઈક બાકી રહી જાય છે અને તે છે પરબ્રહ્મ. આ પરબ્રહ્મ ચેતન જીવ અને જડ પ્રકૃતિ એમ સર્વત્ર સદા વ્યાપીને રહે છે. આમ, બધું જ નીકળી જાય ત્યારે પણ પરબ્રહ્મ શેષ રહે છે.*

**न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।**

**इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ॥5॥**

**સંધિવિચ્છેદ :**न अपानेन । मर्त्यः जीवति । यस्मिन् एतौ उपाश्रितौ ।

**અન્વય :**कश्चन मर्त्यः न प्राणेन न अपानेन जीवति । इतरेण तु (सर्वे) जीवन्ति । यस्मिन् एतौ उपाश्रितौ ।

**શબ્દાર્થ :**मर्त्यः *મરણધર્મા મનુષ્ય,* इतरेण *કોઈ બીજાથી,* एतौ उपाश्रिता *આ બન્ને આશ્રય પામેલા છે.*

**અનુવાદ :** *કોઈ પણ મરણધર્મા પ્રાણી પ્રાણની શક્તિથી કે અપાનની શક્તિથી જીવતો નથી. આ પ્રાણ અને અપાન એ બન્ને જેના આશ્રયે રહેલા છે, એવા કોઈ અન્યની શક્તિથી બધા જીવે છે. (તે આત્મા છે.)*

**વિમર્શ :** *કોઈ પણ મર્ત્ય અથવા દેહધારી ન તો પ્રાણથી જીવિત રહે છે કે ન તો અપાનથી જીવિત રહે છે. ઇન્દ્રિયો અને પ્રાણ સંઘાતરૂપ હોવાથી તેમની સ્વતન્ત્ર સ્થિતિ રહી શકતી નથી. આથી આ બધા પરસ્પર મળીને વ્યાપાર કરતા પ્રાણાદિથી ભિન્ન એવા અન્ય કોઈ તત્ત્વ દ્વારા જીવે છે. સત્સ્વરૂપ પરમાત્માને આશ્રયે જ આ પ્રાણ અને અપાન રહ્યા છે. એ આત્મા જ મનુષ્યનું સાચું સ્વત્વ છે.*

**हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् ।**

**यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥ ६॥**

**સંધિવિચ્છેદ** *:* ते इदम् ।

**અન્વય :**(हे) गौतम ! यथा च मरणं प्राप्य आत्मा भवति, हन्त ! इदं गुह्यं सनातनं ब्रह्म ते इदं प्रवक्ष्यामि ।

**શબ્દાર્થ :**हन्त *હવે,* गुह्यं *રહસ્યમય,* ते इदं प्रवक्ष्यामि *તે આ તને કહીશ.*

**અનુવાદ :** *હવે હું હે ગૌતમ, જેમ મરણ પામ્યા પછી મનુષ્યના જીવાત્માનું શું થાય છે એ તને એ પરમ રહસ્યમય સનાતન એવા બ્રહ્મ અંગે કહીશ.*

**વિમર્શ :** *નચિકેતા ગૌતમ ગોત્રનો હોઈ યમરાજે તેને ગૌતમ તરીકે સંબોધ્યો છે. મરણ પામ્યા પછી મનુષ્યના જીવાત્માનું શું થાય છે એ અંગે નચિકેતાની જિજ્ઞાસા હતી. યમરાજ ફરીથી તેને આ રહસ્યમય સનાતન બ્રહ્મતત્ત્વનું જ્ઞાન આપવા ઇચ્છે છે.*

**योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः ।**

**स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥७॥**

**સંધિવિચ્છેદ :**योनिम् अन्ये । स्थाणुम् अन्ये अनुसंयन्ति ।

**અન્વય :**अन्ये देहिनः यथाकर्म यथाश्रुतं शरीरत्वाय प्रपद्यन्ते । अन्ये स्थाणुम् अनुसंयन्ति ।

**શબ્દાર્થ :**अन्ये देहिनः *કેટલાક જીવાત્મા,* यथाकर्म *કર્મ પ્રમાણે,* यथाश्रुतम् *શાસ્ત્ર પ્રમાણે,* शरीरत्वाय *શરીર ધારણ કરવા માટે,* प्रपद्यन्ते *પ્રાપ્ત થાય છે.* स्थाणुम् *સ્થાવરભાવને,* अनुसंयन्ति *અનુસરે છે.*

**અનુવાદ :** *કેટલાક જીવાત્મા પોતાનાં કર્મો અનુસાર અને શાસ્ત્રાદિથી પ્રાપ્ત ભાવ અનુસાર બીજા શરીરને ધારણ કરવાની સ્થિતિને પ્રાપ્ત થાય છે. અન્ય જીવાત્માઓ સ્થાવરભાવે પામે છે.*

**વિમર્શ :** *શરીરધારીની દેહત્યાગ પછીની બે પ્રકારની ગતિનું આ મન્ત્રમાં વર્ણન છે. કેટલાક જીવાત્મા એવા હોય છે કે જેમણે શુભ કે પુણ્ય કર્મો કર્યા હોય અને શાસ્ત્ર, ગુરુ, સંગ, શિક્ષા, વ્યવસાય વગેરેથી કેળવાયેલ ભાવો અનુસાર બીજું શરીર ધારણ કરવા માટે કોઈ માતાની યોનિમાં પ્રવેશ કરે છે અને સ્વકર્મ અનુસાર જન્મ મેળવે છે. કેટલાક જીવાત્મા સ્થાવરભાવને પામીને વૃક્ષ, લતા,તૃણ, પર્વત વગેરે જડ શરીરોમાં ઉત્પન્ન થાય છે.*

**य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः ।**

**तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।**

**तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥8॥**

**સંધિવિચ્છેદ :**य: एष: सुप्तेषु । पुरुष: निर्मिमाण: । तत् एव । तत् ब्रह्म । तत् एव अमृतम् उच्यते । तस्मिन् लोका: । तत् उ न अत्येति । एतत् वै तत् ।

**અન્વય :** य: कामं कामं निर्मिमाण: एष: पुरुष: सुप्तेषु जागर्ति तत् एव शुक्र: तत् ब्रह्म तत् एव अमृतम् उच्यते । तस्मिन् सर्वे लोका: श्रिता: । तत् उ न कश्चन न अत्येति । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**कामं कामम् *ઈચ્છા પ્રમાણેના ભોગને,* निर्मिमाण: *નિર્માણ કરનારો,* सुप्तेषु *બધા સૂઈ ગયા હોય ત્યારે,* जागर्ति *તે જાગે છે.* लोका: श्रिता: *લોકો આશ્રય પામેલા છે.* न अत्येति *ઓળંગી જતું નથી.*

**અનુવાદ :** *જે ઈચ્છા પ્રમાણેના ભોગોને નિર્માણ કરારો આ પુરુષ છે તે સર્વના સૂઈ ગયા છતાં પણ જાગે છે, તે જ શુક્ર છે, તે જ બ્રહ્મ છે, તે જ અમૃત કહેવાય છે. સર્વ લોકો તેને આશ્રયે રહેલા છે. તેને કોઈ ઓળંગી શકતું નથી. આ જ તે બ્રહ્મ છે.*

*વિમર્શ : પહેલાં યમરાજાએ જે પ્રતિજ્ઞા કરી હતી કે ''હું તને ગુહ્ય બ્રહ્મનો ઉપદેશ આપીશ'' તેના વિશે આ મન્ત્રમાં કહે છે. તે જીવાત્માઓના કર્મ અનુસાર અનેક પ્રકારના ભોગોનું નિર્માણ કરે છે. પ્રાણાદિ સર્વેના સૂઈ ગયા હોવા છતાં તે ઈચ્છિત પદાર્થોની રચના કરતો રહીને જાગતો રહે છે. તે શુક્ર અર્થાત્ વિશુદ્ધ દિવ્યતત્ત્વ છે. તે જ પરબ્રહ્મ છે. તેને જ અમૃત કહેવામાં આવે છે. તે બ્રહ્મમાં જ પૃથ્વી વગેરે સર્વ લોકો આશ્રિત રહે છે, કેમ કે સર્વનું કારણ એ જ છે. તેના નિયમોનું અતિક્રમણ કોઈ જ કરી શકતું નથી.*

**अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।**

**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥9॥**

**સંધિવિચ્છેદ :**अग्निः यथा एकः भुवनम् ।प्रविष्टः रूपम् । प्रतिरूपः बभूव । एकः तथा । प्रतिरूपः बहिः च ।

**અન્વય :**यथा एकः अग्निः भुवनं प्रविष्टः रूपं रूपं प्रतिरूपः बभूव, तथा एकः आत्मा सर्वभूतान्तरात्मा बहिः च रूपं रूपं प्रतिरूपः बभूव ।

**શબ્દાર્થ :**भुवनं प्रविष्टः *બ્રહ્માણ્ડમાં પ્રવેશેલો,* रूपं रूपम् *અનેક રૂપોમાં,* प्रतिरूपः *તેમનાં જેવાં રૂપોવાળો,* बभूव *થઈ રહ્યો છે.* सर्वभूतान्तरात्मा *સર્વ પ્રાણીઓનો અન્તરાત્મા*

**અનુવાદ :** *જેવી રીતે સમસ્ત બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલો એક જ અગ્નિ વિવિધ રૂપોમાં તેમના જેવો જ થઈને રહે છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓનો અન્તરાત્મા પરબ્રહ્મ એક જ હોવા છતાં અનેક રૂપોમાં તેમના જેવા જ રૂપવાળો થઈને રહેલો છે તેમ જ બહાર પણ રહેલો છે.*

**વિમર્શ :** *અગ્નિ એક જ છે પણ ભિન્ન વસ્તુમાં પ્રવેશીને તે તે વસ્તુના જેવું સ્વરૂપ ધારણ કરે છે. જેમ કે કાષ્ઠ જેવું રૂપ ધરાવતું હોય તેવું રૂપ તેમાં પ્રવિષ્ટ અગ્નિનું જણાય છે. તેવી જ રીતે સર્વ ભૂતોનો અન્તરાત્મા એક જ છે પણ પ્રત્યેક ભૂતના રૂપ જેવું તે રૂપ ધારણ કરે છે. આ સર્વભૂતાન્તરાત્મા પ્રાણીઓની અંદર પ્રવેશ્યો છે તેમ તે બહાર પણ રહેલો છે. આમ, સર્વભૂતાન્તરાત્મા એક છે. તે સર્વ ભુવનમાં વિવિધ વસ્તુઓમાં પ્રવેશીને તેના જેવો આકાર ધારણ કરે છે. આમ, આત્મા એક જ છે. તે ભિન્ન રૂપે જણાય છે.*

**वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।**

**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥10॥**

**સંધિવિચ્છેદ :**वायुः यथा एकः भुवन्। प्रविष्टः रूपम् । प्रतिरूपः बभूव। एकः तथा। प्रतिरूपः बहिः च ।

**અન્વય :**यथा एकः वायुः भुवनं प्रविष्टः रूपं रूपं प्रतिरूपः बभूव, तथा एकः आत्मा सर्वभूतान्तरात्मा बहिः च रूपं रूपं प्रतिरूपः बभूव ।

**શબ્દાર્થ :**भुवन्प्रविष्टः *બ્રહ્માણ્ડમાં પ્રવેશેલો,* रूपं रूपम् *અનેક રૂપોમાં,* प्रतिरूपः *તેમનાં જેવાં રૂપોવાળો,* बभूव *થઈ રહ્યો છે.* सर्वभूतान्तरात्मा *સર્વ પ્રાણીઓનો અન્તરાત્મા*

**અનુવાદ :** *જેવી રીતે સમસ્ત બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલો એક જ વાયુ વિવિધ રૂપોમાં તેમના જેવો જ થઈને રહે છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓનો અન્તરાત્મા પરબ્રહ્મ એક જ હોવા છતાં અનેક રૂપોમાં તેમના જેવા જ રૂપવાળો થઈને રહેલો છે તેમ જ બહાર પણ રહેલો છે.*

**વિમર્શ :** *આગળના મન્ત્રક્રમાંક ૯માં અગ્નિના ઉદાહરણ દ્વારા કહેવામાં આવ્યું હતું કે ભિન્ન વસ્તુઓમાં રહેલો અગ્નિ તેના જેવો દેખાય છે પણ અગ્નિ એક જ છે તેમ સર્વ પ્રાણીઓમાં રહેલો અન્તરાત્મા ભિન્ન દેખાય છે પણ એક છે. આ મન્ત્રમાં અગ્નિના*

*બદલે વાયુનું ઉદાહરણ આપ્યું છે. આ એક જ શબ્દને બાદ કરતાં બન્ને મન્ત્રો અક્ષરશઃ સરખા છે. વાયુ બધા ભુવનમાં પ્રવેશીને રહ્યો છે અને પ્રત્યેક વસ્તુમાં તે તદાકાર બની રહે છે તેમ સર્વભૂતાન્તરાત્મા એક જ છે અને સર્વની બહાર પણ તે રહેલો છે.*

**सूर्यो यथा सर्वलोकस्य चक्षु: न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।**

**एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदु:खेन बाह्यः ॥11॥**

**સંધિવિચ્છેદ :**सूर्यः यथा ।चाक्षुषैः बाह्यदोषैः । एकः तथा ।

**અન્વય :**यथा सर्वस्य लोकस्य चक्षु: सूर्यः चाक्षुषैः बाह्यदोषैः न लिप्यते तथा एकः सर्वभूतान्तरात्माकदु:खेन न लिप्यते बाह्यः ।

**શબ્દાર્થ :**चाक्षुषैः बाह्यदोषैः *આંખથી ઉત્પન્ન થતા બાહ્ય દોષોથી,* न लिप्यते *લેપાતો નથી.* लोकदु:खेन *સંસારના દુઃખથી*

**અનુવાદ :** *જેવી રીતે સૂર્ય સર્વ લોકનું ચક્ષુ હોવા છતાં ચક્ષુસંબંધી બાહ્ય દોષોથી લેપાતો નથી, તેવી જ રીતે સર્વભૂતોનો અન્તરાત્મા સંસારના દુઃખથી લેપાતો નથી, કેમ કે તે તેમનાથી બહાર રહ્યો છે.*

**વિમર્શ :** *ભગવાન સૂર્ય સમગ્ર જગતનું ચક્ષુ છે. તે પોતાના પ્રકાશથી સર્વ વસ્તુને પ્રકાશિત કરે છે અને પરિણામે લોકો સર્વ વસ્તુને જોઈ શકે છે. આમ સૂર્ય સર્વ લોકનું નેત્ર છે. પણ લોકોના નેત્રદોષથી સૂર્ય લેપાતો નથી. તેવી જ રીતે સંસારના દુઃખોથી અન્તરાત્મા લેપાતો નથી. તે જેમ સર્વ પ્રાણીઓમાં રહ્યો છે તેમ બહાર પણ રહેલો છે. તેથી સાંસારિક દોષોથી અન્તરાત્મા અલિપ્ત રહે છે.*

**एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति ।**

**तमात्मस्थं येऽनुपश्यन्ति धीराः तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥12॥**

**સંધિવિચ્છેદ :**एकः वशी । तम् आत्मस्थम् । ये अनुपश्यन्ति । न इतरेषाम् ।

**અન્વય :**यः एकः वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा करोति तम् आत्मस्थं ये धीराःअनुपश्यन्ति तेषां सुखं शाश्वतं, न इतरेषाम् ।

**શબ્દાર્થ :**वशी *સર્વને વશમાં રાખનાર,* एकं रूपं बहुधा करोति *એક રૂપને અનેક પ્રકારનું કરે છે.* आत्मस्थम् *પોતાની અંદર રહેલને,* अनुपश्यन्ति *નિરંતર જુએ છે.* न इतरेषाम् *બીજાઓનું નહિ.*

**અનુવાદ :** *જે સર્વને વશમાં રાખનાર અને સર્વભૂતાન્તરાત્મા છે તે એક જ છે. તે પોતાના એક રૂપને અનેક પ્રકારનું બનાવે છે તેને ધીરપુરુષો પોતાની અંદર રહલો નિરંતર જુએ છે તેમનું સુખ જ શાશ્વત છે, બીજાઓનું નહિ.*

**વિમર્શ :** *ભૂતમાત્રની અંદર રહેલ આત્મા એક જ છે. સંપૂર્ણ જગતને તે પોતાને વશ રાખવા સમર્થ છે. તે એક જ હોવા છતાં અનેક પ્રકારે રૂપોને ધારણ કરે છે. જ્ઞાની પુરુષો તેને પોતાની અંદર રહેલ આત્મા તરીકે ઓળખી લે છે અને પોતાના જીવનમાં*

*સતત આ પ્રકારનો અનુભવ કરે છે. આને જ આત્મસાક્ષાત્કાર કહેવાય છે. આત્માને આ રીતે જાણનારાઓને જે સુખની પ્રાપ્તિ થાય છે શાશ્વત છે. તેમનો આનંદ સદા સ્થિર રહે છે. પરંતુ જેઓ પોતાની અંદર રહેલા એ આત્મતત્ત્વને જાણી કે અનુભવી શકતા નથી તેઓ ક્યારેય શાશ્વત સુખને પામી શકતા નથી.*

**नित्योऽनित्यानां चेतनश्चेतनानाम् एको बहूनां यो विदधाति कामान् ।**

**तमात्मस्थं येऽनुपश्यन्ति धीराः तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥13॥**

**સંધિવિચ્છેદ :**नित्य:नित्यानाम् । चेतन: चेतनानाम् । एक: बहूनाम् । य: विदधाति ।
तम् आत्मस्थम् । ये अनुपश्यन्ति । न इतरेषाण् ।

**અન્વય :**य: अनित्यानां नित्य:,चेतनानां चेतन:, एक कामान् विदधाति, तम् आत्मस्थं ये धीरा: अनुपश्यन्ति तेषां शान्ति: शाश्वती, न इतरेषाम् ।

**શબ્દાર્થ :**अनित्यानाम् *નાશવન્તોમાં, અનિત્યોમાં,* कामान् विदधाति *કામનાઓનું વિધાન કરે છે.*

**અનુવાદ :** *જે અનિત્યોમાં નિત્ય અને સર્વ ચેતનોમાં ચેતન છે, જે એકલો જ અનેકની કામનાઓનું વિધાન કરે છે, તેને જે ધીરપુરુષો પોતાની અંદર રહલો નિરંતર જુએ છે તેમને જ શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાય છે, બીજાઓને નહિ.*

**વિમર્શ :** *આગળના મન્ત્રની જેમ આ મન્ત્રમાં પણ આત્મસાક્ષાત્કારની વાત કરવામાં આવી છે. જે જ્ઞાનીજનો પોતાની અંદર જ આત્માને જુએ છે તેમને શાશ્વત શાન્તિની પ્રાપ્તિ થાય છે. આત્મસાક્ષાત્કાર વિના કોઈને પણ શાશ્વત શાન્તિ મળી શકે નહિ. અહીં આત્માને સર્વ અનિત્ય કે નાશવંત પદાર્થોમાં નિત્ય કહ્યો છે. સર્વ ચૈતન્યશીલ પ્રાણીઓનું ચેતનત્વ પણ તે છે. તે અક જ છે. તેના સિવાય અન્ય કોઈનું અસ્તિત્વ નથી. તે એક જ પ્રાણીના કર્માનુસાર તેમની અનેક કામનાઓનું વિધાન કરે છે. આત્મસાક્ષાત્કારથી પ્રાપ્ત સુખ અને શાન્તિ જ શાશ્વત છે, અન્ય કોઈ પ્રકારે શાશ્વત સુખ અને શાન્તિ પામી શકાય નહિ.*

**तदेतदिति मन्यन्तेऽनिर्देश्यं परमं सुखम् ।**

**कथं नु तद्विजानीयां किमु भाति विभाति वा ॥१४॥**

**સંધિવિચ્છેદ :**तत् एतत् इति । मन्यन्ते अनिर्देश्यम् । तत्विजानीयाम् । किम् उ ।

**અન્વય** *:* तत् एतत् अनिर्देश्यं परमं सुखं इति मन्यन्ते । तत् किम् उ भाति विभाति वा कथं नु विजानीयाम् ।

**શબ્દાર્થ :**अनिर्देश्यं *જેનો નિર્દેશ કરી ન શકાય એવું, અનિર્વચનીય,* तत् एतत्*તે આ છે.* भाति *પ્રકાશિત કરે છે.* विभाति *અનુભવમાં આવે છે.* कथं नु विजानीयाम् *કઈ રીતે હું જાણું કે સમજું ?*

**અનુવાદ** *: તે આ(આત્મજ્ઞાન)ને ધીર લોકો અનિર્વચનીય, પરમ સુખ માને છે. શું તે પ્રકાશે છે કે બુદ્ધિના વિષય તરીકે અનુભવાય છે તે હું કઈ રીતે જાણી શકું ?*

**વિમર્શ :** *આત્મજ્ઞાનરૂપ સુખ અનિર્વચનીય છે. કથન કરીને કે શબ્દપ્રયોગ કરીને તેનું વર્ણન થઈ શકતું નથી. તો પરમ એટલે કે પ્રકૃષ્ટ સુખ છે. સાધારણ મનુષ્ય માટે વાણી અને મનને અગોચર એવા એ આત્મતત્ત્વને ધીરપુરુષો 'આ તે જ છે' એ રીતે પ્રત્યક્ષ અનુભવે છે. અતર્ક્ય અને પરમ સુખ આપનાર આત્મતત્ત્વને હું કઈ રીતે જાણી શકું ? તે પ્રકાશસ્વરૂપ છે તો શું તે પ્રકાશે છે શું તે વિશેષરૂપથી પ્રકાશે છે કે નહિ ? નચિકેતાના મનના આવા આંતરિક ભાવની અહીં અભિવ્યક્તિ થઈ છે અને તેનો ઉત્તર યમરાજે પછીના મન્ત્રમાં આપ્યો છે.*

*અહીં મન્ત્રમાં* भाति *અને* विभाति *શબ્દપ્રયોગમાં અનેરું કાવ્યત્વ પ્રગટ થયું છે. સામાન્ય રીતે બન્ને શબ્દોનો અર્થ પ્રકાશે છે એવો થાય છે. પણ મન્ત્રમાં રહેલા બન્ને શબ્દોના વિશેષ અર્થનું ઉદ્ઘાટન શાંકરભાષ્યમાં આ રીતે જોવા મળે છે.* किमु तद्भाति दीप्यते प्रकाशात्मकं तद्यतोस्मद्बुद्धिगोचरत्वेन विभाति विस्पष्टं दृश्यते किं वा नेति ।*અર્થાત્* भाति *ક્રિયાપદથી તે પ્રકાશે છે અને* विभाति *ક્રિયાપદથી તે આપણી બુદ્ધિનો વિષય બનીને સ્પષ્ટ દેખાય છે એવો અર્થ રહેલો છે.*

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।**

**तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥15॥**

**સંધિવિચ્છેદ :**सूर्यः भाति ।न इमाः विद्युतः । कुतः अयम् अग्निः । तम् एव ।
भान्तम् अनुभाति । सर्वम् इदम् ।

**અન્વય :**तत्र सूर्यः न भाति, चन्द्रतारकं न (भाति), इमाःविद्युतः न भान्ति । अयम् अग्निः कुतः । । तम् भान्तम् एव सर्वम् अनुभाति । तस्य भासा इदं सर्वं विभाति ।

**શબ્દાર્થ :**न भाति *પ્રકાશતો નથી.* चन्द्रतारकं *ચન્દ્ર અને તારાઓનો સમૂહ,* इमाःविद्युतः *આ વીજળીઓ,* न भान्ति *પ્રકાશતી નથી.* कुतः *કઈ રીતે ?* भान्तम् *પ્રકાશિત થયેલને,* अनुभाति *તેના પછી પ્રકાશે છે.* भासा *પ્રકાશ વડે*

**અનુવાદ :** *ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચન્દ્ર અને તારાઓ પણ પ્રકાશતા નથી તેમ જ આ વીજળીઓ પણ પ્રકાશતી નથી. તો પછી આ અગ્નિની તો વાત જ ક્યાં ? પ્રકાશિત થયેલ તેને જ અનુસરીને સર્વ પ્રકાશિત થાય છે. તેના પ્રકાશથી જ આ બધું પ્રકાશે છે.*

*વિમર્શ : આત્મા એ જ સર્વ પ્રકાશકનું કારણ છે. આત્માનો પ્રકાશ જ અન્યોને પ્રકાશિત કરે છે. આત્મતત્ત્વને પ્રકાશિત કરવા સૂર્ય, ચન્દ્ર, તારાઓ કે અગ્નિ કોઈ જ સમર્થ નથી. તેમનો પ્રકાશ એ આત્માના પ્રકાશથી પ્રાપ્ત થયેલ છે. આત્માના પ્રકાશથી તેઓ પ્રકાશિત છે. એક માત્ર આત્મા જ સ્વયંપ્રકાશ છે. જગતને પ્રકાશિત કરતી અન્ય સૌ વસ્તુઓ સ્વપ્રકાશિત નથી. આત્માના પ્રકાશથી તેઓ પ્રકાશિત થાય છે.*

इति काठकोपनिषदि द्वितीयाध्याये द्वितीया वल्ली समाप्तम् ॥

*આ પ્રમાણે કાઠકોપનિષદમાં બીજા અધ્યાયમાં બીજી વલ્લી પૂરી થઈ.*

## 14.4 અધ્યાય 2, વલ્લી 3

**ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः ।**

**तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।**

**तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥1॥**

**સંધિવિચ્છેદ :**ऊर्ध्वमूलः अवाक्शाखः एषः अश्वत्थः । तत् एव । तत् एव एवअमृतम् उच्यते । तस्मिन् लोकाः । तत् उ । न अत्येति । एतत् वै तत् ।

**અન્વય :**एषः ऊर्ध्वमूलः अवाक्शाखः अश्वत्थः सनातनः । तत् एव शुक्रः तत् एव ब्रह्म तत् एव अमृतम् उच्यते । तस्मिन् सर्वे लोकाः श्रिताः । तत् उ कश्चन न अत्येति । एतत् वै तत् ।

**શબ્દાર્થ :**ऊर्ध्वमूलः *ઉપરની તરફ મૂળવાળો*, अवाक्शाखः *નીચેની બાજુ શાખાવાળો*, अश्वत्थः *પીપળાનું વૃક્ષ*, शुक्रः *શુદ્ધ જ્યોતિસ્વરૂપ*

**અનુવાદ :** *ઉપરની તરફ મૂળવાળું અને નીચેની બાજુ શાખાવાળું આ અશ્વત્થ વૃક્ષ સનાતન છે. તે જ શુદ્ધ જ્યોતિસ્વરૂપ છે, તે જ બ્રહ્મ છે, તેને જ અમૃત કહેવાય છે. સર્વ લોક તેનામાં જ આશ્રિત છે. કોઈપણ તેને ઓળંગી શકતું નથી. આ તે જ (બ્રહ્મ) છે.*

**વિમર્શ :** *અશ્વત્થનું વૃક્ષ એટલે પીપળો. તેની વિલક્ષણતા એ છે તેનાં મૂળિયાં ઉપરની તરફ અને શાખાઓ નીચેની તરફ રહેલી છે. સમગ્ર વિશ્વ જ આ અશ્વત્થ છે.* **अ-श्व-त्थ** *અર્થાત્ જે આવતીકાલ સુધી રહેનારું નથી તે, ક્ષણભંગુર અથવા નાશવન્ત. વિશ્વ વ્યષ્ટિરૂપમાં ક્ષણભંગુર છે પણ સમષ્ટિરૂપમાં સનાતન છે. તે અનાદિકાળથી સતત ચાલ્યું આવે છે. આ સંસારનું મૂળ તે શુક્ર, બ્રહ્મ અને અમૃત છે. શુક્ર એટલે શુભ્ર, શુદ્ધ,જ્યોતિર્મય. સર્વથી મહાન હોઈ તે બ્રહ્મ છે. સત્ય સ્વરૂપ હોઈ તે અમૃત છે, અવિનાશી છે. બ્રહ્મ સિવાયનું જે કંઈ છે તે સઘળું મિથ્યા અને નાશવન્ત છે. તે બધું બ્રહ્મને આશ્રયે જ રહેલું છે. જેવી રીતે ઘડો માટીનું અતિક્રમણ કરી શકતો નથી તેમ સંસારની કોઈપણ વસ્તુ તેના મૂળ કારણ એવા બ્રહ્મનું અતિક્રમણ કરી શકતી નથી. નિશ્ચયપૂર્વક આ જ તે બ્રહ્મતત્ત્વ છે.*

*શ્રીમદ્ભગવદ્ગીતાના પંદરમા અધ્યાયનો આરંભ જ ઊર્ધ્વમૂળ અને અધઃશાખ અશ્વત્થના વર્ણનથી થાય છે. કઠોપનિષદમાં બ્રહ્મને અશ્વત્થનું રૂપક આપ્યું છે, જ્યારે ગીતા અનુસાર સંસાર અશ્વત્થ છે.*

**यदिदं किञ्च जगत् सर्वं प्राण एजति निःसृतम् ।**

**महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृतास्ते भवन्ति ॥2॥**

**સંધિવિચ્છેદ :**यत् इदम् । प्राण: एजति । वज्रम् उद्यतम् ।एतत् विदु: अमृता: ते ।

**અન્વય :**यत् इदम् किञ्च सर्वं जगत् प्राणे एजति (स: प्राण:) उद्यतं वज्रं महत् भयं ये एतत् विदु: ते अमृता: भवन्ति ।

**શબ્દાર્થ :**किञ्च *કંઈપણ,* प्राणे एजति *પ્રાણસ્વરૂપ પરમાત્મામાં ચેષ્ટા કરે છે.* उद्यतं वज्रं *ઉગામેલા વજ્રને,* विदु: *તેઓ જાણે છે.*

**અનુવાદ :** *જે કંઈપણ આ છે તે બધું પ્રાણસ્વરૂપ પરમાત્મામાં ચેષ્ટા કરે છે. ઉગામેલા વજ્ર જેવા તે મહાન ભયસ્વરૂપ પરમાત્માને જેઓ જાણે છે તેઓ અમર થઈ જાય છે.*

**વિમર્શ :** *આ જગતમાં જે કંઈ છે તે બધું પ્રાણસ્વરૂપ પરમાત્માથી જ ચેષ્ટિત છે. જગતની ઉત્પત્તિ અને પ્રવૃત્તિનું મૂળ કારણ એવું તે પરબ્રહ્મ મહાભયરૂપ પણ છે. તેના ભયથી સૃષ્ટિનાં બધાં તત્ત્વો પોતાના કાર્યમાં નિયમ પ્રમાણે પ્રવર્તે છે. જેવી રીતે સ્વામીએ ઉગામેલું વજ્ર જોઈને તેના સેવકો નિયમ પ્રમાણે કાર્યમાં પ્રવૃત્ત થાય છે તેમ સૂર્ય, ચન્દ્ર, તારા, ગ્રહ, નક્ષત્રો વગેરે રૂપવાળું આ સર્વ જગત બ્રહ્મની આજ્ઞાને અનુસરે છે. બ્રહ્મના સાચા સ્વરૂપને જે જાણે છે તે અમૃતત્વને પામે છે. તેમને જન્મમરણના આવર્તનથી મુક્તિ મળે છે.*

**भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।**

**भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥3॥**

**સંધિવિચ્છેદ :**भयात् अस्य अग्नि: तपति। भयात् इन्द्र: च । वायु: च। मृत्यु: धावति ।

**અન્વય :**अस्य भयात् अग्नि: तपति (अस्य) भयात् सूर्य: तपति । (अस्य) भयात् इन्द्र:, वायु: च, पञ्चम: मृत्यु: धावति ।

**શબ્દાર્થ :**भयात् *ભયને લીધે,* धावति *પ્રવૃત્તિ કરે છે.*

**અનુવાદ :** *આ પરમેશ્વરના ભયથી અગ્નિ તપે છે, એના જ ભયથી સૂર્ય તપે છે. એના જ ભયથી ઈન્દ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ પણ પોતાના કર્મમાં પ્રવૃત્તિ કરે છે.*

*વિમર્શ : આગળના મન્ત્રમાં ઉદ્યત વજ્ર જેવા ભયની વાત કરવામાં આવી હતી. આ મન્ત્રમાં તે ભયનું વિસ્તૃત વર્ણન થયું છે. અગ્નિ, સૂર્ય, ઈન્દ્ર, વાયુ અને મૃત્યુ એ પાંચ દેવો પોતાના સ્વામી એવા પરમાત્માના ભયથી પોતપોતાના કાર્યમાં પ્રવૃતિશીલ રહે છે. જો કોઈ નિયંતા ન હોય તો આ પાંચેય દેવોની પ્રવૃત્તિ નિયમાનુસાર ચાલે નહિ.*

**इह चेदशकद्बोद्धुं प्राक्शरीरस्य विस्रसः ।**

**ततः सर्गेषु लोकेषु शरीरत्वाय कल्पते ॥4॥**

**સંધિવિચ્છેદ :**चेत् अशकत् बोद्धुम् ।

**અન્વય :**इह शरीरस्य विस्रसः प्राक्बोद्धुं अशकत् ततः सर्गेषु लोकेषु शरीरत्वाय कल्पते ।

**શબ્દાર્થ :**शरीरस्य विस्रसः प्राक्*શરીરનો નાશ થયા પહેલાં,* बोद्धुं *જાણવા માટે,* अशकत् *કરી શક્યો હોય,* ततः *નહિતર પછી,* सर्गेषु *અનેક કલ્પોમાં,* लोकेषु *વિવિધ લોકોમાં,* शरीरत्वाय कल्पते *શરીર ધારણ કરવાનું થાય છે.*

**અનુવાદ :** *અહીં મનુષ્ય શરીરનો નાશ થયા પહેલાં જ જો એને જાણી શકાય (તો ઠીક છે), નહિતર અનેક કલ્પો સુધી વિવિધ લોકમાં શરીર ધારણ કરવું પડે છે.*

**વિમર્શ :** *મનુષ્યના શરીરનો નાશ થાય એ પહેલાં તેણે બ્રહ્મને જાણી લેવું જોઈએ. જેણે બ્રહ્મને જાણી લીધું તે સંસારબંધનથી મુક્ત થઈ જાય છે. પણ જો તેને જાણી શકે નહિ તો તેણે વિવિધ કલ્પોમાં વારંવાર જન્મ લેવો પડે છે. આથી શરીર પડતાં પહેલાં જ આત્મજ્ઞાન મેળવી લેવા પ્રયત્ન કરવો જોઈએ. ગુજરાતીમાં પ્રસિદ્ધ પ્રાચીન ભજનની પંક્તિ અહીં સ્મરણીય છે. ''આત્માને ઓળખ્યા વિના રે, ભવના ફેરા નહિ તો મટે રે જી.''*

**यथाऽऽदर्शे तथाऽऽत्मनि यथा स्वप्ने तथा पितृलोके ।**

**यथाऽप्सु परीव ददृशे तथा गन्धर्वलोके छायातपयोरिव ब्रह्मलोके ॥5॥**

**સંધિવિચ્છેદ :**यथा आदर्शे । तथा आत्मनि । यथा अप्सु । परि इव । छायातपयोः इव ।छायातपयोः इव ।

**અન્વય :**यथा आदर्शे तथा आत्मनि (ददृशे), यथा स्वप्ने तथा पितृलोके (ददृशे), यथा अप्सु परि ददृशे इव तथा गन्धर्वलोके, छायातपयोः इव ब्रह्मलोके ददृशे ।

**શબ્દાર્થ :**आदर्शे *દર્પણમાં,* आत्मनि *અન્તઃકરણમાં,* अप्सु *જળમાં,* परि ददृशे इव *પ્રતિબિંબ જેવું દેખાય છે.* छायातपयोः इव *છાયા અને તડકાની જેમ*

**અનુવાદ :** *જેમ દર્પણમાં દેખાય છે તેમ શુદ્ધ અન્તઃકરણમાં તે દેખાય છે. જેવી રીતે સ્વપ્નમાં દેખાય છે તેમ તે પિતૃલોકમાં દેખાય છે. જેવી રીતે જળમાં પ્રતિબિંબ જેવું દેખાય છે તેમ તે ગન્ધર્વલોકમાં દેખાય છે. બ્રહ્મલોકમાં તે છાયા અને તડકાની જેમ (આત્મા-પરમાત્માનું પૃથક્ સ્વરૂપ સ્પષ્ટ) દેખાય છે.*

**વિમર્શ :** *દર્પણમાં પડતું પ્રતિબિંબ સ્પષ્ટ જોઈ શકાય છે તેમ નિર્મળ અને શુદ્ધ અન્તઃકરણમાં આત્માનું સ્પષ્ટ પ્રતિબિંબ ઝીલાય છે. સ્વપ્નમાં દેખાતું દર્શન અસ્પષ્ટ હોય છે તેવું પિતૃલોકમાં બ્રહ્મનું દર્શન થાય છે. જળમાં પડતું પ્રતિબિંબ કંઈક એવું હોય છે કે તેમાં અણસાર તો આવે છે પણ તેના અવયવો સ્પષ્ટ રીતે જોવા મળતા નથી તેવું આત્મદર્શન ગન્ધર્વલોકમાં થાય છે. કેવળ બ્રહ્મલોકમાં જ છાયા અને તડકાની જેમ તે આત્મદર્શન અત્યન્ત સ્પષ્ટરીતે થાય છે. બ્રહ્મલોક અત્યન્ત દુષ્પ્રાપ્ય હોઈ મનુષ્યે આ લોકમાં જ આત્મદર્શનનો પ્રયત્ન કરીને પોતાના જીવનને સાર્થક કરવું જોઈએ.*

**इन्द्रियाणां पृथग्भावमुदयास्तमयौ च यत् ।**

**पृथगुत्पद्यमानानां मत्वा धीरो न शोचति ॥6॥**

**સંધિવિચ્છેદ :**पृथक् भावम् उदयास्तमयौ । पृथक् उत्पद्यमानानाम् । धीरःन ।

*અન્વય :* यत् धीरः पृथक् उत्पद्यमानानां इन्द्रियाणां पृथक् भावम् उदयास्तमयौ च मत्वा न शोचति ।

**શબ્દાર્થ :**पृथक् उत्पद्यमानानां *ભિન્ન ભિન્ન રૂપોમાં ઉત્પન્ન થયેલી,* पृथक् भावम् *ભિન્ન ભિન્ન ભાવને,* उदयास्तमयौ *ઉદય અને અસ્તરૂપ*

**અનુવાદ :** *ભિન્ન ભિન્ન રૂપોમાં ઉત્પન્ન થયેલી ઈન્દ્રિયોના જે ભિન્ન ભિન્ન ભાવ છે તેમને તેના ઉદય અને અસ્તરૂપ જાણીને ધીર પુરુષ શોકથી રહિત થાય છે.*

**વિમર્શ :** *ચક્ષુ, શ્રોત વગેરે ભિન્ન ભિન્ન ઈન્દ્રિયોના રૂપ, શબ્દ વગેરે ભિન્ન વિષયોના અનુભવરૂપ ભિન્ન ભિન્ન કાર્ય કરવાને માટે ભિન્ન ભિન્ન રૂપમાં ઉત્પન્ન થયેલી ઈન્દ્રિયોના ભાવ પણ ભિન્ન ભિન્ન છે. જાગૃતાવસ્થામાં પ્રવૃત્તિ અને સુષુપ્તિકાળે નિવૃત્તિ એ તેમની સ્વાભાવિકતા છે. જે ધીર મનુષ્ય ઈન્દ્રિયોના આ રહસ્યને જાણી લે છે તે એવી સ્પષ્ટ સમજ પ્રાપ્ત કરે છે કે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિના સંઘાતરૂપ શરીર હું નથી પણ એમનાથી ભિન્ન એવો નિત્ય ચેતન આત્મા છું. આવું આત્મજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે મનુષ્ય શોકરહિત બને છે.*

**इन्द्रियेभ्यः परं मनो मनसः सत्त्वमुत्तमम् ।**

**सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमुत्तमम् ॥७॥**

**સંધિવિચ્છેદ :**मनः मनसः । सत्त्वम् उत्तमम् । सत्त्वात् अधि ।महतः अव्यक्तम् उत्तमम् ।

**અન્વય :**इन्द्रियेभ्यः मनः परं, मनसः सत्त्वम् उत्तमम् । सत्त्वात् महान् आत्मा अधि । महतः अव्यक्तम् उत्तमम् ।

**શબ્દાર્થ :**इन्द्रियेभ्यः *ઈન્દ્રિયો કરતાં,* परम् *શ્રેષ્ઠ,* मनसः *મન કરતાં,* सत्त्वम्*બુદ્ધિ,* सत्त्वात् *બુદ્ધિ કરતાં,* महान् आत्मा *જીવાત્મા,* अधि *ઊંચો, ચડિયાતો,* महतः *જીવાત્માથી*

*અનુવાદ : ઈન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ ઉત્તમ છે, બુદ્ધિથી જીવાત્મા ઊંચો છે, જીવાત્માથી અવ્યકત ઉત્તમ છે.*

**વિમર્શ :** *આ અને પછીના એમ બે મન્ત્રોમાં શ્રેષ્ઠતા અંગેની આનુક્રમિકતાની ચર્ચા કરવામાં આવી છે. અગાઉ અધ્યાય 1, વલ્લીઉ, મન્ત્ર 10 અને 11માં થયેલી ચર્ચાની અહીં પુનરુક્તિ છે. ઈન્દ્રિય કરતાં મન, મન કરતાં બુદ્ધિ, બુદ્ધિ કરતાં જીવાત્મા અને કરતાં તેની અવ્યક્ત શક્તિ ચડિયાતા છે.* सत्त्वशब्दाद् बुद्धिरिहोच्यते । *શાંકરભાષ્યના આ નિર્દેશ મુજબ અહીં સત્ત્વ શબ્દનો અર્થ બુદ્ધિ સ્વીકાર્યો છે.*

**अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च ।**

**यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥8॥**

**સંધિવિચ્છેદ :**पुरुषः व्यापकः अलिङ्गः एव । जन्तुः अमृतत्वम्।

**અન્વય :**अव्यक्तात् तु व्यापकः अलिङ्गः च पुरुषः एव परः । यं ज्ञात्वा जन्तुः मुच्यते अमृतत्वं च गच्छति ।

**શબ્દાર્થ :**अव्यक्तात् *અવ્યક્ત શક્તિ કરતાં*, व्यापकः *સર્વવ્યાપી*, अलिङ्गः *આકારરહિત*, पुरुषः *પરમ પુરુષ*, परः*શ્રેષ્ઠ*, जन्तुः *મનુષ્ય*, मुच्यते *મુક્ત થાય છે.*

**અનુવાદ :** *અવ્યક્ત શક્તિ કરતાં પુરુષ શ્રેષ્ઠ છે, જે વ્યાપક અને આકારરહિત છે. તેને જાણ્યા પછી મનુષ્ય મુક્ત થઈ જાય છે અને અમૃતત્વને પામે છે.*

**વિમર્શ :** *અવ્યક્ત શક્તિ કરતાં તે પરમ પુરુષ શ્રેષ્ઠ છે. તે આકાશાદિ વ્યાપક પદાર્થોનું પણ મૂળ કારણ હોઈ સર્વ વ્યાપક છે. તે અલિંગ છે. જેનાથી કોઈ વસ્તુનું જ્ઞાન થાય તે ચિહ્ન કે કારણને લિંગ કહે છે. પરમાત્મામાં બુદ્ધિ વગેરે કોઈ લિંગ નહિ હોવાથી એ અલિંગ છે, સર્વ પ્રકારના સંસારધર્મોથી રહિત છે, આકારરહિત છે. તેનું જ્ઞાન થવાથી અવિદ્યા વગેરેનો નાશ થાય છે અને મનુષ્ય જ્યારે દેહથી મુક્ત થાય છે ત્યારે અમરપણાને પામે છે.*

**न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।**

**हृदा मनीषा मनसाऽभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ॥9॥**

**સંધિવિચ્છેદ :**रूपम्अस्य ।कश्चन एनम् । मनसा अभिक्लृप्तः ये एतत् विदुः अमृताः ते ।

**અન્વય :**अस्य रूपम् संदृशे न तिष्ठति । कश्चन एनम् चक्षुषा न पश्यति । एतत् हृदा मनीषा मनसा अभिक्लृप्तः । ये एतत् विदुः ते अमृताः भवन्ति ।

**શબ્દાર્થ :**संदृशे *પ્રત્યક્ષ, દૃષ્ટિ સમક્ષ*, हृदा *હૃદયથી*, मनीषा *બુદ્ધિથી*, मनसा *મનથી*, अभिक्लृप्तः *વારંવાર ધ્યાનમાં આવેલો*

**અનુવાદ :** *આત્માનું રૂપ દૃષ્ટિમાં આવી શકતું નથી. આંખોથી કોઈ એને જોઈ શકતું નથી. હૃદય, બુદ્ધિ અને મનથી વારંવાર ધ્યાનમાં આવે છે અર્થાત્ પ્રકાશિત થાય છે. જેઓ તેને જાણે છે તેઓ અમૃત બની જાય છે.*

*વિમર્શ : પ્રત્યગાત્મા કે જે પ્રાણી માત્રના હૃદયાકાશમાં વ્યાપ્ત છે તે દૃષ્ટિનો વિષય બની શકતો નથી. મનુષ્ય પોતાના ચર્મચક્ષુથી તેને જોઈ શકતો નથી. કોઈપણ ઇન્દ્રિયથી તે ગ્રહણ થઈ શકતો નથી. અહીં ચક્ષુ શબ્દપ્રયોગથી ચક્ષુ વગેરે બાકીની ઇન્દ્રિયોને પણ ગ્રહણ કરી લેવાનું છે એવું શંકરાચાર્યે નોંધ્યું છે.* अतो न चक्षुषा सर्वेन्द्रियेण, चक्षुर्ग्रहणस्योपलक्षणार्थत्वात्, पश्यति नोपलभते कश्चन कश्चिद् अप्येनं प्रकृतात्मानम् । *તો પછી એ આત્માને કઈ રીતે મેળવી શકાય ? આવા પ્રશ્નનો ઉત્તર મન્ત્રના ઉત્તરાર્ધમાં*

*આપતાં કહ્યું છે કે હૃદયમાં રહેલી શુદ્ધ બુદ્ધિથી કે જે સંકલ્પાદિ રૂપ મનની નિયન્ત્રી થઈને મન વડે યથાર્થ દર્શન કરીને સર્વ રીતે પ્રકાશિત થયેલા તે આત્માને જાણી શકાય છે. જેઓ આત્માને જાણી લે છે તેઓ અમર થઈ જાય છે. હૃદયમાં રહેલી શુદ્ધ બુદ્ધિ - મનીષાથી પરમ આત્માનું સ્વરૂપ ઓળખી શકાય છે.*

**यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।**

**बुद्धिश्च न विचेष्टते तामाहुः परमां गतिम् ॥10॥**

**સંધિવિચ્છેદ :**पञ्च अवतिष्ठन्ते । बुद्धिः च । ताम्आहुः ।

**અન્વય :**यदा पञ्च ज्ञानानि मनसा सह अवतिष्ठन्ते बुद्धिः च मनसा सह न विचेष्टते । तां परमां गतिम् आहुः ।

**શબ્દાર્થ :**पञ्च ज्ञानानि *પાંચ જ્ઞાનેન્દ્રિયો,* मनसा सह *મનની સાથે,* अवतिष्ठन्ते *સારી રીતે સ્થિર થઈ જાય છે.* न विचेष्टते *કોઈ પ્રકારની ચેષ્ટા કરતી નથી.* आहुः *કહે છે.*

**અનુવાદ :** *મન સહિત પાંચેય જ્ઞાનેન્દ્રિયો સારી રીતે સ્થિર થઈ જાય છે અને અને બુદ્ધ કોઈ પ્રકારની ચેષ્ટા કરતી નથી તેવી સ્થિતિને પરમ ગતિ કહેવાય છે.*

**વિમર્શ :** *પરમ પદની પ્રાપ્તિ થવી એટલે શું એનું અહીં વર્ણન છે. પરમ પદ એ કોઈ અન્ય લોક નથી. મરણ પછી જેની પ્રાપ્તિ થાય એવી પણ આ સ્થિતિ નથી. પરમ પદની પ્રાપ્તિ તો મનુષ્ય પોતાના જીવનકાળ દરમ્યાન કરી શકે છે. જ્યારે મન સહિત પાંચેય જ્ઞાનેદ્રિયો સારી રીતે સ્થિર થઈ જાય અને તેમના વિષયોમાં થતી દોડધામ શાન્ત થઈ જાય તેમ જ બુદ્ધિ પણ કોઈ પ્રકારે ચેષ્ટા કે પ્રવૃત્તિ ન કરે તે સ્થિતિને જ ઉપનિષદ પરમ ગતિ કહે છે. પરમ ગતિની જે સ્થિતિનું અહીં વર્ણન છે તે પ્રાપ્ત કરવા માટે યોગાભ્યાસ જરૂરી છે. યોગથી જ પોતાની ઇન્દ્રિયોને વશ કરવાનું સામર્થ્ય મેળવે છે. નિશ્ચલાત્મિકા બુદ્ધિથી મનુષ્ય મનના સંકલ્પ-વિકલ્પને સ્થિર કરે છે.*

**तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।**

**अप्रमत्तस्तदा भवति योगो हि प्रभवाप्ययौ ॥11॥**

**સંધિવિચ્છેદ :**योगम् इति । स्थिराम् इन्द्रियधारणाम् ।अप्रमत्तः तदा । योगः हि ।

**અન્વય :**तां स्थिराम् इन्द्रियधारणां योगम् इति मन्यन्ते । तदा अप्रमत्तः भवति । योगः हि प्रभवाप्ययौ ।

**શબ્દાર્થ :**इन्द्रियधारणां *ઈન્દ્રિયોની ધારણા,* अप्रमत्तः *પ્રમાદરહિત, સાવધાન,* प्रभवाप्ययौ *ઉદય અને અસ્ત પામનારો*

**અનુવાદ :** *ઈન્દ્રિય, મન અને બુદ્ધિની સ્થિર ધારણા યોગ માનવામાં આવે છે. તે સ્થિતિમાં સાધક સર્વ પ્રકારના પ્રમાદથી રહિત છે. યોગ જ ઉદય અને અસ્ત પામનારો છે.*

**વિમર્શ :** *ઈન્દ્રિય, મન અને બુદ્ધિ સ્થિર થાય અને કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ જાય તેવી સ્થિતિ એ ધારણા છે. આ ધારણાને જ યોગ કહે છે. તે સઘળા અનર્થોને મટાડનારી છે. આ અવસ્થામાં આત્મા પોતાના અવિદ્યાદિ આરોપથી રહિત સ્વરૂપમાં સ્થિર રહે છે. સાધક જ્યારે ઈન્દ્રિયધારણાને પ્રાપ્ત કરી લે ત્યારે તે પ્રમાદરહિત થઈ જાય છે. બુદ્ધિની ચેષ્ટાઓ અટકી ગઈ હોય ત્યારે કોઈ પ્રકારે પ્રમાદ થવાનો સંભવ રહેતો નથી. આનું કારણ એ છે કે યોગ જ પ્રભવ અને અપ્યય (લય) ધર્મવાળો છે. માટે તાત્પર્ય એ છે કે અપાય (લય)ની નિવૃત્તિ માટે પ્રમાદનો અભાવ કરવો જોઈએ.* योगो हि यस्मात् प्रभवाप्ययौ उपजनापायधर्मक इत्यर्थोऽपायपरिहारायाप्रमादः कर्तव्य इत्यभिप्रायः । (*શાંકરભાષ્ય*)

**नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ।**

**अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥12॥**

**સંધિવિચ્છેદ :**नएव । शक्यः न । अस्तिइति । ब्रुवतः अन्यत्र । तत्उपलभ्यते ।

**અન્વય :**(आत्मा) वाचा न एव, मनसा न, चक्षुषा न प्राप्तुं शक्यः । । अस्ति इति ब्रुवतः अन्यत्र कथं तत् उपलभ्यते ।

**શબ્દાર્થ :**वाचा*વાણી વડે,* मनसा *મન વડે,* चक्षुषा *ચક્ષુ વડે,* अस्ति इति ब्रुवतः *તે છે એમ કહેનારને,* अन्यत्र *એ સિવાય* उपलभ्यत *મળી શકે છે.*

**અનુવાદ :** *તે આત્મા વાણીથી, મનથી અને ચક્ષુથી પ્રાપ્ત કરી શકાતો નથી. ''તે છે'' એમ કહેનારા સિવાયના લોકોને તે કઈ રીતે ઉપલબ્ધ થઈ શકે ?*

**વિમર્શ** *: જ્યારે વાણી, મન અને ચક્ષુની પ્રવૃત્તિ અટકી જાય છે ત્યારે આત્માને કયા સાધનથી ગ્રહણ કરી શકાય ? જે ઈન્દ્રિયગોચર હોય તેને ઈન્દ્રિયો જાણી શકે. આત્મા તો આથી વિપરીત છે. તેથી ઈન્દ્રિયાદિ તેને ગ્રહણ કરી શકે નહિ. તે સર્વ પ્રકારની વિશિષ્ટતાઓથી રહિત હોવા છતાં સમગ્ર જગતનું મૂળ કારણ છે. જગતને ''આ જગત છે'' એમ ગ્રહણ કરી શકાય છે. તો જગતના મૂળ કારણ એવા આત્માને ગ્રહણ કરી શકાય છે. ''આ આત્મા છે'' એમ અધ્યાત્મવાદીઓ કહે છે. આત્માને આ રીતે જ ગ્રહણ કરી શકાય. અન્ય કોઈ રીતે ગ્રહણ કરી શકાય એમ નથી.*

**अस्तीत्येवोपलब्धव्यस्तत्त्वभावेन चोभयोः ।**

**अस्तीत्येवोपलब्धस्य तत्त्वभावः प्रसीदति ॥13॥**

**સંધિવિચ્છેદ :**अस्तिइतिएवउपलब्धव्यः तत्त्वभावेन । च उभयोः । अस्ती इति एव उपलब्धस्य ।

**અન્વય :**(आत्मा) अस्ति इति एव तत्त्वभावेन च उपलब्धव्यः । उभयोः अस्ति इति उपलब्धस्य तत्त्वभावःप्रसीदति ।

**શબ્દાર્થ :**तत्त्वभावेन *તત્ત્વભાવથી,* पलब्धव्यः *પ્રાપ્ત કરવો જોઈએ.* उपलब्धस्य *પરમાત્માને પ્રાપ્ત કરનારને* प्रसीदति *પ્રસન્ન થાય છે, પ્રત્યક્ષ થાય છે.*

**અનુવાદ :** *''તે આત્મા છે'' એ રીતે પ્રથમ તો તેને ગ્રહણ કરવો જોઈએ. તેમ જ તેને તત્ત્વભાવથી પણ જાણવો જોઈએ. આ બન્ને પ્રકારની ઉપલબ્ધિઓમાથી જેને ''તે છે'' એવી ઉપલબ્ધિ થઈ ગઈ છે તેને પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.*

*વિમર્શ : બુદ્ધિ વગેરે જેની ઉપાધિ છે અને જેનું સત્ત્વ તેના કાર્યવર્ગમાં અનુગત છે તે આત્માને ''તે છે'' એમ ગ્રહણ કરવો જોઈએ. પછી જ્યારે બુદ્ધિ વગેરે ઉપાધિથી રહિત અને કાર્યવર્ગ એ માત્ર વાણીનો વિકાર છે અને પોતાના કારણથી ભિન્ન નથી એમ નિશ્ચિત થાય ત્યારે નિરુપાધિક, અલિંગ અને સત્-અસત્ વગેરે પ્રતીતિના વિષયત્વથી રહિત આત્માનો તત્ત્વભાવ થાય છે. અહીં મન્ત્રમાં પ્રયુક્ત* उभयोः *શબ્દથી સોપાધિક અસ્તિત્વ અને નિરુપાધિક તત્ત્વભાવનો ઉલ્લેખ છે. પહેલાં તો ''તે છે'' એ પ્રમાણે ઉપલબ્ધ થયેલ આત્માનો અર્થાત્ અસ્તિત્વની પ્રતીતિથી ઉપલબ્ધ થયેલ આત્માનો પછીથી જેની સંપૂર્ણ ઉપાધિ નિવૃત્ત થઈ ચૂકી છે ને જે જ્ઞાત તેમ જ અજ્ઞાતથી ભિન્ન અદ્વિતીય સ્વરૂપ છે તેનો તત્ત્વભાવ અભિમુખ થાય છે, પ્રત્યક્ષ થાય છે. એટલે કે જેને ''આ આત્મા છે'' એવી ઉપલબ્ધિ થઈ હોય છે તેને પોતાનું સ્વરૂપ પ્રકટ કરવા માટે તત્ત્વભાવ અભિમુખ થાય છે.*

*આ મન્ત્રમાં પ્રયુક્ત તત્ત્વભાવ શબ્દનો અર્થ સમજાવવા શંકરાચાર્ય ત્રણ વેદવાક્યોને ઉદ્ધૃત કરે છે.* (1)नेति नेति ॥ (*આમ નથી, આમ નથી.*) *(બૃહદારણ્યક ઉપ.* 2.3.6, 3.9.26), (2)अस्थूलमनण्वह्रस्वम् ॥ (*અસ્થૂલ, અસૂક્ષ્મ, અહસ્વ*) *(બૃહદારણ્યક ઉપ.* 3.8.8) *અને* (3)अदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयने ॥

(*અદશ્યમાં, અનાત્મ્યમાં, અનિર્વચનીયમાં, અનિલયન-આધારરહિતમાં) (તૈત્તિરીય ઉપ.* 2.7.1)

**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।**

**अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥14॥**

**સંધિવિચ્છેદ :** कामाः येअस्य । मर्त्यःअमृतः भवति अत्र ।

**અન્વય :**यदा सर्वे कामाः ये अस्य हृदि स्थिताः प्रमुच्यन्ते । अथ मर्त्यः अमृतः भवति, अत्र ब्रह्म समश्नुते ।

**શબ્દાર્થ :**सर्वे कामाः *બધી કામનાઓ,* हृदि स्थिताः *હૃદયમાં રહેલી,* प्रमुच्यन्ते *સમૂળ છૂટી જાય છે.* ब्रह्म समश्नुते *બ્રહ્મભાવનો અનુભવ કરે છે.*

**અનુવાદ :** *એના હૃદયમાં રહેલી સર્વ કામનાઓ જ્યારે સમૂળ છૂટી જાય છે ત્યારે તે મર્ત્ય મનુષ્ય અમર થઈ જાય છે અને બ્રહ્મભાવનો અનુભવ કરે છે.*

**વિમર્શ :** *અગાઉના મન્ત્રમાં આત્માનું તત્ત્વભાવે દર્શન કરવાની વાત હતી. તત્ત્વભાવથી આત્માનું દર્શન એટલે આત્મસાક્ષાત્કાર. સર્વ કામનાઓનું આશ્રયસ્થાન*

*બુદ્ધિ છે. આત્મા કામનાઓનું આશ્રયસ્થાન નથી. આત્મબોધ થયા પૂર્વે સર્વ કામનાઓ હૃદય કે બુદ્ધિમાં આશ્રિત થઈને રહે છે પણ આત્મસાક્ષાત્કાર થાય ત્યારે બુદ્ધિ સ્થિર થઈ જાય છે. મનના વિકલ્પો શાન્ત થઈ જાય છે. કર્મબંધન કરાવનાર અવિદ્યા કે કામના સમૂળગી છૂટી જાય છે. પરિણામે કર્મરૂપ મૃત્યુનો નાશ થાય છે અને મનુષ્ય અમર થઈ જાય છે. સર્વ પ્રકારનાં બંધનો નષ્ટ થઈ જવાથી આ લોકમાં જ બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે.*

**यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः ।**

**अथ मर्त्योऽमृतो भवत्येतावद्ध्यनुशासनम् ॥15॥**

**સંધિવિચ્છેદ :**हृदयस्यइह । मर्त्यः अमृतः । भवतिएतावत् हि अनुशासनम् ।

**અન્વય :**यदा इह सर्वे हृदयस्य ग्रन्थयः प्रभिद्यन्ते अथ मर्त्यः अमृतः भवति । एतावत् हि अनुशासनम् ।

**શબ્દાર્થ :**ग्रन्थयः *ગાંઠો,* प्रभिद्यन्ते *સારી રીતે કપાઈ જાય છે.* एतावत् *આટલો,* अनुशासनम् *ઉપદેશ*

**અનુવાદ :** *જ્યારે હૃદયની બધી ગાંઠો સારી રીતે કપાઈ જાય છે ત્યારે મરણધર્મા મનુષ્ય આ જીવનમાં જ અમર થઈ જાય છે. બસ આટલો જ (વેદાન્તનો) ઉપદેશ છે.*

**વિમર્શ :** *આ મન્ત્રમાં આગળની વાતનું જ પુનરાવર્તન જોઈ શકાય છે. હૃદયમાં રહેલી ઈચ્છાઓ શું છે તેનો અર્થ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. કામનાઓ તે ગાંઠો છે. આ ગાંઠો મનુષ્યને અજ્ઞાન અને ભ્રમણા સાથે બાંધે છે. છે.હું શરીર છું. આ મારું છે, હું સુખસામગ્રીને ભોગવી રહ્યો છું એવી સમજ દુઃખનું મૂળ કારણ છે. તેને દૂર કરવા તેનાથી વિરોધી ભાવ હું બ્રહ્મ છું એવી સમજ કેળવવાથી દુઃખો આપનારી આ બધી ગાંઠો નાશ પામે છે. આવો બ્રહ્મભાવ પ્રાપ્ત થયે સર્વ પ્રકારની કામનાઓથી મુક્તિ થાય છે અને હૃદયની સર્વ ગ્રન્થિઓ ગળી જાય છે. કામનાઓનો સમૂળો નાશ એટલે જ અમરત્વની પ્રાપ્તિ. આ લોકમાં અને આ જીવનમાં આવો ભાવ પ્રાપ્ત થાય એટલે મનુષ્ય ખરા અર્થમાં અમર થઈ ગયો કહેવાય. વેદાન્તદર્શનનો આ જ ઉપદેશ છે.*

**शतं चैका च हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका ।**

**तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वङ्ङन्या उत्क्रमणे भवन्ति ॥16॥**

**સંધિવિચ્છેદ :**चएकाम् ।नाड्यः तासाम् । मूर्धानम् अभिनिःसृता एका । तयोः ऊर्ध्वम् आयन् अमृतत्वम् एति । विष्वङ् अन्याः उत्क्रमणे ।

**અન્વય :**शतं च एकां च हृदयस्यनाड्यः तासां (मध्ये) एका मूर्धानम् अभिनिःसृता। तया ऊर्ध्वम् आयन् अमृतत्वम् एति । विष्वङ् अन्याः उत्क्रमणे भवन्ति ।

**શબ્દાર્થ :**शतं च एकां च *એકસો ને એક,* हृदयस्यनाड्यः *હૃદયની નાડીઓ,* मूर्धानम् *મસ્તક પ્રતિ* अभिनिःसृता *નીકળેલી છે.* ऊर्ध्वम् *ઉપરના લોકમાં,* आयन् *જઈને,* अमृतत्वम्एति *અમૃતત્વને પામે છે.* विष्वङ्*ચારે તરફ રહેલી,* उत्क्रमणे *મરણકાળમાં*

**અનુવાદ :** *હૃદયની એકસો ને એક નાડીઓ છે. તેમનામાંની એક મસ્તકની તરફ નીકળેલી છે. તેના વડે ઊર્ધ્વ લોકમાં ગમન કરનારો મનુષ્ય અમરત્વને પામે છે. બાકીની બીજી નાડીઓ મરણકાળમાં વિભિન્ન ગતિ આપનારી છે.*

**વિમર્શ :** *હૃદયમાંથી નીકળતી એકસો એક નાડીઓ એ મનુષ્યોની ઈચ્છાઓનું પ્રતિનિધિત્વ કરે છે. એક નાડી જે મનુષ્યના મસ્તક તરફ નીકળે છે તેને 'સુષુમ્ણા નાડી' કહે છે. જેઓ આ નાડીમાંથી પ્રયાણ કરે છે તે ઊર્ધ્વલોકમાં ગમન કરે છે. એટલે કે તે બ્રહ્મની સાથે ભળી જાય છે. છે.એટલે કે અમૃતત્વને પામે છે. તેણે પોતાની બધી જ કામનાઓનો નાશ કર્યો હોવાથી તેણે પુનઃ જન્મ-મરણ પામવાનું રહેતું નથી. બાકીની સો નાડીઓ વિભિન્ન ગતિને આપનારી છે. તે માર્ગે જનારને સંસારમાં આવાગમન ચાલું રહે છે. આ બીજા માર્ગના લોકો સંસારમાં સુખને શોધનારા છે, જ્યારે સુષુમ્ણા નાડીથી પ્રયાણ કરનારા માત્ર આત્માનું સુખ મેળવવા માટેની ઝંખના રાખે છે.*

**अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्टः ।**

**तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषीकां धैर्येण ।**

**तं विद्याच्छुक्रममृतं तं विद्याच्छुक्रममृतमिति ॥ १७॥**

**સંધિવિચ્છેદ :**पुरुषः अन्तरात्मा । स्वात्शरीरात् । मुञ्जात्इवइषीकाम् । विद्यात् शुक्रम्अमृतम् ।

**અન્વય :**अन्तरात्मा पुरुषः जनानां हृदये अङ्गुष्ठमात्रः सदा संनिविष्टः । तं मुञ्जात् इषीकाम् इव स्वात् शरीरात् धैर्येण प्रवृहेत् । तं शुक्रम्अमृतं विद्यात् ।

**શબ્દાર્થ :**अन्तरात्मा *સર્વનો અંતર્યામી,* अङ्गुष्ठमात्रः *અંગૂઠા જેવડો,* संनिविष्टः *સારી રીતે રહેલો છે.*मुञ्जात् *મુંજથી,* इषीकाम् इव *સળીની જેમ,* स्वात् शरीरात् *પોતાના શરીરમાંથી,* धैर्येण *ધીરતાથી* प्रवृहेत् *જુદો કરવો જોઈએ.* शुक्रम् *શુદ્ધ,* विद्यात् *જાણવો જોઈએ.*

**અનુવાદ :** *સર્વનો અંતર્યામી પુરુષ લોકોના હૃદયમાં અંગૂઠા જેવડું પરિમાણ ધારણ કરીને હમેશાં રહ્યો છે. જેવી રીતે મુંજમાં રહેલી સળીને મુંજથી જુદી કરી લેવામાં આવે છે તેમ તેને પોતાના શરીરમાંથી ધીરજપૂર્વક જુદો કરી લેવો જોઈએ. તેને જ શુક્ર (શુદ્ધ) અને અમૃતરૂપ જાણવો જોઈએ.*

**વિમર્શ :** *અગાઉ કઠોપનિષદ 2.1.12 અને 13 એમ બે વખત અંગૂઠા જેવડા પુરુષનો ઉલ્લેખ થયો છે. જીવમાત્રના હૃદયમાં રહેલ આ અંગૂઠા જેવડો પુરુષ એટલે એનો અન્તરાત્મા. તેને પોતાના શરીરથી જુદો કઈ રીતે કરવો ? આ અંગે અહીં કહે છે કે*

*ધૈર્યપૂર્વક શરીરથી તે પુરુષને જુદો કરવો જોઈએ. મુંજ ઘાસમાંથી સળીને અલગ કરવામાં ખૂબ જ ચીવટની જરૂર પડે છે. ધૈર્ય વિના એ શક્ય નથી. શરીરમાં રહેલા એ પુરુષને શરીરથી અલગ કરીને તેને વિશુદ્ધ અને અમૃતસ્વરૂપ બ્રહ્મરૂપે જાણવા માટે આત્મા-અનાત્માનો વિવેક કેળવવો પડે. બસ, આ જ જ્ઞાન છે, આ જ વિદ્યા છે. અગાઉના મન્ત્ર 2.3.15 માં કહેલ અનુશાસન એ આ જ છે. અહીં '*तं विद्याच्छुक्रममृतम्' *આ વાક્યની દ્વિરુક્તિથી અહીં ઉપનિષદની સમાપ્તિનું સૂચન થાય છે.*

**मृत्युप्रोक्तां नचिकेतोऽथ लब्ध्वा विद्यामेतां योगविधिं च कृत्स्नम् ।**

**ब्रह्मप्राप्तो विरजोऽभूद्विमृत्युरन्योऽप्येवं यो विदध्यात्ममेव ॥18॥**

**સંધિવિચ્છેદ :**नचिकेतः अथ । विद्याम्एताम् । ब्रह्मप्राप्तः विरजः अभूत्विमृत्युः अन्यः अपिएवम् । यः वित्अध्यात्मम्एव ।

**અન્વય :**अथ नचिकेतः मृत्युप्रोक्तां एतां विद्यां लब्ध्वा कृत्स्नं योगविधिं च लब्ध्वा ब्रह्मपाप्तः विरजः विमृत्युः अभूत् । अन्यः अपि अध्यात्मम् एवंवित् (ब्रह्मप्राप्तः विरजः विमृत्युः भवति) ।

**શબ્દાર્થ :**अथ*આ પ્રમાણે* मृत्युप्रोक्तां *યમરાજ વડે કહેવાયેલી,* एतां विद्यां *આ વિદ્યાને,* लब्ध्वा *મેળવીને,* कृत्स्नं *સંપૂર્ણ,* ब्रह्मपाप्तः *બ્રહ્મને પ્રાપ્ત કરેલો,* विरजः *દોષરહિત, વિશુદ્ધ,* विमृत्युः *મૃત્યુથી રહિત,*अभूत् । *થઈ ગયો.*एवंवित् *આ પ્રમાણે જાણનારો*

**અનુવાદ :** *યમરાજે કહેલી આ વિદ્યા અને સંપૂર્ણ યોગવિધિને જાણીને નચિકેતા બ્રહ્મભાવને પામીને દોષરહિત બનીને મૃત્યુરહિત થઈ ગયો. તેવી જ રીતે અન્ય કોઈ પણ આ અધ્યાત્મવિદ્યાને આ પ્રમાણે જાણશે તે પણ તેવો જ થઈ જશે.*

**વિમર્શ :** *પોતાના ત્રીજા વરદાનમાં નચિકેતાએ યમરાજ પાસે જે આત્મવિદ્યા કે બ્રહ્મવિદ્યાની માગણી કરી અને યમરાજે પ્રસન્ન થઈને તેને તે વિદ્યા પ્રદાન પણ કરી. આ વરપ્રદાનને પરિણામે નચિકેતાને શુ પ્રાપ્ત થયું અથવા તે કઈ દશાને પામ્યો એનું અહીં વર્ણન છે. નચિકેતા બ્રહ્મભાવને પામ્યો અર્થાત્ પોતાના શરીરમાં રહેલ અંતરાત્માને તે ખરા અર્થમાં ઓળખી ગયો કે જે સમગ્ર જગતનું મૂળ કારણ છે અને સર્વવ્યાપક છે. આ જ્ઞાનથી તેના સર્વ વિકારો શાન્ત થઈ ગયા. તેની સર્વ કામનાઓ નિર્મૂલ થઈ ગઈ, હૃદયની ગ્રન્થિઓ કપાઈ ગઈ. પરિણામે તે મૃત્યુરહિત થઈને અમરત્વને પ્રાપ્ત થયો. આ તત્ત્વબોધની ફળશ્રુતિ તરીકે કહે છે કે નચિકેતાની જેમ અન્ય કોઈપણ મનુષ્ય આ પરમ જ્ઞાનને પ્રાપ્ત કરે છે તે પણ વિરજ થઈને મૃત્યુને તરી જાય છે.*

શાન્તિપાઠ

**सह नाववतु ।**

**सह नौ भुनक्तु।**

**सह वीर्यं करवावहै ।**

**तेजस्वि नावधीतमस्तु ।**

**मा विद्विषावहै ॥ १९॥**

**ॐ शान्तिः शान्तिः शान्तिः**

**અનુવાદ :** *હે પરમેશ્વર, તમે અમારા બન્નેનું સાથે રક્ષણ કરો. અમારા બન્નેનું સાથે પાલન કરો. અમે બન્ને એકી સાથે પરાક્રમ કરીએ. અમારા બન્નેનું અધ્યયન તેજસ્વી થાઓ. અમે બન્ને પરસ્પર દ્વેષ કરીએ નહિ. ત્રિવિધ પ્રકારનાં દુઃખોની શાન્તિ થાઓ.*

इति कठकोपनिषदि द्वितीयाध्याये तृतीया वल्ली समाप्तम् ॥

*આ પ્રમાણે કઠકોપનિષદમાં બીજા અધ્યાયમાં બીજી વલ્લી પૂરી થઈ. (કઠોપનિષદ પૂર્ણ)*

## 14.5 તમારી પ્રગતિ ચકાસો

1. *નીચેના પ્રશ્નોના સંક્ષિપ્ત ઉત્તરો આપો :*

   1. *ઈન્દ્રિયોને* पराञ्चि *કેમ કહી છે ?*

   2. *ઈન્દ્રિયોના પાંચ વિષયો કયા કયા છે ?*

   3. *અરણિઓની વચ્ચે સ્થિત જાતવેદાને કોની સાથે સરખાવ્યો છે ?*

4. દુર્ગ પર અને નિર્મળ જળમાં પડેલ પાણીથી સ્થિતિથી યમરાજ શું સમજાવે છે ?

5. આત્મા કઈ રીતે અગ્નિ જેવો પ્રતિરૂપ છે ?

6. કયા પાંચ દેવો પરમાત્માના ભયથી સ્વકર્મમાં પ્રવૃત્ત રહે છે ?

7. દર્પણાદિ સ્થાનભેદથી ભગવદ્દર્શનમાં કેવું તારતમ્ય જોવા મળે છે ?

8. મૃત્યુપ્રોક્તા બ્રહ્મવિદ્યાથી નચિકેતાએ શું પ્રાપ્ત કર્યું ?

9. કોણ શ્રેયને અને કોણ પ્રેયને પસંદ કરે છે ?

10. આત્મજ્ઞાન અંગે કઈ કઈ વાત આશ્ચર્યજનક છે ?

11. *યમરાજે સદાચરણનો મહિમા કઈ રીતે કર્યો છે ?*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**2. નીચેના પર ટૂંક નોંધ લખો :**

1. *આત્મજ્ઞાનીની સ્થિતિ*
2. *અગ્નિ, વાયુ અને સૂર્યની જેમ પ્રતિરૂપ આત્મા*
3. एतद्वै तत् ।
4. *સર્વપ્રકાશક આત્મા*
5. *સર્વવ્યાપક આત્મા*
6. *સનાતન અશ્વત્થ*
7. *સર્વશાસક પરમાત્મા*
8. *અમૃતત્વ*
9. *આત્મોપલબ્ધિનું સાધન - યોગ*
10. *નાચિકેતસ ઉપાખ્યાન - ફળશ્રુતિ*

**3. નીચેના શબ્દો પર સંક્ષિપ્ત નોંધ લખો :**

1. पराञ्चि खानि
2. गुहां प्रविश्य
3. आवृत्तचक्षुः
4. अङ्गुष्ठमात्रः पुरुषः
5. ईशानो भूतभव्यस्य
6. एकादशद्वारं पुरम्
7. सर्वभूतान्तरात्मा
8. उदयास्तमयौ
9. परमां गतिम्
10. हृदयस्य ग्रन्थयः

4. *નીચે અ અને બ વિભાગમાં આપેલા મન્ત્રાંશોને યોગ્ય રીતે જોડો :*

| *અ* | *બ* |
|---|---|
| (1) पराचः कामान् | (1) तदेवामृतमुच्यते । |
| (2) यतश्चोदेति सूर्यः | (2) हृदयस्य नाड्यः । |
| (3) योनिमन्ये प्रपद्यन्ते | (3) अनुयन्ति बालाः । |
| (4) तदेव शुक्रं तद्ब्रह्म | (4) शरीरत्वायदेहिनः । |
| (5) शतं चैकां च | (5) अस्तं यत्र च गच्छति। |

**5. કઠોપનિષદના મન્ત્રોના નીચેના અંશોનો અર્થ સ્પષ્ટ કરીને સવિસ્તર સમજાવો :**

1. ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ।
2. महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।
3. न ततो विजुगुप्सते ।
4. मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।
5. नेह नानास्ति किञ्चन ।
6. अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते ।
7. इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ।
8. स एष सुप्तेषु जागर्ति ।
9. तेषां सुखं शाश्वतं नेतरेषाम् ।
10. नित्योऽनित्यानां चेतश्चेतनानाम् ।
11. तस्य भासा सर्वमिदं विभाति ।
12. एतद्विदुरमृतास्ते भवन्ति ।
13. अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ।

**5.કઠોપનિષદના નીચેના મન્ત્રોને કંઠસ્થ કરો:**

1. यतश्चोदेति सूर्यो.......एतद्वै तत् ॥ २.१.९ ॥
2. मनसैवेदमवाप्तव्यं ....... नानेव पश्यति ॥ २.१.११ ॥
3. एको वशी .........नेतरेषाम् ॥ २.२.१२ ॥
4. न तत्र सूर्यो ....... सर्वमिदं विभाति ॥ २.२.१५ ॥
5. यदा सर्वे प्रमुच्यन्ते ....... ब्रह्म समश्नुते ॥ २.३.१४ ॥

**સંદર્ભગ્રન્થસૂચિ**


1. वैदिक साहित्य, आचार्य बलदेव उपाध्याय, शारदामन्दिर, काशी, द्वितीय संस्करण, ई.स. 1958
2. संस्कृत वाङ्मय का बृहद् इतिहास, प्रथम वेदखण्ड, पद्मभूषण आचार्य बलदेव बलदेव उपाध्याय, उत्तर प्रदेश संस्कृत संस्थान, लखनौ, प्रथम संस्करण, ई.स. 1996
3. कठोपनिषद्, सानुवाद शाङ्करभाष्यसहिता, घनश्यामदास जालान, गीता प्रेस, गोरखपुर, ई.स. 1952
4. कठोपनिषद्, पं. श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी, जि. वलसाड, दक्षिण गुजरात
5. कठोपनिषद्, प्रथम भाग, डॉ. बैजनाथ पाण्डेय, मोतीलाल बनारसीदास, दिल्ली, पुनर्मुद्रण, ई.स.2010

6. काठकोपनिषत्, गुर्जरपद्यप्रकाशिकान्वित, *હરિદાસ મથુરાદાસ અને જમનાદાસ મથુરાદાસ, મુંબઈ, ઈ.સ.* 1939
7. *કઠોપનિષદ, શાંકરભાષ્યના ગુજરાતી અનુવાદ સહિત* https://www.dwarkadheeshvastu.com/Epic-Kathopanishad-Guj®ai.aspx
8. *કઠોપનિષદ, ગુજરાતી અનુવાદ સહિત, પરીખ દેવીદાસ છગનલાલ, શ્રી ડાયમંડ જ્યુબિલીપ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ઈ.સ.*1929
9. *કઠોપનિષદ્ અને પંચીકરણ, (પદ્યાનુવાદ), હરિરામ જે. ઠક્કર*
10. *મૃત્યુનું સત્ય - કઠોપનિષદ, લેખક - નર્મદાશંકર હ. વ્યાસ, સં.નલિન ન. વ્યાસ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.*1996
11. *એકાદશ ઉપનિષદો, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, ઈ.સ.* 1946
12. *ઉપનિષદોનો સંદેશ, સ્વામી રંગનાથાનંદ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, પ્રથમ સંસ્કરણ,* 2001
13. Kathopanishad, Srish Chandra Vasu, Panini Office, Bhuvaneshvari Ashram, Bahadurganj, Allahabad, A.D. 1905



**લેખક : ડૉ.મનસુખ મોલિયા,નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**